॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# કીર્તનાવલિ

અમદાવાદ શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી


: પ્રકાશક :

: પ્રકાશન તિથિ :
શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો
૧૫ મા પાટોત્સવ મહોત્સવ પ્રસંગે

- નંદ સંતો રચિત કીર્તનાવલિ

- દ્વિતિય આવૃત્તિ : ૪, ઓગસ્ટ-૨૦૧૩

- પ્રતઃ 3000

- સંત મંડળ :-
  પૂજારી સ્વામી શાંતિપ્રકાશદાસજી,
  શાસ્ત્રી સ્વામી વ્રજવલ્લભદાસજી
  સ્વામી જયપ્રકાશદાસજી
  શાસ્ત્રી સ્વામી વિશ્વવિહારીદાસજી

- સૌજન્ય :-
  અ.નિ. કાંતાબેન શાંતિલાલ મહેતા તથા
  અ.નિ. શારદાબેન અરવિંદભાઈ દવે પરિવાર
  હસ્તે જૈનિકભાઈ અને પ્રિયાબેન મહેતા, વિનીતભાઈ અને જયશ્રીબેન મહેતા, અ.નિ. કમળાબેન પટેલ તથા પ.ભ. કાલીદાસ મોહનદાસ પટેલ (ડાંગરવા) પરિવાર
  હસ્તે મહેન્દ્રભાઈ અને મંજુલાબેન પટેલ, પ્રજ્ઞેશભાઈ અને હેમાબેન પટેલ, મહેશભાઈ અને શિલ્પાબેન પટેલ

- પ્રકાશક :-
  મીડવેસ્ટ શ્રી સ્વામિનારાયણ મંદિર, શિકાગો (અમેરિકા)

- મુદ્રક :-
  શ્રી સ્વામિનારાયણ મંદિર,
  કાલુપુર, અમદાવાદ.

# નિવેદન

સર્વાવતારી શ્રીહરિએ સ્વયં લખેલી શિક્ષાપત્રીમાં આશ્રિતો માત્રને આજ્ઞા કરી છે કે,

**भगवन मंदिरम सर्वैः सायं गन्तव्यमन्हवम् ।**
**नाम संकीर्तन कार्य तत्रोच्च राधिकापते ॥**

અમારા જે સર્વે સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું અને તે મંદિરને વિષે શ્રી રાધિકાજીના પતિ એવા શ્રી કૃષ્ણ ભગવાન તેના નામનું ઉચ્ચ સ્વરે કરીને કીર્તન કરવું.

ભગવાનને ભજવાનું શ્રેષ્ઠ સાધન કીર્તન ભક્તિ છે. દરેક પ્રવૃતિમાં કામકાજ કરતા સતત શ્રીહરિનું નામ ગુણ કીર્તન ગાઈ શકાય છે.

શ્રીમદ્ ભાગવતમાં વ્યાસજી ભગવાન કહે છે કે જે ફળ તપશ્ચર્યા, યજ્ઞ, યાગાદિક યોગ સમાધીથી નથી મળતુ તે ફળ कलौ केशव कीर्तनाद आपणा સંપ્રદાયના મહાન કવિ સમ્રાટ અને શ્રીજી મહારાજના સખા સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી ગોપીનાથજી મહારાજની મૂર્તિ સન્મુખ ''પ્રાણ સ્નેહી ઘર આવો અબ પિયરા હીયરા ધીરે ધરત નહીં મેરા'' ગાયું ત્યારે શ્રીજી મહારાજે મૂર્તિમાંથી પ્રગટ થઈ સ્વામીને ભેટી દર્શન આપીને ગુલાબનો હાર પહેરાવ્યો. આ છે કીર્તન ભક્તિની પ્રગટ ઉપાસના. માટે જ મહારાજે કોલ આપ્યો છે કે મૂર્તિને અખંડ એક ચિત્તે સંભારીને બ્રહ્મમુનિના ૧૦૦ કીર્તન જે કોઈ હરહંમેશ ગાશે તેને છ મહિનાના અંતે હું દર્શન આપીશ. આમ કીર્તન ગાઈને ભગવાનને રાજી કરી લેવા એથી મોટી કોઈ વાત નથી.

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નામ પાંદડે પાંદડે લેવાશે એ તો સાર્થક થતું જોવા મળે છે, નહીં તો વિશ્વની મહાસત્તા એવા ભૌતિકવાદી અમેરિકા જેવા ઉપખંડમાં શ્રી નરનારાયણદેવ ગાદી સંલગ્ન I.S.S.O. ના ટૂંકા સમયમાં આટલા બધા ભવ્ય મંદિરો નિર્માણ થાય ખરા ! જેમ સમગ્ર વિશ્વમાં આપણા સંપ્રદાયનું સૌ પ્રથમ મહા મંદિર સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ.ગુ. આનંદાનંદ સ્વામી પાસે ગુજરાતના મહાનગર અમદાવાદમાં નિર્માણ કરાવ્યું. તેજ રીતે અમેરીકા ખંડમાં સંપ્રદાયનું સૌ પ્રથમ શિખરબધ્ધ મંદિર અપણા શિકાગો શહેરમાં શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા નિર્માણ થયું. આ એક ઐતિહાસિક ઘટના છે. જેઓશ્રીએ સત્સંગ માટે રાત દિવસ, ટાઢ તડકો જોયા નથી તેવા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી વિદેશમાં આપણા મંદિર થાય, સત્સંગ વૃદ્ધિ થાય તે માટે ખૂબજ પ્રયત્ન, પરિશ્રમ અને પ્રેરણા કરતા અને હાલ પણ કરી રહ્યાં છે. તેઓશ્રીના સંકલ્પ તેમનામાં

સ્વયં શ્રીજી મહારાજ રહીને પૂર્ણ કરેજ છે. તેજ રીતે જેઓ સત્સંગને જ પોતાનું કુટુંબ માની રહ્યાં છે તેવા વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દેશ વિદેશમાં સતત ને સતત સત્સંગ પ્રચારાર્થે વિચરણ કરી રહ્યાં છે. તેજ રીતે આપણા ભાવિ આચાર્ય પ.પૂ.શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ નાની ઉંમરે સત્સંગ ઉત્કર્ષ માટે પ્રયત્ન કરે છે.

જોત જોતામાં શિકાગો ઈટાસ્કા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીને પ્રતિષ્ઠાપિત થયે ૧૫ વર્ષ ઓગસ્ટ માસમાં પૂર્ણ થતા આ પ્રસંગે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અને સંતોની પ્રેરણાથી તેમજ નિજ મંદિરમાં સેવા પૂજા તથા કથા વાર્તા કરતા સંત મંડળના માર્ગદર્શનથી તથા હરિભક્તોના સંપૂર્ણ સહયોગથી શિકાગો મંદિરનો ૧૫ મો પાટોત્સવ મહોત્સવ ધામધૂમથી ઉજવીયે છીએ.

આ પ્રસંગના ઉપલક્ષમાં અનેકવિધ પ્રવૃત્તિ પૈકી સંપ્રદાયનું શાસ્ત્ર પણ પ્રકાશિત થાય તેવી સૌની ઈચ્છાને ધ્યાનમાં રાખીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અત્રે પૂજા સેવા કરતા સ્વામી શાંતિપ્રકાશદાસજી ગુરુ શા.સ્વામી યોગેશ્વરદાસજી (મૂળીધામ), શાસ્ત્રી સ્વામી વ્રજવલ્લભદાસજી ગુરુ શા.સ્વામી ધર્મવલ્લભદાસજી (મૂળીધામ), સ્વામી જયપ્રકાશદાસજી (જે.પી. સ્વામી અમદાવાદ) ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) તથા શાસ્ત્રી સ્વામી વિશ્વવિહારીદાસજી ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) આદિ સંત મંડળના માર્ગદર્શનથી આપણા નંદ સંતો રચિત આ કીર્તનાવલિ પુસ્તકનું પ્રકાશન કર્યું છે. જેમાં સૌજન્ય સેવા આપનાર અ.નિ. કાંતાબેન શાંતિલાલ મહેતા (ઉમરેઠ), અ.નિ. શારદાબેન અરવિંદભાઈ દવે (સોજીત્રા) પરિવાર અ.નિ. કમળાબેન તથા કાલીદાસ મોહનદાસ પટેલ (ડાંગરવા) આ બન્ને પરિવાર દ્વારા સુંદર સેવા પ્રાપ્ત થઈ છે. તેમને શ્રીહરિ આવીને આવી સેવા કરવાનું બળ આપે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના છે. ખૂબજ અધરૂ અને વિકટ કામ જુદા જુદા કીર્તન સંગ્રહ અને પ્રૂફ રીડીંગની ઉત્તમ સેવા રાજેશભાઈ પરીખ, બિપીનભાઈ કવિ તથા અમરિષભાઈ પટેલે કરી છે. તેમને અનેકાનેક ધન્યવાદ. આવા ઉત્સવ પ્રસંગે આ કીર્તનાવલિ પુસ્તક દરેક હરિભક્તના ઘરમાં જશે અને તેમનો પરિવાર ભગવાન સમક્ષ કીર્તન ગાન કરી ભગવાન શ્રીહરિનો રાજીપો મેળવશે.

બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી
શ્રી નરનારાયણદેવના પૂજારી (અમદાવાદ)

# અનુક્રમણિકા


| કીર્તન | પેજ નં. | કીર્તન | પેજ નં. |
|---|---|---|---|
| મંગળાચરણ | | | ૧ |

## પ્રભાતીયા પદ

| | | | |
|---|---|---|---|
| ઓરા આવો છેલ તમારું | ૯ | દીનાનાથ કરે દંતધાવન | ૧૨ |
| આજ અલબેલો બાઈ મારે | ૧૧ | વેલેરી ઉઠીને વાલાજીનું | ૧૦ |
| અધમ ઉદ્ધારણ અવિનાશી | ૪ | વાલાજી જોવાને હું તો | ૧૦ |
| અલબેલો ઉઠ્યા હરિ હસતા | ૧૨ | વાલી લાગે વાલમ તારા | ૮ |
| ઉઠને અલબેલા વાલા | ૨૧ | ધ્યાન ધર ધ્યાન ધર | ૬ |
| થયું સવાર ચાલી સખી | ૫ | ધર્મકુવર ઘનશ્યામજી | ૧૯ |
| શોભાસાગર શ્યામ તમારી | ૮ | ભજન કર ભાવ શું પ્રગટ | ૭ |
| શામળીયો સ્નેહી બાઈ | ૧૧ | ભોળી રે ભરવાડણ હરિને | ૨૧ |
| જળકમળ છાંડી જાને બાળક | ૨૦ | પ્રાતઃ થયું મનમોહન પ્યારા, | ૧૫ |
| જમો જમો રે મારા જીવન જુગતે | ૧૬ | પ્રાત સમે પાતળિયા કેરું | ૫ |
| જમવા બેઠા અખિલલોકપતિ | ૧૨ | પ્રાત સમે મારા પ્રાણજીવન | ૫ |
| જાુગતે જમાડે હરિને | ૧૫ | પ્રીત કર પ્રીત કર પ્રગટ | ૬ |
| હૃદયે જોયું રે, કમળાં કેરું ધામ કે | ૩ | પ્રભાતે ઊઠીને પેહેલું | ૬ |
| જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા | ૨૦ | પ્રાતઃ ભયો પ્રાણ પ્યારે | ૭ |
| હમતો એક સહજાનંદ ચરનકે | ૧૮ | પ્રાતઃ સમે ઉઠી પુરુષોત્તમની | ૧૩ |
| હમતો એક સહજાનંદ | ૧૭ | પ્રાતઃ સમે ઉઠી સુંદર મુખની | ૧૪ |
| હમ તો હરિ સહજાનંદ રૂપસે | ૧૮ | પ્રાતઃ સમે શ્રીસહજાનંદની | ૧૩ |
| સુતા ઊઠી રે, સમરું સહજાનંદ | ૩ | પ્રાતઃ સમે શ્રી સ્વામીજીનાં, | ૧૩ |
| સ્વામિનારાયણ સ્વામિનારાયણ | ૧૭ | પ્રાત થયું પંખી બોલ્યાં | ૪ |
| નાથ રહો મારા નેણમા | ૧૮ | પ્રાત : સમે શ્રીપુરુષોત્તમની | ૯ |
| રસિયોજી રાય આંગણ બેઠા | ૧૬ | પ્રાતઃ થયું રે મારા પ્રાણ સનેહિ | ૧૨ |
| રાત રહે પાછલી ચાર | ૭ | મનમોહન સુંદરવર મારા | ૪ |
| કાન તમારે કારણે હું તો | ૯ | મહી માખણ માગે રે માવો | ૧૪ |
| બાજોઠ કનક તણે આવી બેઠા | ૧૬ | મોહન મનાવ્યા રંગીલો | ૧૫ |
| દાદાને દરબાર જાશું | ૧૯ | માતા મનાવે હરિને | ૧૪ |

| કીર્તન | પેજ નં. | કીર્તન | પેજ નં. |
|---|---|---|---|
| **થાળ પદ** | | | |
| અવિનાશી આવો રે | ૩૧ | જમો જમોને મારા જીવન | ૨૩ |
| આજ સખી શ્યામળીયો વાલો | ૨૬ | જમો મારા નાથ જુગતી | ૨૬ |
| આરોગો અલબેલા વહાલા | ૨૭ | વ્હાલા ભોજનીયાં બહુ ભાત | ૨૫ |
| આરોગો મેવા નાથજી રૂડા | ૩૦ | તમે જમો જમો મારા ઠાકરીયા | ૨૯ |
| આરોગો મારા નાથજી પ્રિતે | ૩૦ | નેણાં ભરી જોયાં રે હરિ જમતા | ૩૬ |
| આવજો છોગલાં ધારી | ૨૪ | બાલભોગ જમવા હરિને | ૨૮ |
| આવો રે વાલાજી તમને | ૨૭ | વહાલા આવો અમારે ઘેર | ૨૩ |
| આવીને જમો નાથજી વારી | ૩૧ | રૂડી રાંધી મેં રસિયાજી | ૨૪ |
| આપું પાન બીડી જમો ભક્તપતિ | ૩૦ | લેતા જાઓ રે સાવરિયા | ૩૫ |
| જમોને જમાડું રે, જીવન મારા | ૨૨ | સખી આનંદની વાત | ૨૨ |
| જમોને ગોપીનાથજી સુંદર | ૨૮ | મારે ભુવન પધારો હરિવર | ૨૯ |
| જમોને મારા નાથજી સારૂં | ૩૦ | મારે મંદિર પધારો પ્રભુ | ૨૯ |
| જમો થાળ જીવન જાઉં વારી, | ૩૫ | માખણ જમાડું વાલા મારા, | ૨૮ |
| **ગોડી પદ** | | | |
| ફૂલના પે'રી રે જામા, ફૂલના પે'રી | ૪૧ | છેલ છોગાળો રે મીઠી મોરલીવાળો | ૪૨ |
| ફૂલની જોઈરે શોભા ફૂલની જોઈ | ૪૦ | ધર્મતણા કુમાર શોભે ધર્મતણા કુમાર | ૪૦ |
| ફૂલની બની રે શોભા ફૂલની બની | ૩૯ | લગની લાગી રે મારે લગની લાગી | ૪૧ |
| ફૂલની બાંધી રે પોંચી ફૂલની | ૩૭ | સુખ પામી રે સખિ ! સુખ પામી; | ૪૨ |
| ફૂલની ઘણીરે શોભા ફૂલની ઘણી | ૩૯ | સંત પરમ હિતકારી | ૩૯ |
| ફૂલની માળા શોભે, | ૩૭ | સંત સમાગમ કીજે હો | ૩૮ |
| યુંહી જન્મ ગમાત | ૩૯ | શ્યામની છબી રે સખિ | ૩૭ |
| ગિરધારી રે સખિ ! ગિરધારી | ૪૨ | મન મારું મોહ્યું રે આલી | ૩૮ |
| હરિ ભજતાં સુખ હોય | ૩૮ | મોરલી વાજે રે મીઠી મોરલી વાજે | ૪૩ |
| **આરતી તથા નિત્ય બોલવાના પદ** | | | |
| જય સદ્‌ગુરુ સ્વામી | ૪૪ | રામ કૃષ્ણ ગોવિંદ | ૪૬ |
| આરતી પ્રગટ પ્રભુજીકી કીજે | ૪૪ | નવીનજીમૂતસમાનવર્ણ | ૪૭ |
| જય શિક્ષાપત્રી | ૪૫ | નિર્વિકલ્પ ઉત્તમ અતિ | ૪૭ |
| જય કપિ બલવંતા | ૪૫ | વિશ્વેશ છો સકળ વિશ્વ | ૪૮ |
| જય ગણપતિ પ્યારા | ૪૬ | પ્રથમ શ્રીહરિને રે | ૫૦ |

| કીર્તન | પેજ નં. | કીર્તન | પેજ નં. |
|---|---|---|---|
| ઓરા આવો શ્યામ સ્નેહી | ૫૭ | પોઢો પોઢો સહજાનંદ સ્વામી | ૬૪ |
| હવે મારા વહાલાને નહિ રે | ૫૮ | પોઢો પ્રાણ આધાર | ૬૪ |
| હવે મારા વહાલાનાં દર્શન સારુ | ૫૮ | આજ મારે ઓરડે રે | ૬૫ |
| વંદુ સહજાનંદ રસરૂપ | ૫૯ | ગઈતી ગઈતી ભરવાને નીર | ૬૭ |
| રે શ્યામ તમે સાચું નાણું | ૬૨ | મારા વ્હાલાજી શું વાલપ દીસે રે | ૬૯ |
| અક્ષરના વાસી વાલો પર | ૬૨ | મારા હરજીશું હેત ન દીસેરે | ૬૯ |
| પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ | ૬૪ | મહાબળવંત માયા તમારી | ૭૮ |

## એકાદશી પદ

| | | | |
|---|---|---|---|
| એકાદશી આજનો દિન સાર રે | ૭૦ | કોડે કોડે એકાદશી કીજીએ રે | ૭૨ |
| એકાદશી ઉત્સવનો દિન રૂડો રે | ૭૦ | હરિજન હોય તે હરિને ભજે રે | ૭૨ |
| એકાદશી ઉત્સવનો છે દહાડો રે | ૭૦ | ભલે આવી અનૂપમ એકાદશી રે | ૭૨ |
| એકાદશી પ્રગટ પ્રભુજીને પ્યારી રે | ૭૦ | ધન્ય ધન્ય એકાદશી આજની રે | ૭૨ |
| ઉત્સવની પ્યારી કેશવની | ૭૧ | એકાદશી થઈ એ | ૭૩ |
| હરખ અતિ ભેટ્યા કૃષ્ણપતિ | ૭૧ | પછે બોલ્યા સુંદરશ્યામ | ૭૩ |
| માવ મળ્યા તન તાપ ટળ્યા | ૭૧ | વ્રત એકાદશીને તુલ્ય | ૭૩ |
| સુફળ ફળી હું તો હરિને મળી | ૭૨ | અતિ ઉત્તમ દિવસ આજ | ૭૪ |

## લીલા-ભક્તિ-વિરહ ઉપદેશના પદો

| અ | | આ | |
|---|---|---|---|
| અમી ભરેલી નજરું રાખો | ૭૮ | આંખ્યું અણીઆળી માવા | ૧૩૯ |
| અમરના સરદાર | ૨૧૪ | આંખલડીમાં રાખું | ૧૬૦ |
| અમદાવાદમાં રે વાલે | ૨૨૪ | આંગણીયે ઝાઝું શું ભણીએ | ૧૪૮ |
| અધમ ઉધારણ એવું | ૪ | આશકો દિયારી વે | ૧૦૦ |
| અળગા ન મેલું રે અળગા | ૧૦૩ | આજની ઘડી રે | ૧૪૪ |
| અલબેલાજી પ્રાણ આધાર રે | ૧૩૩ | આજ આવીયો આનંદ | ૨૦૪ |
| અલબેલાજી મારે ઓરડે રે | ૧૬૬ | આજ વ્હાલો ઊભા છે | ૧૩૭ |
| અલબેલા આવો રે | ૧૯૭ | આજ હું તો મોહનને | ૧૬૭ |
| અવસર આવ્યો છે રે | ૧૫૩ | આજ સખી ઘનશામ | ૨૧૧ |
| અક્ષરના વાસી વાલો | | આજ કળિયુગમાં પરચા પૂરે | ૨૩૦ |
| અજ્ઞાની તારા અંતરમાં | ૨૪૩ | આજ બંગલેમે ઘુંઘર બાજે | ૧૩૦ |

| કીર્તન | પેજ નં. |
|---|---|
| આજ પુનમ સપરમો દિન રે | ૧૧૪ |
| આજ શ્રીજી મહારાજ | ૨૨૨ |
| આજ ગઈતી કાલિંદીને તીર રે | ૧૩૩ |
| આજ સહજાનંદ મળિયા રે | ૨૩૫ |
| આજ સો સો વર્ષોનાં વાણાં | ૨૩૦ |
| આજ સખી આનંદની હેલી | ૨૨૭ |
| આજ સખી અલબેલો રે વ્હાલો | ૧૭૦ |
| આજ સખી મુને સ્વપ્નું લાધ્યું | ૧૫૭ |
| આજ મુને સામો મળ્યો છે | ૧૩૭ |
| આજ મેં તો દીઠા વ્હાલાને | ૧૩૭ |
| આજ મેં તો ભેટ્યા રે | ૧૪૮ |
| આજ મેંતો દીઠા રે | ૨૦૫ |
| આજ મારે નંદનો નંદન ઘેર | ૧૩૮ |
| આવ્યા રસિકવર છેલડા | ૨૪૧ |
| આવજો આવજો આવજો રે | ૧૯૮ |
| આવોને ઓરા છેલ છબીલા | ૧૪૫ |
| આવોને મંદિર મારે | ૧૧૬ |
| આવો આવોને અલબેલડાજી રે | ૨૧૨ |
| આવો આવોને નંદજીના લાલ | ૧૬૮ |
| આવો તો ગોઠડી કીજ | ૧૧૫ |
| આવો હરિ મંદિરિયે મારે | ૧૫૮ |
| આવો હરિ મહી વલોવા | ૧૫૯ |
| આવો રે વાલાજી હું તો તારા | ૧૨૮ |
| આવો મારે મંદિર સહજાનંદ | ૨૧૪ |
| આવાને આવા રે | ૧૦૩ |
| આવી મંદિરમાં માવજી રે | ૨૪૦ |
| આપજો આપજો આપજો રે | ૧૯૮ |
| આગે અસ્વારીને આંબલો | ૨૪૮ |
| **ઈ** | |
| ઈતના તો શ્રીજી કરના જબ | ૨૪૨ |
| **એ** | |
| એક સમે અમદાવાદમાં | ૨૪૭ |
| એકલડાં કેમ રે'વાય | ૧૫૨ |
| એ ચરણના રે ભોગી | ૧૧૧ |
| એરી એરી આજ રંગ | ૧૨૭ |
| એવા ધર્મકુંવરને જાઉં | ૯૮ |
| એવી શોભાને ધારતા | ૨૪૮ |
| **ઓ** | |
| ઓરા આવો મારા | ૧૪૭ |
| ઓરા આવો શ્યામ સ્નેહી | |
| ઓરા આવોને નાગર નંદના રે | ૧૩૪ |
| ઓરા આવોને સુંદર શ્યામ | ૧૨૨ |
| ઓરા આવોને ધર્મકુમાર રે | ૧૨૫ |
| ઓસરીએ મનડાં હરીએ | ૧૪૮ |
| **અં** | |
| અંતકાળે આવી રે | ૧૮૬ |
| **ક** | |
| કનક છડી લઈ કરમાં રે | ૧૧૭ |
| કરી કરૂણા રે સ્વામિ સહજાનંદ | ૧૯૩ |
| કહાન કુંવરની રીત સુણી | ૧૭૪ |
| કાન રંગીલો છેલો કાન રંગીલો | ૧૫૪ |
| કાનુડા કેડે ફરવું રે | ૧૫૦ |
| કાનુડા સંગ મન લાગ્યું | ૧૭૯ |
| કાઠીયાવાડમાં રે કીધો | ૨૨૩ |
| કાદવ કેરા કુંભ કોડીયાં | ૨૫૩ |
| કાયા કાચો કુંભ ધૂળનો | ૨૫૨ |
| કાળ વિક્રાળ વેરી શિર ગાજે | ૨૫૬ |
| ક્યારે હવે દેખું રે હરિ હસતા | ૧૦૦ |
| કેશરનું તિલક સોહામણું | ૧૪૯ |

| કીર્તન | પેજ નં. |
|---|---|
| કિનખાબની ડગરી પે'રી રે | ૨૧૬ |
| કુંડળ બેઉ રાજે કાનમાં | ૧૪૯ |
| કુંડલ પહેર્યાં કાનમાં | ૨૪૭ |
| **ખ** | |
| ખોસ્યા ગુચ્છ ગુલાબી કાન રે | ૨૧૭ |
| **ગ** | |
| ગઈતી ગઈતી ભરવાને નીર | ૧૫૯ |
| ગોવિંદા થારા ગજરા દેખ | ૧૦૯ |
| ગોપી...નાથ આવો મારે | ૧૭૯ |
| ગોપી બની ગયા ગિરધારી | ૧૬૫ |
| ગીરધર આવજો રે | ૨૨૪ |
| ગુણવંતા ગિરિધારી | ૧૧૬ |
| **ઘ** | |
| ઘરનો એ છે રે | ૧૮૩ |
| ઘેરે ચાલી આવ્યા ગૌલોકવાસી રે | ૨૧૪ |
| ઘેરે સાદે સુખ આપતા રે | ૨૪૦ |
| ઘોળી હું ગિરધરિયા રે | ૧૫૬ |
| **ચ** | |
| ચરણ હરિનાં રે શોભે | ૧૧૧ |
| ચાલ સખી જોવાને જાઈએ | ૧૭૦ |
| ચાલો ચાલો સૈયરનો સાથ | ૧૬૭ |
| ચાલો પુનમે પુનમે જોવા રે | ૧૧૪ |
| ચિતડામાં ચોંટી રે છબી | ૨૦૫ |
| **છ** | |
| છબીલા છેલ દૂર ફરો | ૧૪૫ |
| છબીલાની છબી જોઈને | ૧૯૬ |
| છપૈયાથી મહારાજ વહેલા | ૧૪૩ |
| છેલ છોગાળો રે મીઠી | ● |
| છોગાળા તારા છોગલા ઉપર | ૧૯૮ |
| છોટી ઉંમરમાં માવજી રે | ૨૫૧ |

| કીર્તન | પેજ નં. |
|---|---|
| **જ** | |
| જન્મ સુધાર્યો રે મારો | ૧૭૭ |
| જન્મ ધરીને શું શું કીધું | ૨૫૪ |
| જન્મ્યા ત્યાંથી જરૂર જાણો | ૨૫૧ |
| જનમંગલ સ્તોત્ર | ૯૧ |
| જનુની જીવોરે ગોપીચંદની | ૧૯૫ |
| જપું તેરે નામ કી માલા રે | ૧૨૫ |
| જાવું છે રે જાવું છે રે | ૨૫૪ |
| જીવન દૂર ન જાવું | ૧૬૦ |
| જીવું છું રસીલા | ૧૭૨ |
| જીવ ! તું બ્રહ્મરસ ભોગવનાર | ૨૫૬ |
| જુઓ વિચારી આ સોબત સારી | ૨૫૫ |
| જુઓ છબી શ્યામસુંદરવર કેરી રે | ૨૧૩ |
| જેઠે જીવન ચાલિયા | ૧૭૨ |
| જેને જોઈએ તે આવો | ૯૭ |
| જે સ્વામિનારાયણ નામ લેશે | ૨૫૭ |
| જો હોય હિંમત રે | ૧૪૨ |
| જોને જોને સખી એનું રૂપ | ૧૬૮ |
| જોયા શ્રી ધર્મકુમાર ચતુરવર | ૨૨૧ |
| જોઈ મૂરતિ મનોહર તારી | ૧૫૦ |
| જોઈ રહી છું પ્રીતમજીની | ૧૩૧ |
| જૂઠી માયા કાયા પણ જૂઠી | ૨૫૬ |
| **ટ** | |
| ટેક ન મેલે રે | ૧૪૧ |
| **ડ** | |
| ડોલરિયો જમવા ઉઠ્યા | ● |
| ડોલરીઆ રંગના ભરીઆ | ૧૪૬ |
| **ત** | |
| તન ધન જાતા | ૧૮૭ |
| તમારી મૂર્તિ વિના મારા નાથ રે | ૧૨૧ |

| કીર્તન | પેજ નં. |
|---|---|
| તમે રસિયાજી રાજીવ નેણ રે | ૧૨૬ |
| તમે મીઠું બોલીને મન લીધું રે | ૧૫૭ |
| તમે મેર કરી મહારાજ | ૧૮૮ |
| તમે ભાવે ભજી લ્યો ભગવાન | ૨૩૩ |
| તમે મારા થયા | ૨૩૩ |
| તમે વૃંદાવનવાસી છેલ રે | ૨૪૬ |
| તમને ભાવે કરીને અમે તેડીએ રે | ૧૬૬ |
| તમસંગ લાગી રે | ૧૮૪ |
| તારી મુખની લાવણ્યતા મીઠી | ૧૩૯ |
| તારી નવલ છબી નંદલાલ રે | ૧૩૪ |
| તારી મૂરતિ મન માની મારે | ૧૪૭ |
| તારી આંખડલી અલબેલ | ૧૬૯ |
| તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે | ૨૧૬ |
| તારી મૂરતિ રે છે જો | ૧૩૯ |
| તારી એક એક પળ જાય લાખની | ૨૩૬ |
| તેરી સાવરી સુરત છટાદાર | ૧૨૨ |
| તારે ચટક રંગીલો છેડલો, | ૧૪૯ |
| તું રંગાઈ જાને રંગમાં | ૨૨૫ |
| તારું છોગું આવીને મારા | ૧૫૬ |
| તારી બાનકની બલિહારી | ૧૦૬ |
| તિથિ પુનમ તે પુન્ય રૂપ છે રે | ૨૧૯ |
| તેરે દ્વારે પડ્યો ગુન ગાઉં રે | ૧૧૯ |
| તોરા મોરા જીયરા એક રે | ૧૧૮ |
| તોરી મોરી લગની લાગી રે | ૧૧૮ |
| તોસું મોરે મનવા માન્યો રે | ૧૧૮ |
| **દ** | |
| દર્શન દ્યો ઘનશ્યામ નાથ | ૨૩૪ |
| દીખલા દિદાર પ્યારા | ૧૦૧ |
| દીલ લાગ્યા હમારા ફકીરીસે | ૧૬૯ |
| દેજો તમારા જનનો સંગ રે | ૨૪૬ |
| દુનિયામાં ડાહ્યો ડહાપણમાં | ૨૪૩ |

| કીર્તન | પેજ નં. |
|---|---|
| **ધ** | |
| ધન્ય ધન્ય ઘડી છે આજની રે | ૧૩૧ |
| ધન્ય ધન્ય એ સંત સુજાણને | ૧૯૯ |
| ધન્ય ધન્ય તે વડતાલ ધામને | ૧૭૨ |
| ધન્ય છે ધીરજ ધારે તેને | ૨૦૬ |
| ધન્ય પુનમિયાં નરનાર્ય રે | ૧૧૪ |
| ધર્મકુંવર ઘનશ્યામજી | ૧૦૧ |
| ધર્મકુંવર શ્રીકૃષ્ણજી | ૧૦૨ |
| ધર્મકુંવર હરિકૃષ્ણની રે | ૧૧૬ |
| ધીરજ ધર તું અરે અધીરા | ૨૦૬ |
| **ન** | |
| નમન હું કરૂં વિશ્વપાળને | ૭૫ |
| નમું પ્રેમવતીના પ્યારા | ૭૬ |
| નરનારાયણ ગાઓ રે | ૧૪૧ |
| નવલ સનેહી નાથજી | ૧૦૨ |
| નવીન આંબાનું જોડલું રે | ૧૧૭ |
| નયણાં ઠરે છે જોઈને રે, | ૧૭૮ |
| નહિ દઉં જાવા રે નહિ | ૧૦૩ |
| નાગર નંદનારે, મારે | ૧૩૯ |
| નારદ એસે સંત સુખદાયી | ૧૭૫ |
| નારદ મેરે સંતસે અધિક ન કોઈ | ૧૭૬ |
| નારદ ઐસી સાચે સંતકી રીતિ | ૧૭૬ |
| નાથ ન મેલું વેગળાજી રે | ૨૧૩ |
| નાથ નમેરા કેમ થયાજી રે | ૨૧૨ |
| નાથજી રહોને નયણાનીરે આગે | ૧૨૯ |
| નાથજી આવો નયણામાં રે રાખુંવ | ૧૩૦ |
| નારાયણ સરમાં ન્હાવે છપૈયામાં | ૨૪૦ |
| નાશવંત આ દેહ વડેથી | ૨૫૩ |
| નાહીને કાંકરીયાના નીરમાં | ૨૪૯ |
| નીરખી નયણાને તૃપ્તિ | ૨૫૮ |

| કીર્તન | પેજ નં. |
|---|---|
| નેણામાં રાખું રે | ૧૦૩ |
| નેણને જોઈ નેણને જોઈ | ૧૯૨ |
| નંદના નંદથી રે | ૧૬૨ |
| નંદને છેલ ગુમાની | ૧૨૦ |
| નંદજીના લાલા લાગો છો વાલા | ૧૩૮ |
| નીતિપ્રવીણ ! નિગમાગમશાસ્ત્ર બુદ્ધે | ૮૩ |

**પ**

| કીર્તન | પેજ નં. |
|---|---|
| પધારો નાથ વાટ | ૧૪૫ |
| પધારોને સહજાનંદજી | ૧૦૭ |
| પધારોને મોહન મરમાળા પધારો | ૧૫૯ |
| પરદેશી છે આ પ્રાણી પરોણો | ૨૫૬ |
| પાતળિયે હર્યા પ્રાણ રે | ૧૪૩ |
| પામર તેં પ્રાણી વિસાર્યા વનમાળી | ૨૪૪ |
| પરીસી પીછોરી તાપર | ૧૧૨ |
| પુરુષોત્તમ પૂરણબ્રહ્મ | ૨૪૫ |
| પૂર્વેનું પુણ્ય ઉદય થયું જ્યારે | ૨૨૮ |
| પોતે નરનારાયણ બોલિયા રે | ૨૧૮ |
| પોતે પરિબ્રહ્મ રે સ્વામી સહજાનંદ | ૧૯૪ |
| પ્યારે તોરી મોરી પ્રીત | ૧૧૮ |
| પેટ કટારી રે | ૧૪૨ |
| પે'રી નેપૂર ચાલતાં ઠમકે રે | ૨૧૭ |
| પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ | ૯૬ |
| પ્રગટ પુરુષોત્તમનો મહિમા | ૨૫૪ |
| પ્રથમ શ્રીહરિને | |
| પ્રભુ તમ વિના મારું કોણ છે | ૨૧૬ |
| પ્રભુ મને થાજે એવો અનુકૂળ | ૨૩૫ |
| પ્રભુ પ્રગટ થયા છે | ૯૬ |
| પ્રભાતે ફૂલડિયાં ફૂલે | ૨૫૨ |
| પ્રતાપ પૂરણ શ્રી પુરુષોત્તમ | ૨૩૯ |
| પ્રેમી જનને વશ પાતળિયો | ૧૮૯ |
| પ્રાણ થકી છે મુને પ્યારો | ૧૬૦ |
| પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ | ૧૯૩ |
| પ્રીત પૂરવની રે | ૧૮૪ |
| પ્રીતમ પધારો રે | ૧૬૫ |

**બ**

| કીર્તન | પેજ નં. |
|---|---|
| બને આજ લાલ લાલ | ૧૧૨ |
| બાળ સનેહી રે | ૧૮૪ |
| બાળક રૂએ લવા માંહે | ૨૦૭ |
| બેઠા સિંહાસન ઉપરે | ૨૪૮ |
| બાંય ગ્રહી છે રે વહાલે | ૧૭૮ |
| બાંયે બાજુ કાજુ બેરખા | ૧૫૦ |
| બાંધે શ્વેત પાઘ બંકી મોહન | ૧૧૩ |

**ભ**

| કીર્તન | પેજ નં. |
|---|---|
| ભજ મન સહજાનંદ સુખકારી | ૨૨૦ |
| ભજ મન સહજાનંદ ઉર ધારી | ૨૨૦ |
| ભવસાગરમાં ભક્તિ હરિની | ૨૫૨ |
| ભવસંભવભીતિભેદનં | ૮૧ |
| ભેટજો ભેટજો ભેટજો રે | ૧૯૯ |
| ભૂલેમાં રે ભૂલેમાં રે | ૨૫૫ |
| ભ્રમણા ભાગી રે હૈયાની | ૧૭૭ |

**મ**

| કીર્તન | પેજ નં. |
|---|---|
| મુને વાલા છો શ્રીમહારાજ | ૨૪૫ |
| મુખડાની માયા લાગી રે | ૧૪૮ |
| મેં તો સગપણ કીધું રે | ૧૫૨ |
| મેરે તો તુમ જીવન બાલ | ૧૮૬ |
| મેં નિરખ્યા શ્રી ગઢપુરમાં | ૨૨૧ |
| મેં તેરા ગુન ગાવુ રે ઘનશ્યામ રે | ૧૨૫ |
| મેં તેરી બલજાઉ રે મહારાજ રે | ૧૨૫ |
| મનડું રંગાયા વિનારે ભક્તિ | ૧૭૫ |

| કીર્તન | પેજ નં. | કીર્તન | પેજ નં. |
|---|---|---|---|
| મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે | ૯૯ | માવા તારી મૂર્તિમાં મોહી | ૧૬૭ |
| મને તમારો નેડો લાગ્યો | ૨૨૭ | મારૂં તમ સાથે મન મોહ્યું રે | ૧૮૫ |
| મને મળ્યા સહજાંદ સ્વામી | ૧૨૦ | મારું મનગમતું કરી માવ | ૧૮૧ |
| મનમોહન મારે મંદિરીએ | ૧૭૧ | મારે આજ પ્રીતમ ઘેર આવશેજી રે | ૧૩૧ |
| મન લીધું મોરલડીના તાનમાં રે | ૧૩૪ | મારે આજ પ્રીતમ ઘેર આવીયાજી રે | ૧૩૧ |
| મહા બળવંત માયા | | મારે સ્વામિનારાયણ ભજવા | ૧૨૦ |
| મન વસિયોરે મારે મન વસિયો | ૧૧૩ | મારે તમસંગ સગપણ બાંધ્યુંરે | ૧૮૫ |
| મન માની મોહન તારી મૂરતિ રે | ૧૩૫ | મારે ઘેર આવ્યા રે | ૧૮૨ |
| મનનો મોરલીયો રટે | ૨૩૭ | મારે ઘેર આવો રે | ૧૬૫ |
| મહારાજ આજ વડતાલથી આવશ | ૧૧૦ | મારે ઘેર રહેજ્યો રે | ૧૮૪ |
| મરમાળા મનમાન્યા માવા, | ૧૪૭ | મારે લગની લાગી છે | ૧૨૩ |
| મહાસુખ મુજને રે આપ્યું | ૧૭૭ | મારે મન વસીયો રે | ૧૮૩ |
| મને વહાલા લાગો છો મહારાજ રે | ૧૨૬ | મારે મન માન્યો રે | ૧૮૨ |
| મને પ્યારી લાગે મૂર્તિ તમારી | ૨૪૧ | મારે મંદિર આવો માવરે, | ૧૮૫ |
| મનોહર મૂર્તિ તારી | ૧૨૨ | મારે મંદિર ના’વો રે | ૧૫૨ |
| મહેર કરી મારે મંદિર આવ્યા | ૨૨૮ | મારે મંદિર પધારો ઘનશ્યામ રે | ૨૪૫ |
| મળજો મળજો મળજો રે | ૧૯૯ | મારે મંદિર પધાર્યા શ્યામ થઈ | ૨૧૫ |
| મદન મનોહર મૂરતિ રે | ૧૧૭ | મારે મોહોલે આવો હસીને | ૧૩૮ |
| મારા કેસરભીના કહાન | ૧૦૭ | મારી અવિચળ ચૂંકને રાખજો | ૨૩૧ |
| મારા કેસરીયા વર કાન જાઉં | ૧૭૦ | મારી અરજી અંતર ધારોરે | ૧૮૫ |
| મારા ઉરમાં વસ્યા છે અલબેલડો | ૧૨૩ | મારી લાગી છે તમ સંગ પ્રીત રે | ૧૨૬ |
| મારાં પુન્ય ઉદે થયાં પાછલા | ૧૨૮ | મારું મન હરિયું રે | ૧૮૩ |
| મારા જન્મ સંગાથી જદુરાય રે | ૧૩૩ | માતાજી જશોદા રે | ૧૬૪ |
| મારા મંદિરીયામાં માવ | ૧૮૧ | મૂર્તિ મારે મનમાની | ૧૧૬ |
| મારા હરિ ગુરૂદેવ દયા કરી | ૧૯૫ | મૂર્તિ ચંચળ જુવો ચટકતી ચાલ રે | ૨૧૩ |
| માનીલે રે માનીલે રે | ૨૫૫ | મોયે પાર ઉતારો રે પ્યારે | ૧૨૫ |
| માણકીએ ચડ્યા રે મોહન | ૧૦૮ | મોહનને ગમવાને ઈચ્છો માનની | ૧૭૩ |
| માણીગર માવો રે | ૨૩૮ | મોહનલાલકી મોહની મૂરતિ | ૧૦૯ |
| માણીગર મોલીડું તારું રે | ૧૩૮ | મોહન મૂરતિ તારી રે | ૧૧૯ |
| માવાના મુગટડાનાં મોતી ઝીણાં | ૨૩૪ | મોહન નું મુખ જોવા ને માટે | ૨૦૪ |

| કીર્તન | પેજ નં. |
|---|---|
| મોહન મુખારવિંદ મુજ મન | ૨૪૪ |
| મોહી છું મોહન લટકે | ૧૨૦ |
| મોહી પાઘડલીને છેડે રે | ૧૨૦ |
| મોહ્યું નયનની સાનમાં રે | ૧૭૮ |
| મોરે મંદિર આજ બધાઈ | ૧૨૭ |
| મોરલીવાળા રે | ૧૪૦ |
| મોગરાનાં ફૂલ સખી મોગરાનાં | ૨૨૯ |
| **ય** | |
| યમુના જળમાં કેસર ઘોળી | ૨૩૭ |
| **ર** | |
| રસિલાલાલ રસે ભરી | ૧૯૭ |
| રહ્યું છે મારા હૃદિયામાં | ૧૫૭ |
| રંગનો ભીનો રે જોઈ | ૧૧૧ |
| રંગ ભરેલા લાલજી | ૨૫૦ |
| રંગીલા કાન અરજી અમારી | ૧૪૬ |
| રાજ મારે મંદિરિયે રહો રહો રે | ૧૬૬ |
| રૂડા લાગો છો રાજેન્દ્ર | ૧૦૫ |
| રૂડી પૂનમ પવિત્ર રળિયામણી રે | ૨૧૯ |
| રૂડું સ્વામિનારાયણ નામ | ૨૩૮ |
| રૂડું ભાલ તિલક રૂપાળું રે | ૧૩૮ |
| રે'જો મારી આંખડલી આગે રે'જો | ૧૫૮ |
| રે સગપણ હરિવરનું સાચું | ૧૪૩ |
| **લ** | |
| લગાડી તે પ્રીતી લાલ રે | ૧૬૧ |
| લટકાં લટકાળા ઘનશ્યામનાં રે | ૧૦૦ |
| લટકાળા લેરી પધારો લાલ | ૧૨૧ |
| લટકાળા તારે લટકે રે | ૧૩૫ |
| લટકાળો લટકંતો આવે | ૧૯૬ |
| લાગેલ રંગઝડી રે | ૧૫૬ |
| લાધો હરિવર હીરલોજી રે | ૨૧૨ |
| લાગે તેરે નેના મોયે | ૧૧૯ |
| લોજની વાવ ઉપર અવતારી | ૨૫૯ |
| **વ** | |
| વર નંદલાલ વરું રે | ૧૫૬ |
| વસ્યો છે છોગલાવાળો | ૨૨૮ |
| વહાલી લાગે વહાલા તારી | ૧૩૫ |
| વળી વખાણું શાકોત્સવ લીલા કરી | ૧૧૫ |
| વાતડલી રહોને રાતડલી | ૧૪૭ |
| વારે વારે જાઉ વહાલાજી | ૧૦૬ |
| વા'લા તમ સાથે મારે | ૧૨૮ |
| વાલમજી વહેલા વળજો | ૧૦૮ |
| વા'લો વધાવું, મારો વા'લો વધાવું | ૧૫૪ |
| વા'લો પધાર્યા તે વા'લો પધાર્યા | ૧૫૫ |
| વાલાજીનાં લટકામાં લોભાણી | ૧૫૮ |
| વાલીડા કુંજવિહારી | ૧૬૧ |
| વાલીડા વેરો કીધોરે | ૧૬૬ |
| વહાલા લાગો છો વિશ્વાધાર રે, | ૧૪૦ |
| વ્હાલા મારી શુદ્ધ બુધ | ૧૪૯ |
| વહાલા મારે મંદિરિયે વસો | ૧૬૭ |
| વ્હાલા રૂમઝૂમ કરતા કહાન | ૧૮૦ |
| વ્હાલા લાગે મને પ્યારા લાગે | ૨૩૬ |
| વહાલો ઘોડલાં ખેલાવે | ૧૦૪ |
| વ્હાલો સૃષ્ટીનો સરજન હાર | ૨૧૧ |
| વ્હાલી લાગે છે વરણાગી | ૧૦૬ |
| વિસરીમાં જાજો વા'લા મુને | ૧૨૯ |
| વિચારે રે વિચારે રે | ૨૫૫ |
| વ્રજજીવન શ્યામ વિહારી રે | ૧૩૬ |
| વૈષ્ણવજન તો તેને રે | ૨૨૯ |
| વિઘ્નેશ ! વિઘ્નચયખંડનનામધેય | ૮૨ |
| વ્હાલુ લાગે મને મોહન | ૧૪૭ |

| કીર્તન | પેજ નં. |
|---|---|
| **શ** | |
| શરીરનાં સંબંધી સર્વે | ૨૫૩ |
| શામળિયાં સંગાથે રે | ૧૬૩ |
| શામળીયો સ્નેહનો બાંધ્યો | ૧૯૬ |
| શ્યામ સલુણો આવ્યા શ્યામ | ૧૫૪ |
| શી કહું શોભા રે | ૧૬૩ |
| શી કહું શોભા અંગની | ૧૦૧ |
| શિર પર કેશ શોભે અતિસારા | ૨૨૮ |
| શેરી ભલી પણ સાંકડી રે | ૧૫૦ |
| શોભા શી કહું રે રૂડી | ૧૧૦ |
| શોભાનિધિ ઘનશામ | ૨૧૧ |
| શોભે શોભે રસિકવર છેલ રે | ૨૧૫ |
| શોભે માથે તોરા આવોન | ૧૩૯ |
| શું કરવા તું સુખને માટે | ૨૦૭ |
| **શ્ર** | |
| શ્રીપુર મધ્યે શોભતું | ૨૪૯ |
| શ્રી નગર મધ્યે શોભતા રે | ૨૩૯ |
| શ્રી ઘનશ્યામજી રે ઘનશ્યામજી રે | ૨૦૮ |
| શ્રીજી મહારાજ માગું | ૭૫ |
| શ્રીજી મહારાજ માગું શરણ તમારું | ૭૬ |
| શ્રીજી મહારાજ રાખો લાજ અમારી | ૭૭ |
| શ્રીજી અને સહુ સંતો રે | ૭૭ |
| શ્રીજી બાવની | ૨૬૦ |
| શ્રી જનમંગલ નામાવલિ | ૯૪ |
| શ્રી વાસુદેવ વિમલામૃતધામવાસં | ૮૦ |
| **સ** | |
| સખી આજ મોહન દીઠા રે | ૧૨૧ |
| સખી આજ ગઈ’તી હું તો | ૧૩૨ |
| સખી એક સમે અમદાવાદમાં | ૨૧૮ |
| સખી રે શામળીયે વા’લે મુને | ૧૨૯ |
| સખી ગોકુળ ગામના ચોકમાં રે | ૧૩૧ |
| સખી નંદમહરને આંગણે રે | ૧૩૨ |
| સખી જોને ગોવાળાના સાથમાં રે | ૧૩૨ |
| સખિ ચાલો જઈએ વરતાલ રે | ૧૧૪ |
| સજની શ્રીજી મુજને સાંભર્યા રે | ૯૯ |
| સજની નિમખ ન વીસરે નાથજી રે | ૯૯ |
| સજની કોડે આનંદ મારે ઘેર | ૧૭૯ |
| સજની સુખના સાગર | ૨૦૮ |
| સજની ટાણું આવ્યું રે | ૨૨૫ |
| સજની વામ ચરન ઘનશામ | ૨૦૯ |
| સવારે ગોમતી ગયા ભગવાન | ૧૦૯ |
| સમજીને સાયો રે | ૧૫૩ |
| સરવે માન તજી | ૧૮૭ |
| સદ્‌ગુરુ સાચા રે | ૧૯૦ |
| સલૂણા શ્યામ એકવાર | ૧૯૭ |
| સર્વેસખી જીવન જોવાને ચાલો રે | ૨૧૩ |
| સહજાનંદ સ્વામી રે | ૧૯૦ |
| સહજાનંદ સ્વામી રે | ૧૮૯ |
| સહજાનંદ સ્વામી, આવ્યા મારે | ૧૨૬ |
| સહજાનંદ સ્વામિ અંતરયામી | ૨૦૪ |
| સહજાનંદ સિંધુ રે આજ | ૨૦૦ |
| સહજાનંદ સિંધુ રે દયાળુ દયા | ૨૦૦ |
| સહજાનંદ સિંધુ રે સખી જો સભર | ૨૦૨ |
| સહજાનંદ સિંધુ રે સખી સદા | ૨૦૧ |
| સહજાનંદ સુજાન ભેટી ભ્રમના | ૨૧૦ |
| સહજાનંદ સુખદાઈ | ૨૨૧ |
| સહજાનંદ સુખકારી | ૧૬૧ |
| સહજાનંદ હરિ રે ભજ મન | ૨૨૦ |
| સહજાનંદ જીવન પ્રાણ-તમ | ૨૪૫ |

| કીર્તન | પેજ નં. | કીર્તન | પેજ નં. |
|---|---|---|---|
| સહજાનંદજી સુખરૂપ છો રે | ૧૫૧ | હરિ હૈયાના હાર છોજી રે | ૧૭૮ |
| સંત જન સોઈ સદા મોઈ ભાવે | ૧૭૫ | હરિગુણ ગાતાં | ૧૮૬ |
| સંત સમાગમ રે | ૧૯૧ | હરિ ભજતાં સહુ મોટપ પામે | ૧૮૮ |
| સંત મંડળ મધ્યે શ્યામળો રે | ૨૪૦ | હરિ બાનક બસ ગઈ અંતરમેં | ૨૧૫ |
| સંવત અઢાર બ્યાસીયે | ૨૫૦ | હરિ મિલે બોરસડી કી છૈયાં | ૨૨૧ |
| સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી | ૧૭૩ | હરિને નીરખ્યા રે નેણે | ૧૧૦ |
| સુખસાગર હરિવર સંગે સુખ | ૧૭૪ | હરિનાં પદ પંકજની પ્રેમી જન | ૨૦૯ |
| સુખની સીમા રે | ૧૮૨ | હરિજન સાચા રે | ૧૪૧ |
| સુખકારી ઘનશામ દેખી | ૨૧૦ | હરિજનને ઘેર બેઠાં તીરથ | ૧૭૬ |
| સુખદાયક રે સ્વામી સહજાનંદ | ૧૯૨ | હરિજન થઈને હાણ | ૧૮૭ |
| સૂનું મૂક્યું તમે ગઢડું રે | ૧૫૧ | હરિવર હીરલો લાધ્યો | ૧૬૧ |
| સુણો ચતુર સુજાણ | ૧૬૨ | હાંરે મેં તો જોયા ચતુર | ૧૦૪ |
| સુંદર શોભે રે રસિયો | ૧૧૨ | હાંરે સખી નહાવા | ૧૦૫ |
| સુંદર શ્યામળા રે | ૧૪૦ | હારે દુલ્લભ શ્રીકૃષ્ણ ભગવાનને | ૧૨૩ |
| સુંદર શ્રી ઘનશ્યામ મારા | ૨૩૪ | હાંરે હરિકૃષ્ણ હૈયાનો મારે | ૧૨૪ |
| સુંદરવર મારા પ્રાણના જીવન | ૧૭૧ | હેલી જોને આ નંદકુમાર | ૧૫૫ |
| સુંદરવર તમે શામળા | ૨૪૭ | હેતે હાર ગુલાબી પ્રેમ કરી | ૨૦૯ |
| સોના અંબાડીએ હાથી | ૨૨૬ | હું તો છું ઘણી નગણી નાર | ૧૮૦ |
| સોનેરી મોળીયું સુંદર | ૧૦૭ | હું તો મોહી રે શ્રીઘનશ્યામ | ૨૪૪ |
| સ્વામિનારાયણ સત્ય છો રે | ૧૫૧ | હું તો જાઈશ ગિરધર | ૧૦૪ |
| સ્વામિનારાયણ નાથ રે | ૨૦૩ | હૈયાના ફૂટ્યા હરિ સંગે | ૨૪૩ |
| સ્વામિનારાયણ નામ રે | ૨૦૩ | હૈડામાં મુને વાલા લાગો | ૧૫૭ |
| સ્વામિનારાયણ દેવ રે | ૨૦૩ | હૈડાનો હાર હરિ રે | ૧૫૫ |
| સ્વામિનારાયણ વીર રે | ૨૦૩ | હો રસીયા મેં તો શરન તિહારી | ૧૨૭ |
| સ્વામિનારાયણ મહામંત્ર ગમે | ૨૩૨ | હર હર ગોપીનાથ | ૮૪ |
| **હ** | | શ્રીવાસુદેવ | ૮૮ |
| હરે હરે રંગકે ભૂષન | ૧૧૩ | માનસ અંતર | ૮૫ |
| હતી મારા વાલા હતી | ૧૬૯ | હરિકૃષ્ણ માનસ લોકકમનીયમ | ૮૬ |
| હરિ બિન કોઈ ન તેરા | ૧૭૭ | હમરે પિયાજીકી ચાલ | ૧૨૪ |

| કીર્તન | પેજ નં. | કીર્તન | પેજ નં. |
|---|---|---|---|
| **(૧) શ્રીહરિનો જન્મોત્સવ** | | | |
| સ્નેહભર્યા નયને નિહાળતાં હો | ૨૬૩ | સ્વામી પ્રગટ થયા તે | ૨૬૫ |
| પ્રેમવતી સુત જાયો અનોપમ | ૨૬૩ | માતા પ્રેમવતી ઝુલાવે | ૨૬૫ |
| પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે | ૨૬૪ | માતા પારણિયે ઝુલાવે | ૨૬૬ |
| સોનાના બોર ઝુલે નંદકિશોર | ૨૬૪ | ઝુલે પારણિયે શ્રી પુરુષોત્તમ | ૨૬૬ |
| ધર્મકુમાર મારા હૈડાનો હાર | ૨૬૪ | માતા પ્રેમવતી ઝુલાવે સુત | ૨૬૭ |
| સંતોના શ્યામ દોયલી વેળાના | ૨૬૪ | સહજાનંદ હરિ, પ્રગટ થયા | ૨૬૮ |
| બાલુડે વેશ માથે શોભે છે કેશ | ૨૬૫ | અયોધ્યા સરયુતટે સંભળાય | ૨૬૮ |
| **(૨) ધર્મકુળ મહિમા ના પદ** | | | |
| બલિહારી ઘનશ્યામ સુંદરની | ૨૬૯ | ધર્મકુલ તજીકે, દુજે કો | ૨૭૦ |
| કોણ જાણે તે શાં તપ કીધાં | ૨૬૯ | મત ઉદ્ધવ વિના, ઓર ઠોર | ૨૭૧ |
| ધન્ય ભાગ્ય જે ધર્મવંશમાં | ૨૬૯ | મેરે અંતર મેં ધર્મવંશકી | ૨૭૧ |
| કરુણાનિધિ થયાં રે કુટુંબી | ૨૭૦ | ઘનશ્યામ વિના, ઈષ્ટ જાન શિર | ૨૭૧ |
| **(૩) રથ યાત્રા** | | | |
| રથ બેઠે બળવીર | ૨૭૨ | કુંવર રંગીલે કહાન | ૨૭૩ |
| રથ બેઠે ઘનશ્યામ | ૨૭૨ | બેઠે નન્દકુમાર દેખોરી | ૨૭૩ |
| **(૪) હિંડોળા ઉત્સવ** | | | |
| ચાલ સખી જોવાને જોઈએ | ૨૭૭ | ઝુલો ઝુલોરે કેશરીયાવર | ૨૭૪ |
| રંગભીનારે શામળીયા આવો | ૨૭૩ | ઘનશ્યામ પિયા પ્યારા | ૨૮૩ |
| ઝુલાવુંરે હિંડોળે સુંદર | ૨૭૪ | નવલ હિંડોળે શ્રીનાથજી ઝુલે | ૨૭૬ |
| ઝુલાવું થાને ધીરે ધીરે છેલ | ૨૮૨ | આવ્યો શ્રાવણ માસ અનુપ | ૨૮૦ |
| ઝુલાવે રે વ્રજનારી | ૨૭૪ | મારાં નિરખીને નેણ લોભાણાં રે | ૨૭૯ |
| ઝુલે પુરુષોત્તમ પરબ્રહ્મ | ૨૮૦ | મારો નવલ સનેહી ઝુલે નાથ રે | ૨૭૮ |
| ઝુલે હિંડોળે બલવીર | ૨૮૦ | રત્ન જડીત હિંડોળા માંહી | ૨૭૬ |
| ઝુલો રસિયાવર રંગછેલા | ૨૮૩ | રસિયાનો હિંડોળો રૂડો | ૨૭૮ |
| ઝુલો હરિ હિંડોળે વ્હાલા | ૨૮૨ | રૂડે રત્ન હિંડોળે નાથ | ૨૭૯ |
| ઝુલો ઝુલો હરિવર હિંડોરે | ૨૮૨ | લાગે વૈકુંઠથી રૂડુ વડતાલ હિંડોળે | ૨૭૫ |
| ઝુલો ઝુલો હરિવર હિંડોળે | ૨૮૧ | વડતાલની ફૂલવાડીયે રે | ૨૭૫ |

| કીર્તન | પેજ નં. | કીર્તન | પેજ નં. |
|---|---|---|---|
| વ્રજજીવન નટવર વહાલાનો | ૨૭૮ | હરિવરના હિંડોળાની શોભા | ૨૭૬ |
| શ્યામ પધારો ઘનશ્યામ | ૨૭૫ | હિંડોળો ઘનશ્યામ હરિનો | ૨૭૭ |
| સખે રચ્યો હિંડોળો સાર રે | ૨૮૧ | હિંડોરનામે હોરે હોરે | ૨૮૧ |
| સુંદર વર હિંડોળે શોભે | ૨૭૭ | | |


## (૫) બળેવ - રક્ષાબંધન


| | | | |
|---|---|---|---|
| મોહન વરને બાંધે માતા | ૨૮૪ | | |


## (૬) શ્રીકૃષ્ણ જન્મોત્સવના પદ


| | | | |
|---|---|---|---|
| શ્રાવણ વદિ આઠમ બુધવારી | ૨૮૪ | મંદિરિયે રંગને ભરીએ | ૨૮૫ |
| આજ સખી ઉત્વનો દહાડો | ૨૮૪ | હાલરડું અતિ વાલરડું | ૨૮૫ |
| હેત કરી જોઈ નેણ કરી | ૨૮૫ | પારણિયે જગ તારણિયે | ૨૮૫ |


## (૭) ગણપતિ મહોત્સવના પદ


| | | | |
|---|---|---|---|
| સખી ગણપતિ પૂજવા કાજ | ૨૮૬ | ગાઈએ ગણપતિ ગૌરી નંદન | ૨૮૭ |
| આજ મહોત્સવ મહામંગળ દિન | ૨૮૬ | શંભુકુંવર શોભાનો સાગર | ૨૮૭ |
| વંદિએ વિઘ્નરાજ વરદાયક | ૨૮૬ | જોશી તેડાવ્યા મુહૂર્ત જોવરાવ્યાં | ૨૮૭ |


## (૮) જળ ઝીલણી એકાદશીના પદ


| | | | |
|---|---|---|---|
| શ્યામ ઝીલાવા ઘનશ્યામ ઝીલાવા | ૨૮૮ | શ્યામ ઝીલાવા ઘનશ્યામ ઝીલાવા | ૨૮૯ |
| શ્યામ પધાર્યા ઘનશ્યામ પધાર્યા | ૨૮૮ | નેણાં લોભાણાં મારાં નેણાં લોભાણા | ૨૮૯ |


## (૯) શરદ પૂર્ણિમા


| | | | |
|---|---|---|---|
| ગોપિ આવોને ગોકુળ | ૨૮૯ | રાત્રિ શરદ પૂનમની રાજે રે | ૨૯૧ |
| ગોકુળ ગામના ચોકમાં રે | ૨૯૦ | પગ ઝાંઝર ઝાલ્યું ઝળકે રે | ૨૯૨ |
| જુઓ જુઓને, હાંહાં રે | ૨૯૦ | ધન્ય શરદ પૂનમની રજની રે | ૨૯૨ |
| આજ શરદ પૂનમનો ચંદો રે | ૨૯૧ | | |


## (૧૦) ધન તરેશ


| | | | |
|---|---|---|---|
| સખી ઓચ્છવનો દિન આજ | ૨૯૩ | નેણે નિરખ્યા નટવર નાથ | ૨૯૩ |
| આવ્યા રસિયો જાદવરાય | ૨૯૩ | પહેરો અંબર ઝીણાં અંગ | ૨૯૩ |

| કીર્તન | પેજ નં. | કીર્તન | પેજ નં. |
|---|---|---|---|

## (૧૧) રૂપ ચતુર્દશી

| | | | |
|---|---|---|---|
| સર્વે જય બોલો હનુમંતની | ૨૯૪ | એની ધન્ય ધન્ય માતા અંજની | ૨૯૪ |
| પ્રીતે હનુમંત દેવને પૂજીએ | ૨૯૪ | ગાઈએ સુંદર ગુણ કપિરાજના | ૨૯૫ |

## (૧૨) દીપોત્સવી - અન્નકૂટ

| | | | |
|---|---|---|---|
| સખી હૈડે તે હરખ ન માય | ૨૯૫ | રૂડો દિવાળીનો દિવસ કે | ૨૯૬ |
| મુને મળીયા તે મોહનરાય | ૨૯૬ | દિવાળી આવી રે આજ મારે | ૨૯૭ |
| હું તો હરખ ભરી મનમાંય | ૨૯૬ | દિવાળી નો દન આજ મારે | ૨૯૭ |

## (૧૩) તુલસી વિવાહ ઉત્સવ

| | | | |
|---|---|---|---|
| કુંદનપુર વિવાહ રચ્યો | ૨૯૭ | માધવપુરનો માંડવો | ૨૯૯ |
| મારી સાર લેજો અવિનાશી રે | ૨૯૮ | વળતી લાડડીને શણગારી રે | ૩૦૦ |
| લઈને કાગળ વિપ્ર સિધાવ્યો રે | ૨૯૮ | વરકન્યાની જોડ બિરાજે રે | ૩૦૦ |
| માનિની મનમાં ચિંતવે | ૨૯૮ | કંસાર જમતાં કામિની | ૩૦૦ |
| દેવી પૂજાનું મીષ લઈ પ્યારી રે | ૨૯૯ | શ્રીકૃષ્ણ પરણ્યા રુકમણીને | ૩૦૧ |
| કર સાહીને રથ પર લીધાં રે | ૨૯૯ | | |

## (૧૪) વસંત પંચમી - હોળીના પદ

| | | | |
|---|---|---|---|
| આજ વસંત પ્રથમદિન આવ્યો | ૩૦૧ | હોરી આઈ શ્યામ બિહારી | ૩૦૩ |
| ચલો સખી સહુ વસંત વધાવા | ૩૦૨ | ફુલડોળે ફુલડોળે બેઠા | ૩૦૩ |
| વસંત રમે વંદ્રાવનવાસી | ૩૦૨ | લટકાળો નંદલાલ રમે છે | ૩૦૩ |
| વસંત રમે મોહન મુનિસંગે | ૩૦૨ | | |

## (૧૫) શિવરાત્રી મહોત્સવ

| | | | |
|---|---|---|---|
| સિદ્ધેશ્વર શ્યામ સુંદર શોભે રે | ૩૦૪ | સિદ્ધેશ્વર દેવ સુંદર સારા રે | ૩૦૪ |

## શ્રીજી ચરિત્ર ધુન

| | | | |
|---|---|---|---|
| સ્વામિનારાયણ સ્વામિનારાયણ | ૩૦૫ | સરસર પર સધર અમરતર | ૩૦૭ |
| જેહી નામ આધા ગયંદ સાધા | ૩૦૫ | દેખત બડ ભાગ લાગ | ૩૦૯ |

# મંગલાચરણ

મંગળ મૂર્તિ મહા પ્રભુ, શ્રી સહજાનંદ સુખરૂપ,
ભક્તિ ધર્મસુત શ્રીહરિ, સમરું સદાય અનુપ,
પરમ કૃપાળુ છો તમે, શ્રીકૃષ્ણ સર્વાધીશ,
પ્રથમ તમને પ્રણમું, નમું વારંવાર હું શીશ.

* * *

વંદુ શ્રીહરિકૃષ્ણ ધર્મસદને જૈ જન્મ જેણે ધર્યો,
કૃત્યાનો વળી કાળીદત્ત ખળનો જેણે પરાજય કર્યો,
કીધાં બાલચરિત્ર અદ્‌ભુત અતિ જૈને અયોધ્યા પ્રતિ,
માતાને પછી તાતને પણ દીધી દુર્લભ્ય દિવ્ય ગતિ.

* * *

વંદુ શ્રીવરણીન્દ્ર વેશ ધરીને જે તીર્થમાં જૈ ફર્યા,
દૈવીને નિજ જ્ઞાન દાન દઈને દુષ્ટો વિનષ્ટો કર્યા,
હિમાદ્રિ પુરુષોત્તમાખ્ય પુરી જઈ શ્રી સેતુબંધે ગયા,
કાંચીથી ગુજરાત પ્રાંત થઈને જે લોજમાં જઈ રહ્યા.

* * *

વંદુ જે હરિ લોજમાંહિ શીખવી અષ્ટાંગ યોગી કળા,
રામાનંદ પ્રતિ સુપત્ર લખિયો જૈ પીપલાણે મળ્યા,
દેખાડ્યો ગુરુને પ્રતાપ નિજનો ને ત્યાં જ દીક્ષા લીધી,
સ્વામીએ ધુર સંપ્રદાય તણી તો જઈ જેતપુરે દીધી.

* * *

વંદુ જે હરિએ પ્રતાપ નિજનો સૌરાષ્ટ્ર દેશે ઘણો,
દેખાડ્યો કરી મગ્નિરામ જનને આશ્રિત પોતા તણો,
ધામો શુદ્ધ સમાધિમાં સુજનને દેખાડિયાં દષ્ટિએ,
લાખો વિપ્ર જમાડિયા જન સુખી કીધાં કૃપા દષ્ટિએ.

* * *

વંદુ જે હરિ દુર્ગપત્તન રહી ત્યાં ભૂપના ધામમાં,
સ્થાપી ઉત્તમ વાસુદેવ પ્રતિમા રંગે રૂડા શ્યામમાં,
સૌરાષ્ટ્રાદિ વિશેષ દેશ ફરીને દુર્ગાખ્ય પુરે રહ્યા,
જેને આ જગમાંહી દુર્ગપુરના વાસી વિશેષે કહ્યા.

* * *

જેણે જેતલપત્તને મખ કર્યો લાચાર લોલંગરો,
કીધો યજ્ઞ ડભાણમાં વળી ભલો વૌઠે સમૈયો કર્યો,
જૈને ધર્મપુરે સ્વધર્મ ચલવ્યો વૃત્તાલયે આવીને,
કીધા ઉત્સવ શ્રેષ્ઠ તેહ હરિને વંદુ દિલે લાવીને.

* * *

જેણે સુંદર શ્રેષ્ઠ ધામ રચીયા આચારજો સ્થાપિયા,
શિક્ષાપત્રી રચી સ્વધર્મ સહુના જુદા કરી આપિયા,
કીધો સુરતમાં વિજૈ વળી કર્યો વિવાહ રાજા તણો,
વંદુ તે પ્રભુને અખંડ ઉરમાં ઉત્સાહ આણી ઘણો.

* * *

વૃત્તાલે કરી પુષ્પદોલ વિચર્યા ભાવાખ્ય પુરે હરિ,
ચૈત્રોથી ગઢડે રહ્યા વૃત્તાપુરે જૈ કાર્તિકી ત્યાં કરીને,
મુંબૈના પતિને મળ્યા નૃપગઢે, આચાર્ય હસ્તે વળી,
સ્થાપ્યા શ્રી રણછોડજી વૃતપુરે તેને નમું છું લળી.

* * *

આવ્યા અક્ષર મુક્ત ત્યાં સ્તવન તો કીધું હરિનુ ઘણું,
ત્યારે ધામ વિષે સ્વયં વિચરવા લીધું ઉદાસીપણું,
દેહોત્સર્ગ કર્યો જણાય ન કર્યો પ્રત્યક્ષ દીઠા તદા,
લીલા અદ્‌ભુતકારી કૃષ્ણ હરિને વંદુ સદા સર્વદા.

* * *

# પ્રભાતીયા પદ

### રાગ ધોળ - પ્રભાતી  પદ - ૧

સુતા ઊઠી રે, સમરું સહજાનંદ કે, વેલણાં ભલે વાયાં રે.
અંતર ઉપન્યો રે, અતીશે આનંદ કે. વેણેલાં.૦ ૧
નયણે નિરખી રે, રંગભીનાનું રૂપ કે. વેણેલાં૦
પ્રીતે પોંખ્યા રે, બ્રહ્મમહોલના ભૂપ કે. વેણેલાં૦ ૨
ઉર્ધ્વરેખા રે, બે ચરણમાં જોઈ કે. વેણેલા૦
તેને નિરખી રે, મનડું રહ્યું મોઈ કે. વેણેલાં૦ ૩
નખમણિયું રે, જુગલ ચરણની જોડ કે. વેણેલાં૦
ગોળ ઘુંટીયું રે, પૂરે મનડાંના કોડ કે. વેણેલાં૦ ૪
જંઘા જાનુ રે, જોયા સાથળ સાર કે. વેણેલાં૦
નાભી ઊંડી રે, અજ ઉપન્યા જે ઠામ કે. વેણેલાં૦ ૫
પેટ પોયણ રે, જોયા ત્રણે વળ કે. વેણેલાં૦
એવા ચિન્હની રે, કૃષ્ણાનંદને કળ કે. વેણેલાં૦ ૬

### પદ - ૨

હૃદયે જોયું રે, કમળાં કેરું ધામ કે, વેણલાં ભલે વાયાં રે.
કંઠ કંબુ રે, નીરખું આઠું જામ કે. વેણેલાં૦ ૧
દંત દેખી રે, દાડમકેરાં બીજ કે. વેણેલાં૦
જીહવા જોઈ રે, જાણે ઝબુકે વીજ કે. વેણેલાં૦ ૨
નાસા નીકટ રે, ટીબકડી છે શ્યામ કે. વેણેલાં૦
તેને જોતાં રે, નેણે નીંદ હરામ કે. વેણેલાં૦ ૩
વામ કરણે રે, તીલ શ્યામ સોહાય કે. વેણેલાં૦
તેને જોતાં રે, શોભે સંતોના રાય કે. વેણેલાં૦ ૪
ભાલ વચ્ચે રે, રેખા તિલક આકાર કે. વેણેલાં૦
મસ્તક ઉપર રે, ફુલડાં કેરા હાર કે. વેણેલાં૦ ૫
કર જુગલ રે, કોણીયું બે શ્યામ કે. વેણેલાં૦
કૃષ્ણાનંદની રે, પૂરી હૈડાંની હામ કે. વેણેલાં૦ ૬

### રાગ : પ્રભાતી પદ - ૧

પ્રાત થયું પંખી બોલ્યાં, જાગો જીવન મારા;
આળસડું મેલીને ઉઠો, મોહન પ્રાણ થકી પ્યારા. પ્રાત૦ ૧
મહી વલોવા ધેનું દોવા, ઉઠી મહીયારી;
માવ તમારૂં મુખડું જોવા, આવી ઉભી બા'રી. પ્રાત૦ ૨
કોમળ દાતણ તૈયાર કરીને, લાવીને ધરીયું; ટેક.
કંચન કેરી ઝારીમાં જળ, જમુનાનું ભરીયું. પ્રાત૦ ૩
ઝાઝું માખણ જમવા આપું, ઘૃત સાકરને પોળી;
બ્રહ્માનંદના નાથ ઉઠો, જાઉં મુખ ઉપર ઘોળી. પ્રાત૦ ૪

### રાગ : ભૈરવ પદ-૧

અધમ ઉદ્ધારણ અવિનાશી, તારા બિરુદની બલિહારી રે;
ગ્રહી બાંહ્ય છોડો નહિ ગિરિધર, અવિચળ ટેક તમારી રે... અધમ૦
ભરી સભામાં ભૂધરજી તમે, થયા છો માડી મારી રે;
બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે... અધમ૦
જેવો તેવો પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે;
પેટ પડયો તે અવશ્ય પાળવો, વાલમ જુઓ વિચારી રે... અધમ૦
અનળ અહિ જો ગ્રહે અજાણે, તે છોડાવે રોવારી રે;
બાળકને જનની સમ બીજું, નહિ જગમાં હિતકારી રે... અધમ૦
બ્રહ્માનંદની એજ વિનતિ, મન ધારીએ મુરારી રે;
પ્રીત સહિત દર્શ પરસાદી, જોયે સાંજ સવારી રે... અધમ૦

### પદ-૨

મનમોહન સુંદરવર મારા અવગુણિયા વિસરાવા રે;
અધમોદ્ધારક પતિતજન પાવન બિરુદ તમારું ચહાવા રે... મન૦
સહુ દેખાતાં શ્યામળિયા તમે માડી થયા છો માવા રે;
છોરૂની ચિંતા રાખીને મા દેશો મુંઝાવા રે... મન૦
બાળક હોય તે જેમ તેમ બોલે લીએ કુટાણે ખાવા રે;
જનની રોષ ન લેખે જાણું અણસમજું હોય આવા રે... મન૦

શેરડીએ રમતાં અથડાતાં છોરા રાખે દાવા રે;
સબળ થઈ કોઈલીએ ચુંટીઓ તો માતા જાય મેલાવા રે... મન૦
મનગમતું સર્વે મેલીને એક તમને રીઝાવા રે;
બ્રહ્માનંદ કહે મન કર્મ વચને ગુણ તમારા ગાવા રે... મન૦

## રાગ : ભેરવ — પદ-૧

પ્રાત સમે મારા પ્રાણજીવનનું, મુખડું જોવા જાઈએ રે;
નલવટ રેખા નૌતમ નિરખી, અંતર સુખિયાં થાઈએ રે. પ્રાત૦ ૧
દક્ષણ ગોળ કપોળે તીલનું, શ્યામ ચિહ્ન ચિત્ત લાઈએ રે;
શ્રવણ વામમાં શ્યામ બિંદુ જોઈ, કામધામ વિસરાઈએ રે. પ્રાત૦ ૨
સુંદર શ્યામ જગાડ્યા સારુ, ઘેરે સાદે ગાઈએ રે;
ભૃકુટી ભાલતિલકને ભાળી, પરમાનંદ સુખ પાઈએ રે. પ્રાત૦ ૩
નંદજીને આંગણીએ નિત્ય નિત્ય, જાતાં નહીં લજાઈએ રે;
બ્રહ્માનંદ કહે ભાગ્ય હોય તો, કૃષ્ણ તણા કહેવાઈએ રે. પ્રાત૦ ૪

## પદ-૨

પ્રાત સમે પાતળિયા કેરું, કોડે દર્શન કરીએ રે;
મહા મનોહર નૌતમ મૂરતિ, લોચનિયામાં ધરીએ રે. પ્રાત૦ ૧
જગજીવનને જગાડવા સારુ, મંદિરીયામાં ગરીએ રે;
માત જશોમતી રીસ કરે તોય, નીરખીને નીસરીએ રે. પ્રાત૦ ૨
શામળિયા સારુ સજની, લોક લાજ પરહરીએ રે;
હોંસેથી હડસેલા ખાઈએ, નંદજીની ઓસરીએ રે. પ્રાત૦ ૩
પૂરવ ભવમાં પુણ્ય હોય તો, વહાલમજીને વરીએ રે;
બ્રહ્માનંદ કહે કહાનકુંવરને, કેડે કેડે ફરીએ રે. પ્રાત૦ ૪

## પદ-૩

થયું સવાર ચાલી સખી, જાઈએ નંદરાયને ફળીએ રે;
આ ટાણે આળસ મેલીને, હેતે હેતે હળીએ રે; થયું૦ ૧
જદુપતિ કેરે દર્શન જાતાં, ખાળે તોય નવ ખળીયે રે;
ગિરિધર સારુ ગાળ્યું ખાઈએ, આંગણીએ ટળવળીએ રે. થયું૦ ૨

અલબેલાને ઉઠ્યા જાણીને, ચરણ કમળમાં ઢળીએ રે;
ગુંથી હાર ગળે આરોપું, નવલ ગુલાબી કળીએ રે. થયું૦ ૩
જશોમતીને ઘેર જોરે જોરે, દળણું લેઈને દળીએ રે;
બ્રહ્માનંદ કહે જેમ તેમ કરીને, મોહનજીને મળીએ રે. થયું૦ ૪

**પદ-૪**

પ્રભાતે ઊઠીને પેહેલું, મુખ જોઈયે માવાનું રે;
લોચનિયાંથી વહાલું લાગે, મંદિર નંદબાવાનું રે... પ્રભાતે૦ ૧
નવરાં ત્યાં ઊભા નવ રહીએ, જે હોય તે લાવાનું રે;
કહાન કુંવરને નીરગરમ લઈ, નિત્ય દઈએ નહાવાનું રે... પ્રભાતે૦ ૨
દધી માખણ ઘૃત સાકર દેઈએ, ખાંતે કરી ખાવાનું રે;
જગજીવનને જમતા જોઈને, અંતર સુખ થાવાનું રે... પ્રભાતે૦ ૩
ચૌદ લોકના ભોગ સંપત્તિ, વશ એને વાવાનું રે;
બ્રહ્માનંદ કહે મારે જોઈએ, નિત્ય દર્શન માવાનું રે... પ્રભાતે૦ ૪

**રાગ : કેદારો પ્રભાતી — પદ-૧**

ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું, જે થકી સર્વ સંતાપ નાસે;
કોટિ રવિ ચંદ્રની કાંતિ ઝાંખી કરે, એવા તારા ઉર વિષે નાથ ભાસે... ધ્યાન૦ ૧
શિર પર પુષ્પનો મુગટ સોહામણો, શ્રવણ પર પુષ્પના ગુચ્છ શોભે,
પુષ્પના હારની પંક્તિ શોભે ગળે, નીરખતાં ભક્તનાં મન લોભે... ધ્યાન૦ ૨
પચરંગી પુષ્પના કંકણ કર વિષે, બાંયે બાજુબંધ પુષ્પ કેરા,
ચરણમાં શ્યામને નેપુર પુષ્પના, લલિત ત્રિભંગી શોભે ઘણેરા... ધ્યાન૦ ૩
અંગોઅંગ પુષ્પનાં આભરણ પહેરીને, દાસ પર મહેરની દ્રષ્ટિ કરતાં ,
કહે છે મુક્તાનંદ ભજ દ્ઢ ભાવશું, સુખ તણા સિંધુ સર્વે કષ્ટ હરતા..ધ્યાન૦

**પદ-૨**

પ્રીત કર પ્રીત કર પ્રગટ પરબ્રહ્મ શું, પર હર અવર પંપાળ પ્રાણી,
પરોક્ષથી ભવ તણો પાર આવે નહીં, વેદ વેદાંત કહે સત્ય વાણી..પ્રીત૦ ૧
કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીત શું સેવે જ્યારે,
તેમ જે પ્રગટ પુરુષોત્તમ પ્રીછશે, થાશે હરિજન તત્કાળ ત્યારે... પ્રીત૦ ૨

પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગુનિકા કપિવૃંદ કોટી,
વ્રજતણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી...પ્રીત૦ ૩
શ્રી નારાયણ સ્વામીને પરહરી, જાર ભજનાર સર્વે ખ્વાર થાશે,
કહે છે મુક્તાનંદ પ્રગટ ભજ પ્રાણીયા, અઘતણા ઓઘ તત્કાળ જાશે...પ્રીત૦ ૪

### પદ-૩

રાત રહે પાછલી ચાર ઘટિકા તૈયેં, સંતને શયન તજી ભજન કરવું,
સ્વામિનારાયણ નામ ઉચ્ચારવું, પ્રગટ પરબ્રહ્મનું ધ્યાન ધરવું... રાત૦ ૧
તે સમે આળપંપાળ બકવું નહિ, ચિત્ત હરિચરણમાં પ્રોઈ દેવું;
ગૃહસ્થને જગત જંજાળને પરહરી, કૃષ્ણ ગોવિંદ ગોપાળ કહેવું... રાત૦ ૨
ભજન તજી એ સમે અન્ય ઉદ્યમ કરે, નારકી થાય તે નર ને નારી;
તે માટે અમૂલખ અવસર પામીને, હરિજન સર્વ લેજો વિચારી... રાત૦ ૩
દુર્લભ સાજ તે સુગમ શ્રીહરિ કર્યો, ખોયલા દિવસની ભાંગી ખામી;
કહે છે મુક્તાનંદ ભજ દ્ઢ ભાવ શું, શ્રીનારાયણ સત્ય સ્વામી... રાત૦ ૪

### પદ-૪

ભજન કર ભાવ શું પ્રગટ પરબ્રહ્મનું, રાખ હરિરૂપમાં મન તારું;
પ્રગટના ભજનથી પરમસુખ પામીએ, ઉર થકી નાશ પામે અંધારું...ભજન૦
નખશિખ નાથની મૂર્તિ સોહામણી, ચરણનાં ચિહ્ન સંતાપ ટાળે,
પ્રેમ શું ચિંતવે ચરણ શ્રીહરિતણાં, ગ્રંથી ગાળે કામ સર્વે બાળે... ભજન૦
નખતણી પંક્તિની જ્યોત નિતનિત નવી, ઉદરમાં ત્રિવળી અધિક શોભે;
ઉર વિષે શ્રીવત્સ ચિહ્નને નિરખતાં, સંતના ચિત્ત તત્કાળ લોભે... ભજન૦
નેણ ને વેણ ચિત્તચોર સોહામણાં, પરમ ઉદાર અતિચતુર સ્વામી;
કહે છે મુક્તાનંદ ભજ દ્ઢ ભાવ શું, પ્રગટ પ્રમાણ એ અંતરજામી...ભજન૦

### રાગ : બિભાસ પદ - ૧

પ્રાતઃ ભયો પ્રાણ પ્યારે, જાગો ગિરધારી .. પ્રાતઃ
સખા સબ આયે દ્વાર, લે લે કર પુષ્પહાર;
કૃષ્ણ કહી ટેરનહે, મંડળી તુમારી .. પ્રાતઃ૦ ૧
સંગ લે પૂજાકો સાજ, ગ્વાલની આઈ મહારાજ;
સબહીકે હાથ સોહે, કંચનકી થારી .. પ્રાતઃ૦ ૨

સંગ લે સખી સમાજ, આઈ હે દરશન કાજ;

દ્વારપે ખડી હે, વૃષભાનકી દુલારી .. પ્રાતઃ૦ ૩

દરશકો દાન દીજે, નયનાં સુફલ કીજે;

મુક્તાનંદ વારવાર, જાત બલિહારી .. પ્રાતઃ૦ ૪

**રાગ : પ્રભાતી – પદ-૧**

શોભાસાગર શ્યામ તમારી મૂરતિ પ્યારી રે;

મૂરતિ પ્યારી રે નાખું મારા પ્રાણ વારી રે ટેક૦

સુંદરતા જોઈ મુખની શશી સુર લજાઈ રે,

મુખ દેખાડી નવ શક્યા, વસ્યા ગગન જાઈ રે... શોભા૦ ૧

માન હર્યું મણિધરનું શિખા-કેશ કાળે રે,

અવની ઉપર રહી ન શક્યા, ગયા પાતાળે રે... શોભા૦ ૨

ચંચળ લોચન જોઈને, લજ્જા પામ્યાં તીન રે,

ખંજન કુરંગ વન વસ્યાં, જળે બૂડ્યાં મીન રે... શોભા૦ ૩

ચાલ ચતુરાઈ જોઈને ગજ કરે ધિક્કાર રે,

પ્રેમાનંદ કહે શિર નાખે ધૂળ વારંવાર રે... શોભા૦ ૪

**પદ-૨**

વાલી લાગે વાલમ તારા મુખની વાણી રે,

મુખની વાણી શ્રવણે સુણી હું લોભાણી રે ટેક૦

મુખની વાણી સાંભળી તજી ચંચળતાઈ રે,

સ્થિર થઈને નિત્ય સેવે ચરણ રમા ડાહી રે... વાલી૦ ૧

મુખની વાણી સાંભળી રાચ્યા સુંદર રૂપે રે,

જગતસુખને પરહરી લીધો ભેખ ભૂપે રે... વાલી૦ ૨

વાણી સાંભળી સનકાદિકે લીધી હૈયે ધારી રે,

ઘરથી ઘર ન માંડિયું રહ્યા બ્રહ્મચારી રે... વાલી૦ ૩

મુખની વાણી સાંભળી મારે પ્રીત બંધાણી રે,

પ્રેમાનંદ કહે તન મન કરું કુરબાની રે... વાલી૦ ૪

**પદ-૩**

ઓરા આવો છેલ તમારું છોગલું જોઉં રે,
છોગલું જોઉં રે છેલા મારા મનમાં પ્રોઉં રે... ટેક૦
છોગલું તારું અટક્યું મારા ઉરમાં આવી રે,
મોહન તારી મૂરતિ મારા મનમાં ભાવી રે... ઓરા૦ ૧
મુખતણે મરકલડે મુને ઘેલડી કીધી રે,
સામું જોઈ તમે શામળા શુદ્ધ બુદ્ધ લીધી રે... ઓરા૦ ૨
શુધ ભૂલી શરીરની દિલ ક્યાંય ન ગોઠે રે,
મનડું વેધ્યું માહરું નેણાંની ચોટે રે... ઓરા૦ ૩
એટલું તો હવે કરજો માણીગર માવા રે,
પ્રેમાનંદના નેણમાં રહો આવાને આવા રે... ઓરા૦ ૪

**પદ-૪**

કાન તમારે કારણે હું તો ઘેલડી ડોલું રે;
ઘેલડી ડોલું રે તમ વિના બીજું ન બોલું રે... ટેક૦
લોકડિયાની લાજ મેલી સંસારથી તોડી રે;
મન કર્મ વચને માવજી તમ સાથે જોડી રે... કાન૦ ૧
બીક મેં તો સંસારની સર્વે કાઢી બા'રી રે;
રાજીવલોચન રસિયા થઈ રહી તમારી રે... કાન૦ ૨
તમે મારા હું તમારી દુરિજન ન જાણે રે;
પ્રીતમ વાતું પ્રેમની ન મળે નાણે રે... કાન૦ ૩
રાજી રહેજો રસિયા કહેવું ઘટે તે કહેજો રે;
પ્રેમાનંદના નાથજી દર્શન દેજો રે... કાન૦ ૪

**રાગ : ભૈરવ પદ - ૧**

પ્રાત : સમે શ્રીપુરુષોત્તમની, મૂર્તિ મનમાં સંભારું રે;
નખશિખ શોભા નિરખી નાથની, કોટિકકામ છબી વારું રે. પ્રાત૦ ૧
ચરણ કમળની શોભા જોઇને, મોહી રહ્યું છે મન મારું રે;
સોળે ચિહ્ન સહિત કુચકુંકુમ, અંકિત પલ ન વિસારું રે. પ્રાત૦ ૨

જમણે ચરણે નખની કાન્તિ, ચિહ્ન સહિત ઘણું શોભેરે;
જુગલ ચરણ નખ મંડળ જોતાં, ભક્તતણાં મન લોભે રે. પ્રાત૦ ૩
જાનુ જંઘા ઉદર અનુપમ, ત્રિવળી સહિત વિરાજેરે;
ઉંડી નાભી અજનું કારણ, સુંદર અતિશે છાજે રે. પ્રાત૦ ૪
મોર મુગટ મકરાકૃત કુંડળ, ભ્રકુટિ ભાલ વિશાળરે;
મુક્તાનંદ કહે કર લટકાં, કરતા દીન દયાળ રે. પ્રાત૦ ૫

**રાગ : રામકલી પદ - ૧**

વેલેરી ઉઠીને વાલાજીનું વદન નિહારું;
જોઈને કમળ મુખ દુઃખ દૂર વિસારું રે, વેલેરી૦ ટેક૦
વદન વાલાજીનું અતિ સુખકારી;
નિરખી નિરખી જાઉં હું તો સરવસ વારી રે. વેલેરી૦ ૧
મુખડું જોયા વિના પાણીયે ન પીવું;
પ્રાણજીવનને હુંતો જોઈ જોઈ જીવું રે. વેલેરી૦ ૨
પ્રાણજીવન જોવા મેંતો જનમ ધર્યો છે;
જુઠોરે સંસારીયો સર્વે ત્યાગ કર્યો છે રે. વેલેરી૦ ૩
પ્રેમાનંદના સ્વામીને કાજે મેલ્યાં છે;
સંસારીયાં સઉ બળતામેં દાઝે રે, વેલેરી૦ ૪

**પદ - ૨**

વાલાજી જોવાને હુંતો વેલી ઝબકીને જાગી;
આવીને ઉભી છું બાઈ હુંતો ખડકીએ લાગી રે. વાલાજી૦
ખડકીએ ઉભી ઉભી હરિનાં ગુણલાંરે ગાવું;
નિરખી જીવન તનડાના, તાપ સમાવું રે. વાલાજી૦ ૧
વાલોજી દીસે છે બાઈ શોભાનારે ધામ;
મોહનજીને મળવાને મને આવ્યો છે રે કામ રે. વાલાજી૦ ૨
વાલાજીને જોઈને લોભાણી મતિ મારી;
મનડું કરે છે મળવા હું રાખું વારી વારી રે. વાલાજી૦ ૩
પ્રેમારેનંદના સ્વામીને જોઈ;
મગન થઈછું બાઈ હું તો અંગોઅંગ મોઈ રે. વાલાજી૦ ૪

## પદ - ૩

શામળીયો સ્નેહી બાઈ મુને પ્રાણથી પ્યારા;
ઘડીએ ન મેલું વાલાજીને નયણાંથી ન્યારા રે. શ્યામળીયો૦
તન મન ધન મારૂં વાલાજીને કાજે;
હવે નથી બીતી દુરિજન લોકડાની લાજે રે. શ્યામળીયો૦ ૧
વાલાજી સંગાથે બાઈ મારૂં ચિતડું બંધાણું;
હવે આ સંસારીયાંને તૃણ જેવા જાણું રે. શ્યામળીયો૦ ૨
મેલ્યો રે સંસારીયો મેં તો હરિવર માટે;
વાલોજી વરીછું બાઈ મારા શિરને સાટે રે. શ્યામળીયો૦ ૩
ભલે રે મળ્યા બાઈ મને હરિવર આવી;
પ્રેમારેનંદના વાલાની હું તો કાવી રે. શ્યામળીયો૦ ૪

## પદ - ૪

આજ અલબેલો બાઈ મારે મંદિરે પધાર્યા;
વાલાજીએ બાઈ મારાં કારજ સાર્યાં રે. આજ૦ ટેક૦
થોડું થોડું હસતા બોલતા મીઠી વાણી;
ગુણવંત આવ્યા ગોપીયોનાં ચિતડાંને તાણી રે. આજ૦ ૧
આવીરે આંગણીયે ઉભા વાલો આળસડું મોડેરે;
વાલપ વધારી વાલો મુજ સાથે પ્રીત જોડે રે. આજ૦ ૨
પ્રીતડી કરીને વાલે અધરરસ પીધો;
જનમ સફળ બાઈ મારો હરિવરે કીધો રે. આજ૦ ૩
હરિવર મળીયા આનંદ ઓઘ વળીયા;
પ્રેમાનંદનોરે સ્વામી આજ અઢળક ઢળીયા રે. આજ૦ ૪

## રાગ : ભૈરવી પ્રભાતિ પદ - ૧

પ્રાતઃ થયું રે મારા પ્રાણ સનેહિ, જાગો જીવન જાઉં વારી; પ્રાત૦ ટેક
દર્શન કારણ મુનિવર મોટાં, આવ્યા હરખ ભર્યા ભારી; પ્રાત૦ ૧
પંચાનન સહસ્રાનન ષડમુખ, ગજવદનો વર ઉગારી;
શારદ નારદ વ્યાસ કીરમુની, સનકાદિક ઋષિવર ચ્યારી. પ્રાત૦ ૨

મૂષકવાહન શિખિવાહન જુત, વૃષભેશ્વર ભવભયહારી;
ગાયે નાચે કરે કુતુહલ, મૂર્તિ તમારી ઉર ધારી. પ્રાત૦ ૩
વદન ઉઘાડો અરવિંદલોચન, નિરખો કૌતુક કંસારી;
પ્રેમાનંદના નાથજી ઉઠ્યા, દીધાં દરશન સુખકારી. પ્રાત૦ ૪

**પદ - ૨**

અલબેલો ઉઠ્યા હરિ હસતા, આવીને ઉભા ઓસરીયે; અલ૦
ફેંટો શ્વેત ઉપરણો ઓઢ્યો, કર નકત કલકી ઘોહરીયે. અલ૦ ૧
શોભા સવારની સુંદર વરની, શું રે વખાણું વૈખરીયે;
પાટ ઉપર બેઠા પુરૂષોત્તમ, નીરખી જન નેણાં ભરીયે. અલ૦ ૨
આશિરવાદ વદે મુનિ નિરખી, અવિચળ રહો દરશન કરીયે;
ધર્મકુંવર તમ ઉપર વારે, તન મન પ્રાણ ફરી ફરીય. અલ૦ ૩
ધર્માત્મજ કરો દંતધાવન, કનક પ્યાલુ આગે ધરીયે;
પ્રેમાનંદ કે સુંદર મુખડું, નિરખી અંતરમાં ઠરીયે. અલ૦ ૪

**પદ - ૩**

દીનાનાથ કરે દંતધાવન, લઈને કોમળ કરમાઈ; દીના૦ ટેક.
કુંદકળિસમ દશન મંજન કરે, નેણાં લોભાણાં જોઇ ચતુરાઈ. દીના૦ ૧
મુખ પ્રક્ષાલન કરી મનમોહન, નાવા પધાર્યા સુખદાઈ;
ગંગાજળિયા કુવા કાંઠે, ન્હાયે નાથ અતિ હરખાઈ. દીના૦ ૨
સરસ અત્તર લઈ કરે તન મર્દન, વર્ણિમુકુંદ છબી ઉર લાઈ;
ઢોળે જળ ચોળે તન સુંદર, શોભા વરણવી નવ જાઈ. દીના૦ ૩
અંગ અંગોછી ઉજવળ ધોતી, પેરી કટિપર સરસાઈ;
પ્રેમાનદં કે' જમવા પધારયા, હરિકૃષ્ણ હરિ પુલકાઈ. દીના૦ ૪

**પદ -૪**

જમવા બેઠા અખિલલોકપતિ, ઓસરીયે અનુરાગેરે; જમ૦ ટેક.
ષટ રસ ભોજન સરસ સુધારી, કનક થાળ ધર્યો આગેરે. જમ૦ ૧
વિધવિધના પકવાન તે પીરસ્યાં, જે જે સારાં લાગેરે;
મોતીચૂર જલેબી ઘેબર, મન ગમતાં જે માગેરે. જમ૦ ૨

દૂધપાક જમે બીરંજ હરીસો, નિરખી દુ:ખ દૂર ભાગેરે;
કઢી વડી જમી શાક વખાણ્યાં, સુંદર શ્યામ સુહાગેરે. જમ૦ ૩
ચળું કરીને મુખવાસ લીધો, અધર અરુણ પીક દાગેરે;
પ્રેમાનંદ કે' મનડું મોહ્યું, સરસ પેચાળી પાઘેરે. જમ૦ ૪

### રાગ : ભૈરવી પ્રભાતી પદ - ૧

પ્રાત: સમે શ્રીસહજાનંદની, મૂરતિ મનમાં ધારું રે. પ્રાત૦ ટેક૦
નખશિખ નિરખી રૂપ અનુપમ, અંતરમાં ઉતારું રે. પ્રાત૦ ૧
રૂપાળા બહુ રાજીવ લોચન, આવી વસ્યા મન મોરે રે;
પુષ્ટ તરુણ તન ભીને વાને, હંસગતિ ચિત્ત ચોરેરે. પ્રાત૦ ૨
અંગોઅંગ અનુપમ ઝીણાં, શ્વેત વસ્ત્ર બહુ શોભે રે;
પુષ્પતણાં આભૂષણ જોઈ જોઈ, ભક્તતણાં મન લોભેરે. પ્રાત૦ ૩
મેઘ સરીખેરે ઘેરે સાદે, બોલતા બહુનામી રે;
ભક્ત મનોરથ પૂરણ કરતા, પ્રેમાનંદના સ્વામીરે. પ્રાત૦ ૪

### પદ - ૨

પ્રાત: સમે શ્રી સ્વામીજીનાં, ચરણ ચિહ્ન ચિંતવિયે રે. પ્રાત૦ ટેક૦
સ્વસ્તિ જવ જાંબુ ધ્વજ રેખા, અંતરમાં ગોઠવીયેરે. પ્રાત૦ ૧
કુલિશ કમળ અંકુશ અષ્ટકોણ, જમણે ચરણે સંભારું રે;
વામ પદે મત્સ્ય ત્રિકોણ કલશ ખરી, વ્યોમ ધનુષ શશી ધારું રે. પ્રાત૦૨
જમણે ચરણે અંગુઠા ઉપરે, નખમાંહી ચિહ્ન જોઈરે;
પેલીને છેલી આંગળીએ તિલ, તેમાં મન રાખું ઠોઈ રે. પ્રાત૦ ૩
રાતા ને ચડીયાતા નખ દશે, આંગળીયોના જોવું રે;
પ્રેમાનંદ જોઈ પાની ઘુંટી, પિંડીમાં મન પ્રોવું રે. પ્રાત૦ ૪

### પદ - ૩

પ્રાત: સમે ઉઠી પુરુષોત્તમની, મૂરતિમાં મન ધરીયે રે. પ્રાત૦ ટેક૦
એ અવસરે જે આડ કરે તે, પાપ જાણી પરહરીયે રે. પ્રાત૦ ૧
જાનું જુગલ જોઈને સુંદર, સાથળ શોભા સારી રે;
વામ સાથળમાં ચિહ્ન એક નિરખું, શ્યામ કટિ લાગે પ્યારી રે. પ્રાત૦ ૨

કમળ સરીખી નાભી ઉંડી, ત્રિવળી ઉદર માંહી રે;
ચડિયાતી છાતીમાં સુંદર, છાપ ચિહ્ન સુખદાઈ રે. પ્રાત૦ ૩
ગજની સૂંઢ સરીખા ભુજદંડ, શોભાના ભંડાર રે;
પ્રેમાનંદ કહે મનમાં ધારું, કરવર અભય ઉદાર રે. પ્રાત૦ ૪

**પદ - ૪**

પ્રાતઃ સમે ઉઠી સુંદર મુખની, શોભા મનમાં સંભારું રે. પ્રાત૦ ટેક૦
તન મન ધન શ્રીપુરુષોત્તમના, વદન કમળ પર વારું રે. પ્રાત૦ ૧
અધર બીંબફળ દસન કુંદકળી, નાસાશુક ચિત્ત ચોરે રે;
ગોળ કપોળે શોભે સુંદર, તીલ એક જમણી કોરે રે. પ્રાત૦ ૨
લોચન લાલ કમળ સરખાં, રેખા માંહી રૂપાળી રે;
ભ્રકુટી કુટિલ વિશાળ ભાલમાં, તિલક કેશર મરમાળી રે. પ્રાત૦ ૩
સુંદર મસ્તક શિખા મનોહર, સંભારું હું જયારે રે;
પ્રેમાનંદ કહે સ્વામી મારા, સદા દેખાજો ત્યારે રે. પ્રાત૦ ૪

**રાગ : પ્રભાતી — પદ-૧**

મહી માખણ માગે રે માવો, મહી માખણ માગે;
પ્રભાતે ઊઠીને માવો, મહી માખણ માગે. ટેક૦
ઊંઘમાંથી અલબેલો ઊઠ્યા, નેણાં નિદ્રાળુ;
જમવા સારું ઝગડે ઊભા, ભૂધર ભુખાળુ. પ્રભાતે૦ ૧
ગોકુળિયાની નારી સર્વે, આવી છે જોવા;
કજિયાળો કાનુડો દે નહિ, ગાવલડી દોવા. પ્રભાતે૦ ૨
માતાજી આ મહીં તમારું, નાખીશ હું ઢોળી;
બ્રહ્માનંદના નાથે ઝાલી, મહીંડાની ગોળી. પ્રભાતે૦ ૩

**પદ-૨**

માતા મનાવે હરિને, માતા મનાવે;
પ્રભાતે ઊઠી હરિને, માતા મનાવે... ટેક૦
દાતણ પાણી પ્રથમ કરીને, ત્યાર પછી ખાઈએ;
ઝાઝાં માણસ જોઈને જીવન, ઘેલા ન થાઈએ...પ્રભાતે૦ ૧

તર્ત કરી આપું રોટલી તાજી, ઘીમાં ઝબોળી;
મેલો મારા લાલ મનોહર, મહીડાની ગોળી... પ્રભાત૦ ૨
સાસરિયાં તારા સગપણ સારુ, આવી બેઠાં ડેલી,
બ્રહ્માનંદને નાથે ત્યારે, હસીને ગોળી મેલી... પ્રભાતે૦ ૩

પદ-૩

મોહન મનાવ્યા રંગીલો, મોહન મનાવ્યા;
મીઠું બોલીને માત જસોદાએ, મોહન મનાવ્યા... ટેક૦
કોમળ કાજુ જોઈ હરિને, દાતણિયું દીધું;
કંચનકેરી ઝારી લઈને, મુખ મંજન કીધું... મીઠું૦ ૧
નીર ઉને નવરાવ્યા મોહનને, અંગોઅંગ ચોળી;
ચંદન કેરી કાંસકી સુંદર, લઈ ચોટી ઓળી... મીઠું૦ ૨
કેશરકેરી આડ કરીને, માળા ફૂલની ધારી;
બ્રહ્માનંદના વાલાનું મુખ, નીરખે મહતારી... મીઠું૦ ૩

પદ-૪

જાુગતે જમાડે હરિને, જાુગતે જમાડે;
માત જસોદા મોહનજીને જાુગતે જમાડે. ટેક૦
જગનો જીવન જમવા બેઠા, ગોપી સર્વે ઝંખે;
ચંદનકેરો પંખો લઈને, માતા વા નાખે. માત૦ ૧
શીરા પુરી સેવ શેવૈયા, જલેબી તાજી;
આરોગે અલબેલો બેઠા, રસિયાજી રાજી. માત૦ ૨
બહુ પ્રકારનાં શાક બનાવ્યાં, માંહી નાખેલ મસાલો;
બ્રહ્માનંદ કહે તૃપ્ત થઈને, ઊઠ્યા વ્રજજીવન વાલો. માત૦ ૩

રાગ : ભૈરવી — પદ-૧

પ્રાતઃ થયું મનમોહન પ્યારા, પ્રીતમ રહ્યા શું પોઢીને;
વારંવાર કરું છું વિનંતિ, જગજીવન કર જોડીને... પ્રાત૦ ૧
ઘરઘરથી ગોવાળા આવ્યા, દર્શન કારણ દોડીને;
આંગણિયે ઊભી વ્રજ-અબળા, મહી વલોવા છોડીને... પ્રાત૦ ૨

બહુરૂપી દરવાજે બેઠા, શંકર નેજા ખોડીને;
મુખડું જોવા આતુર મનમાં, જોરે રાખ્યા ઓડીને... પ્રાત૦ ૩
ભૈરવ રાગ ગુણીજન ગાવે, તાન મનોહર તોડીને;
બ્રહ્માનંદના નાથ વિહારી, ઊઠ્યા આળસ મોડીને... પ્રાત૦ ૪

### પદ-૨

રસિયોજી રાય આંગણ બેઠા, કોમળ દાતણ કરવાને;
મખમલની ગાદી બહુમૂલી, પાટ ઉપર પાથરવાને... રસિયોજી૦ ૧
આછું જળ જમુનાનું આણ્યું, કંચન ઝારી ભરવાને;
સોના કેરું પ્યાલું લાવ્યા, સુંદર આગે ધરવાને... રસિયોજી૦ ૨
દાસ મળ્યા સહુ દર્શન કારણ, જગને પાર ઊતરવાને;
દાતણ કરતા હરિને નીરખ્યા, તે નાવે ભવ ફરવાને...રસિયોજી૦ ૩
મુખમંજન કીધું મનમોહન, હરિજનનાં મન હરવાને;
બ્રહ્માનંદનો વહાલો ઊઠ્યા, સ્નાનવિધિ અનુસરવાને... રસિયોજી૦ ૪

### પદ-૩

બાજોઠ કનક તણે આવી બેઠા, નીર ગરમ હરિ નાહવાને;
શ્વેત વસ્ત્ર પહેર્યું એક સુંદર, ભૂધરજી ભીંજાવાને... બાજોઠ૦ ૧
અત્તર તેલ ફૂલેલ અનુપમ, મર્દન કરવા માવાને;
અંગ ચોળે ઢોળે જળ ઉપર, રસિયાજી રિઝાવાને... બાજોઠ૦ ૨
સ્નાન કરી ઊઠ્યા શામળિયો, પ્રેમીજન લલચાવાને;
લલિત નવીન તૈયાર કરી લાવ્યા, પીતાંબર પહેરાવાને...બાજોઠ૦ ૩
રત્નજડિત શુભ પાટ મનોહર, ગાદી નવલ બિછાવાને;
બ્રહ્માનંદના નાથને આવ્યા, ભોજન કાજ બોલાવાને... બાજોઠ૦ ૪

### પદ-૪

જમો જમો રે મારા જીવન જુગતે, ભોજનીયાં રસ ભરિયાં રે - ટેક
પાક શાક તમ સારું પ્રીતમ, કોડે કોડે કરિયાં રે, જમો૦ ૧
તળીયાં ગળીયાં તાજાં તાતાં, કનક થાળમાં ધરિયાં રે,
આરોગો મારા નાથ અલૌકિક, ઘૃત ઝાઝાં ઘેબરિયાં રે. જમો૦ ૨

કઢી વડી કારેલાં કાજુ, રાઈતણાં દહીથરીઆં રે,
જોઈએતો ઉપરથી લેજો મીઠું જીરું ને મરીઆં રે. જમો૦ ૩
બ્રહ્માનંદના નાથ શીરાવ્યા, દૂધ ભાત સાકરીયાં રે,
ચળુ કર્યું હરિ તૃપ્ત થઈને, નીરખી લોચન ઠરીયાં રે. જમો૦ ૪

**રાગ : ભૈરવ — પદ-૧**

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજરે;
કર રે મન ચરણ વાસ; જકત આશ તજરે...સ્વામિ૦ ટેક.
નારદ સનકાદિ સિદ્ધ, ભજત જાહી અજરે;
શારદ શેષાદિ નિગમ, ગાવત ઊઠી ફજરે...સ્વામિ૦ ૧
પુરુષોત્તમ પ્રગટ આજ, નટવર તનુ સજરે;
કાળ જાળ નાશ હોત, ધરત ચરણ ધ્વજરે...સ્વામિ૦ ૨
અજામેલ ગુનિકાદિક, તાર્યો જીન ગજરે;
અનંત આજ મુક્ત હોત, દેખત ભરી નજરે...સ્વામિ૦ ૩
પ્રેમાનંદ સરવસ ફળ, સહજાનંદ જજરે;
સર્વોપરી જાત જીતી, ત્રંબ કઠોર બજ રે...સ્વામિ૦ ૪

**પદ-૨**

હમતો એક સહજાનંદ સહજાનંદ ગાવે,
હમારે મન સ્વામિનારાયણ, દુસરા ન ભાવે...હમ૦ ટેક.
તપ તીરથ સાધનમેં સ્વપ્ને નહિ જાવે,
જેસે કોઈ ઘૃત છાંડ, છાસકો ન ખાવે...હમ૦ ૧
અણિમાદિક અષ્ટ સિદ્ધિ મુક્તિકું ન ચાવે,
સબકો ફલ સહજાનંદ ચરન ચિત્ત લાવે...હમ૦ ૨
સહજાનંદ જાપસેં ત્રિય તાપકો બુજાવે,
ઈનહિકે પ્રતાપસેં અપાર ગતિ પાવે...હમ૦ ૩
આગમ નિગમ કઠિન રહસ્ય હમે ન સમઝાવે,
પ્રેમાનંદ સાર સુગમ સહજાનંદ આવે...હમ૦ ૪

### પદ-૩

હમતો એક સહજાનંદ ચરનકે ઉપાસી,
લગન મગન મતવારે છોડી સબ આસી...હમ૦ ટેક.
અડસઠ અબ કોન કરે કોન ફીરે કાસી,
અષ્ટ સિદ્ધિ આદિ ચહુ મુક્તિસેં ઉદાસી...હમ૦ ૧
ચૌદલોક ભોગકે સુખ જાને સબ ફાંસી,
સહજાનંદ પદપંકજ મકરંદકે પ્યાસી...હમ૦ ૨
ચરનકમલ રસ લોભી મતિકે ઉજાસી,
નારદ સનકાદિ મધુપ ગુંજત બનવાસી...હમ૦ ૩
પુરુષોત્તમ સહજાનંદ જાને સુખરાશિ,
પ્રેમાનંદ આયો શરન ચરનકો નિવાસી...હમ૦ ૪

### પદ-૪

હમ તો હરિ સહજાનંદ રૂપસે મતવારે,
હમારે સુખ સંપત એ હિ પ્રાનજીવન પ્યારે...હમ૦ ટેક.
ભાવે કો સુંદર કહો ભાવે કહો કારે,
હમકું યેહી રૂપ વિના ઓર સકલ ખારે...હમ૦ ૧
દેહનમેં પ્રાનપિયા નેનનમેં તારે,
ઈનહિ પર તન મન ધન વારી ડારે...હમ૦ ૨
હમારે યેહિ કરમ રેખ ટરત નહિ ટારે,
યેહિ કારન મહામુનિ જન કોટિક પચી હારે...હમ૦ ૩
પ્રેમાનંદ નિગમાગમ કહત હે અપારે,
સહજાનંદ શ્યામસુંદર નીરખી ઉરધારે...હમ૦ ૪

### રાગ રામગ્રી પદ-૧

નાથ રહો મારા નેણમાં, હરિ આવાને આવા,
તન મન જાઉં વારણે, તમ ઉપર માવા. નાથ૦ ટેક.
રાખીશ જતને જીવમાં, નહિ દેઉ જાવા,
દુર્લભ ઘણા છે રાજના, દરશન દેવને થાવા. નાથ૦ ૧
સુંદર મુખ છબી જોઈને, લોભાણાં છે નેણા,
વહાલાં લાગે છે મુખના, મીઠાં મીઠાં વેણા. નાથ૦ ૨

આંખડલી અમૃતે ભરી, રુપાળી છે રેખું,
અતિ આનંદ સુખ ઉપજે, તમને જ્યારે દેખું. નાથ૦ ૩
નખશિખ શોભા અંગની, જોઈ લાજે છે કામ,
પ્રેમાનંદ જોઈ રાજને, આનંદ આઠો જામ. નાથ૦ ૪

**પદ-૨**

ધર્મકુવર ઘનશ્યામજી, મારા પ્રાણતણા આધાર,
નિમખ ન મેલું વેગળા, મારા હેડાના હાર. ધર્મ૦ ટેક.
જીવું છું જીવન જોઈને, નેણુંના શણગાર,
જીવત સુખ મારું માવપર, વારું વારમવાર, ધર્મ૦ ૧
રુપ શીલ ઉદારતા, ગંભીર ગુણધામ,
મૂરતિ તમારી માવજી, ભક્ત પૂરણકામ. ધર્મ૦ ૨
ભાગ્ય મારાં શું રે વર્ણવું, કહ્યાંમાં નાવે,
મુનિવરને મોંધા ઘણા, તે ભટચા મુને ભાવે. ધર્મ૦ ૩
અનેક જનમને આદરે, આંખડી આગે,
આ ઉભા અલબેલડો, પ્રેમાનંદ પાય લાગે. ધર્મ૦ ૪

**રાગ : પ્રભાતી પદ-૧**

દાદાને દરબાર જાશું, સવારમાં નિત્ય ઉઠીને.... ટેક૦
માવાનું મુખડું જોશું, સવારમાં નિત્ય ઉઠીને..... ટેક૦
હરશું ફરશું ને સ્મરણ કરશું, માવાનું મુખડું જોશું - સવારમાં૦
સંતો કહે તે સેવા રે કરશું, કહેશે તો સંજવારી લેશું - સવારમાં૦
ગોપીનાથજીનાં ગુણલાં ગાશું, હાથ જોડીને ઊભા રે'શું - સવારમાં૦
હરિકૃષ્ણજીને હેતથી મળીએ, સંસારમાં શીદને ભળીએ - સવારમાં૦
માતાજી પાસે માગીને કહીએ બાળકોની ખબરું લઈએ - સવારમાં૦
વાસુદેવજીને વારણે જઈએ, અમે તમારાં એમ કહીએ - સવારમાં૦
ધર્મ ભક્તિને ભાળીને કહીએ, હવે જાવા નવ દઈએ - સવારમાં૦
રેવતીજીને હૃદયમાં ધરીએ, સૂર્યનારાયણ સમરીએ - સવારમાં૦
જદુપતિને જોવાને સારૂં, પાસે છે બળરામ ભઈએ - સવારમાં૦
આ દશ મૂર્તિનુ જે દર્શન કરશે, ભવથી પાર ઉતરશે - સવારમાં૦
લીંબતરુંની લીલા સંભારીએ, શ્રીજીનું ધ્યાન નિત્ય ધરીએ - સવારમાં૦

ઘેલા નદીના ઘાટને જોઈને, સ્નાનવિધિ અનુસરિએ - સવારમાં૦
આ દશમૂર્તિ રહો મુજ આગે, ધીરૂભા એમ નિત્ય માગે - સવારમાં૦

### રાગ : પ્રભાત

જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા, તુજ વિના ધેનુમાં કોણ જાશે ?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડોરે ગોવાળીયો કોણ થાશે ?
જાગને૦ ૧

દહીં તણાં દૈથરાં ઘી તણાં ઘેબરાં, કઢીયલ દૂધ તે કોણ પીશે ?
હરિ તાર્યો હાથીયો, કાળીનાગ નાથીયો, ભૂમીનો ભાર તે કોણ હરશે ?
જાગને૦ ૨

જમુનાને તીરે, ગૌધણ ચરાવતાં, મધુરીશી મોરલી કોણ વાશે ?
ભણે નરસૈંયો, તારા ગુણ ગાઈ રીઝીયે, બુડતાં બાવડી કોણ સ્હાશે ?
જાગને૦ ૩

### જળકમળ છાંડી જાને...

જળકમળ છાંડી જાને બાળક, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે... જળ૦ ટેક૦
કહે રે બાળક તું મારગ ભૂલિયો, કે તારા વેરીએ વળાવીયો;
નિશ્ચે તારો કાળજ ખૂટ્યો, અહીંયાં તે શીદ આવીયો... જળ૦ ૧
નથી નાગણ હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવીયો;
મથુરાનગરીમાં જૂગટું રમતાં, નાગનું શીશ હું હારીયો... જળ૦ ૨
રંગે રૂડો રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જન્મ્યા, તેમાં તું અળખામણો... જળ૦ ૩
મારી માતાએ બેઉ જન્મ્યા, તેમાં હું નટવર ન્હાનડો;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કહાનડો... જળ૦ ૪
લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરીયો;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને કરી ચોરીયો... જળ૦ ૫
શું કરું નાગણ હાર તારો, શું કરું તારો દોરીયો;
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરીયો... જળ૦ ૬
ચરણ ચાંપી મૂછ મરડી, નાગણે નાગ જગાડીયો;
ઉઠોને બળવંત કોઈ, બારણે બાળક આવીયો... જળ૦ ૭

બેઉ બળિયા બાથે વળીયા, કૃષ્ણે કાળિનાગ નાથીયો;
સહસ્ત્રફેણ ફૂંફવે જેમ, ગગન ગાજે હાથીયો... જળ૦ ૮
નાગણ સૌ વિલાપ કરે છે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરાનગરીમાં લઈ જશે, પછી નાગનું શીશ કાપશે... જળ૦ ૯
બે કર જોડીને વિનવે સ્વામી, મૂકો અમારા કંથને;
અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને... જળ૦ ૧૦
થાળ ભર્યો શગ મોતીયે, શ્રીકૃષ્ણને રે વધાવિયો;
નરસૈયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયો... જળ૦ ૧૧

## રાગ : પ્રભાતી

ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે... ટેક૦
ગિરિવરધારીને ઉપાડી, મટૂકીમાં ઘાલી રે... ભોળી૦ ૧
શેરીએ શેરીએ સાદ પાડે, કોઈને લેવા મુરારી રે;
નાથ અનાથ ચૌટા વચ્ચે, વેચે આહિર નારી રે... ભોળી૦ ૨
વ્રજનારી પૂછે શું છે માંહી, માધુરી મોરલી વાગી રે;
મટુકી ઉતારીને જોતાં, મૂર્છા સૌને લાગી રે... ભોળી૦ ૩
બ્રહ્માદિક ઈન્દ્રાદિક સરખા, કૌતુક ઊભા પેખે રે,
ચૌદ લોકમાં ન માય તે, મટુકીમાં બેઠેલા દેખે રે... ભોળી૦ ૪
ભક્તજનોના ભાગ્યે વ્રજમાં પ્રગટ્યા અંતરજામી રે;
દાસલડાને લાડ લડાવે, નરસૈયાના સ્વામી રે... ભોળી૦ ૫

## પદ-૧

ઉઠને અલબેલા વાલા, લક્ષ્મીનાં વર લહેરી રે,
અજબ નવીન દુશાલા ઓઢો, પીતામ્બર લો પહેરી રે....ઉઠો.....
ગદા પદ્મ કર શંખ ચક્ર લઈ, ખલ નાખો ખંખેરી રે,
અંતર દયા ધરો અવિનાશી, કરો મદદ જન કેરી રે રે....ઉઠો.....
લટકાવો શિર લાલ કલંગી, ઉફરણી સોનારી રે,
મંદ મંદ મુખ હસો મનોહર, હરિજન સામું હેરી રે રે....ઉઠો.....
સુરનિર મુનીવર જૂથ મળી સહુ, ઉભા આંગણ ઘેરી રે,
બ્રહ્માનંદના નાથ વદન છબી, નીરખત આશ ઘણેરી રે રે....ઉઠો.....

# થાળ પદ

## થાળ પદ-૧

જમોને જમાડું રે, જીવન મારા... હરિ રંગમાં રમાડું રે...જીવન મારા૦ ૧
વાલાજી મારા સોનાનો થાળ મંગાવું, મોતીડે વધાવું રે...જીવન મારા૦ ૨
વાલાજી મારા ઘેબર જલેબી ને લાડુ, જમોને થાય ટાઢું રે...જીવન મારા૦ ૩
વાલાજી મારા ગૌરીનાં ધૃત મંગાવું, માંહી સાકર નંખાવું રે...જીવન મારા૦ ૪
વાલાજી મારા દૂધ કઢેલા ભલી ભાતે, જમોને આવી ખાંતે રે...જીવન મારા૦ ૫
વાલાજી મારા પાપડ પતાસાં ને પોળી; જમોને ગળી મોળી રે...જીવન મારા૦ ૬
વાલાજી મારા તુવેરની દાળ ચડી ભારી, વિશેષે વઘારી રે...જીવન મારા૦ ૭
વાલાજી મારા કઢી કરી છે બહુ સારી; જમોને ગિરધારી રે...જીવન મારા૦ ૮
વાલાજી મારા આદાં કેરીનાં અથાણાં; છે વાલ ને વટાણાં રે...જીવન મારા૦ ૯
વાલાજી મારા જે જે જોઈએ તે માગી લેજો, ખારું ને મોળું કહેજો રે...જીવન મારા૦ ૧૦
વાલાજી મારા જળરે જમુનાની ભરી ઝારી; ઊભા છે બ્રહ્મચારી રે...જીવન મારા૦ ૧૧
વાલાજી મારા લવિંગ સોપારી તજ તાજાં; જમોને લાવું ઝાઝાં રે...જીવન મારા૦ ૧૨
વાલાજી મારા પ્રેમાનંદના સ્વામી; છો અંતરયામી રે...જીવન મારા૦ ૧૩

## રાગ : ગરબી : થાળ

સખી આનંદની વાત કહું આજ રે, મેં તો નેહ કરી નોતર્યા મહારાજ... રે-૧
પ્રેમે ચોક વચ્ચે ચોકી ઢાળી રે, નાવા ઊઠ્યા મોહન વનમાળી... રે-૨
અંગ ચોળી આનંદે શું નવરાવ્યા રે; પે'રી પીતાંબર મન ઘણું ભાવ્યા... રે-૩
પે'રી પાવલાં પધાર્યા લટકાળો , મારે મંદિરિયે આવ્યા મરમાળો... રે-૪
પાટે બેસારીને પૂજિયા મોરારી રે, અતિ આનંદ શું આરતી ઉતારી... રે-૫
બેઠા જમવા જગનો આધાર રે, મેં તો પ્રેમ કરી પીરસ્યો કંસાર... રે-૬
શીરો પૂરી સુંવાળી સાબુડી રે, ખાજાં ખાજલાં ને ખાંડ ઘણી રૂડી... રે-૭
સાટા મેસુબ જલેબી જાુગતાળી રે, ઘણા ઘેબર પેંડાની ભરી થાળી... રે-૮
દૂધપાક ને પુરણ પોળી રે, ઘણે ઘીએ રસરોટલી ઝબોળી... રે-૯
દહીંથરાં ભાત ભજિયાં ને દાળ રે, મગ મેથીએ વઘારી કર્યાં ભેળાં... રે-૧૧
તળ્યું સૂરણ ઘણું ઘી ઘાલી રે, વડી વાલાને લાગે છે ઘણી વાલી... રે-૧૨

તળ્યાં પરવળ વાલોળ ને વંતાક રે, તળ્યાં તુરિયાં કંકોડાં કેરાં શાક... રે-૧૩
ટાંકો તાંદળજો ને સુવા-ભાજી રે, મેથી મોગરી મૂળાથી ઘણું રાજી... રે-૧૪
જમે જુગતે શું દીનદયાળ રે, પાસે અનુપમ અથાણાં રસાળ... રે-૧૫
કેરી કાચરી તળેલ આથ્યાં આદુ રે, ડાળાં ગરમર ને શેલરાં સ્વાદુ... રે-૧૬
કાજુ કેરડાં પાપડ પ્રભુ જમે રે, પીએ જળ ગ્રાસોગ્રાસ મને ગમે... રે-૧૭
જમે મધુર મધુર જદુરાય રે, હું તો વીંઝણે ઢોળું વાય... રે-૧૮
જમી આચમન કર્યુ અવિનાશ રે, પ્રીતે પાનબીડી કરી મુખવાસ... રે-૧૯
સુર મુનિને દુર્લભ સ્વાદ રે, પામ્યા મુક્તાનંદ પરસાદ... રે-૨૦

### ભેરવ-પદ-૧

જમો જમોને મારા જીવન જુગતે, ભોજનિયાં રસ ભરીયાં રે;
પાક શાક તમ સારુ પ્રીતમ, કોડે કરીયાં રે... જમો૦ ૧
તળીયાં ગળીયાં તાજાં તાતાં કનક થાળમાં ધરીયાં રે;
આરોગો મારા નાથ અલૌકિક, ઘૃત ઝાઝાં ઘેબરીયાં રે... જમો૦ ૨
કડી વડી કારેલાં કાજુ, રાઈતણાં દહીથરીયાં રે;
જોઈએ તો ઉપરથી લેજો. મીઠુ જીરુ મરીયાં રે... જમો૦ ૩
બ્રહ્માનંદના નાથ શીરાવ્યા, દૂધભાત સાકરીયાં રે;
ચળુ કર્યું હરિતૃપ્ત થઈને, નીરખી લોચન ઠરીયાં રે... જમો૦ ૪

### રાગ : ગરબી થાળ પદ-૧

વહાલા આવો અમારે ઘેર રે, વારી જાઉં વાલમજી,
સેવા કરીશું સારી પેર રે, વારી જાઉં વામલજી... ૧
કાંઈ નીર ઊને નવરાવું રે - વારી૦
કાંઈ જુગતે કરીને જમાડું રે....વારી૦ ૨
કાંઈ કંચન થાળ કટોરા રે-વારી૦
પાસે પાણી પીધાના અબખોરા રે....વારી૦ ૩
કંસારને ચુરમા ચોળી રે-વારી૦
રસ રોટલી ઘીએ ઝબોળી રે....વારી૦ ૪
ભાજી તાંદળજાની સારી રે-વારી૦
માંહી ચોળાફળી છમકારી રે....વારી૦ ૫

કાજુ આદાં કેરીનાં અથાણાં રે-વારી૦
લીંબુ મરચાં જોયે તો મેં આણ્યાં રે....વારી૦ ૬
તમે ચોખા ને દૂધ શિરાવો રે-વારી૦
માંહિ સાકર બેક નખાવો રે....વારી૦ ૭
તમે જમોને ઢોળું હું તો વાય રે-વારી૦
ત્યારે કાંઈક સારું મારું થાય રે....વારી૦ ૮
જળ જમુનાની ભરી ઝારી રે-વારી૦
તમને ચળું કરાવે બ્રહ્મચારી રે....વારી૦ ૯
કાથો ચૂનો પાન લવિંગ સોપારી રે-વારી૦
તમે મુખવાસ લ્યોને મુરારી રે....વારી૦ ૧૦
પ્રભુ પલંગ ઉપર પોઢાડું રે-વારી૦
ઝાઝીવાર થાયે તો જગાડું રે....વારી૦ ૧૧
ઘેલું ઘેલું બોલીને સુખ દેજો રે-વારી૦
કાંઈ કહેવાનું હોય તો કહેજો રે....વારી૦ ૧૨
આપો અબળાને આનંદ રે-વારી૦
બલિહારી બ્રહ્માનંદ રે....વારી૦ ૧૩

## રાગ : ગરબી પદ-૧

આવજો છોગલાં ધારી મારે ઘેર, આવજો છોગલાં ધારી. ટેક
લાડુ જલેબીને સેવ સુવાળી, હું તો ભાવે કરી લાવી છું ભારી. મારે૦ ૧
સુરણ પુરણ ને ભાજી કારેલાં, પાપડ વડી વઘારી,
વૈંતાક વાલોળનાં શાક કર્યા, મેં તો ચોળાફળી છમકારી. મારે૦ ૨
કાજુ કમોદનો ભાત કર્યો, મેં તો દાળ કરી બહુ સારી,
લીંબુ કેરીનાં લેજો અથાણાં, કઢી કરી છે કાઠીયાવાડી. મારે૦ ૩
લવીંગ સોપારીને પાન બીડી વારી, તજ એલચી જાવંત્રી સારી,
નિશદિન આવો તો ભાવે કરી ભેટું, એમ માગે જેરામ બ્રહ્મચારી. મારે૦ ૪

## રાત્રીના ભોજનનો થાળ પદ-૧

રૂડી રાંધી મેં રસિયાજી, ખાતે ખીચડી રે...રૂડી૦ ટેક૦
ચોખા દાળ જતન કરી જોઈ, નિર્મળ નીરે ધીરે ધોઈ;
મધુરે મધુરે તાપે, માખણ શી ચડી રે... રૂડી૦ ૧

ઘી ઘણું જમો અલબેલા, અથાણાં પાપડ રંગછેલા;
ચોંપે શું ચોળાની, કાજુ કરી વડી રે... રૂડી૦ ૨
દૂધ કઢીને દહીં જમાવી, લલિત લવિંગે શું છમકાવી;
ભૂધરને જમવાને કાજે, કરી કઢી રે... રૂડી૦ ૩
શિતળ જળ જમના જીના લાવું, પ્રેમેથી જળપાન કરાવું;
મનગમતા મુખવાસ લીયો હરિ હેતથી રે... રૂડી૦ ૪
દયાનંદ કહે દિલમાં ધારી, પ્રસાદી આપો હિતકારી;
મોહનવરને હાથે મુજને, મોજ મળી રે... રૂડી૦ ૫

**રાગ : સોમેરી-થાળ પદ-૧**

વ્હાલા ભોજનીયાં બહુ ભાત, જમો ગિરધારી રે;
તમને જોવા કારણ આજ, આવી વ્રજનારી રે,
સોના કેરો પાટલો રે, સોના કેરો થાળ;
જળ જમુનાના નીરની ઝારી, ભરી મૂકી તતકાળ...જમો૦ ૧
ઘેબર બહુ ઘીમાં કર્યાં રે, લાડુ સાકરના સાર;
સેવ સુંવાળી લાપસી માંય, ઘી ધોણિયાની ધાર...જમો૦ ૨
બરફી પેંડા ને મોતીયારે, જલેબી જગદીશ;
સૂતરફેણી શામળા કરી, દળી ઝીણે અતિપીશ...જમો૦ ૩
દૂધપાક ને પુરીયો રે, માલપુડા મેસુબ;
કેળા સાકર રસરોટલી, આરોગો આજ હરિ ખૂબ...જમો૦ ૪
ભજિયાં વડાં ને રાયતાં રે, વાલોળ ને વંત્યાક;
કંકોડાં કારેલડાં છમકાર્યાં, સલુણા શાક...જમો૦ ૫
ટીંડોરા ને તુરીયાં રે, ગલકાં પરવળ પરબ્રહ્મ;
તુવેરની તમ કારણે વ્હાલા, દાળ કરી છે નરમ...જમો૦ ૬
વડી કડી સર્વે શાકમાં રે, વઘાર્યા વાલમ;
આરોગો અલબેલડા, શરમ રાખો તો મારા સમ...જમો૦ ૭
નૈયા સૂરણનું શાક મેં રે, કીધું તમારે કાજ;
ફૂલવડી ફળી ગુવારની રે, ઘીમાં તળી મેં મહારાજ...જમો૦ ૮
ભાજી ભુધર બહુ ભાતની રે, અથાણાં અપાર;
દૂધ ભાત માંય ધોબલે નાંખું, સાકર વારંવાર...જમો૦ ૯

તૃપ્ત થઈ ચળુ કરો રે, આતમના આધાર;
પહેરાવું અતિ પ્રીતસું, ચંપા-ચમેલીના હાર...જમો૦ ૧૦
લવિંગ સોપારીને એલચી રે, કાથો ચૂનોને પાન;
ત્યાગાનંદના વહાલમાં, મુખવાસ કરો ભગવાન...જમો૦ ૧૧

### રાગ : વસંત પદ-૧

આજ સખી શ્યામળીયો વાલો, પરોણા ઘેર આવ્યા,
થાળ ભરીને મેંતો મોંઘે, મોતીડે વધાવ્યા. આજ૦
કર સાહીને કૃષ્ણજીવનને, મંદિરમાં પધરાવ્યા,
નોતરીયા નારાયણ મેં તો, બહુવિધ પાક બનાવ્યા. આજ૦ ૧
ખટરસ ચ્યાર પ્રકાર સુધારી, થાળ ભરીને લાવ્યા,
કંચન કળશ ભરીને શીતળ, જળ યમુનાનાં પાળ્યા. આજ૦ ૨
લાડુ પેંડા જલેબી ઘેબર, બહુ પકવાન પીરસાવ્યાં,
શાક પુર્યાં બહુ કનક કટોરે, જે હરિને મન ભાવ્યાં. આજ૦ ૩
ભજીયાં વડાં ફાફડા પાપડ, તળેલ તાતાં તાવ્યાં,
લીંબુ આદા કેરીનાં બહુ, અથાણાં મંગાવ્યા. આજ૦ ૪
દાળ ભાત પીરસીને સાકર, નાખી દુધ ઓટાવ્યાં,
દુધ ભાત જમાડી હરિને, હેતે ચળુ કરાવ્યાં. આજ૦ ૫
પાનબીડાં અમારાં હરિયે, હાથો હાથ લઈ ચાવ્યાં,
પ્રેમાનંદના નાથને ભેટી, તનના તાપ સમાવ્યા. આજ૦ ૬

### રાગ : ગરબી પદ-૧

જમો મારા નાથ જુગતી કરીને રે, રહે છે જોઈ જોઈ નયણાં ઠરીને. જમો.
રૂડો ચંદન પાટ ઢળાવું રે, જળ જમુનાજીનાં મંગાવું રે,
અંગ ચોળી અત્તર નવરાવું. જમો૦ ૧
કાજુ ઓરડાની ઓસરીએ રે, પ્રેમે પાથરણાં પાથરીએ રે,
આગે બાજોઠ કનકનો ધરીએ. જમો૦ ૨
પ્રીતે નવલ પીતાંબર પહેરો રે, હેતે સહિત મનોહર હેરો રે,

પુરૂં થાળ હું કંચન કેરો. જમો૦ ૩
તાજા લાખણસાઈ મોતૈયા રે, તળીયા મગદળ ને સેવૈયા રે,
કોડે કોડે આરોગો કનૈયા. જમો૦ ૪
ખીર લાપસી સુંદર ખોરી રે, બિરંજ સેવ કંસાર કચુરી રે,
પુડા માલપુવા શીરા પુરી. જમો૦ ૫
દુધપાક જલેબીને ખાજાં રે, તળીયા મોદક ઘેબર તાજાં રે,
રૂડાં જાદરીઆં ઘૃત ઝાંઝા. જમો૦ ૬
સાટા બરફી પતાસાં સાબેણી રે, ઠોર મરકીને રોટલી ઝીણી રે,
હલવો સક્કપારા સુત્રફેણી. જમો૦ ૭
હેત ઝાઝે હું પીરસું હરખી રે, થઈ જાઉં છું દીવાની સરખી રે,
બ્રહ્માનંદના વહાલા તમને નિરખી. જમો૦ ૮

### રાગ : રામકલી પદ-૧

આવો રે વાલાજી તમને, માખણ જમાડું,
કહો તો તમારા ગોઠીયાને, ઘડી એક ખમાડું. આવો રે૦ ૧
રમત મેલો શ્યામ રંગીલા, થઈ ઝાઝી વેળા,
છોકરાંને શીખ દીઓ, હરિ ચાલો હું ભેળા. આવો રે૦ ૨
સાકર કેરી સુખડી કીધી, તાજું ઘી નાખ્યું,
જીવન તમને જમતાં દેખું, થાય ટાઢી આંખ્યુ. આવો રે૦ ૩
લાલજી તમને ભૂખ લાગી હશે, પહેલે ને પોરે,
બ્રહ્માનંદના નાથજી હું તો, જમાડીશ જોરે. આવો રે૦ ૪

### પદ-૨

આરોગો અલબેલા વહાલા, સાકર સેવલડી,
રમવાની આવડી પડી શી, તમને ટેવલડી. આરોગો૦ ૧
ચોંપ કરીને સેવું રાંધુ, ઘી તાજું લાવું,
તમે જમો હું આગળ બેસી, માંખી ઉડાવું. આરોગો૦ ૨
ખુબ મસાલા માંહી ખાંડી, દહીંવડાં કરૂં ખાટાં,
બરફીનો બાલભોગ કરો, બેક સેવૈયા સાટા. આરોગો૦ ૩

જે તમને મનડે ગમે, તે માગીને લેજો,
વધુ રહે તે બ્રહ્માનંદને, પ્રસાદી દેજો. આરોગો૦ ૪

### પદ-૩

બાલભોગ જમવા હરિને, માતા બોલાવે,
શેરીમાંથી સાદ કરીને, બાંહ્ય ગ્રહી લાવે. બાલભોગ૦ ૧
મહી કટોરો તૈયાર કર્યો, માંહી મીસરી ઘોળીને,
ચોખા કેરો કરમલડો, કાજુ આપે ચોળીને. બાલભોગ૦ ૨
વઢી વઢી વિનતી કરે કહાના, ઝાઝું ના રમીએ,
બીજું કામ તજીને બાપુ, ભાવે તે જમીએ. બાલભોગ૦ ૩
ભોજન પડતું મેલીને ઉઠે, રમવાને પ્યારે,
બ્રહ્માનંદના નાથને માતા, બળે બેસારે. બાલભોગ૦ ૪

### પદ-૪

માખણ જમાડું વાલા મારા, આવોને ઓરા,
લટકાળા મુને વાલા લાગો, ગીરધારી ગોરા. માંખણ૦ ૧
ભૂધર તમને જે ભાવે તે, આણીને આલું,
ત્રિલોકીમાં તમ જેવું બીજું, નથી કાંઈ વહાલું. માંખણ૦ ૨
દહીંથરાં ને દૂધ પેંડા બેક, જલેબી સારી,
બરફીનો બાલભોગ કરો, જાઉં મુખ ઉપર વારી. માંખણ૦ ૩
આદાં લીંબુનાં અથાણાં વળી, સાટા સાકરીયા,
બ્રહ્માનંદને શીત પ્રસાદી, દેજો ડોલરિયાં. માંખણ૦ ૪

### રાગ : કાફી પદ-૧

જમોને ગોપીનાથજી સુંદર લાડુ રે. જમો૦ ટેક૦
ઘૃત સાકરમાંહી ઝાઝાં ભેળીને, હરિવર હેતે હું જમાડું રે. જમો૦ ૧
જગ જીવન મારે હાથે જમો તો, ઘણું ઘણું માનીશ હું સપાડું રે. જમો૦ ૨
સુંદર મુખડું હું જમતાં રે જોવું, થાયે મારા અંતરમાંહી ટાઢું રે. જમો૦ ૩
પ્રેમાનંદ ઉભો આશ કરીને, જમીને આપો પનવાડું રે. જમો૦ ૪

### રાગ : બીહાગ પદ-૧

મારે મંદિર પધારો પ્રભુ પ્રીત કરી. મારે૦ ટેક.
શંકા કોઈની ધરશોમાં, આવો મગન થકાં છોગાં શીશ ધરી. મારે૦ ૧
વિધવિધનાં પકવાન કર્યા છે, પીરસી મેલ્યો છે મેંતો થાળ ભરી,
મોતૈયા સેવૈયા સાટા જલેબી પેંડા, બરફીને બીરંજ હરીસો હરિ. મોરે૦ ૨
શાક પાક બહુ ભાતે કર્યા છે, કસર નથી માંહી કશીયે જરી,
જે જે ગમે તે જમજો હરિ મારા, માગી લેજો ઉપર મીઠું રે મરી. મારે૦ ૩
સર્વે મનોરથ પૂરો મારા, આવો નહિ આવે મારે લાગ ફરી,
પ્રેમાનંદના નાથ ધર્મકુંવર પિયા, મન કર્મ વચને હું તમને વરી. મારે૦ ૪

### પદ-૨

મારે ભુવન પધારો હરિવર હસતા. મારે૦ ટેક.
પ્રીત કરીને પ્રીતમ તમને, લાડવા જમાડું સુંદર લસલસતા. મારે૦ ૧
વસન આભૂષણ પહેરીને પધારો. ગૂઢો રેંટો કમરે કસતા,
ચાખડીયો પહેરીને ચટકતી લટકતી, ચાલે મારે ઉર વસતા. મારે૦ ૨
ડોલરીયાના ઉર હાર પહેરીને, અતર ફુલેલમાં સમસમતા,
આવતાં ઉર શંકા ન ધરશો, દુરિજન દેખીને છોને ભસતા. મારે૦ ૩
જમતાં જીવન લટકાં કરીને, નરનારીના ઉરમાં ધસતા,
નેણાં ભરીને નિરખું નટવર, પ્રેમાનંદને લાડુ પીરસતા. મારે૦ ૪

### પદ-૩

તમે જમો જમો મારા ઠાકરીયા. તમે૦ ટેક.
હરિવર મારે હાથે જમાડું, સુંદર લાડુ સાકરીયા. તમે૦ ૧
પેંડા બરફી ખાજાં જલેબી, મરકી મેસુબ ને ઘેબરીયાં,
શીરો પુરી કંસાર હરીસો, બીરંજ જમો કહાના કેશરીયા. તમે૦ ૨
ભજીયાં વડાં તળ્યા છે પાપડ, મીઠું જીરૂં નાખીને મરીયાં,
શાક પાક સુંદરવર જમજો, રાયતણાં સુંદર દૈથરીયાં. તમે૦ ૩
આંબામોરનો ભાત અનુપમ, દૂધ સાકર જમો ગિરિધરીયા,
વધે તે પ્રેમાનંદને આપો, ધર્મકુંવર રંગના ભરીયા. તમે૦ ૪

### પદ-૪

આપું પાન બીડી જમો ભક્તપતિ. આપું૦ ટેક.
ધર્મકુંવર ઘનશ્યામ સુંદરવર, તમથી વહાલું મારે કોઈ નથી. આપું૦ ૧
નાગરવેલીનાં પાન મનોહર, કાથો ચુનો મેલી રતી રે રતી,
તજ એલાયચીં માંહી લવીંગ સોપારી, બીડી વાળી છે વાલા સરસ અતિ. આપું૦ ૨
સુંદર મુખમાં બીડી આપું, નિરખું ચકોર જ્યું ચંદ ગતિ,
પીકદાની કરૂં હાથતણી મારે, ઘણારે દિવસની આશ હતી. આપું૦ ૩
તન મન વારૂં આરતી ઉતારૂં, એ વર માગું કરી વિનંતી,
ધર્મકુંવર ઘનશ્યામ ચરણમાં, પ્રેમાનંદની રહો અચલ મતિ. આપું૦ ૪

### રાગ : સારંગ પદ-૧

જમોને મારા નાથજી સારૂં સારૂં રે,
વિધવિધના મેં તો પાક બનાવ્યા, શાક કટોરા કેરી હારૂં રે. જમો૦ ૧
લાલ મનોહર માગીને લેજો, જે કાંઈ લાગે તમને પ્યારૂં રે. જમો૦ ૨
જગજીવન પોતાની રે જાણીને, કહેજો જે હોય ખાટું ખારૂં રે. જમો૦ ૩
બ્રહ્માનંદ કહે શીત પ્રસાદી, દીયો તો થાય કામ મારૂં રે. જમો૦ ૪

### પદ-૨

આરોગો મારા નાથજી પ્રિતે પ્રિતે રે. આરોગો૦
ઓરડીઆ અંજવાળીને રાખ્યા, ચિત્ર કરાવ્યાં રૂડી ભીંતે રે. આરોગો૦ ૧
શ્યામળીયા રે નટવર તમ સારૂં, રસોઈ કરી છે રૂડી રીતે રે. આરોગો૦ ૨
પવન ઢોળીશ કર લઈને રે પંખો, ગાઈને રીઝાવું રૂડે ગીતે રે. આરોગો૦ ૩
બ્રહ્માનંદ કહે શીત પ્રસાદીથી, શાન્તિ થાય છે મારે ચિત્તે રે. આરોગો૦ ૪

### પદ-૩

આરોગો મેવા નાથજી રૂડા રૂડા રે. આરોગો૦
શીરા પુરીને સેવૈયા, પુરણ પોળીને માલપુડા રે. આરોગો૦ ૧
બીરંજ કંસાર હરિસો બરફી, ઝબોળેલ રોટલીઓના ઝુડારે. આરોગો૦ ૨
ચોળા મગફળી છમકારી કાજુ, મેં તો તળેલ કંકોડા રે. આરોગો૦ ૩
બ્રહ્માનંદના નાથ તમારે કાજે, ઘૃતમાંહિ તળ્યાં છે ઘિસોડાં રે. આરોગો૦ ૪

**પદ-૪**

આવીને જમો નાથજી વારી વારી રે. આવીને૦
લાડુને પયપાક લાપસી, સેવ ઝીણી બાફીને ઉતારી રે. આવીને૦ ૧
ઘૃત તાજું તાવેલ ધરાઉં, થાળમાં ખીચલડી ઠારી રે. આવીને૦ ૨
પાપડ તળીયા મેં પ્રિત કરીને, ભજીયાં કર્યા છે સ્વાદુભારી રે. આવીને૦ ૩
બ્રહ્માનંદને શીત પ્રસાદી, દીજે વૃજરાજ વિહારી રે. આવીને૦ ૪

**મોટો થાળ રાગ : ગરબી પદ-૧**

અવિનાશી આવો રે, જમવા કૃષ્ણહરિ
શ્રીભક્તિધર્મ-સુત રે, જમાડું પ્રીત કરી...૧
શેરડીઓ વાળી રે, ફુલડાં વેર્યાં છે;
મળિયાગર મંદિર રે, લીપ્યાં-લેર્યાં છે...૨
ચાખડીઓ પહેરી રે, પધારો ચટકંતા;
મંદિરીયે મારે રે, પ્રભુજી લટકતા...૩
બાજોઠે બેસારી રે, ચરણ-કમળ ધોઉં;
પામરીએ પ્રભુજી રે, પાવલિયા લોઉં...૪
ફૂલેલ સુગંધી રે, ચોળું હું શરીરે;
હેતે નવરાવું રે, હરિ ઊને નીરે...૫
પહેરાવું પ્રીતે રે, પીતાંબર ધોતી;
ઉપરણી ઓઢાડું રે, અતિ ઝીણી પોતી...૬
કેસર ચંદનનું રે, ભાલે તિલક કરું,
વંદન કરી વિષ્ણુ રે, ચરણે શીશ ધરું...૭
ઉર હાર ગુલાબી રે, ગજરા બાંધીને;
નીરખું નારાયણ રે, દૃષ્ટિ સાંધીને...૮
શીતળ સુગંધી રે, કળશ ભર્યા જળના;
ઉલેચ બાંધ્યા છે રે, ઉપર મખમલના...૯
કંચન બાજોઠે રે, બિરાજો બહુનામી;
પકવાનને પીરસી રે, થાળ લાવું સ્વામી...૧૦

મોતૈયા લાડુ રે, સેવૈયા સારા;
તમ કાજ કર્યા છે રે, લાખણશાઈ પ્યારા...૧૧
મગદળ ને સેવદળ રે, લાડુ દળના છે;
ખાજાં ને ખુરમાં રે, ચુરમાં ગોળનાં છે...૧૨
જલેબી ઘેબર રે, બરફી બહુ સારી;
પેંડા પતાસાં રે, સાટા સુખકારી...૧૩
મરકીને મેસુબ રે, જમો જગવંદનજી;
સુતરફેણી છે રે, ભક્તિનંદનજી;...૧૪
ગગનને ગાંઠિયા રે, ગુંદવડાં વાલા;
ગુલાબપાક જમજો રે, ધર્મ તણા લાલા...૧૫
એલાયચી દાણા રે, ચણા છે સાકરિયા,
ગુંદરપાક સુંદર રે, જમજો ઠાકરિયા-૧૬
ટોપરાપાક ટાઢો રે, સકરપારા સારા;
સેવો ઘી સાકર રે, તમે છો જમનારા...૧૭
કેસરિયો બીરંજ રે, ગળ્યો ને મોળો છે;
સાકરનો શીરો રે, હરિ સો ધોળો છે...૧૮
લાપસી કંસારમાં રે, ઘી બહુ રસબસ છે,
ખીર ખાંડ ઘી રોટલી રે, જમો બહુ સરસ છે...૧૯
બદામ ચારોળી રે, દ્રાક્ષ તે નાખીને;
દૂધપાક કર્યો છે રે, જુઓ હરિ ચાખીને...૨૦
પૂરી ને કચોરી રે, પૂરણ પોળી છે;
રોટલીઓ ઝીણી રે, ઘીમાં ઝબકોળી છે...૨૧
પાપડને પૂડલા રે, મીઠા માલપૂડા;
માખણ ને મીસરી રે, માવો દહીંવડા...૨૨
ઘઉંની બાટી રે, બાજરાની પોળી;
ઝાઝી વાર ઘીમાં રે, હરિ મેં ઝબકોળી...૨૩
તલસાંકળી સુંદર રે, બીજી ગોળપાપડી;
ગાંઠિયા ને કળી રે, ત્રીજી ફુલવડી...૨૪

ભજિયાને વડા રે, સુંદર દહીંથરિયાં;
વઘાર્યા ચણા રે, માંહીં મીઠુંમરિયાં...૨૫
ગુંજા ને મઠિયાં રે, ફાફડા ફરસા છે;
અળવી આદાનાં રે, ભજિયાં સરસાં છે...૨૬
કંચન કટોરે રે, પાણી પીજોજી;
જે જે કાંઈ જોઈએ રે, તે માગી લેજોજી...૨૭
રોટલી રસ સાકર રે, જમજો અલબેલા;
રાયણને રોટલી રે, ખાંડ કેળાં છેલા...૨૮
મુરબ્બા કર્યા છે રે, કેરી દ્રાક્ષ તણા;
સુંદરવર જમજો રે, રાખશો માં મણાં...૨૯
કટોરા પૂર્યા છે રે, સુંદર શાકોના;
કેટલાક ગણાવું રે, છે ઝાઝા વાના...૩૦
સુરણ તળ્યું છે રે, સુંદર ઘી ઝાઝે;
અળવી ને રતાળુ રે, તળ્યાં છે તમ કાજે...૩૧
મેં પ્રીત કરીને રે, પરવળ તળિયાં છે;
વંતાક ને વાલોળ રે, ભેળાં ભળિયાં છે...૩૨
કંકોડાં કોળાં રે, કેળાં કારેલાં;
ગલકાં ને તુરિયાં રે, રૂડાં વઘારેલાં...૩૩
ચોળી વાલોળો રે, પ્રીત કરી તળિયો;
દૂધિયાંને ડોડા રે, ગુવારની ફળીઓ...૩૪
લીલવા વઘાર્યા રે, થયા છે બહુ સારા;
ભીંડાની ફળીઓ રે, તળિયો હરિ મારા...૩૫
ટાંકો તાંદળલીયો રે, મેથીની ભાજી;
મૂળા મોગરીઓ રે, સુવાની તાજી...૩૬
ચણેચી ને ડોડી રે, ભાજી સારી છે;
કઢી ને વડી રે, સુંદર વઘારી છે...૩૭
નૈયાના રાઈતાં રે, અતિ અનુપમ છે;
મીઠું ને રાઈ રે, માંહી બે સમ છે...૩૮

કેટલાંક ગણાવું રે, પાર તો નહિ આવે;
સારું સારું જમજો રે, જે તમને ભાવે...૩૯
ખારું ને મોળું રે, હરિવર કહેજોજી;
મીઠું મરી ચટણી રે, માગી લેજોજી...૪૦
અથાણાં જમજો રે, સુંદર સ્વાદુ છે;
લીંબુ ને મરચાં રે, આમળાં આદુ છે...૪૧
રાયતી કેરી રે, કેરી બોળ કરી,
ખારેક ને દ્રાક્ષમાં રે, નાખ્યા લવિંગ મરી...૪૨
કેરાં ને કરમદાં રે; તળી છે કાચરીયો;
બીલાં બહુ સારાં રે, વાંસ ને ગરમરીયો...૪૩
પંખાળીના ભાતમાં રે, સુંદર સુગંધ ઘણો;
એલાઈચીનો પીરસ્યો રે, આંબામોર તણો...૪૪
મેં કઠણ કરી છે રે, દાળ હરિ તુરની;
પાતળી પીરસી છે રે, કે દાળ મસુરની...૪૫
મગ ને અડદની રે, કરી છે ધોઈને;
ચોળા ને ચણાની રે, ઘીમાં કરમોઈને...૪૬
દાળ ને ભાત જમજો રે, તમને ભાવે છે;
ચતુરાઈએ જમતાં રે, પ્રીતિ ઉપજાવે છે...૪૭
દહીંને ભાત જમજો રે, સાકર નાખી છે;
દૂધને ભાત સારુ રે, સાકર રાખી છે...૪૮
દૂધની તર સાકર રે, ભાત જમો પહેલાં;
સાકર નાખીને રે, દૂધ પીઓ છેલા...૪૯
જે જે કાંઈ જોઈએ રે, તે કે'જોજી અમને,
કાંઈ કસર કરો તો રે, મારા સમ તમને...૫૦
જીવન જમીને રે, ચળુ કરો નાથ;
ચંદન ગારેશું રે, ધોવરાવું હું હાથ...૫૧
તજ એલચી જાયફળ રે, જાવંતરી સારી;
કાથો ને ચુનો રે, સારી સોપારી...૫૨

નાગરવેલનાં રે, પાન લાવી પાકાં,
ધોઈને લૂછ્યાં છે રે, અનુપમ છે આખાં...૫૩
માંહી ચૂરણ મેલી રે, બીડી વાળી છે;
લલિત લવિંગની રે, ખીલી રસાળી છે...૫૪
મુખમાં હું મેલું રે, બીડી પ્રીત કરી;
આરતી ઉતારું રે, પ્રભુજી ભાવ ભરી...૫૫
ફૂલસેજ બિછાવી રે, પોઢો પ્રાણપતિ;
પાવલિયા ચાંપું રે, હેડે હરખ અતિ-૫૬
થાળ ગાયો પ્રીતે રે, ધર્મકુલ-મુગટમણિ;
આપો પ્રેમાનંદને રે, પ્રસાદી થાળ તણી...૫૭

**પદ-૧**

લેતા જાઓ રે સાવરિયા ! બીડી પાનનકી, બીડી પાનનકી બીડી પાનનકી,
લેતા જાઓ રે સાવરિયા ! બીડી પાનનકી... ટેક૦
કાથો ચૂનો વારી લવિંગ સોપારી, એલચી મંગાવું મુલતાનનકી... લેતા૦ ૧
એક એક બીડી મોરી સાસુ નણંદકીઃ દુસરી બીડી મોરે લાલનકી... લેતા૦ ૨
આવો શ્રીકૃષ્ણ હરિ પાટે બેસારું; બાજી ખેલાવું સારી રેનનકી... લેતા૦ ૩
પ્રેમાનંદ કહે આપો પ્રસાદી; એટલી અરજ તોરે દાસનકી... લેતા૦ ૪

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધુઓ કરચરણ કરો ત્યારી જમો૦ ટેક૦
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી...જમો૦ ૧
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો૦ ૨
ગળ્યા સાટા ઘેબર ફુલવડી, દૂધપાક માલપુવા કઢી;
પૂરી પોચી થઈ છે ઘીમાં ચડી...જમો૦ ૩
અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી,
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો૦ ૪
ચળું કરો લાવું હું જળઝારી, એલચી લવિંગ સોપારી,

પાનબીડી બનાવી સારી...જમો૦ ૫

મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;

ભૂમાનંદ કહે રાજી થઈને...જમો૦ ૬

**રાગ : પરજ પદ-૧**

નેણાં ભરી જોયાં રે હરિ જમતા, નાના ગ્રાસ લેવત મનગમતા.... ને...

ઓઢી ઉપરણી રાખી કાન ઉઘાડા, શોભાનિધિ ધણી સમતા. ને૦ ૧

વારે વારે જલપાન કરત હે, રમુજ કરીને ઘણુ રમતા. ને૦ ૨

એ છબી જોવા સારું ભવ બ્રહ્માદિક, ભાવ સહિત કેડ્યે ભમતા. ને૦ ૩

દેવાનંદ કહે જનમ સુફલ કરી, નિત્ય ચરણોમાં જઈ નમતા. ને૦ ૪

# ગોડી પદ

## રાગ : ગોડી ગરબી – પદ-૧

શ્યામની છબી રે સખિ ! શ્યામની છબી;
જોને ફુલડેથી છાઈ, સખિ શ્યામની છબી. ટેક૦
ફૂલોના તોરાની ફોરે, ભ્રમર કરે ગુંજાર;
અંગોઅંગ હરિને શોભે, ફુલડાના શણગાર. શ્યામની૦ ૧
કાનમેં ફૂલડાનાં કુંડળ, ફૂલોના ભુજબંધ;
ફૂલતણા ગજરા ફાવે છે, સુંદર માંહી સુગંધ...શ્યામની૦ ૨
ફૂલતણો શિર મુગટ જોઈને, મગન ફીર વ્રજનાર;
ફૂલતણી શોભા પર જાયે, બ્રહ્માનંદ બલિહાર..શ્યામની૦૩

### પદ-૨

ફૂલની માળા શોભે, ફૂલની માળા;
બેની સુંદરવરને શોભે, ગળે ફૂલની માળા. ટેક૦
નવ કસુંબી પટકા ઉપર, તોરે હદ વાળી;
ફૂલની પછેડી ઓઢી, ઊભા વનમાળી. ફુલની૦ ૧
ફૂલડાની વૈજયંતી માળા, હરિવરને ફાવે;
એ માળાને જોવા સારું, ઈન્દ્રાદિક આવે. ફુલની૦ ૨
ફૂલ કલગી માથે લટકે, છબી નૌતમ સારી;
બ્રહ્માનંદ કહે નટવર મૂરતી, નેણુમાં ધારી. ફુલની૦ ૩

### પદ-૩

ફૂલની બાંધી રે પોંચી ફૂલની બાંધી;
હેલી નટવરજીને હાથે, પોંચી ફૂલની બાંધી ટેક૦
ફુલતણાં છોગલીયાં ફરતાં, મેલ્યાં મરમાળા;
કાનુ ઉપર ફૂલડાં ખોસ્યાં, લાગે રૂપાળા. ફુલની૦ ૧

ફૂલદડો ઉછાળે વ્હાલો, લટકે મન લેવાઈ
એ લટકાંને જોવા આવે, ભવ બ્રહ્મા જેવા. ફુલની૦ ૨
ફૂલડાની ટોપી ગૂંથીને, પ્રેમે પહેરાવી;
બ્રહ્માનંદ કહે એ છબી મેં તો, અંતર ઠેરાવી. ફુલની૦ ૩

### પદ-૪

મન મારું મોહ્યું રે આલી મન મારું મોહ્યું;
એની ફૂલડાની શોભા જોઈને મન મારું મોહ્યું. ટેક૦
ફૂલડા કેરા ગજરા ધાર્યા સુંદરવર છેલે;
તે ગજરાની ફોરે ભમરા, કેડો નવ મેલે. મન૦ ૧
ફૂલડા કેરા તોડા પહેર્યા, વ્રજજીવન વ્હાલે;
ભુધરજી ફૂલડાને ભારે, લટકંતા ચાલે. મન૦ ૨
અલબેલાને સર્વે અંગે, ફૂલી ફૂલવાડી;
બ્રહ્માનંદ કહે એ છબી જોવા, આવીશ હું દાડી. મન૦ ૩

### રાગ : પુરબ-પદ-૧

સંત સમાગમ કીજે હો, નિશદિન... સં૦ ટેક૦
માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે હો. નિ૦ ૧
અંતર કપટ મેટકે અપના, લે ઉનકું મન દીજે હો. નિ૦ ૨
ભવદુઃખ ટળે બળે સબ દુષ્કીત, સબવિધિ કારજ સીજે હો. નિ૦ ૩
બ્રહ્માનંદ સંતનકી સોબત, જન્મ સુફલ કરી લીજે હો. નિ૦ ૪

### પદ-૨

હરિ ભજતાં સુખ હોય, સમજ મન. હરિ૦ ટેક૦
હરિ સમરન બિન મૂઢ અજ્ઞાની,ઉમર દીની ખોય. સમજ૦ ૧
માત પિતા જુવતી સુત બંધવ, સંગ ચલત નહિ કોય. સમજ૦ ૨
કયું અપને શિર લેત બુરાઈ, રહેના હૈ દિન દોય. સમજ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિ ભજી લે, હિતકી કહત હું તોય. સમજ૦ ૪

### પદ-૩

સંત પરમ હિતકારી, જગતમાંહી... સંત૦ ટેક૦
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મીટાવત ભારી, જગત૦ ૧
પરમ કૃપાલુ સકલ જીવન પર, હરિસમ સબ દુઃખહારી. જગત૦ ૨
ત્રિગુણાતીત ફીરત તનું ત્યાગી, રીત જગતસેં ન્યારી. જગત૦ ૩
બ્રહ્માનંદ સંતનકી સોબત, મીલત હૈ પ્રગટ મોરારી. જગત૦ ૪

### પદ-૪

યુંહી જન્મ ગમાત, ભજન બિન. યું૦ ટેક૦
સમજ સમજ નર મૂઢ અજ્ઞાની, કાલ નિકટ ચલી આત. ભજન૦ ૧
ભયોરી બેહાલ ફીરત દે નિશદિન, ગુણ વિષયનકે ગાત. ભજન૦ ૨
પરમારથકો રાહ ન પ્રીછત, પાપ કરત દિનરાત. ભજન૦ ૩
બ્રહ્માનંદ કહે તેરી મૂરખ, આયુષ્ય વૃથાહી જાત. ભજન૦ ૪

### રાગ : ગોડી-પદ-૧.

ફૂલની બની રે શોભા ફૂલની બની,
સખી શામળીયાને અંગે શોભા ફૂલની બની. ટેક૦
ફૂલપાઘમાં તોરાકેરી શોભા અતિઘણી,
ફૂલતણા બે ગુચ્છ જાણે, ઊગ્યા છે તરણી. ફૂલની૦ ૧
ફૂલહારની શોભા હૈડે ન જાયે ભણી,
ફૂલતણી ઉર અલફી, ચાદર ફૂલડા તણી. ફૂલની૦ ૨
ફૂલના બાજુ બાંધ્યા બાંયે ડાબી જમણી,
ફૂલતણા ગજરા જોઈ મોહ્યો, રતિનો ધણી. ફૂલની૦ ૩
ફૂલડાની સુંદર હરિએ પહેરી સુંથણી,
પ્રેમાનંદ કહે ફૂલ મોજડી પહેરી ચરણી. ફૂલની૦ ૪

### પદ-૨

ફૂલની ઘણીરે શોભા ફૂલની ઘણી,
નખશિખ શોભા હરિની નીરખી ફૂલની ઘણી. ટેક૦

ફૂલડામાં ફુલ્યા આવે બની રે ઠણી,
સુંદરવર શોભે છે જાણીયે, રૂપની મણી. ફૂલની૦ ૧
સુંદર નીલ કલેવર ચરચ્યું નખશિખ ચંદણી,
હસતાં વદનચંદ્રથી વરસે, અમૃતકણી. ફૂલની૦ ૨
મુનિવર નીરકે એકટક મટકું તજી પાંપણી,
તન મન પ્રાણ વારે સાંભળતાં, મીઠી બોલણી. ફૂલની૦ ૩
નખશિખ શોભા વરણવતાં થાક્યા સહસ્રફણી,
પ્રેમાનંદ બલિહારી ચંચલ, નિરખી ચિતવણી. ફૂલની૦ ૪

## પદ-૩

ફૂલની જોઈરે શોભા ફૂલની જોઈ,
હરિની નખશિખ શોભા સુંદર ફૂલની જોઈ. ટેક૦
માલતીનો મુગટ કુંડલ કુંદતણાં દોઈ,
ગુલછડી ગુચ્છ કાને શોભે છે સોઈ ફૂલની૦ ૧
બોલસરીના બાજુ ગજરા ગુલાબી હોઈ,
ચંપા ચમેલીના હાર જોઈ, હું મોઈ. ફૂલની૦ ૨
ગુલદાવદીના દુપટામાં જાયી જુઈ પ્રોઈ,
દુપટાની ફરતી કોરે, કેસરની તોઈ. ફૂલની૦ ૩
માધવી મલ્લિકા કમળ કેતકી કોઈ,
પ્રેમાનંદકે સુંથણલીયે, રાખ્યું મન ઠોઈ. ફૂલની૦ ૪

## પદ-૪

ધર્મતણા કુમાર શોભે ધર્મતણા કુમાર,
ફૂલડામાં ફૂલી રહ્યા ધર્મતણા કુમાર. ટેક૦
ફુલતણું મોલડીયું માથે શોભાનો ભંડાર,
ફુલતણા તોરા પર મોહ્યા, મધુકર કરે ગુંજાર. ધર્મ૦ ૧
કેશરની કલગી સુંદર કરણે કરણીકાર,
પોપફૂલના બાજુ હેડે, ડોલરીયાના હાર. ધર્મ૦ ૨

પારિજાત ને પાડલ કેરા ગજરા કરે અપાર,
ગુલછડીની છડી કરમાં, શોભે સરસ સાર. ધર્મ૦ ૩
ફૂલદડો ઉછાળતા આવે મંદિરીએ મોરાર,
પ્રેમાનંદ લઈ તન મન હરિ પર વારે વારંવાર. ધર્મ૦ ૪

### રાગ : ગોડી પદ-૧

ફૂલના પે'રી રે જામા, ફૂલના પે'રી,
ફૂલ્યો રસિક સુજાણ જામા, ફૂલના પે'રી, ટેક - ૦
ફૂલનો મુગટ કુંડળ, ફૂલનાં છે કાન,
ઓઢી ઉપરણી ફૂલોની શોભે, વા'લો ભીનેવાન - ફૂલ ૦૧
સુગંધી ફૂલોના શોભે, હૈડે સુંદર હાર,
માથે ફૂલના તોરા અંગે, તેજનો અંબાર - ફૂલ ૦૨
ફૂલડાના ગજરા બાજુ, ફૂલની છડી,
કરે ઈન્દ્ર ઉપરથી પ્રેમે, ફૂલની ઝડી - ફૂલ ૦૩
ફૂલડાનાં ઝાંઝર ચરણે, પે'રી સુંદર શ્યામ,
મુક્તાનંદને વાલે કીધું, ઘેલું ગોકુળ ગામ - ફૂલ ૦૪

### રાગ : ગરબી-પદ-૧

લગની લાગી રે મારે લગની લાગી;
સખિ ! શામળિયા સંગાથે, મારે લગની લાગી. ટેક૦
મીઠે સ્વરે મોહનજીની મોરલી વાગી;
સાંભળતામાં ચટકી લાગી, ઝબકી જાગી... લગની૦ ૧
વૃંદાવનની વાટે ચાલી કુળ લજ્જા ત્યાગી;
વાંસળી વગાડતાં જોયા, શ્યામ સોહાગી... લગની૦ ૨
રસિયા સંગે રમતાં સર્વે ભ્રમણા ભાંગી;
મેં તો અખંડ સોહાગ, લીધો મુખડે માગી...લગની૦ ૩
મુક્તાનંદ કહે પળ એક ન્યારો નહિ મેલું વા'લો,
શિરને સાટે ક્યાંથી મળે, નંદનો લાલો... લગની૦ ૪

**પદ-૨**

ગિરધારી રે સખિ ! ગિરધારી.
મારે નિરભે અખૂટ નાણું ગિરધારી... ટેક૦
ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે;
દામની પેઠે રે ગાંઠે, બાંધ્યું નવ છૂટે... ગિરધારી૦ ૧
અણગણ નાણું સંચી અંતે નિરધનિયાં જાયે;
તેની પેઠે નિરભે નાણું દૂર ન થાયે... ગિરધારી૦ ૨
સંપત્ત વિપત્ત સર્વે સ્વપ્નુ જાણું;
હરિના ચરણની સેવા, પૂરણ ભાગ્ય પરમાણું...ગિરધારી૦ ૩
મુક્તાનંદ કહે મોહનવરને ઉરમાં ધારી;
હવે દુઃખ ને દારિદ્ર થકી, થઈ હું ન્યારી... ગિરધારી૦ ૪

**પદ-૩**

સુખ પામી રે સખિ ! સુખ પામી;
હું તો શામળિયાને શરણે જાતાં સુખ પામી ટેક૦
શરણાગતને પાળે સદા બહુનામી;
મારે હરિનો ઉપર હાથ, કશી ન રહી ખામી. સુખ૦ ૧
તપને તીરથ મેં તો કાંઈ ન કીધું;
મારે ઘેર બેઠાં શ્યામ થકી, કારજ સીધું. સુખ૦ ૨
સંસારીનું સુખડું જૂઠું આવે ને જાયે;
હરિનો અખંડ સોહાગ કેદી, કાળ ન ખાયે. સુખ૦ ૩
મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતિ છે ન્યારી;
એને દેહ દર્શી દેખે, પોતા જેવા સંસારી. સુખ૦ ૪

**પદ-૪**

છેલ છોગાળો રે મીઠી મોરલીવાળો,
મારે મંદિરે પધારે નિત્ય છેલ છોગાળો...ટેક૦

હસતાં હસતાં મુજને દેખી આનંદ પામે;
એની કરુણાની દૃષ્ટિ, સર્વે દુઃખડાં વામે...છેલ૦ ૧
મોતીડાની માળા પહેરી મલપંતો આવે;
ગાઉં ત્યાં સંગાથે મારે, પ્રેમ શું ગાવે... છેલ૦ ૨
મેં વહાલો વશ કીધા મુજને વહાલે વશ કીધી;
સામા સામી પાનબીડી, દીધી ને લીધી... છેલ૦ ૩
મુક્તાનંદ કહે મોહન સંગે લા'વ ઘણો લીધો;
મુખડેથી તંબોળ મુજને, મે'ર કરી દીધો... છેલ૦ ૪

### રાગ : ગોડી પદ - ૧

મોરલી વાજે રે મીઠી મોરલી વાજે;
સખી સાંભળને શ્યામળીયાજીની મોરલી વાજે. મો૦ ટેક૦
મીઠે સ્વરે મોહનજીની મોરલી ગાજે;
સાંભળવાને સૈયર મારૂં દિલડું દાઝે. મો૦ ૧
આવે રે અલબેલો વિંટ્યા ગોવાળે ઝાઝે;
ગાતા આવે ગિરધર સુંદર સમાજે. મો૦ ૨
મોર મુગટ ને કાળા કુંડળ વનમાળા રાજે;
નંદકુંવરને નિરખી કોટી કંદર્પ લાજે. મો૦ ૩
પિતાંબરની પલવટ વાળી છત્ર શિર છાજે;
પ્રેમાનંદનો વાલો ચાલો જોવાને કાજે. મો૦ ૪

# આરતી

## આરતી

જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી...જય સદ્‌ગુરુ૦ ૧
ચરણસરોજ તમારાં, વંદુ કર જોડી, (૨)
ચરણે શીશ ધર્યાથી (૨) દુઃખ નાખ્યાં તોડી...જય સદ્‌ગુરુ૦ ૨
નારાયણ નરભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી, (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી...જય સદ્‌ગુરુ૦ ૩
નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી, (૨)
અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી...જય સદ્‌ગુરુ૦ ૪
પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે (૨)
કાળ કરમથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે...જય સદ્‌ગુરુ૦ ૫
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી, (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સિદ્ધિ...જય સદ્‌ગુરુ૦ ૬

## સંધ્યા આરતી

આરતી પ્રગટ પ્રભુજીકી કીજે,
ચરણકમળ લખી અંતર લીજે...આરતી૦ ૧
સનકાદિક નારદ ત્રિપુરારિ,
વિમળ નામ રટે વારંવારી...આરતી૦ ૨
અનંતકોટિ ભુવનેશ ભવાની,
સબ વિધિ મહિમા શક્ત નહિ જાની...આરતી૦ ૩
ધરત ધ્યાન દૃઢ યોગી મુનીશ્વર,
શેષ સહસ્રમુખ રટત નિરંતર...આરતી૦ ૪
નરનાટક ક્ષર અક્ષર ન્યારા,
પુરુષોત્તમ પૂરણ જન પ્યારા...આરતી૦ ૫
નૌતમ રૂપ અકળ છબી ન્યારી,
બ્રહ્માનંદ જાવત બલિહારી...આરતી૦ ૬

## આરતી

જય શિક્ષાપત્રી, જય શિક્ષા પત્રી.
ભક્તજનોના હૃદયે શુભ શાંતિ કર્ત્રિ... ૧
શ્રી પુરુષોત્તમ પ્રભુના, મુખમાંથી ઝરતી (૨)
શ્રવણ કરે તે જનનાં દુઃખ સઘળાં હરતી જય... ૨
શ્રી સત્સંગિ જીવન ગ્રંથમહી વસતી (૨)
પ્રકટી પત્રી રૂપે, ભુવન ભુવન ધસતી જય... ૩
ત્યાગી ગૃહી દેશિકના શુભ ધર્મો કહેતી (૨)
ભક્તિ જ્ઞાન વૈરાગ્યનાં, મધુર ઝરણાં વહેતી જય...૪
પ્રકટ પ્રભુ સ્વરૂપે રહી, જનનાં અઘહરતી (૨)
વાચન શ્રવણ પૂજનથી, મન પાવન કરતી જય... ૫
આ અવસર શ્રીહરિએ, કરુણા બહુ કીધી (૨)
ચક્ર સુદર્શન સરિખી, નિજ પત્રી દીધી જય... ૬
સમય સમય જે ત્હારાં, શ્રવણ મનન કરશે (૨)
વર્ણી કહે તે સઘળાં, ભવસાગર તરશે જય... ૭

## હનુમાનજીની આરતી

જય કપિ બલવંતા, જય કપિ બલવંતા
સુરનર મુનિજન વંદિત, પદરજ હનુમંતા...જય૦ ૧
પ્રૌઢ પ્રતાપ પવન સુત, ત્રિભુવન જયકારી;
અસુર રિપુ મદ ગંજન, ભય સંકટ હારી...જય૦ ૨
ભૂત પિશાચ વિકટ ગ્રહ, પીડત નહિ જંપે;
હનુમંત હાક સુણીને, થર થર થર કંપે...જય૦ ૩
રઘુવીર સહાય ઓળંગ્યો, સાગર અતિ ભારી,
સીતા શોધ લે આયે, કપિ લંકા જારી...જય૦ ૪
રામ ચરણ રતિ દાયક, શરણાગત ત્રાતા;
પ્રેમાનંદ કહે હનુમંત, વાંછિત ફળદાતા...જય૦ ૫

## ગણપતિજીની આરતી

જય ગણપતિ પ્યારા, જય ગણપતિ પ્યારા;
વિઘ્ન વિનાયક મૂર્તિ, સુખદાયક સારા...જય૦ ૧
જય જય શંભુકુમાર, શોક સદા હરતા;
દેવ વિશેષ વિચક્ષણ, રક્ષણના કર્તા...જય૦ ૨
ગૌરી પુત્ર ગણેશ, વંદુ કર જોડી;
સ્મરણ કરે છે તેનાં, દુઃખ નાખો તોડી...જય૦ ૩
લચપચતા લાડુનું, ભોજન બહુ ભાવે;
આપ બિરાજો છો ત્યાં, સંકટ નવ આવે...જય૦ ૪
સિદ્ધિ બુદ્ધિ બેઉ, શુભ પત્ની સંગે;
શુભ કામે વિચરો છો, અતિશય ઉછરંગે...જય૦ ૫
સુરનર મુનિવર સર્વ, સેવે છે તમને;
મંગલકારી મૂર્તિ, આપો સુખ અમને...જય૦ ૬
જય સંકટ હર સુખકર, અરજી ઉર ધરજો;
શરણાગત સેવકનો, અભ્યુદય કરજો...જય૦ ૭

# નિત્ય નિયમ

### ધુન

રામ કૃષ્ણ ગોવિંદ ! જય જય ગોવિંદ !
હરે રામ ગોવિંદ ! જય જય ગોવિંદ !
નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે !
શ્રીમન્નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે !
કૃષ્ણદેવ હરે ! જય જય કૃષ્ણદેવ હરે !
જય જય કૃષ્ણદેવ હરે ! જય જય કૃષ્ણદેવ હરે !
વાસુદેવ હરે ! જય જય વાસુદેવ હરે !
જય જય વાસુદેવ હરે ! જય જય વાસુદેવ હરે !
વાસુદેવ ગોવિંદ ! જય જય વાસુદેવ ગોવિંદ !

જય જય વાસુદેવ ગોવિંદ ! જય જય વાસુદેવ ગોવિંદ !
રાધે ગોવિંદ ! જય રાધે ગોવિંદ !
વૃન્દાવનચંદ ! જય રાધે ગોવિંદ !
માધવ મુકુંદ ! જય માધવ મુકુંદ !
આનંદકંદ ! જય માધવ મુકુંદ !
નરનારાયણ ! સ્વામિનારાયણ ! નરનારાયણ !સ્વામિનારાયણ !
નરનારાયણ ! સ્વામિનારાયણ ! નરનારાયણ !સ્વામિનારાયણ !

## શ્રી રાધિકા કૃષ્ણાષ્ટક

નવીનજીમૂતસમાનવર્ણં, રત્નોલ્લસત્ કુંડલશોભિકર્ણમ્,
મહાકિરીટાગ્રમયૂરપર્ણં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૧
નિધાય પાણિદ્વિતીયેન વેણું, નિજાધરે શેખરયાતરેણુમ્;
નિનાદયન્તં ચ ગતૌ કરેણું, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૨
વિશુદ્ધહેમોજ્જ્વલપીતવસ્ત્રં, હતારિયૂથં ચ વિનાપિ શસ્ત્રમ્;
વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૩
અધર્મતિષ્યાર્દિનસાધુપાલં, સદ્ધર્મવૈરાસુરસંઘકાલમ્;
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૪
ગોપીપ્રિયારંમ્ભિતરાસખેલં, રાસેશ્વરીરંજનકૃત્પ્રહેલમ્;
સ્કન્ધોલ્લસત્કુંકુમચિહ્નચેલં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૫
વૃંદાવને પ્રીતતયા વસન્તં , નિજાશ્રિતાનાપદ ઉદ્ધરન્તમ્;
ગોગોપગોપીરભિનંદયન્તં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૬
વિશ્વદ્વિષન્મમથદર્પહારં, સંસારિજીવાશ્રયણીયસંસારમ્;
સદૈવ સત્પુરુસૌખ્યકારં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૭
આનન્દિતાત્મવ્રજવાસિતોકં, નંદાદિસંદર્શિતદિવ્યલોકમ્;
વિનાશિતસ્વાશ્રિતજીવશોકં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૮

## પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;
માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ...૧

મોહિમેં તવ ભકતપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર...૨
તુમારો તવ હરિભકતકો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય...૩
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ;
એહી માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ...૪
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સૂનો બાત,
દયાસિંધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત...૫
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ;
તાકું હોય દઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ...૬
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિકિત કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય...૭
હિંસા ન કરની જંતુકી, પરસ્ત્રિયા સંગકો ત્યાગ,
માંસ ન ખાવત મદ્યકું, પિવત નહિ બડભાગ...૮
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુકી, કલંક ન કોઈકું લગાત...૯
નિંદત નહિ કોઈ દેવકું, બિનખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનસે, કથા સુની નહિ જાત...૧૦
એહી ધર્મકે નિયમમેં, વરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આશ...૧૧
રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત...૧૨

* * *

વિશ્વેશ છો સકળ વિશ્વ તણા વિધાતા,
દાતા તમે સકળ મંગળ શાંતિદાતા;
માટે તમારું કરુણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ.
અજ્ઞાનપાશ કરુણા કરી કાપી નાખો,

નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વ યામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ.

* * *

જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુસમા બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિ શશી સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણ

* * *

આવી અક્ષરધામથી અવનીમાં જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્તજનને દિલે ધરીને દયા;
કીધાં ચારુ ચરિત્ર ગાન કરવા જેણે કરુણા કરી,
વંદુ મંગળ મૂરતિ ઉર ધરી સર્વોપરી શ્રી હરિ

* * *

જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો લૈ તીર્થમાંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી;
અન્તર્ધાન થયા લીલા હરિતણી સંક્ષેપમાં ઉચ્ચરી

* * *

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥
નિજાશ્રિતાનાં સકલાર્તિ હન્તા, સધર્મ ભક્તેરવેનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં, તનોતુ કૃષ્ણોડખિલ મંગલં નઃ ॥

# સ્વાભાવિક ચેષ્ટાના પદ

**રાગ : ગરબી પદ-૧ સ્વાભાવિક ચેષ્ઠા**

પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવું;
નૌતમ લીલા રે, નારાયણની ગાઉં...૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાઈ વનને...૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે...૩
સહજ સ્વાભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સૂણતાં સજની રે, બીક મટાડે જમની...૪
ગાઉં હેતે રે, હરિનાં ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી...૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે...૬
રમૂજ કરતા રે, રાજીવનેણ રૂપાળા;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા...૭
બેવડી રાખી રે, બબે મણિકા જોડે;
ફેરવે તાણી રે, કોઈક માળા તોડે...૮
વાતો કરે રે, રમૂજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા...૯
ક્યારેક મીંચી રે, નેત્ર કમળને સ્વામી,
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી...૧૦

**પદ-૨**

સાંભળ સહિયર રે, લીલા નટનાગરની;
સૂણતાં સુખડું રે, આપે સુખસાગરની...૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડાં ક્યારે,

ધ્યાન ધરીને રે, બેસે જીવન બારે...૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતાં જીવન રે, જન્મમરણ દુઃખ ભાગે...૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે...૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે...૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજા;
તેમને જોઈને રે, મગન થાય મહારાજા...૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નીરખી રાજી થાય...૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી...૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે...૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે, પ્રેમાનંદના સ્વામી...૧૦

**પદ-૩**

મનુષ્યલીલા રે, કરતા મંગળકારી;
ભક્તસભામાં રે, બેઠા ભવભયહારી...૧
જેને જોતાં રે, જાયે જગ આસક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ... ૨
તે સંબંધી રે, વાર્તા કરતા ભારી;
હરિ સમજાવે રે, નિજ જનને સુખકારી... ૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત... ૪
જ્યારે હરિજન રે, દેશદેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે... ૫

જાણી પોતાના રે, સેવકજન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશિ... ૬
ભક્ત પોતાના રે, તેને શ્યામ સુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ... ૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજ જનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઈંદ્રિય મનને... ૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ... ૯
પહેલી આંગળી રે, નેત્રતણી કરી સાન
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન... ૧૦

**પદ-૪**

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સૂણતા ન્યારી ન્યારી... ૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે... ૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી;
તેને રાખે રે, આંખો ઉપર દાબી... ૩
ક્યારેક પોતે રે, રાજીપામાં હોય;
વાતો કરે રે, કથા વંચાય તોયે... ૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે... ૫
હાર ચડાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રિસાવે... ૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે;
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે... ૭
ભાન કથામાં રે, બીજી ક્રિયા માંય;
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય... ૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બે'ની... ૯

એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદરસ વરસાવે;
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે... ૧૦

### પદ-૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારી;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી... ૧
થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા,
રૂપ અનુપમ રે, નિજ જનને સુખ દેવા... ૨
ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રીઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ... ૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે... ૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી;
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી... ૫
ઘણુંક બેસે રે, તકિયે ઓઠીંગણ દઈને;
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને... ૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી... ૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહી રે, ચરણકમળ દે નાથ... ૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી;
ક્યારેક આપે રે, અંગનાં વસ્ત્ર ઉતારી... ૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્તતણા પ્રતિપાળ... ૧૦

### પદ-૬

એવા કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી... ૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;

ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે... ૨
છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાયે રે, મુખ પર આડો દઈને... ૩
રમૂજ આણી રે, હશે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ લઈ સુખધામ... ૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ... ૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુ નામીનો... ૬
કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય... ૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરુણાદૃષ્ટિ રે, દેખી વાનજ વાળે... ૮
ડાબે ખભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી... ૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વહાલો રે, પ્રેમાનંદનો હેલી... ૧૦

**પદ-૭**

નિત્ય નિત્ય નૌતમ રે, લીલા કરે, હરિરાય;
ગાતાં સૂણતાં રે, હરિજન રાજી થાય... ૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે... ૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે... ૩
ત્યારે ડાબે રે, ખભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી... ૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેનાં નામ... ૫

ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ... ૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;
કોઈના મુખમાં રે, આપે લાડુ હસતાં... ૭
પાછલી રાત્રી રે, ચાર ઘડી રહે જ્યારે;
દાતણ કરવા રે, ઊઠે હરિ તે વારે... ૮
ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કળશ્યો રે, જળ ઢોળે વનમાળી... ૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુએ;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુએ... ૧૦

**પદ-૮**

રૂડા શોભે રે, નાહીને ઊભા હોયે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નિચોવે... ૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી... ૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વહાલે;
આવે જમવા રે, ચાખડીએ ચડી ચાલે... ૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા... ૪
જમતાં ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી... ૫
જમણા પગને રે, રાખી ઊભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ... ૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ... ૭
જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં
પાસે હરિજન રે, બેઠા હોય મન ગમતા... ૮

તેમને આપી રે, પછી પોતે જમે;
જમતાં જીવન રે, હરિજનને મન ગમે... ૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદના નાથ... ૧૦

### પદ-૯

ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને,
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને... ૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે,
પૂજા કરે રે, હરિજન હેત ઝાઝે... ૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો,
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો... ૩
વર્ષાઋતુ રે, શરદ ઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી... ૪
સંત હરિજનને રે, સાથે લઈને શ્યામ;
નાવા પધારે રે, ઘેલે પૂરણકામ... ૫
બહુ જળક્રીડા રે, કરતા જળમાં નાય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય... ૬
નાહીને બારા રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી... ૭
પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે... ૮
ગઢપુરવાસી રે, જોઈને જગઆધાર;
સુફળ કરે છે રે, નેણાં વારંવાર... ૯
આવી બિરાજે રે, ઓસરીએ બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી... ૧૦

### પદ-૧૦

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ... ૧
ફળિયામાંહી રે, સભા કરી બિરાજે;

પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે... ૨
બ્રહ્મરસ વરસે રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને... ૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઊભી રાખી ફેરે... ૪
સૂતા સૂતા રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત્ય ફેરવે ચિત્ત દઈને... ૫
ભૂલ ન પડે રે, કેદી એવો નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ... ૬
ભર નિદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય... ૭
ત્યારે ફડકી રે, જાગે સુંદરશ્યામ;
કોણ છે ? પૂછે રે, સેવકને સુખધામ... ૮
એવી લીલા રે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર... ૯
જે કોઈ પ્રીતે રે, શીખે સૂણશે ગાશે;
પ્રેમાનંદના રે, સ્વામી રાજી થાશે... ૧૦

**રાગ : ધોળ**

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વહાલા,
જતન કરીને જીવન મારા, જીવનમાંહીં પ્રોઉં વહાલા... ૧
ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વહાલા;
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારું વહાલા... ૨
અરુણ કમળસમ જુગલ ચરણની, શોભા અતિ સારી વહાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વહાલા... ૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વહાલા;
ઊર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વહાલા... ૪
અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વહાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મન ભાવી વહાલા... ૫

જુગલચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વહાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વહાલા... ૬
અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક, જાંબુ ને જવ વહાલા;
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વહાલા... ૭
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ્ય ને મીન વહાલા,
અધચંદ્ર ને વ્યોમ સાત છે, ડબે પગે ચિહ્ન વહાલા... ૮
જમણા પગના અંગૂઠાના, નખમાંહી ચિહ્ન વહાલા,
તે તો નીરખે જે કોઈ ભક્ત પ્રીતિએ પ્રવીણ વહાલા... ૯
એ જ અંગૂઠાની પાસે, તિલ એક નૌતમ ધારું વહાલા,
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વહાલા... ૧૦

### રાગ : ગરબી પદ-૧

હવે મારા વહાલાને નહિ રે વિસારું રે,
શ્વાસોચ્છવાસે તે નિત્ય સંભારું રે...૧
પડ્યું મારે સહજાનંદજી શું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે...૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે.
એ વર નહીં મળે ખરચે નાણું રે...૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે,
એ સ્નેહલગ્ન વિના નવ આવે રે...૪
દુરીજન મનમાં આવે તેમ કહેજો રે,
સ્વામી મારા હૃદયની ભીતર રહેજો રે... ૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે... ૬

### પદ-૨

હવે મારા વહાલાનાં દર્શન સારુ,
હરિજન આવે હજારે હજારુ...૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,

પૂરણ પુરુષોત્તમ અંતરજામી...૨
સભા મધ્યે બેઠા મુનિનાં વૃન્દ,
તેમાં શોભે તીરે વીંટ્યો જેમ ચન્દ્ર...૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ ને બ્રહ્મચારી...૪
તાળી પાડે ઊપડતી અતિ સારી,
ધૂન્ય થાય ચૌદ લોક થકી ન્યારી...૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે...૬
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ અક્ષરધામના વાસી...૭
ભાંગી મારી જન્મોજન્મની ખામી,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી...૮

**રાગ : ગરબી પદ-૧**

વંદું સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ,
જેને ભજતાં છૂટે ફંદ કરે ભવ પારને રે લોલ...૧
સમરું પ્રગટ રૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ,
જેને ભવબ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ...૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, પાર કોઈ નવ લહે રે લોલ,
જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ...૩
વર્ણવુ સુંદર રૂપ અનુપમ, જુગલ ચરણે નમી રે લોલ,
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ...૪

**પદ-૨**

આવો મારા મોહન મીઠડા લાલ, કે જાઉં તારી મૂર્તિ રે લોલ,
જતન કરી રાખું રસિયારાજ, વિચારું નહિ ઉરથી રે લોલ...૧
મન મારું મોહ્યું મોહનલાલ, પાઘડલીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલાં ખોસું છેલ, ખાંતીલા જોઉં ખાંતમાં રે લોલ...૨

વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યાં રે લોલ,
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યાં રે લોલ...૩
વહાલા તારી ભૃકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ...૪

### પદ-૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલમ તારા વાલમાં રે લોલ,
મન મારું તલખે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ...૧
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ...૨
વહાલા તારા દંત દાડમનાં બીજ, ચતુરાઈ ચાવતા રે લોલ,
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતાં રે લોલ...૩
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ,
મન મારું પ્રેમસખીના નાથ, તમ કેડે ભમે રે લોલ...૪

### પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ,
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ. ૧
વહાલા તારી જમણી ભુજાને પાસ, રૂડા તિલ ચાર છે રે લોલ,
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ. ૨
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ,
વહાલા તે તો જાણે પ્રેમીજન જોઈ, નિત્ય ધ્યાન ધરે રે લોલ. ૩
રસિયા જોઈ તમારું રૂપ, રસિક જન ઘેલડા રે લોલ,
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ. ૪

### પદ-૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ,
કરનાં લટકાં કરતા લાલ, આવોને મારે બારણે રે લોલ...૧
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ,
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ...૨

વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ,
વહાલા મારે હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ...૩
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ,
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ...૪

## પદ-૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ રસિક જોઈને જીવે રે લોલ,
વહાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ...૧
વહાલા મારે સુખસંપત તમે શ્યામ મોહન મન ભાવતા રે લોલ,
આવો મારે મંદિર જીવનપ્રાણ હસીને બોલાવતા રે લોલ...૨
વહાલા તારું રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ,
વહાલા તારું જોબન જોવા કાજ કે ચિત્ત ચરણે નમે રે લોલ...૩
આવો મારા રસિયા રાજીવનેણ, મર્મ કરી બોલતા રે લોલ,
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ...૪

## પદ-૭

વહાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ,
ત્રિવળી જોઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ...૧
વહાલા તારી નાભિ નૌતમ રૂપ, ઊંડી અતિ ગોળ છે રે લોલ,
કટિલંક જોઈને જાદવરાય, કે મન રંગચોળ છે રે લોલ...૨
વહાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ,
વહાલા નીત્ય નીરખું પિંડી ને પાની, કોઈને નવ કહું રે લોલ...૩
વહાલા તારા ચરણકમળનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ,
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ...૪

## પદ-૮

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ,
વહાલા અતિ કોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાંરે લોલ...૧
વહાલા તારે જમણે અંગૂઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક, જોવાને મન દિન છે રે લોલ..૨

વહાલા તારા નખની અરુણતા જોઈને, શશિકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ...૩
વહાલા તારી ઊર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ...૪

**રાગ : ગરબી**

રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું રે...શ્યામ૦
રે તમ વિના સુખસંપત કહાવે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ નાવે...રે શ્યામ૦ ૧
રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મન વૃત્તિ અટકી...રે શ્યામ૦ ૨
છે અખંડ અલૌકિક સુખ સારું, તે જોઈ જોઈ મન મોહ્યું મારું;
ધરા ધન તમ ઉપર વારું...રે શ્યામ૦ ૩
રે બ્રહ્માથી કીટ લગી જોયું જૂઠું સુખ જાણીને વગોવ્યું,
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું...રે શ્યામ૦ ૪

**રાગ : ધોળ પદ-૧**

અક્ષરના વાસી વાલો આવ્યા અવની પર;
નવખંડ ધરતીમાં સ્વામિ છતરાયા ચાલે રાજ...અક્ષર૦ ટેક
અવની પર આવી વહાલે સત્સંગ સ્થાપ્યો;
હરિજનને કોલ કલ્યાણનો આપ્યો રાજ...અક્ષર૦ ૧
પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ;
હરિજન સંગે કીધી સાચી સગાઈઓ રાજ...અક્ષર૦ ૨
બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે;
પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ...અક્ષર૦ ૩
દેવના દેવ વહાલો ધામના ધામી;
પ્રગટ પ્રભુનું નામ સહજાનંદ સ્વામી રાજ...અક્ષર૦ ૪
પ્રેમાનંદનો વહાલો આનંદકારી;
પોતાના જનની વાલે લાજ વધારી રાજ...અક્ષર૦ ૫

### પદ-૨

ધર્મને લાલે મુને હેતે બોલાવી,
એકાંતની વાત મર્મે સમજાવી રાજ...ધર્મને૦ ૧
મૂળ માયાના બંધ કાપવા આવ્યા,
ધામ ધામના વાસી આહીં બોલાવ્યા રાજ...ધર્મને૦ ૨
મૂળ અક્ષર પણ શ્રીહરિ સંગે,
મુક્ત મંડળને લાવ્યા ઉમંગે રાજ...ધર્મને૦ ૩
નવ ગ્રહમાં જેમ ભાનુ વિના તમ;
દૂર ન થાય કરે કોટિક કર્મ રાજ...ધર્મને૦ ૪
પ્રેમાનંદનો સ્વામિ પ્રાણ સનેહી;
બદ્ધજીવને વાલે કર્યા વિદેહી રાજ...ધર્મને૦ ૫

### પદ-૩

અધમ ઉદ્ધારણ એવું પોતાનું નામ;
સત્ય કર્યું આજ શ્રી ઘનશ્યામ રાજ...અધમ૦ ૧
જીવને શિવ કર્યા અવિદ્યા ટાળી;
પ્રૌઢ પ્રતાપ જણાવી હદ વાળી રાજ...અધમ૦ ૨
વિના સાધને સિદ્ધ દશા પમાડી;
સૌથી પોતાની રીત ન્યારી દેખાડી રાજ...અધમ૦ ૩
રવિ આગે શશી તારા ન ભાસે;
મતપંથ તેમ શ્રીહરિ પાસે રાજ...અધમ૦ ૪
પ્રેમાનંદનો સ્વામિ પૂરણ પ્રતાપી;
પોતાના જનને સ્થિતિ અલૌકિક આપી રાજ...અધમ૦ ૫

### પદ-૪

શીદને ભટકો છો તમે ચતુર સુજાણ;
પ્રગટ પ્રભુની આજ કરો ઓળખાણ રાજ...શીદને૦ ૧
આ ધામના ધામી કયારે નોતા પધાર્યા;
ઈશ્વર કોટિ સ્તુતિ કરીને હાર્યા રાજ...શીદને૦ ૨
અવસર પર કોઈ અવનીએ આવે;
તો તે માયાની આગે કાંઈ ન ફાવે રાજ...શીદને૦ ૩

ગુણીને સંગે કયાંથી નિર્ગુણ થાય;
જયાંથી આવ્યા તેમાં પાછા સમાય રાજ...શીદને૦ ૪
આવો અવસર હવે ફરી નહી આવે;
પ્રેમાનંદ તાળી દઈને કહાવે રાજ...શીદને૦ ૫

**રાગ : ગરબી**

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ; નરનારાયણ દિવ્ય મૂર્તિ,
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ, સંતનકે વિશ્રામ... પોઢે. ૧
અક્ષર પર આનંદઘન પ્રભુ, કિયો હે ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા, લહત અક્ષરધામ...પોઢે. ૨
શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુનનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી, (૨) હોવત જન નિષ્કામ... પોઢે૦ ૩
પ્રેમકે પર્યંક પર પ્રભુ, કરત સુખ-આરામ;
મુક્તાનંદ નિજ ચરનઢીગ ગુન, (૨) ગાવત આઠો જામ...પોઢે૦ ૪

**રાગ : ગરબી**

પોઢો પોઢો સહજાનંદ સ્વામી, અખિયામાં નિંદરા ભરાણી રે-પોઢો૦
હાંરે તમે માથેથી પાઘ ઉતારો રે, પછી તમે બનાતની ટોપી ધારો રે-પોઢો૦
હાંરે તમે જરકસી જામો ઉતારો રે, પછી હીરકોરી ધોતી ધારો રે-પોઢો૦
હાંરે તમે કેડનો પટકો છોડો રે, પછી શાલ દુશાલા ઓઢો રે-પોઢો૦
હાંરે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે, સખી જોઈ જોઈ આનંદ પામી રે-પોઢો૦

**પદ-૧ પોઢણીયું**

પોઢો પ્રાણ આધાર (૨) રજની થઈ ઘણી વાર;
સુખશૈયા બિછાવી મેં તો કરી છે તૈયાર.... ટેક૦
ગાદી તકિયા ગાલ મસુરિયા ગુણવંતા ગિરધારી;
પોઢો તો પાવલિયાં ચાંપુ એ આશા અમારી.... પોઢો૦ ૧
મખમલનાં ઓશીકા મેલ્યા, છત્ર પલંગ સાજે;
મલમલનાં ઓસાડ ઉપર મનમોહન બિરાજે.... પોઢો૦ ૨
અક્ષરવાસી અહિં બિરાજે કરવા સંતના કાજ,

હરિજનોને બહુ આનંદ આપે, પોતે શ્રી મહારાજ.... પોઢો૦ ૩
અનુપમ અત્તર છાંટી દીધા, સુખશૈયાની માંય,
પવન કરવા હું પાસે બેસું કરમાં પંખો લઈ.... પોઢો૦ ૪
દીપક માંહી ઝળહળે કંચન ભુવન મોઝાર;
પ્રભુદાસ પાવલિયા ચાંપે હરિએ આપ્યો હાર.... પોઢો૦ ૫

## રાગ : ગરબી – પદ-૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળા છેલ...આજ૦ ૧
નીરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રીઘનશ્યામ;
શોભા શી કહું રે, નીરખી લાજે કોટીક કામ...આજ૦ ૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારમવાર...આજ૦ ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળીઓ કરી પ્યાર;
પૂછયા પ્રીત શું રે, બાઈ મેં સર્વે સમાચાર...આજ૦ ૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર...આજ૦ ૫
પહેરી પ્રીતશું રે, સોરંગી સુંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...આજ૦ ૬
ઉપર ઓઢિયો રે, ગૂઢો રેટો જોયા લાગ્ય;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય...આજ૦ ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો નાવે તેને તુલ્ય...આજ૦ ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ...આજ૦ ૯

## પદ-૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઊપજ્યો અતિ સ્નેહ...સજની૦ ૧

પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નીરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર...સજની૦ ૨
બરાસ કપૂરના રે, પહેર્યા હેડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર...સજની૦ ૩
બાજુ બેરખા રે, બાંહ્યો કપૂરના શોભિત;
કડાં કપૂરના રે, જોતાં ચોરે સહુના ચિત્ત...સજની૦ ૪
સર્વે અંગમાં રે, ઊઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળનયનની કોર...સજની૦ ૫
હસતા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂરતિ રે, શ્રીહરિ કેવળ કરુણાકંદ...સજની૦ ૬
અદ્‌ભુત ઉપમા રે, દેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂરતિ રે, જાણે આવ્યો રસ શૃંગાર...સજની૦ ૭
વ્હાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઊગ્યા અગણિત સૂર...સજની૦ ૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...સજની૦ ૯

### પદ-૩

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વારતા રે, સૌને સંભળાવ્યાનું છે મન...બોલ્યા૦ ૧
મારી મૂરતિ રે, મારાં લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત...બોલ્યા૦ ૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ...બોલ્યા૦ ૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટીક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય...બોલ્યા૦ ૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર...બોલ્યા૦ ૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન...બોલ્યા૦ ૬

અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય...બોલ્યા૦ ૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી...બોલ્યા૦ ૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામથકી ધરી દેહ;
પ્રેમાનંદના રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ...બોલ્યા૦ ૯

પદ-૪

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ...વળી૦ ૧
સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ...વળી૦ ૨
સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ...વળી૦ ૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબ પરિવાર...વળી૦ ૪
સૌ તમે પાળજો રે, સેર્વ દ્દઢ કરી મારા નિયમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ...વળી૦ ૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ...વળી૦ ૬
નિજજન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદકંદ;
જેમ સહુ ઔષધી રે, પ્રીતે પોષે પૂરણચંદ...વળી૦ ૭
શોભે સંતમાં રે, જેમ કોઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળિમાં કરવા જનના કાજ...વળી૦ ૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર...વળી૦ ૯

રાગ : ગરબી પદ-૧

ગઈતી ગઈતી ભરવાને નીર, સૈયરના સંગમાં રે લોલ;
રમતા દીઠા શ્યામ સુજાણ, રંગીલો રંગમાં રે...લોલ૦ ૧

જોયું રસિયાજીનું રૂપ, અલૌકિક આજનું રે લોલ;
જાણે શરદ પૂનમનો ચાંદ, વદન વ્રજરાજનું રે...લોલ૦ ૨
સનમુખ આવે ગજગતિ ચાલ, કે અંગ મરોડતાં રે લોલ;
રસિયો નેણું સાથે નેણ કે, જોરે જોડતાં રે...લોલ૦ ૩
નાખી બ્રહ્માનંદને નાથ, અચાનક આંખડી રે લોલ;
મારા ચિતમાં લાગી ચોટ કે, ઘાયલ થઈ પડી રે...લોલ૦ ૪

**પદ-૨**

રૂડી કેસર કેરી આડ, મનોહર ભાલમાં રે લોલ;
ચોર્યા વ્રજનારીનાં ચિત, લટકતી ચાલમાં રે...લોલ૦ ૧
શોભે નટવરજીને સંગ, મનોહર મંડળી રે લોલ;
કરે છે યમુના તીરે ખેલ, સખા સરવે મળી રે...લોલ૦ ૨
હેલી મારાં લોચન પામ્યાં લોભ કે, નીરખી નાથને રે લોલ;
કીધાં સુખડામાં ગુલતાન, ગોપીજન સાથને રે...લોલ૦ ૩
જોતાં આડી નજરે જોર કે, કાંઈક કો રાખતા રે લોલ;
શોભે બ્રહ્માનંદ કે' ચોટ, નયનની નાખતાં રે...લોલ૦ ૪

**પદ-૩**

હેલી મારે મંદીરીએ મોરાર, પધાર્યા પ્રીતથી રે લોલ;
રસિયે બોલાવી ગ્રહી બાંહ્ય કે, રસની રીતથી રે...લોલ૦ ૧
સુંદર છોગાં મેલ્યાં શીશ, કલગી શોભણી રે લોલ;
પહેર્યા ફૂલડા કેરા હાર, અલૌકિક છબી બની રે...લોલ૦ ૨
અતીશે આનંદ વાધ્યો અંગ, થઈ રંગ રેલડી રે લોલ;
આવી અલબેલાને સાથ, બંધાણી બેલડી રે...લોલ૦ ૩
સજની આમાસામા આજ, અધરરસ પીધલા રે લોલ;
નીરખી બ્રહ્માનંદનો નાથ કે, ઉર પર લીધલા રે...લોલ૦ ૪

**પદ-૪**

હેલી હું તો સંધ્યાટાણે આજ, ઊભી'તી ઘરબારણે રે લોલ;
રસિયો છેલછબીલો શ્યામ કે, જોવા કારણે રે...લોલ૦ ૧
આવે ગાયો કેડે નાથ, અલૌકિક ગાવતાં રે લોલ;

ગહેરી મોરલડીને સાદ કે, ધેન બોલાવતાં રે...લોલ૦ ૨
પહેરી વનમાળા વ્રજરાજ, કુંડળિયાં કાનમાં રે લાલ;
જોઈ મારું મનડું પામ્યું મોહ, સલુણાના વાનમાં રે...લોલ૦ ૩
જાણી મુજને આડી મીટ કે, હેતે હેરતાં રે લોલ;
ચાલ્યા બ્રહ્માનંદનો નાથ, કમળ કર ફેરતાં રે...લોલ૦ ૪

### રાગ : મલાર — પદ-૧

મારા વ્હાલાજી શું વાલપ દીસે રે...તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે...તેનો૦ ટેક૦
સન્મુખ જાતા શંકા ન કીજે, મર ભાલાતણો મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, કાચી કાયા પડશે રે...તેનો૦ ૧
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુની સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનુ સુખ દુઃખ સર્વે સહીએ રે...તેનો૦ ૨
અમૃતપે અતિ મીઠાં મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્માભવસનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે...તેનો૦ ૩
નરકકુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે...તેનો૦ ૪

### રાગ : મલાર

મારા હરજીશું હેત ન દીસેરે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગે શીદ રહીએ રે;...તેને૦ ટેક.
હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખેશું હૈડું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે...તેને૦ ૧
ભક્તિભાવનો ભેદ ન જાણે, ભુરાયો થઈ ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછે ઉલેચી અંધારું ટાળે રે...તેને૦ ૨
નામ તણો વિશ્વાસ ન આવે, ને ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછે તટમાં જઈને કૂપ ખોદે રે...તેને૦ ૩
પોતાના સરખી કરી જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામિની લીલા, ઓલ્યા મતીયા કહે છે માયા રે...તેને૦ ૪

# એકાદશી પદ

### રાગ : ગરબી — પદ-૧

એકાદશી આજનો દિન સારો રે, ગાઈયે નટવર નંદલારો. એકાદશી૦
એના વ્રતનો મહિમા ભારી રે, જાણે બ્રહ્માદિક ત્રિપુરારિ રે;
મળે પ્રગટ પ્રમાણ મોરારી... એકાદશી૦ ૧
વ્રત રાખીને હરિવર વરિયે રે, દ્દઢ અંતર આંટી ધરિયે રે;
કોડે આનંદ ઉત્સવ કરિયે... એકાદશી૦ ૨
બ્રહ્માનંદ કહે એ વ્રત રહ્યા છે રે, તે તો પાર સંસારને થયા છે રે;
એમ ઉદ્ધવજી કહી ગયા છે... એકાદશી૦ ૩

### પદ-૨

એકાદશી ઉત્સવનો દિન રૂડો રે, કોડે નીરખીએ છેલ કહાનુડો. એ૦
રસિયાસંગ રંગભર રમીએ રે, દેહ પ્રાણ ઈન્દ્રિય મન દમીએ રે;
ત્યારે ગિરિધરને મન ગમીએ... એકાદશી૦ ૧
નિત્ય પ્રેમ સુધારસ પીજે રે, કરી વ્રત નવ રાચીએ બીજેરે;
રસિયો નટનાગર રીઝે... એકાદશી૦ ૨
જેણે વચનથકી વ્રત કીધુંરે, તેનું સઘળું તે કારજ સીધુંરે;
બ્રહ્માનંદ કહે જન્મફળ લીધું... એકાદશી૦ ૩

### પદ-૩

એકાદશી ઉત્સવનો છે દહાડો રે; ખૂબ રમીએ તે રંગ અખાડો...એકાદશી૦
કરીએ વ્રત અતિ ઉછરંગે રે, પહેરી વસ્ત્ર આભૂષણ અંગે રે;
રમીએ શ્યામ સુંદર વર સંગે... એકાદશી૦ ૧
સખી શ્યામ ચરણ ચિત્ત લાઈએ રે, વિષ રૂપ વિષય વિસરાઈએ રે;
ગિરિધર નટનાગર ગાઈએ... એકાદશી૦ ૨
એનો મહિમા કહ્યામાં ન આવે રે, મોટા મોટા મુનિવર ગાવે રે;
બ્રહ્માનંદ કહે હરિને મિલાવે... એકાદશી૦ ૩

### પદ-૪

એકાદશી પ્રગટ પ્રભુજીને પ્યારી રે, સર્વે હરિજનને સુખકારી. એ૦
રહેશે વ્રત જે વચન પ્રમાણે રે, એમાં અસત્યભાવ નવ આણે રે;
તે તો મોક્ષ મહાપદ માણે... એકાદશી૦ ૧
કાજુ સબ જગ મંગળકરણી રે, દુઃખ શોક સંતાપની હરણી રે;
સાચી મોક્ષતણી નિસરણી... એકાદશી૦ ૨
બ્રહ્માનંદ કહે ટળે બ્રહ્મભીતિ રે, રહે વ્રત સનાતન રીતિ રે;
થાય પૂરણ હરિપદ પ્રીતિ... એકાદશી૦ ૩

### રાગ : ગરબી-પદ-૧

ઉત્સવની પ્યારી કેશવની, આજ એકાદશી ઉત્સવની.
કોટીક ગૌ કેરાં દાન કરે પણ, નાવે તોલે એના લવની આજ૦ ૧
મંગળરૂપ સદા સુખકારી, વ્હાલી નિધિ જન વૈષ્ણવની. આજ૦ ૨
વચન પ્રમાણે કરે વ્રત જેનું, ત્રાસ મટે રે મૃત્યુ ભવની. આજ૦ ૩
બ્રહ્માનંદ કહે વ્રત કરવું, એમ આજ્ઞા સ્વામી ઉદ્ધવની. આજ૦ ૪

### પદ-૨

હરખ અતિ ભેટ્યા કૃષ્ણપતિ, આજ એકાદશી હરખ અતિ.
મનમોહન મારે મંદિર આવ્યા, અધિક થઈ હું તો પુણ્યવતી.આજ૦ ૧
પીતાંબર આભૂષણ પહેરી, ચાલંતા વ્હાલો હંસગતિ. આજ૦ ૨
પુરુષોત્તમ પૂરણવાર પામી, રહી ન ખામી હવે એક રતિ. આજ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિવર વરતાં, ચૌદ ભુવનમાં હું થઈ રે છતિ. આજ૦ ૪

### પદ-૩

માવ મળ્યા તન તાપ ટળ્યા, આજ એકાદશી માવ મળ્યા.
પૂર્વ ભવની પ્રીત જાણીને, આવીને અમ પર અઢળ ઢળ્યા. આજ૦ ૧
મુનિવર ધ્યાન ધરીધરી થાક્યા, કોઈથી વ્હાલો નવ જાય કળ્યા.આજ૦ ૨
મારું મંદિર પોતાનું રે જાણી, ભુધર સુખ દુઃખમાંહી ભળ્યા. આજ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિવર પામી, આનંદ કેરા ઓઘ વળ્યા. આજ૦ ૪

### પદ-૪

સુફળ ફળી હું તો હરિને મળી, આજ એકાદશી સુફળ ફળી.
ચોંપ કરી નટનાગર સારુ, સેજ સજી કાજુ કુસુમ કળી. આજ૦ ૧
રસબસ હોય રહી રસિયાસંગ, જ્યું મીસરી પયમાંહી ભળી. આજ૦ ૨
નિત્ય નિત્ય પ્રેમ રહું ઉર ધરતી, હરિચરણે મનવૃત્તિ હળી. આજ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિ ઉર ધરિયા, જન્મ મરણ કેરી શંકા ટળી. આજ૦ ૪

### રાગ : ગરબી-પદ-૧

કોડે કોડે એકાદશી કીજીએ રે, એવું વ્રત જાવા નવ દીજીએ રે. ૧
એ વ્રત કરે તે ધન્ય માનવી રે, તે તો નહાયો કોટીકવાર જાહ્નવી રે. ૨
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યુ રે, તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે. ૩
એનો મહિમા મુનિવર ગાય છે રે, અવિનાશી મળ્યાનો ઉપાય છે રે. ૪
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વશી રે,કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે

### પદ-૨

હરિજન હોય તે હરિને ભજે રે, વ્રત એકાદશી તે કેદી નવ તજે રે. ૧
જાણે માત સમાન પરનારને રે, ગણે તુચ્છ સરિખો સંસારને રે. ૨
મદ્ય માંસ હરામ જેને નવ ખપે રે, જીભે રાતદિવસ પ્રભુને જપે રે. ૩
માયા જીવ ઈશ્વરના જાણે મર્મને રે, રટે બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે. ૪
બ્રહ્માનંદના વ્હાલાની છબી ઉરધરે રે; મતવાલો થઈને જગમાં ફરે રે.

### પદ-૩

ભલે આવી અનૂપમ એકાદશી રે, મારે વ્હાલે મુજસામું જોયું હસી રે.
આજ વાધી આનંદકેરી વેલડી રે, થઈ રસિયા સંગાથે રંગરેલડી રે. ૨
લટકાળા કુવંર નંદલાલની રે, ચિત્તડામાં ખુંતી છે છબી ચાલની રે. ૩
રંગભીનો રમે રસ રંગમાં રે, અતિ આનંદ થયો છે મારા અંગમાં રે. ૪
પ્રીતિ જાણી રસીલો વચને પળ્યા રે, બ્રહ્માનંદનો વ્હાલો મુજને મળ્યા રે.

### પદ-૪

ધન્ય ધન્ય એકાદશી આજની રે, રૂડી નિરખી છબી વ્રજરાજની રે.
ફૂલડાંનાં છોગાં તે ચિત્તમાં ધર્યા રે, તે જોઈને મારાં નેણાં ઠર્યા રે. ૨
ભાળી કેશર તિલક રૂડું ભાલમાં રે, મારી લગની લાગી છે નંદલાલમા રે.

વાંકી ભૃકુટીમાં મન મારું ભમે રે, હવે બીજું દીઠું તે મને નવ ગમે રે.
બ્રહ્માનંદ કહે રૂપાળી એની આંખડી રે, પ્યારી લાલકમળ કેરી પાંખડી રે

**એકાદશી પદ - રાગ : સામેરી-પદ-૧**

એકાદશી થઈ એ વાત સર્વે જાણો રે,
એના વ્રત કેરી રીતભાત ઉરમાં આણો રે. ટેક૦
સુતા જોઈને શ્યામને રે લડવાની કરીહામ,
નાડીજંઘનો દીકરો રે, આવ્યો મુરદાનવ એનું નામ. સર્વે૦ ૧
ઈંદ્રિય એકાદશ શ્યામના રે, તેનું જે કાંઈ તેજ,
તેમાંથી પ્રગટી પ્રમદા રે, દેખી વરવા ઈચ્છયો એજ. સર્વે૦ ૨
તે સંગે બોલી સુંદરી રે, યુદ્ધ કરી મુને જીત,
ત્યારે વરું હું તુજને રે, એમ કહી દેખાડી રીત. સર્વે૦ ૩
કન્યાને સંગ લડવા રે આવ્યો એ અસુર,
ભૂમાનંદ કહે ખડગે રે, એનું શિર છેદી નાખ્યું દૂર. સર્વે૦ ૪

**પદ-૨**

પછે બોલ્યા સુંદરશ્યામ, સુંદરી સંગે રે,
માગો વર આપું ઈનામ અતિ ઉમંગે રે. ટેક૦
માગ્યો વર માનનીયે રે, જોડી જીવનને હાથ,
મારા વ્રતને દિવસે રે, અન્ન ન જમે પીવે પાથ. સુંદરી૦ ૧
ઈંદ્રિય અગીઆરમાં ઉપની રે માટે એકાદશી નામ,
તપસ્વી છઉં તે કારણે રે, મારુ વ્રત કરે નિષ્કામ. સુંદરી૦ ૨
મનસહિત ઈંદ્રિયું રે કહાવે જે અગ્યાર,
મારાવ્રતને દિવસે રે, એને કરવા ન દેવો આહાર. સુંદરી૦ ૩
પંચવિષયને પરહરી રહે તજી ક્રોધ ને કામ,
વ્રત કરે તેની ઉપરે રે, રીઝે ભૂમાનંદનો શ્યામ. સુંદરી૦ ૪

**પદ-૩**

વ્રત એકાદશીને તુલ્ય, કોઈ ન કહાવે રે,
કરો કોટિક ગાયોનું દાન બરોબર નાવે રે, ટેક૦

એકાદશે ઈંદ્રિયું રે રાખીને નિયમમાંઈ,
પ્રગટ પ્રભુ વિના મુખથી રે, વૃથા વાણી ન બોલે કોઈ. કોય૦ ૧
અડસઠ તીરથ કરવે રે, આવું ન સરે કાજ,
એકાદશીને દિવસે રે, મુને મળ્યા પ્રગટ મહારાજ. કોય૦ ૨
પ્યારી કરી પ્રબોધની રે, વ્હાલે આપ્યું વરદાન,
આ વ્રત કેરે દિવસે રે, કરવું કેવળ જળનું પાન. કોય૦ ૩
હરિજનને નવ મૂકવી રે, એકાદશી કહે શ્યામ,
ભૂમાનંદ કહે પામશો રે, તમે જરૂર વૈકુંઠધામ. કોય૦ ૪

## પદ-૪

અતિ ઉત્તમ દિવસ આજ, એકાદશી આવી રે,
હરિજનના હૈયામાં હરખ, ઘણેરો લાવી રે. ટેક૦
કુસંગી હોય તે ન કરે રે, એકાદશી વ્રતસાર,
સત્સંગી છોડે નહિ રે, જેને પ્રભુ સંઘાથે પ્યાર. એકાદશી૦ ૧
મોહનના મનમાં ગમે રે આ વ્રતનો ઉપવાસ,
બ્રહ્મચર્ય યુક્ત જે કરે રે, તેને રાખે પોતાને પાસ. એકાદશી૦ ૨
આ વ્રત કરવું સહુને રે અંતર લાવી ઉછાવ,
કામદિક પીડે નહિ રે, જેને પ્રગટ મળે માવ. એકાદશી૦ ૩
એકાદશી અઘનાશીની રે કહે હરિના જન,
ભૂમાનંદના નાથમાં રે, સદા રાખી પોતાનાં મન. એકાદશી૦ ૪

# શરણના પદ

### રાગ : લલિતવૃતમ્ પદ - ૧

નમન હું કરૂં વિશ્વપાળને, કરગરી કહું ભક્તિ બાળને,
અરજ માહરી, ઊરમાં ધરો, વિપત્ત માહરી, શ્રીહરિ હરો. ૧
અવર આશરો, માહરે નથી, સરવ જાણને, શું કહું કથી,
કઠણ કાળમાં, આપછો ઘણી, સુખદ શ્યામળા મુક્તના મણી.૨
અમરના પતિ, આશ તાહ્યરી, રસિક રાખજો લાજ માહ્યરી,
પ્રણતપાળ છો, સર્વેના પ્રભુ, દિન દયાળ છો, વિશ્વના વિભુ. ૩
વિમળ મુરતી ઊરમાં વસો, નજરથી પ્રભુ દૂર ના થશો,
અધિકત્રાસને, તોડી નાખજો, નારણદાસને પાસ રાખજો. ૪

### શરણ પદ

શ્રીજી મહારાજ માગું, શરણ તમારું;
શરણ તમારું માગું, શરણ તમારું...શ્રીજી૦
અખંડ છતાં મુરારી, થયા અવતારી;
મનુષ્ય લીલા બતાવી ગુણ શા ઉચ્ચારું...શ્રીજી૦
પ્રગટ પ્રભુ પિછાન્યા, ધન્ય ભાગ્ય મારાં;
મળ્યા સહજાનંદ સ્વામી, અધમ ઉધાર્યા...શ્રીજી૦
રામરૂપે રાવણ માર્યો, કૃષ્ણરૂપે કંસ સંહાર્યો;
નારાયણનું નામ જ લેતાં, અજામેળ તાર્યો...શ્રીજી૦
ગઢડું ગોકુળસમ કીધું, ઘેલા નીર પ્રેમે પીધું;
દાદા ખાચરને દીધું, મોક્ષપદ પ્યારું...શ્રીજી૦
ભગવતસૂત કહે છે પ્રીતે, પ્રભુ ભજો રૂડી રીતે,
ભવજળ તરવાનું, નાવ છે આ સારું...શ્રીજી૦

### પ્રાર્થના પદ

શ્રીજી મહારાજ માગું શરણ તમારું, વહારે વહેલા અમારી આવજો;
સહજાનંદ વહેલા પધારજો ટેક૦
આરે સંસારમાં અનેક ઉપાધિ, ત્રિવિધ તાપ બળે આધિને વ્યાધિ;
તેથી બહુનામી બચાવજો ...સહજાનંદ૦ ૧
દુરિજનિયા મળી દુઃખ બહુ દે છે, નહિ રે કહેવાનાં વચનો કહે છે;
એનાં અભિમાન ઉતરાવજો ...સહજાનંદ૦ ૨
અમારે મન એક તમારી ટેક છે, અમ જેવા તો પ્રભુ તમને અનેક છે;
પોતાનો જાણી નીભાવજો ...સહજાનંદ- ૩
માગે કવિ માવદાન મદદ તમારી, અલબેલા સહાય કરજો અમારી;
મુક્ત મંડળને સાથે લાવજો ...સહજાનંદ૦ ૪

### રાગ : બનઝારો કે 'પ્યારા મિત્ર વિના હો ભાઈ એ'

નમું પ્રેમવતીના પ્યારા, જયજીવન જગદાધાર...ટેક૦
અતિ અકળ ગતિ છે તમારી, ત્યાં મતિ નહીં પહોંચે અમારી રે;
અમે સેવીયે ચરણ તમારા...જયજીવન૦ ૧
પ્રભુ પ્રૌઢ તમારો પ્રતાપ, છો આપ અપાર અમાપ રે;
સઘળી સૃષ્ટિ સર્જનારા...જયજીવન૦ ૨
માયા આદિક શક્તિ તમારી, જે છે જીવને બંધનકારી રે.
તેના પ્રેરક તે થકી ન્યારા...જયજીવન૦ ૩
છો કાળના કાળ કૃપાળ, શરણાગત જન પ્રતિપાળ રે,
કોટિ કારજના કરનારા...જયજીવન૦ ૪
થાકે વેદ વર્ણવી અનુપ, એવું દિવ્ય તમારું સ્વરૂપ રે.
તેને જાણે શું ? જીવ બિચારા...જયજીવન૦ ૫
તમે ભરપૂર ધરી અવતાર, કર્યો વેદ ધરમ વિસ્તાર રે.
માર્યા અસુર દુઃખ દેનારા...જયજીવન૦ ૬

કાઠી કોળી જે ક્રૂર અપાર, કર્યો ઉદ્ધાર એનો આ વાર રે.

એવા છો તમો અધમોદ્ધારા...જયજીવન૦ ૭

આણી અંતર કરુણા આજ મળ્યા અમને શ્રીમહારાજ રે.

દીનબંધુ ધર્મદુલારા...જયજીવન૦ ૮

જય જય જય વિશ્વવિહારી અવતાર તણા અવતારી રે.

છો ઈષ્ટ અભીષ્ટ અમારા...જયજીવન૦ ૯

### રાગ : શ્રીજી મહારાજ માગુ શરણ તમારૂં પદ - ૧

શ્રીજી મહારાજ રાખો લાજ અમારી,

લાજ અમારી રાખો દેવ મોરારી. શ્રીજી ટેક૦

સુદામાને સુખડું દીધું, મીરાબાઈનું ઝેર પીધું,

પાંડવનું પાલન કીધું ભક્ત ભયહારી. શ્રીજી૦ ૧

રાવણ રાજાને માર્યો અજામેળ પાપી તાર્યો,

અરધે નામે ઉગાર્યો ગજ ગીરધારી. શ્રીજી૦ ૨

મધવા મદને ઉતારી ગોવર્ધન કરમાં ધારી,

ઉગાર્યાં નરને નારી, વૃજના વિહારી. શ્રીજી૦ ૩

અરજી સુણો અવિનાશી પ્રીતમજી રાખો પાસે,

માગે નારાયણદાસ ભક્તિ તમારી. શ્રીજી૦ ૪

### રાગ : લાવણી

શ્રીજી અને સહુ સંતો રે, મળી કરજો મારી સહાય;

હું છું તમારે શરણે રે, પુરૂષોત્તમ લાગુ પાય...શ્રીજી૦ ટેક૦

હું અનંત ભવમાં ભટક્યો, આવી ઈયાંરે અટક્યો.

ખરી રીતે રાખી ખટકો, છોગાળા કરજો છૂટકો રે...પુરુ૦ ૧

નથી ગયો હું ગંગા કાશી, તેણે અંતર નથી ઉદાસી;

નક્કી અક્ષરધામનિવાસી, મેં ઓળખ્યા અવિનાશી રે...પુરુ૦ ૨

મુને મલ્યા સહજાનંદ સ્વામી, ભાંગી જન્મોજન્મની ખામી;

નારાયણ છો બહુનામી, ઉગારો અંતર્યામી રે...પુરુ૦ ૩
પ્રભુ પૂરણ પ્રજાળી પાપો, સ્થિર અક્ષરધામે સ્થાપો;
કહે માવદાન દુઃખ કાપો, અમને અક્ષયસુખ આપો રે...પુરુ૦ ૪

### અમી ભરેલી નજરું રાખો

અમી ભરેલી નજરું રાખો, નરનારાયણ દેવ રે,
દર્શન આપો દુઃખડા કાપો, નરનારાયણ દેવ રે.
ચરણ કમળમાં શિશ નમાવી, વંદન કરું મહારાજ રે,
દયા કરીને ભક્તિ દેજો, નરનારાયણ દેવ રે.
હું દુઃખિયારો તારે દ્વારે, આવી ઊભો મહારાજ રે,
આશિષ દેજો ઉરમાં રહેજો, નરનારાયણ દેવ રે.
તારા ભરોસે જીવનનૈયા, હાંકી રહ્યો મહારાજ રે,
બની સુકાની પાર ઉતારો, નરનારાયણ દેવ રે.
બાળ તમારો કરે વિનંતી, સાંભળજો મહારાજ રે,
મુજ અંતરમાં વાસ કરોને, નરનારાયણ દેવ રે.

### ફગવા

મહાબળવંત માયા તમારી, જેણે આવરિયા નરનારી,
એવું વરદાન દિજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે.
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્યબુદ્ધિ કોઈ દન,
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજુ અલૌકિક ખ્યાલ.
સતસંગી જે તમારા કહાવે, તેનો કેદિ અભાવ ન આવે,
દેશ કાળ ને ક્રિયાએ કરિ, કેદિ તમને ન ભુલીએ હરિ.
કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ,
તમને ભજતાં આડું જે પડે, માંગીયે એ અમને ન નડે.
એટલું માગીએ છીએ અમે, દેહજો દયા કરી હરિ તમે,
વળી ન માગીએ અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ.

કેદિ દેશો મા દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન,
કેદિ કુસંગનો સંગ મ દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો.
કેદિ દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ,
દેશો મા પ્રભુ જકત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ
દેશો મા દેહસુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ,
દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ.
દેશો મા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય,
એ આદિ નથી માંગતા અમે, દેશો મા દયા કરીને તમે.
પછી બોલિયા શ્યામસુંદર, જાઓ આપ્યો તમને એ વર,
મારી માયામાં નહિ મુંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ.
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ,
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત.
દિધા દાસને ફગવા એવા, બીજું કોણ સમર્થ એવું દેવા,
એમ રમ્યા રંગભર હોળી, હરિ સાથે હરિજન ટોળી.

# સ્તોત્ર

## ધાર્મિકસ્તોત્રમ્

શ્રી વાસુદેવ વિમલામૃતધામવાસં,
નારાયણં નરકતારણનામધેયમ્;
શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે... ૧
શિક્ષાર્થમત્ર નિજભક્તિમતાં નરાણા-
મેકાન્તધર્મમખિલં પરિશીલયન્તમ્;
અષ્ટાંગયોગકલનાશ્ચ મહાવ્રતાનિ...ત્વાં ભક્તિ૦ ૨
શ્વાસેન સાકમનુલોમવિલોમવૃત્યા,
સ્વાન્તર્બહિશ્ચ ભગવત્યુરૂધા નિજસ્ય;
પૂરે ગતાગતજલામ્બુધિનોપમેયં...ત્વાં ભક્તિ૦ ૩
બાહ્યાન્તરિન્દ્રિયગણશ્વસનાધિદૈવ
વૃત્યુદ્ભવસ્થિતિલયાનપિ જાયમાનાન્;
સ્થિત્વાતતઃસ્વમહસા પૃથગીક્ષમાણં...ત્વાં ભક્તિ૦ ૪
માયામયાકૃતિતમોડશુભવાસનાનાં,
કર્તું નિષેધમુરૂધા ભગવત્સ્વરૂપે;
નિર્બીજસાંખ્યમતયોગગયુક્તિભાજં...ત્વાં ભક્તિ૦ ૫
દિવ્યાકૃતિત્વસુમહસ્ત્વસુવાસનાનાં;
સમ્યગ્વિધિં પ્રથયિતું ચ પતૌ રમાયા;
સાલંબસાંખ્યપથયોગસુયુક્તિભાજં...ત્વાં ભક્તિ૦ ૬
કામાર્ત્ત તસ્કરનટવ્યસનિદ્વિષન્તઃ,
સ્વસ્વાર્થ સિદ્ધિમિવ ચેતસિ નિત્યમેવ;
નારાયણં પરમયૈવ મુદા સ્મરન્તં...ત્વાં ભક્તિ૦ ૭
સાધ્વીચકોરશલભાસ્તિમિકાલકંઠ
કોકાનિજેષ્ટવિષયેષુ યથૈવ લગ્ના;
મૂર્તૌ તથા ભગવતોત્ર મુદાતિલગ્નં...ત્વાં ભક્તિ૦ ૮

સ્નેહાતુરસ્ત્વથ ભયાતુર આમયાવી,
યદ્વત્ક્ષુધાતુરજનશ્ચ વિહાય માનમ્;
દૈન્યં ભજેયુરિહ સત્સુ તથા ચરન્તં...ત્વાં ભક્તિ૦ ૯
ધર્મસ્થિતૈરુપગતૈર્બૃહતાં નિજૈક્યં,
સેવ્યો હરિઃ સિતમહઃ સ્થિતદિવ્યમૂર્તિ;
શબ્દાદ્યરાગિભિરિતિ સ્વમતં વદન્તં...ત્વાં ભક્તિ૦ ૧૦
સદ્ગ્રન્થનિત્યપઠનશ્રવણાદિસક્તં
બ્રાહ્મીંચ સત્સદસિ શાસતમત્રવિદ્યામ્;
સંસારજાલ પતિતાખિલજીવબન્ધો !...ત્વાં ભક્તિ૦ ૧૧

## શ્રી ગુરુભજેન સ્તોત્રમ્

ભવસંભવભીતિભેદનં, સુખસંપત્કરુણાનિકેતનમ્;
વ્રતદાનતપઃક્રિયાફલં, સહજાનંદગુરું ભજે સદા-૧
કરુણામયચારુલોચનં, શરણાયાતજનાર્તિમોચનમ્;
પતિતોદ્ધરણાય તત્પરં, સહજાનંદગુરું ભજે સદા-૨
નિજતત્ત્વપથાવબોધનં, જનતાયાઃ સ્વતએવ દુર્ગમમ્
ઈતિ ચિન્ત્ય ગૃહીતવિગ્રહં, સહજાનંદગુરું ભજે સદા-૩
વિધિશંભુમુખૈરનિગ્રહં, ભવપાથોધિપરિભ્રમાકુલમ્;
અપિધાર્ય મનોનરપ્રભ સહજાનંદગુરું ભજે સદા-૪
નિજપાદપયોજકીર્તનં, સતતં સ્યાદ્ભવજીવગોચરમ્
ઈતિ યઃ કુરુતે ક્રતૂત્સવં સહજાનંદગુરું ભજે સદા-૫
બહિરીક્ષણલોકમાનુષં, નિજદત્તામ્બકદર્શિનાં હરિમ્
ભજનીયપદં જગદ્ગુરું, સહજાનંદગુરું ભજે સદા-૬
શરણાગતપ પાપપર્વતં ગણયિત્વા ન તદીયસદ્ગુણમ્;
અણુમપ્યતુલં હિ મન્યતે સહજાનંદગુરું ભજે સદા-૭
ભવવારિધિમોક્ષસાધનં ગુરુરાજ પ્રકટસ્વસંગમમ્;
પ્રકટીકૃતવાન્ કૃપાવશઃ સહજાનંદગુરું ભજે સદા સદા-૮
ભગવન્ કૃપયા ત્વયા કૃતં, જનતાયામુપકારમીદ્દશમ્;
ક્ષમતે પ્રતિકર્તુમત્રકઃ, કુરુતે દીનજનસ્તતોંજલિમ્-૯

## શ્રી ગણપતિસ્તોત્રમ્

વિઘ્નેશ ! વિઘ્નચયખંડનનામધેય !,
શ્રીશંકરાત્મજ ! સુરાધિપવન્દ્યપાદ !;
દુર્ગા મહાવ્રતફલાખિલમંગલાત્મન્ !;
વિઘ્નં મમાપહર સિદ્ધિવિનાયક ! ત્વમ્. ૧
સત્પદ્મરાગમણિવર્ણશરીરકાન્તિઃ,
શ્રીસિદ્ધિબુદ્ધિ પરિચર્ચિતકુંકુમશ્રીઃ;
દક્ષસ્તને વલયિતાતિમનોજ્ઞશુણ્ડો, વિઘ્નં મમાપહર૦ ૨
પાશાંકુશાબ્જપરશૂંશ્ચ દધચ્ચતુર્ભિ-,
દોર્ભિશ્ચ શોણકુસુમસ્રગુમાંગજાતઃ;
સિન્દુરશોભિતલલાટ વિધુ પ્રકાશો, વિઘ્નં મમાપહર૦ ૩
કાર્યેષુ વિઘ્નચયભીતવિરંચિમુખ્યૈઃ,
સંપૂજિતઃ સુરવરૈરપિ મોદકાદ્યૈઃ;
સર્વેષુ ચ પ્રથમમેવ સુરેષુ પૂજ્યો, વિઘ્નં મમાપહર૦ ૪
શીઘ્રાંચનસ્ખલનચુંચુરવોર્ધ્વકણ્ઠ-,
સ્થૂલોન્દુરૂદ્રવણહાસિતદેવસંઘઃ;
શૂર્પશ્રુતિશ્ચ પૃથુવર્તુલતુંગતુન્દો, વિઘ્નં મમાપહર૦ ૫
યજ્ઞોપવીતપદલંભિતનાગરાજો,
માસાદિપુણ્યદ્દૃશીકૃતઋક્ષરાજઃ;
ભક્તાભયપ્રદ ! દયાલય ! વિઘ્નરાજો, વિઘ્નં મમાપહર૦ ૬
સદ્રત્નસારતતિરાજિતસત્કિરીટઃ;
કૌસુંભચારૂવસનદ્વય ઊર્જિતશ્રીઃ;
સર્વત્ર મંગલકરસ્મરણપ્રતાપો, વિઘ્નં મમાપહર૦ ૭
દેવાન્તકાદ્યસુરભીતસુરાર્તિહર્તા,
વિજ્ઞાનબોધનવરેણ તમોપહર્તા;
આનંદિતત્રિભુવનેશ ! કુમારબન્ધો !, વિઘ્નં મમાપહર૦ ૮

## શ્રી હનુમાન સ્તોત્ર

નીતિપ્રવીણ ! નિગમાગમશાસ્ત્ર બુદ્ધે !
રાજાધિરાજ રઘુનાયક મંત્રીવર્ય !
સિન્દૂરચર્ચિતકલેવર નૈષ્ઠિકેન્દ્ર
શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટ મેં ૧
સીતાનિમિત્તજરઘૂમભૂરિકષ્ટ-
પ્રોત્સારણૈકકસહાય ! હતાસ્ત્રપૌઘ !;
નિર્દગ્ધયાતુપતિહાટકરાજધાને ! ...શ્રીરામદૂત૦ ૨
દૂર્વાર્યરાવણવિસ્ત્રર્જિતશક્તિઘાત-,
કણ્ઠાસુલક્ષ્મણસુખાહૃતજીવવલ્લે !;
દ્રાણાચલાનયનન્દિતરામપક્ષ ! ...શ્રીરામદૂત૦ ૩
રામાગમોક્તિતરિતારિતબન્ધ્વયોગ-
દુઃખાબ્ધિમગ્નભરતાર્પિતપારિબર્હ !
રામાન્ધ્રિપદ્મમધુપીભવદન્તરાત્મન્ ! શ્રીરામદૂત૦ ૪
વાતાત્મકેશરીમહાપિકરાટદિય,-
ભાર્યાઞ્જનીપુરુતપઃફલપુત્રભાવ !
તાર્ક્ષ્યોપમોચિત વપુર્બલતીવ્રવેગ ! શ્રીરામદૂત૦ ૫
નાનાભિચારિકવિસૃષ્ટસવીરકૃત્યા-
વિદ્રાવણારુણસમીક્ષણદુઃપ્રધર્ષ્ય !
રોગઘ્નસત્સુતવિત્તદમંત્રજાપ ! શ્રીરામદૂત૦ ૬
યન્નામધેયપદકશ્રુતિમાત્રતોડપિ,
યે બ્રહ્મરાક્ષસપિશાચગણાશ્ચ ભૂતાઃ;
તે મારિકાશ્ચ સભયં હ્યપયાન્તિ સ ત્વં !...શ્રીરામદૂત૦ ૭
ત્વં ભક્તમાનસસમિપ્સિતપૂર્તિશક્તો
દીનસ્ય દુર્મદસપત્નભયર્તિભાજઃ;
ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ !...શ્રીરામદૂત૦ ૮

## ઠુમરી રાગેણે ગીયતે (પાંચમ)

हर हर गोपीनाथ ! मम कष्टम् ॥ हर० ॥ ध्रुवपदम् ॥

હે ગોપીનાથ ! મારા કષ્ટને હરો

सुरनरमुनिवर जलघरसुन्दर । मारमहामदमार मम० ॥१॥

દેવ મનુષ્ય અને મુનિઓમાં શ્રેષ્ઠ, મેઘ જેવા શ્યામસુંદર અને કામદેવના મહા ગર્વને નાશ કરનારા, હે ગોપીનાથ મારા કષ્ટને હરો (૧)

राजीवलोचन पापविमोचन । दुर्गपुरीसुविहार मम० ॥२॥

કમળના જેવા નેત્રવાળા, પાપથી મુકાવનારા અને ગઢપુરમાં સારી રીતે વિહાર કરનારા, હે ગોપીનાથ મારા કષ્ટને હરો (૨)

हाटकभूषण हतजनदूषण । दिव्यगुणालयसार मम० ॥३॥

સુવર્ણના ઘરેણાં જેમને છે, જનોના દોષોને હણનારા અને દિવ્યગુણોના ઉત્તમ ભંડાર એવા હે ગોપીનાથ મારા કષ્ટને હરો (૩)

वृषकुलनायक सुरसुखदायक । कुन्दकुसुमशुभहार मम० ॥४॥

ધર્મકુળના નાયક, દેવોને સુખ આપનાર અને મોગરાના પુષ્પોના શુભ હારવાળા એવા હે ગોપીનાથ મારા કષ્ટને હરો (૪)

मङ्गलकारण गतिजितवारण । प्रेमवतीसुकुमार मम० ॥५॥

મંગળના કારણ, ગતિવડે જીત્યો છે હાથી જેમણે અર્થાત્ ગજના જેવી ગતિવાળા અને ભક્તિ દેવીના સુપુત્ર, એવા હે ગોપીનાથ મારા કષ્ટને હરો (૫)

मानसनमोदतिदिसुतरोदन । भूमिनिब्रारितभार मम० ॥६॥

મનને આનંદ પમાડનારા, દૈત્યોને રડાવનારા અને ભૂમિના ભારને હરનારા, એવા હે ગોપીનાથ મારા કષ્ટને હરો (૬)

विश्वविभावन दुर्मतिपावन । कालदवानलहार मम० ॥७॥

વિશ્વને પાલન કરનારા, દુર્મતિને પાવન કરનારા અને કાલરૂપી દાવાનળને હરનારા એવા હે ગોપીનાથ મારા કષ્ટને કરો (૭)

सुरकुलरज्जन नित्यनिरज्जन । भानुसुतावितनार मम० ॥८॥

દેવોના કુળને રંજન કરનારા, હંમેશા માયાના અંજન રહિત અને ભાનુસુત (યમ) થકી મનુષ્યોના સમૂહનું રક્ષણ કરનારા હે ગોપીનાથ મારા કષ્ટને હરો (૮)

ब्रह्मपुरासन जनहितशासन । निष्कामानन्दनिधान मम० ॥९॥

બ્રહ્મપુરમાં રહેલા, જનોને હિતનો ઉપદેશ કરનારા અને નિષ્કામ (નિષ્કામાનંદ) આનંદના નિધિ, એવા હે ગોપીનાથ મારા કષ્ટને હરો (૯)

इति निष्कामानन्दविरचिताऽष्टपदी समाप्ता ॥

**પીલુરાગગેણ ગીયતે (પડવો)**

मानस ! चिन्तय चारुचरित्रं प्रेमवतीवृषपुत्रं पवित्र मानस० ॥ध्रुव०॥

હે મન ! સુંદર ચરિત્રવાળા પવિત્ર એવા ભક્તિધર્મના પુત્રનું ચિંતવન કરું.

नूतनमुदिरदयितमञ्जुकाये । चन्द्रविशदवसनानि परन्तं मानस० ॥१॥

નવીન મેઘસમાન સુંદર કોમળ શરીર ઉપર, ચંદ્ર જેવા ઉજ્વલ વસ્ત્રોને ધારણ કરનારા એવા ભક્તિધર્મના પુત્રનું ચિંતન કર (૧)

केसरतिलकललितनिजभाले। कुङुकुमचन्द्रकधरमभिरामं मानस० ॥२॥

કેશરના તિલકથી શોભતા પોતાના લલાટ ઉપર કંકુના ચાંદલાને ધારી રહેલા મનોહર એવા ભક્તિધર્મના પુત્રનું ચિંતન કર (૨)

बिन्दुपरिष्कृतशुभश्रुतियुग्मे । रत्नसुशोभितकुण्डलधारं मानस० ॥३॥

બિંદુથી શોભતા સુંદર બે કાન ઉપર, રત્નોથી સુશોભિત કુંડલને ધારી રહેલા એવા ભક્તિધર્મના પુત્રનું ચિંતન કર (૩)

अम्बकमधुपलसितलपनाब्जे । कुन्दमुकुलसमहासं दधानं मानस० ॥४॥

નેત્રરૂપી ભમરાઓથી શોભતા મુખકમળને વિષે મોગરાની કળી સમાન હાસને ધારણ કરતા એવા ભક્તિ ધર્મના પુત્રનું ચિંતન કર (૪)

रेखाविराजितवरकम्बुकष्ठे । पुरुविधपुष्पकनक मणिहारं मानस० ॥५॥

રેખાઓથી શોભતા ઉત્તમ શંખ જેવા કંઠમાં, અનેક પ્રકારના પુષ્પો, સુવર્ણ અને મણિઓના હાર જેમને છે એવા ભક્તિધર્મના પુત્રનું ચિંતન કર (૫)

विषधरविग्रहकल्पकरद्वये । पुष्परचितवलयाङ्गं दधारं मानस० ॥६॥

સર્પના દેહ જેવા (લાંબા) બે હાથમાં પુષ્પોના બનાવેલા ગજરા અને બાજુબંધને ધારી રહેલા એવા ભક્તિધર્મના પુત્રનું ચિંતન કર (૬)

हरिमदहरतनुमज्जलकट्यां । नङ्गखचितचामीकररसनाढ्यं मानस० ॥७॥

સિંહના મદને હરનારી પાતળી સુંદર કટિ ઉપર, નંગ જડિત સોનાના કંદોરાથી યુક્ત એવા ભક્તિધર્મના પુત્રનું ચિંતન કર (૭)

करिकरकदलीकरभसमसक्थिम् । सुषमसुवृत्तमुकुररुपजानु मानस० ॥८॥

હાથીની સૂંઢ, કેળનો ગર્ભ અને કરભ સમાન છે સાથળ જેમની, સુંદર અત્યંત ગોળ અને ફૂલની કળી જેવા છે જાનું (ઢીંચણ) જેમના, એવા ભક્તિધર્મના પુત્રનું ચિંતન કર (૮)

नूपुरनादितचरणमुदारम् । निष्कामानन्दनिखिलतापहारं मानस० ॥९॥

ઝાંઝરથી નાદવાળા છે ચરણ જેમના અને ઉદાર તેમજ નિષ્કામાનંદના સમગ્ર તાપને હરનારા એવા ભક્તિધર્મના પુત્રનું ચિંતન કર (૯)

निष्कामानन्दवर्णिविरचिताऽष्टपदी समाप्त ॥

**અષ્ટપદીયમ્**

હરિકૃષ્ણ માનસ લોકકમનીયમે ॥ હરિ૦ ॥ ભજહરિમવિરતં ધાવતુ
॥ હરિ૦ ॥ ધ્રુવપદમ્ ॥ તતો વરેહ નિગમં કાયજલધૌ ॥
તમાનિન્યે વિધાય તતો નમનીયમે ॥ ભજ૦ ॥૧॥

તિરષ્ઠતિ કમઠમયે ધરણીયં યસ્ય પૃષ્ટે ચપલભયશમનીયમે ॥ ભજ૦ ॥૨॥
રાહરુપધરોડવનયે સા દત્તાદૈત્યં જઘાન હિ નમનીયમે ॥ ભજ૦ ॥૩॥
હતો નખૈર્હરિણા નરહરિણા દિતિપુત્રો દ્વિરદ ઈવ ગમનીયમે ॥ ભજ૦ ॥૪॥
વસુધાં દાપયિતું શચીપતયે બલિ વિપ્રો યયાચ ફલજમનીયમે ॥ ભજ૦ ॥૫॥
ક્ષત્રિયરુધિરજલે સ્નાય પન્તં જામદગ્ન્યો જનતાપશમનીયમે ॥ ભજ૦ ॥૬॥
રાવણનાશકરો ભુવિરામો યશઃ સેતું દધેહ ભવદમનીયમે ॥ ભજ૦ ॥૭॥
બલબુધકલ્કિવપુષા યેન ચરિત્રં કૃતં પરંપરં પુરુશ્રયણીયમે ॥ ભજ૦ ॥૮॥
વાસુદેવસ્ય ધવો હરિકૃષ્ણો દશાકૃતિ દધાર બહુરમણીયમે ॥ ભજ૦ ॥૯॥

॥ ઈતિ શ્રીવાસુદેવાનન્દવર્ણિવિરચિતાષ્ટપદી સંપૂર્ણ ॥

## वियोगिनी वृत्तम (૭૮)

भवसम्मभवभीतिभेदनं सुखसम्पत्करुणानिकेतनम् ।
व्रतदानतपः क्रियाफलं सहजानन्दगुरुं भजे सदा ॥१॥

સંસારથી થતા ભયને નાશ કરનારા, સુખ, સંપત્તિ અને દયાના ભંડાર, વ્રત દાન અને તપની ક્રિયાના ફળરૂપ એવા સહજાનંદગુરૂને હું હંમેશા ભજું છું. (૧)

करुणामयचारुलोचनं शरणायातजनार्तिमोचनम् ।
पतितोद्धरणाय तत्परं सहजानन्दगुरुं भजे सदा ॥२॥

દયામય સુંદર નેત્રવાળા, શરણાગત જનની પીડાને નાશ કરનારા પાપીઓનો ઉદ્ધાર કરવામાં તત્પર એવા સહજાનંદગુરૂને હું હંમેશા ભજું છું. (૨)

निजतत्वपथावबोधनं जनतायाः स्वतः एव दुर्गमम् ।
इति चन्त्य गृहीतविग्रहं सहजानन्दगुरुं भजे सदा ॥३॥

પોતાના તત્ત્વમાર્ગનું જ્ઞાન જનતાને સ્વાભાવિક દુર્લભ છે એમ વિચારીને ધારણ કર્યો છે મનુષ્યદેહ જેમણે એવા સહજાનંદગુરૂને હું હંમેશા ભજું છું. (૩)

विधिशम्भुमुखैरनिग्रहं भवपायोधिपरिभ्रमाकुलम् ।
अपिधार्य मनो नरप्रभं सहजानन्दगुरुं भजे सदा ॥४॥

સંસાર સમુદ્રમાં પરિભ્રમણથી વ્યાકુળ એવું મન બ્રહ્મા શિવ આદિ દેવોને પણ વશ થાય એવું નથી. માટે ભક્તોનું મન પોતામાં સ્થિર થાય એમ અવધારીને મનુષ્ય જેવા જણાતા એવા સહજાનંદગુરૂને હું હંમેશા ભજું છું. (૪)

निजपादपयोजकीर्तनं सततं स्याद् भवजीवगोचरम् ।
इति यः कुरुते क्रतूत्सवं सहजानन्दगुरुं भजे सदा ॥५॥

હમેશા પોતાના ચરણકમળનું ભજન સંસારી જીવોને ઈન્દ્રિોયના વિષયરૂપ થાય એટલા માટે જે યજ્ઞયાગાદિ ઉત્સવો કરે છે, એવા સહજાનંદગુરૂને હું હંમેશા ભજું છું. (૫)

बहिरीक्षणलोकमानुषयं निजदत्ताम्बकदर्शिनां हरिम् ।
भजनीयपदं जगद्गुरुं सहजानन्दगुरुं भजे सदा ॥६॥

બાહ્ય દષ્ટિથી જોનારા જનોને મનુષ્ય જેવા જણાતા અને પોતે આપેલી (દિવ્ય દષ્ટિથી જોનારાઓને ભગવાન જેવા દેખાતા, ભજનીય છે ચરણકમળ જેમનાં એવા જગદ્‌ગુરૂ સહજાનંદગુરૂને હું હંમેશા ભજું છું. (૬)

शरणागतपापपर्वतं गणयित्वा न तदीयसद्गुरुणम् ।

अणुमप्यतुलं हि मन्यते सहजानन्दगुरुं भजे सदा ॥७॥

શરણે આવેલા જીવોના પાપોના પહાડને પણ નહિ ગણીને અલ્પ જેટલા પણ તેના સદ્ગુણ (શરણાગતરૂપ) ને અપાર માને છે, એવા સહજાનંદગુરૂને હું હંમેશા ભજું છું. (૭)

भववारिधिमोक्षसाधनं गुरुराजप्रकटस्वसङ्गमम् ।

प्रकटीकृतवान् कृपावशः सहजानन्दगुरुं भजे सदा ॥८॥

દયાએ કરીને ગુરૂરાજ એવા પ્રત્યક્ષ પોતાના સમાગમને સંસાર સારમાંથી મુક્તિના સાધનરૂપે પ્રગટ કરનારા એવા સહજાનંદગુરૂને હું હંમેશા ભજું છું. (૮)

भगवन् ! कृपया त्वया कृतं जनतायामुपकारमीदृशम् ।

क्षमते प्रतिकर्तुमत्र कः कुरुते दीनजनस्ततोऽज्जलिम् ॥९॥

હે ભગવાન તમે કૃપાએ કરીને જનતા ઉપર જે આવો ઉપકાર કર્યો છે, તેનો બદલો વાળવા આ લોકમાં કોણ સમર્થ છે ? કોઈ પણ નહિ. એટલા માટે આ દીન જન (દીનાનાથ) એવો હું હાથ જોડું છું. (૯)

इती दीनानाथभट्टकृतं श्रीगुरुभजनस्तोत्रम् ।

## वसन्ततिलका वृत्तम् ! (સાતમ)

श्रीवासुदेव विमलामृतधामवासं, नारायणं नरकतारणनामधेयम् ।

श्यामं सितं द्विभुजमेव चतुर्भुजं च, त्वां भक्तिधर्मनयं शरणं प्रपद्ये ॥१॥

હે વાસુદેવ ! તમે નિર્મળ અક્ષર ધામમાં રહેલા છો, નારાયણ નામથી વિખ્યાત છો, નરકમાંથી તારનારૂં તમારૂં નામ છે. શ્યામવર્ણ છતાં તેજ : પ્રભાથી શ્વેત છો, સદા દ્વિભુજ છો છતાં ભક્તોના મનોરથ પૂર્ણ કરવા ચાર ભુજને ધારણ કરો છો એવા ભક્તિધર્મના પુત્ર હું તમારા શરણને પામ્યો છું. (૧)

शिक्षार्थमत्र निजभक्तिमतां नराणामेकान्तधर्ममखिलं परिशीलयन्तं ।

अष्टाङ्गयोगकलनाश्च महाव्रतानि, त्वां भक्तिधर्मनयं शरणं प्रपद्ये ॥२॥

આ લોકમાં પોતાની ભક્તિ કરનારા મનુષ્યોને મોક્ષમાર્ગના શિક્ષણ માટે

સમગ્ર એકાંતિક ધર્મ, અષ્ટાંગ યોગની કલાઓ અને અહિંસા બ્રહ્મચર્યાદિરૂપ મહાવ્રતોને સ્વયં આચરણ કરતા એવા ભક્તિધર્મના પુત્ર હું તમારા શરણને પામ્યો છું. (૨)

श्वासेन साकमनुलोमविलोमवृत्त्या, स्वान्तर्बहिश्चभगवत्युरुपा निजस्य ।
पूरे गतागतजलाम्बुधिनोपमेयं, त्वां भक्तिधर्मनयं शरणं प्रपद्ये ॥३॥

પ્રાણાયામ સમયે શ્વાસની સાથે અંદર અને બહાર પોતાની જે ભગવાનને વિષે વારે વારે અનુલોમ અને પ્રતિલોમ વૃત્તિ છે. (દેહની અંદર જે વૃત્તિ તે અનુલોમ અને દેહ થકી બહાર જે વૃત્તિ તે પ્રતિલોમ) તેણે કરીને તમે પુરમાં (સમુદ્રની વેળમાં) જતું આવતું જળ જેનું છે એવા સમુદ્રની સાથે ઉપમા આપવા યોગ્ય છો. અર્થાત્ શ્વાસ નિશ્વાસ વતે પણ ભગવાનના જ સ્વરૂપમાં ધ્યાનમાં જ નિષ્ઠાવાળા છો. એવા ભક્તિધર્મના પુત્ર હું તમારા શરણને પામ્યો છું. (૩)

बाह्यान्तरिन्द्रियगणश्वसनाधिदैववृत्युद्भवस्थिलयानपि जायपमानान् ।
स्थित्वा ततः स्वमहसा पृथगीक्षमाणं, त्वां भक्तिधर्मनयं शरणं प्रपद्ये ॥४॥

બાહ્ય ઈન્દ્રિયો તથા અંતર ઈન્દ્રિયો, પ્રાણવાયુઓ, ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો તેમની વિવિધ વૃત્તિઓના જે ઉત્પત્તિ સ્થિતિ લયો થાય છે તેને સ્વયં સ્વપ્રતાપથી તેમનાથી પૃથક્ નિર્લેપ રહીને સાક્ષાત્કાર કરો છો, એવા ભક્તિધર્મના પુત્ર હું તમારા શરણને પામ્યો છું. (૪)

मायामयाकृतितमोऽशुभवासनानां कर्तुं निषेधमुरुधा भगवत्स्वरूपे ।
निर्बीजसाङ्ख्यैमतयोगगयुक्तिभाजं, त्वां भक्तिधर्मनयं शरणं प्रपद्ये ॥५॥

ભગવાનના સ્વરૂપમાં માયામય આકૃતિ માયામૂલક અજ્ઞાન અને તે મૂલક અશુભ વાસનાઓનો સર્વપ્રકારે નિષેધ કરવા માટે નિર્બીજ સાંખ્યમત અને નિર્બીજ યોગમત જે (પ્રકૃતિ ગુણમય છે, પુરૂષ તે થકી વિલક્ષણ કમલપત્રવત્ નિર્લેપ નિર્ગુણ છે, એમ જે કેવલ પ્રકૃતિ પુરુષમાત્રનું વિજ્ઞાન તે નિર્બીજ સાંખ્ય તેમજ અદ્શ્યત્વ અગ્રાહ્યત્વ આદિક ગુણોએ યુક્ત નિત્યશુદ્ધ આત્મસ્વરૂપનું ઉપાસન ને નિર્બીજ યોગ) એમ નિર્બીજ સાંખ્ય અને યોગના રહસ્યનો આદર કરનારા એવા ભક્તિધર્મના પુત્ર હું તમારા શરણને પામ્યો છું. (૫)

दिव्याकृतित्वसमुहस्त्वसुवासनानां, सम्यग्विधिं प्रथयितुं च पतौ रमायाः ।
सालम्बसाङ्ख्ययपथयोगसुयुक्तिभाजं, त्वां भक्तिधर्मनयं शरणं प्रपद्ये ॥६॥

રમાપતિ ભગવાનનું સર્વજ્ઞત્વ, સત્યસંકલ્પત્વ, દિવ્યાકૃતિત્વ તેનો સારી રીતે અવબોધ આપવા માટે સબીજ સાંખ્ય અને સબીજ યોગ જે (પ્રકૃતિ અને પુરુષ બન્ને પરબ્રહ્માત્મક છે પણ સ્વતંત્ર નથી. એમ જે સેશ્વર સાંખ્યનું સમાશ્રયણ તે બધીજ સાંખ્ય તેમજ અનેક કલ્યાણ ગુણોએ પરિપૂર્ણ દિવ્યાકાર પરમાત્મભૂત પુરુષોત્તમ સ્વરૂપનું જે ઉપાસન તે સબીજ યોગ) એમ સબીજ સાંખ્ય અને સબીજ યોગની સારી યુક્તિ (રહસ્ય) ને ભજનારા એવા ભક્તિધર્મના પુત્ર હું તમારા શરણને પામ્યો છું. (૬)

कामार्ततस्करनटव्यसनिद्विषन्तः स्वस्वार्थसिद्धिमिव चेतसि नित्यमेव ।
नारायणं परमयैव मुदा स्मरन्तं, त्वां भक्तिधर्मनयं शरणं प्रपद्ये ॥७॥

કામાતુર, ચોર, નટ, વ્યસન અને દ્વેષી જેમ પોતપોતાના ચિત્તમાં રહેલા પ્રિયતમ્ વસ્તુ સ્ત્રિયાદિકને નિરંતર ચિંતવે છે, તેમ પરમ આનંદથી નારાયણને સંભારતા એવાં ભક્તિધર્મના પુત્ર હું તમારા શરણને પામ્યો છું. (૭)

साध्वीचकोरशलभास्तिमिकालकण्ठकीका निजेष्टविषयेषुयथैव लग्नाः ।
मूर्तौ तथा भगवतोऽत्र मुदातिलग्नं, त्वां भक्तिधर्मनयं शरणं प्रपद्ये ॥८॥

જેમ આલોકમાં પતિવ્રતા, ચકોર, પતંગીઆઓ, મત્સ્ય, કાલકંઠ (મોર) અને ચક્રવાક પોતપોતાના પ્રિયતમ વિષયોમાં સંલગ્ન હોય છે તેવી રીતે ભગવાનની મૂર્તિ વિષે પ્રેમથી સદા સંલગ્ન એવા ભક્તિધર્મના પુત્ર હું તમારા શરણને પામ્યો છું. (૮)

स्नेहातुरस्त्वथ भयातुर आमयावी, यद्वत्क्षुधातुरजनश्च विहाय मानम् ।
दैन्यं भजेयुरिह सत्सु तथा चरन्तं, त्वां भक्तिधर्मनयं शरणं प्रपद्ये ॥९॥

જેમ આ લોકમાં સ્નેહાતુર, ભયાતુર, રોગાતુર અને ક્ષુધાતુર જન માન મૂકીને દીનતાને ભજે છે તેમ એકાંતિક સંતો આગળ સ્વમાન મૂકીને દીનતાને ભજનારા એવા ભક્તિધર્મના પુત્ર હું તમારા શરણને પામ્યો છું. (૯)

धर्मस्थितैरुपगतैर्बृहता निजैक्यं, सेव्यो हरिः सितमहः स्थितदिव्यमूर्तिः ।
शब्दाद्यरागिभिरिति स्वमतं वदन्तं, त्वां भक्तिधर्मनयं शरणं प्रपद्ये ॥१०॥

શબ્દાદિ વિષયરાગ રહિત, સ્વધર્મમાં સદા રહેલા, અક્ષરબ્રહ્મ સાથે આત્મસ્વરૂપના ઐકેય (સારૂપ્ય) ને પામેલા જનોએ અક્ષરબ્રહ્મના તેજઃપુંજના મધ્યમાં બિરાજમાન દિવ્યમૂર્તિ એવા વાસુદેવ ઉપાસ્ય છે એવો પોતાનો મત

જનોને ઉપદેશ કરતા એવા ભક્તિધર્મના પુત્ર હું તમારા શરણને પામ્યો છું. (૧૦)

सद्ग्रन्थनित्यपठनश्रवणादिसक्तं, ब्राह्मीं च सत्सदसि शासतमत्र विद्याम् ।
संसारजालपतिताखिलजीवबन्धो, त्वां भक्तिधर्मनयं शरणं प्रपद्ये ॥११॥

સદ્‌ગ્રંથોના નિત્ય પઠન શ્રવણાદિકમાં આસક્ત, સંતોની સભામાં બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરતા અને સંસારની જાળમાં પડેલા સમગ્ર જીવોના બંધુ એવા ભક્તિધર્મના પુત્ર હું તમારા શરણને પામ્યો છું. (૧૧)

इति श्रीसत्संह्गिजीवने शतानन्दमुनिवरिचितं धार्मिकस्तोत्रम् ।

धर्मस्त्याज्यो न कैश्चित्स्वनिगमविहितीो सावुदेवे च भक्ति,
दिंव्याकारे विधेया सितधनमहसि ब्रह्मणैक्यं निजस्य ।
निश्चित्यैवान्यवस्तुन्यणुमिप च रतिं सम्परित्यज्य सन्त,
स्तन्माहात्म्याय सेव्या इति वदति निजान् धार्मिको नीलकंठः ॥

કોઈએ પણ પણ પોતાના વેદમાં કહેલા (વૈદિક) ધર્મનો ત્યાગ ન કરવો અને બ્રહ્મની સાથે પોતાના જીવાત્માને ઐકયની ભાવના કરીને અને ભગવાન સિવાય અન્ય વસ્તુને વિષે અલ્પ પણ પ્રીતિનો ત્યાગ કરીને પછી શ્વેત અને ઘાટું તેજ જેમનું છે એવા દિવ્યાકૃતિ વાસુદેવ ભગવાનની ભક્તિ કરવી અને તેમનું (ધર્મ, વૈરાગ્ય, ભક્તિ અને ભગવાનનું) માહાત્મ્ય જાણવા માટે સંતોની સેવા કરવી એમ ધર્મપુત્ર ભગવાન શ્રીનીલકંઠ પોતાના ભક્તોને ઉપદેશ કરે છે. (૧)

## જનમંગલ સ્તોત્ર

નમો નમઃ શ્રીહરયે બુદ્ધિદાયદયાવતે ।
ભક્તિધર્માઙગજાતાય ભક્તકલ્પદ્રુમાય ચ ॥૧॥
સુગંધપુષ્પહારાદ્યૈર્વિવિદ્યૈ રૂપહારકેઃ ।
સંપૂજીતાય ભક્તૌઘૈઃ સિતામ્બરધરાય ચ ॥૨॥
નામ્નામષ્ટોત્તરશતં ચતુર્વર્ગમભીપ્સતામ્ ।
સદ્યઃ ફલપ્રદાં નૃણાં તસ્ય વક્ષ્યામિ સત્યતેઃ ॥૩॥
અસ્ય શ્રી જનમંગલાખ્યસ્ય શ્રીહર્યષ્ટોત્તરશત. નામસ્તોત્રમંત્રસ્ય

શતાનંદ ઋષિઃ। અનુષ્ટુપ છન્દઃ ધર્મનન્દનઃ શ્રીહરિર્દેવતા। ધાર્મિક ઈતિ બીજમ્ । બહદ્ વ્રતધર ઈતિ શક્તિઃ । ભક્તિનંદન ઈતિ કીલકમ્ । ચતુર્વર્ગસિદ્ધ્યર્થે જપે વિનિયોગઃ ।

ધાર્મિક સ્તોત્ર

વર્ણિવેષરમણીયદર્શનં મંદહાસરૂચિરાનનામ્બુજમ્ ।
પૂજિતસુરનરોત્તમૈર્મુદાધર્મનંદનમહંવિચિન્તયે ॥૪॥
શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો નરનારાયણઃ પ્રભુઃ ।
ભક્તિધર્માત્મજોऽજન્મા કૃષ્ણોનારાયણોહરિઃ ॥૫॥
હરિકૃષ્ણો ઘનશ્યામો ધાર્મિકો ભક્તિનન્દનઃ ।
બૃહદ્વ્રતધરઃ શુદ્ધો રાધાકૃષ્ણેષ્ટદૈવતઃ ॥૬॥
મરુત્સુતપ્રિયઃ કાલી ભૈરવાદ્યતિભીષણઃ ।
જિતેન્દ્રિયો જિતાહાર સ્તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ॥૭॥
યોગેશ્વરો યોગકલા પ્રવૃત્તિરતિધૈર્યવાન્ ।
જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃત્તૈર્થિકાર્ચિતઃ ॥૮॥
ક્ષમાનિધિઃ સદોન્નિદ્રો ધ્યાનનિષ્ઠસ્તપઃ પ્રિયઃ ।
સિદ્ધેશ્વરઃ સ્વતન્ત્રશ્ચ બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ॥૯॥
પાષંડોચ્છેદનપટુઃ સ્વસ્વરૂપાચલસ્થિતિઃ ।
પ્રશાન્તમૂર્તિર્નિર્દોષઃऽ સુરગુર્વાદિમોહનઃ ॥૧૦॥
અતિકારુણ્યનયન ઉદ્ધવાધ્વપ્રવર્ત્તકઃ ।
મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપ્રપૂજકઃ ॥૧૧॥
અહિંસાયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ।
સ્વામિનારાયણ સ્વામી કાલદોષનિવારકઃ ॥૧૨॥
સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃ સમાધિસ્થિતિકારકઃ ।
કૃષ્ણાર્ચાસ્થાપનકરઃ કોલદ્વિટ્ કલિતારકઃ ॥૧૩॥
પ્રકાશરુપો નિર્દમ્ભઃ સર્વજીવહિતાવહઃ ।
ભક્તિસમ્પોષકો વાગ્મી ચતુર્વર્ગફલપ્રદઃ ॥૧૪॥
નિર્મત્સરો ભક્તવર્મા બુદ્ધિદાતાऽતિપાવનઃ ।
અબુદ્ધિહૃદ્બ્રહ્મધામ દર્શકઃશ્ચાપરાજિતઃ ॥૧૫॥

આસમુદ્રાન્તસતકીર્તિઃ શ્રિતસંસૃતિમોચનઃ ।
ઉદારઃ સહજાનન્દઃ સાધ્વીધર્મપ્રવર્તકઃ ॥૧૬॥
કન્દર્પદર્પદલનો વૈષ્ણવક્રતુ કારકઃ ।
પંચાયતનસન્માનો નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥૧૭॥
પ્રગલ્ભો નિઃસ્પૃહઃ સત્ય પ્રતિજ્ઞોભક્તવત્સલઃ ।
અરોષણો દીર્ઘદર્શી ષડૂર્મિવિજયક્ષમઃ ॥૧૮॥
નિરહંકૃતિરદ્રોહઃ ઋજુઃ સર્વોપકારકઃ ।
નિયામકશ્ચોપશમ સ્થિતિર્વિનયવાન્ ગુરુઃ ॥૧૯॥
અજાતવૈરી નિર્લોભો મહાપુરુષ આત્મદઃ ।
અખંડિતાર્ષમર્યાદો વ્યાસસિદ્ધાન્તબોધકઃ ॥૨૦॥
મનોનિગ્રહયુક્તિજ્ઞો યમદૂતવિમોચકઃ ।
પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ॥૨૧॥
સદાચારપ્રિયતરઃ પુણ્યશ્રવણકીર્તનઃ ।
સર્વમંગલસદ્રૂપ નાનાગુણવિચેષ્ટિતઃ ॥૨૨॥
ઈત્યેતત્પરમં સ્તોત્રં જનમંગલસંજ્ઞિતમ્ ।
યઃ પઠેત્તેન પઠિતં ભવેદ્વૈ સર્વમંગલમ્ ॥૨૩॥
યઃ પઠેચ્છૃણુયાદ્ભકત્યા ત્રિકાલં શ્રાવયેચ્ચ વા ।
એતત્તસ્ય તુ પાપાનિ નશ્યેયુઃ કિલ સર્વશઃ ॥૨૪॥
એતત્સંસેવમાનાનાં પુરુષાર્થચતુષ્ટયે ।
દુર્લભં નાસ્તિ કિમપિ હરિકૃષ્ણપ્રસાદતઃ ॥૨૫॥
ભૂતપ્રેતપિશાચાનાં ડાકિનીબ્રહ્મરક્ષસામ્ ।
યોગિનીનાં તથા બાલ ગ્રહાદીનામુપદ્રવઃ ॥૨૬॥
અભિચારો રિપુકૃતો રોગશ્ચાન્યોડપ્યુપદ્રવઃ ।
અયુતા વર્તનાદસ્ય નશ્યત્યેવ નસંશયઃ ॥૨૭॥
દશાવૃત્યા પ્રતિદિનમસ્યાભીષ્ટં સુખં ભવેત્ ।
ગૃહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદં તતઃ ॥૨૮॥
ઈતિશ્રીશતાનન્દમુનિ વિરચિતં શ્રી જનમંગલાખ્યં શ્રી
હર્યષ્ટોત્તરશતનામસ્તોત્રં સંપૂર્ણમ્

# શ્રી જનમંગલ નામાવલિ

૧ ૐ શ્રી કૃષ્ણાય નમઃ ।
૨ ૐ શ્રી વાસુદેવાય નમઃ ।
૩ ૐ શ્રી નરનારાયણાય નમઃ ॥
૪ ૐ શ્રી પ્રભવે નમઃ ।
૫ ૐ ભક્તિધર્માત્મજાય નમઃ ।
૬ ૐ અજન્મને નમઃ ।
૭ ૐ કૃષ્ણાય નમઃ ।
૮ ૐ નારાયણાય નમઃ ।
૯ ૐ હરયે નમઃ ।
૧૦ ૐ હરિકૃષ્ણાય નમઃ ।
૧૧ ૐ ઘનશ્યામાય નમઃ ।
૧૨ ૐ ધાર્મિકાય નમઃ ।
૧૩ ૐ ભક્તિનન્દનાય નમઃ ।
૧૪ ૐ બૃહદ્વ્રતધરાય નમઃ ।
૧૫ ૐ શુદ્ધાય નમઃ ।
૧૬ ૐ રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ ।
૧૭ ૐ મરુત્સુતપ્રિયાય નમઃ ।
૧૮ ૐ કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ ।
૧૯ ૐ જીતેન્દ્રિયાય નમઃ ।
૨૦ ૐ જીતાહારાય નમઃ ।
૨૧ ૐ તીવ્રવૈરાગ્યાય નમઃ ।
૨૨ ૐ આસ્તિકાય નમઃ ।
૨૩ ૐ યોગેશ્વરાય નમઃ ।
૨૪ ૐ યોગકલાપ્રવૃત્તયે નમઃ ।
૨૫ ૐ અતિધૈર્યવતેનમઃ ।
૨૬ ૐ જ્ઞાનિને નમઃ ।
૨૭ ૐ પરમહંસાય નમઃ ।
૨૮ ૐ તીર્થકૃતે નમઃ ।
૨૯ ૐ તૈર્થિકાર્ચિતાય નમઃ ।
૩૦ ૐ ક્ષમાનિધયે નમઃ ।
૩૧ ૐ સદોન્નિદ્રાય નમઃ ।
૩૨ ૐ ધ્યાનનિષ્ઠાય નમઃ ।
૩૩ ૐ તપઃ પ્રિયાય નમઃ ।
૩૪ ૐ સિદ્ધેશ્વરાય નમઃ ।
૩૫ ૐ સ્વતન્ત્રાય નમઃ ।
૩૬ ૐ બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ।
૩૭ ૐ પાષંડોચ્છેદનપટવે નમઃ ।
૩૮ ૐ સ્વસ્વરુપાચલસ્થિતયે નમઃ।
૩૯ ૐ પ્રશાન્તમૂર્તયે નમઃ ।
૪૦ ૐ નિર્દોષાય નમઃ ।
૪૧ ૐ અસુર ગુર્વાદિમોહનાય નમઃ ।
૪૨ ૐ અતિકારુણ્યનયનાય નમઃ।
૪૩ ૐ ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ ।
૪૪ ૐ મહાવ્રતાય નમઃ ।
૪૫ ૐ સાધુશીલાય નમઃ ।
૪૬ ૐ સાધુવિપ્રપ્રપૂજકાય નમઃ ।
૪૭ ૐ અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ ।
૪૮ ૐ સાકારબ્રહ્મવર્ણનાય નમઃ ।
૪૯ ૐ સ્વામિનારાયણાય નમઃ ।
૫૦ ૐ સ્વામિને નમઃ ।
૫૧ ૐ કાલદોષનિવારકાય નમઃ ।
૫૨ ૐ સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ ।
૫૩ ૐ સદ્યઃ સમાધિસ્થિતિકારકાય નમઃ ।

૫૪ ॐ કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ।
૫૫ ॐ કૌલદ્વિષે નમઃ ।
૫૬ ॐ કલિતારકાય નમઃ ।
૫૭ ॐ પ્રકાશરુપાય નમઃ ।
૫૮ ॐ નિર્દમ્ભાય નમઃ ।
૫૯ ॐ સર્વજીવહિતાવહાય નમઃ ।
૬૦ ॐ ભક્તિસમ્પોષકાય નમઃ ।
૬૧ ॐ વાગ્મિને નમઃ ।
૬૨ ॐ ચતુર્વર્ગફલપ્રદાય નમઃ ।
૬૩ ॐ નિર્મત્સરાય નમઃ ।
૬૪ ॐ ભક્તવર્મણે નમઃ ।
૬૫ ॐ બુદ્ધિદાત્રે નમઃ ।
૬૬ ॐ અતિપાવનાય નમઃ ।
૬૭ ॐ અબુદ્ધિહૃતે નમઃ ।
૬૮ ॐ બ્રહ્મધામદર્શકાય નમઃ ।
૬૯ ॐ અપરાજીતાય નમઃ ।
૭૦ ॐ આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ।
૭૧ ॐ શ્રિતસંસૃતિમોચનાય નમઃ।
૭૨ ॐ ઉદારાય નમઃ ।
૭૩ ॐ સહજાનન્દાય નમઃ ।
૭૪ ॐ સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ।
૭૫ ॐ કન્દર્પદર્પદલનાય નમઃ ।
૭૬ ॐ વૈષ્ણવક્રતુકારકાય નમઃ ।
૭૭ ॐ પંચાયતનસન્માનાય નમઃ।
૭૮ ॐ નૈષ્ઠિક વ્રત પોષકાય નમઃ।
૭૯ ॐ પ્રગલ્ભાય નમઃ ।
૮૦ ॐ નિઃસ્પૃહાય નમઃ ।
૮૧ ॐ સત્યપ્રતિજ્ઞાય નમઃ ।
૮૨ ॐ ભક્તવત્સલાય નમઃ ।
૮૩ ॐ અરોષણાય નમઃ ।
૮૪ ॐ દીર્ઘદર્શિને નમઃ ।
૮૫ ॐ ષડૂર્મિવિજયક્ષમાય નમઃ।
૮૬ ॐ નિરહંકૃતયે નમઃ ।
૮૭ ॐ અદ્રોહાય નમઃ ।
૮૮ ॐ ઋજવે નમઃ ।
૮૯ ॐ સર્વોપકારકાય નમઃ ।
૯૦ ॐ નિયામકાય નમઃ ।
૯૧ ॐ ઉપશમસ્થિતયે નમઃ ।
૯૨ ॐ વિનયવતે નમઃ ।
૯૩ ॐ ગુરવે નમઃ ।
૯૪ ॐ અજાતવૈરિણે નમઃ ।
૯૫ ॐ નિર્લોભાય નમઃ ।
૯૬ ॐ મહાપુરુષાય નમઃ ।
૯૭ ॐ આત્મદાય નમઃ ।
૯૮ ॐ અખંડિતાર્ષમર્યાદાય નમઃ।
૯૯ ॐ વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ ।
૧૦૦ ॐ મનોનિગ્રહયુકિતજ્ઞાય નમઃ।
૧૦૧ ॐ યમદૂતવિમોચકાય નમઃ ।
૧૦૨ ॐ પૂર્ણકામાય નમઃ ।
૧૦૩ ॐ સત્યવાદિને નમઃ ।
૧૦૪ ॐ ગુણગ્રાહિણે નમઃ ।
૧૦૫ ॐ ગતસ્મયાય નમઃ ।
૧૦૬ ॐ સદાચારપ્રિયતરાય નમઃ।
૧૦૭ ॐ પુણ્યશ્રવણકીર્તનાય નમઃ।
૧૦૮ ॐ સર્વમંગલસદ્રૂપનાનાગુણ વિચેષ્ટિતાય નમઃ।

# સદ્. પ્રેમાનંદ સ્વામીના કીર્તનો

**રાગ : ગરબી-પદ-૧**

પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ;
કાંઈ કહ્યામાં નાવે વાત મારી બેની...પ્રગટ૦ ટેક૦
આજ દીનબંધુ અઢળક ઢળ્યા રે લોલ;
એ તો પુરુષોત્તમ સાક્ષાત મારી બેની...પ્રગટ૦ ૧
એ તો પ્રકૃતિ પુરુષ થકી પર છે રે લોલ;
એ તો અક્ષર તણા આધાર મારી બેની...પ્રગટ૦
એ તો રાધા રમાના વર છે રે લોલ;
એનો નિગમ ન પામે પાર મારી બેની...પ્રગટ૦ ૨
એ તો રાજાધિરાજપણે રાજતા રે લોલ;
એતો ત્રિભુવનપતિ ભગવાન મારી બેની...પ્રગટ૦
એ તો સુરનર મુનિ શિશ છાજતા છે રે લોલ,
મન મોહન રૂપ નિધાન મારી બેની...પ્રગટ૦ ૩
મહા મુક્ત પૂજે જેની પાદુકા રે લોલ
એવા પરમ પુરુષ મહારાજ મારી બેની...પ્રગટ૦
જેને ઘડીયે ન મેલે રમા રાધિકા રે લોલ;
એવા દુર્લભ સુલભ થયા આજ મારી બેની...પ્રગટ૦ ૪
નવ વિગ્રહ ધર્યો કરુણા કરી રે લોલ;
લીધો દ્વિજ કુળે અવતાર મારી બેની...પ્રગટ૦
પ્રેમાનંદનો સ્વામી આજ શ્રી હરિ રે લોલ;
મુક્તિ આપી કરે ભવપાર મારી બેની...પ્રગટ૦ ૫

**પદ-૨**

પ્રભુ પ્રગટ થયા છે તે સમે રે લોલ;
શ્રીકૃષ્ણ કમળ દળ નેણ અવિનાશી...પ્રભુ પ્રગટ૦ ટેક૦
જેને સુરપતિ નરપતિ સૌ નમે રે લોલ;
એવા ધર્મકુંવર સુખદેણ અવિનાશી...પ્રભુ પ્રગટ૦ ૧

જે ગોકુળચંદ નંદ લાડીલો રે લોલ;
તેજ ભક્તિ ધર્મ સુત શ્યામ અવિનાશી...પ્રભુ પ્રગટ૦
તેણે મુક્તિનું દ્વાર ઉઘાડીયું રે લોલ;
નરનારીને દેવા નિજ ધામ અવિનાશી...પ્રભુ પ્રગટ૦ ૨
શુદ્ધ ધર્મ ધરા પર સ્થાપવા રે લોલ;
ઉખાડ્યાં અધર્મનાં મૂળ અવિનાશી...પ્રભુ પ્રગટ૦
નિજ જનને અખંડ સુખ આપવા રે લોલ;
પાવન કરવા ભક્તિ ધર્મ કુળ અવિનાશી...પ્રભુ પ્રગટ૦ ૩
અસંખ્ય જીવ ઉદ્ધારવાને આવીયા રે લોલઃ
બ્રહ્મ મોહોલવાસી હરિરાય અવિનાશી...પ્રભુ પ્રગટ
મોટા મુક્ત મુનિને સાથે લાવીયા રે લોલ;
જેનાં દર્શન કર્યે પાપ જાય અવિનાશી...પ્રભુ પ્રગટ ૪
મોક્ષપતિ કુંવર ભક્તિ ધર્મના રે લોલ;
હરિકૃષ્ણ નારાયણ નામ અવિનાશી...પ્રભુ પ્રગટ૦
વાલો તુરત કાપે છે બંધ કર્મના રે લોલ;
પ્રેમાનંદનો સ્વામી ઘનશ્યામ અવિનાશી...પ્રભુ પ્રગટ૦ ૫

### પદ-૩

જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ;
આજે ધર્મવંશીને દ્વાર નરનારી...જેને૦ ટેક
આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ,
વાલો તુરત ઉતારે ભવપાર નરનારી...જેને૦ ૧
જન્મ મૃત્યુના ભય થકી છૂટવા રે લોલ;
શરણે આવો મુમુક્ષુ જન નરનારી...જેને૦
શીદ જાઓ છો બીજે શિર કૂંટવા રે લોલ;
યાં તો તુરત થાશો પાવન નરનારી...જેને૦ ૨
ભૂંડો શીદને ભટકો છો મત પંથમાં રે લોલ;
આવો સત્સંગ મેલીને મોક્ષરૂપ નરનારી...જેને૦
આણો પ્રેમ પ્રતીતિ સાચા સંતમાં રે લોલ;
થાશે મોક્ષ અતિશે અનુપ નરનારી...જેને૦ ૩

જુઓ આંખ્ય ઉઘાડી વિવેકની રે લોલ;
શીદ કરો ગોળ ખોળ એક પાડ નરનારી...જેને૦
લીધી લાજ બીજા ગુરુ ભેખની રે લોલ;
કામ ક્રોધ વગાડી છે રાડ્ય નરનારી...જેને૦ ૪
એવા અજ્ઞાની ગુરુના વિશ્વાસથી રે લોલ;
જાશો નરકે વગાડતાં ઢોલ નરનારી...જેને૦
વાલો તુરત છોડાવે કાળપાશથી રે લોલ;
પ્રેમાનંદ કહે આપે છે હરિકોલ નરનારી...જેને૦ ૫

પદ-૪

એવા ધર્મકુંવરને જાઉં વારણે રે લોલ;
ભવ બૂડતાં ઝાલી માર બાંય અલબેલે...એવા૦ ટેક૦
બાંય ઝાલીને કાઢી લીધી બારણે રે લોલ;
નહિ તો વઈ જાત ક્યાંય ને ક્યાંય અલબેલ...એવા૦ ૧
વાલે ઘોર કળિમાં કરુણા કરી રે લોલ;
લીધો ધર્મ ઘરે અવતાર અલબેલ...એવા૦ ૨
પોતે અક્ષરપતિ આવ્યા હરિ રે લોલ;
કરવા અધમ તણો ઉદ્ધાર અલબેલ...એવા૦ ૩
વાલે પ્રગટ પ્રતાપ જણાવીયો રે લોલ;
મેટ્યા લખ્યા વિધાતા લેખ અલબેલ...એવા૦ ૪
જીવ જમના તે હાથથી છોડાવીઆ રે લોલ.
મારી કર્મની રેખ પર મેખ અલબેલે...એવા૦ ૫
ચાર વર્ણ ને આશ્રમ ચારના રે લોલ;
સ્થાપ્યો અચળ ધરા પર ધર્મ અલબેલે...એવા૦ ૬
મદ્ય માંસ ચોરી ફેલ જારનાં રે લોલ;
નરનારીનાં મેલાવ્યાં કર્મ અલબેલે...એવા૦ ૭
કીધાં શુદ્ધ અંતર નર નારીનાં રે લોલ;
ધર્મભક્તિ પધરાવ્યાં માંય અલબેલે...એવા૦ ૮
એવાં દિવ્ય ચરિત્ર ગિરધારીનાં રે લોલ;
પ્રેમાનંદ જોઈને વારી જાય અલબેલે...એવા૦ ૯

## રાગ : ગરબી – પદ-૧

સજની શ્રીજી મુજને સાંભર્યા રે, હૈડે હરખ રહ્યો ઉભરાય...સજની૦
નેણે આંસુની ધારા વહે રે, વિરહે મનડું વ્યાકુળ થાય...સજની૦
સુંદર મૂર્તિ શ્રી મહારાજની રે, સુંદર કમળ સરીખાં નેણ...સજની૦
સુંદર કરતાં લટકાં હાથનાં રે, સુંદર અમૃત સરીખાં વેણ...સજની૦
શી કહું શોભા અંગોઅંગ તણી રે, નીરખી લાજે કોટિક કામ...સજની૦
હસતાં હસતાં હેત વધારતા રે, એવા સુખનિધિ શ્રી ઘનશ્યામ...સજની૦
સદા શ્વેતાંબર શ્રીજી ધારતા રે, અંબર જરકસિયા કોઈ વાર...સજની૦
ગુચ્છ કલગી તોરા ખોસતા રે, ગજરા બાજુ ગુલાબી હાર...સજની૦
એ છબી જોવા તલખે આંખડી રે, મધુરાં વચન સાંભળવા કાન..સજની૦
એ હરિ મળવાને હૈયું તપે રે, પ્રેમાનંદના જીવનપ્રાણ...સજની૦

## પદ-૨

મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે, ચિંતવન કરવા ચિત્ત આતુર...મનડું૦
તરુણ મનોહર મૂર્તિ નાથની રે, રાજીવ લોચન જોબનપુર...મનડું૦
સોળે ચિહ્ન સહિત અતિ શોભતી રે, સુંદર ચરણકમળની જોડ...મનડું૦
હળવી રહીને હેતે ચાંપતી રે, ક્યારે હવે પૂરશે મનના કોડ...મનડું૦
પિંડી જાનું નિત્યે નીરખતી રે, રૂડા સાથળ ચિહ્ન સહિત...મનડું૦
શ્યામકટિ જોઈ જાદવરાયની રે, નિત્ય નિત્ય નૌતમ ઊપજે પ્રીત...મનડું૦
ઊંડી નાભિ કમળ સરીખડી રે, ત્રિવળી નીરખી ઉદરમાંય...મનડું૦
છાતી ઊપડતી અતિઓપતી રે, હવે ક્યારે ભુજગ્રહી બાથ ભરાય...મનડું૦
મુખની શોભા જોઈ મહારાજની રે, લાજે પંકજ પૂરણચંદ...મનડું૦
નાસા નેણ ભ્રૂહ જોઈ ભાલને રે, જાય બલિહારી પ્રેમાનંદ...મનડું૦

## પદ-૩

સજની નિમખ ન વીસરે નાથજી રે, નિત્ય નવા તરુણપણાના ખેલ...સજની૦
આ ઓસરીએ આવી બેસતા રે, આ ઢોલીડે નટવર છેલ...સજની૦
આ તકિયો તે વાંસે મેલતા રે, આ માળા ફેરવતા શ્યામ...સજની૦
ગાતા ગોઠીડાના સાથમાં રે, ઘેરે સાદે પૂરણકામ...સજની૦
આ મોજડિયું વાલો પેરતા રે, આ છડી લેતા કરવરમાંય...સજની૦

આ પાદુકા પહેરી આવતા રે, મારે મંદિર મુનિના રાય...સજની૦
આ ફળિયામાં ઘોડી ફેરવતા રે, માણકી મતવાલી મહારાજ...સજની૦
સંતની સભા કરી આંહી બેસતા રે, શ્રીહરિ સુરનર મુનિ શિરતાજ...સજની૦
કીર્તન મુનિવરને ગવરાવતા રે, ભેળા ગાતા સહજાનંદ...સજની૦
એવા ધર્મકુંવર હરિ ઉપરે રે, તન મન વારી પ્રેમાનંદ...સજની૦

### પદ-૪

લટકાં લટકાળા ઘનશ્યામનાં રે, ખટકે ઊંડા અંતરમાંય...લટકાં૦
પ્રીત કરી મુજને બોલાવતા રે, તે સંભારી બહુ દુઃખ થાય...લટકાં૦
આ સજ્યા તે શ્રી મહારાજની રે, આ બાજોઠે બેસતા લાલ...લટકા૦
આ ઠેકાણે ના'તા નટવરજી રે, લુતા અંગ કર લઈ રૂમાલ...લટકાં૦
આ ઠેકાણે જમવા બેસતા રે, જમતા વિધિવિધનાં પકવાન...લટકાં૦
સુંદર શાક કરી વંતાકનાં રે, જમીને દેતા પ્રસાદી કાન...લટકાં૦
આ ખળખળીએ ના'તા નાથજી રે, નાહીને હરિજન મુનિ લઈ સાથ...લટકાં૦
આવતા માણેકચોકમાં મલપતા રે, પુરજન થાતાં જોઈ સનાથ...લટકાં૦
વાલો બેસતા જઈ ફૂલબાગમાં રે, પેરતા ગજરા ગુલાબી હાર...લટકાં૦
જેમજેમ સાંભરે તેમ થાય વેદના રે, પ્રેમાનંદના પ્રાણ આધાર...લટકાં૦

### રાગ : ઠુંમરી

ક્યારે હવે દેખું રે હરિ હસતા, મારા મંદિરિયામાં વસતા; ક્યારે...ટેક૦
ઝરકસીયા જામા પે'રીને, ગૂઢો રેંટો કટિ કસતા...ક્યારે૦ ૧
ફૂલડામાં ગરકાવ થઈને, અત્તરમાં મસમસતા...ક્યારે૦ ૨
મુનિવર સારુ રસોઈ કરાવીને, પંગતમાં પીરસતા...ક્યારે૦ ૩
પ્રેમાનંદ આગે ગાવે ત્યારે, આવે ઓરા ઓરા ખસતા...ક્યારે૦ ૪

### રાગ : રેખતા — પદ-૧

આશકો દિયારી વે, માશુક ન જાના ભૂલી...આશકો૦
સૂન સાંવરે સાહેબા મહોબત હમારી વે,
ખાવંદ ખુશી હોય રખના દિલમેં વિચારી વે...માશુક૦
એક આશરા હૈ તેરા, કહું કયા પુકારી વે;
પરવરદિગાર દિલકી, તુમ જાનતા સારી વે...માશુક૦

સુરત લગી કદમોંસે, ન ટરેગી ટારી વે;
પ્રેમાનંદ કે' પ્યારે હમકો, લેના સંભારી વે...માશુક૦

### પદ-૨

દીખલા દિદાર પ્યારા, મહેબુબ હમારા...દીખલા૦
માશુક જરા જ દેના, નેનોકા નજારા;
ઈતનેમેં તો હોવેગા, આશકુંદ ગુઝારા...દીખલા૦
કુરબાન કિયા તેરે નામ પર, ઘરબાર સંસારા;
ફકીરી લેકે ફીરતા હું કરનેકું દિદારા...દીખલા૦
તકસીર માફ કરના, સૂન સરજનહારા;
પ્રેમાનંદકું મુલાકાત દેના, નંદ દુલારા...દીખલા૦

### રાગ : ગરબી – પદ-૧

ધર્મકુંવર ઘનશ્યામજી, મારા પ્રાણતણા આધાર...જોઈને જીવું છું૦ ટેક.
તન મન ધન તમ ઉપરે, લઈ વારું વાર હજાર...જોઈને જીવું છું૦ ૧
સુંદર મૂરતિ મોહની, મારા મનમાં ખૂંતી રાજ... જોઈને જીવું છું૦
તમ વિના મને કહાનજી, બીજું કાંઈ નવ સૂઝે કાજ...જોઈને જીવું છું૦ ૨
પાંપણ પર આંટો દઈ, તમે બાંધી પાઘ અનૂપ;... જોઈને જીવું છું૦
કોટિક કંદર્પ વારણે, લઈ વારું એવું રૂપ...જોઈને જીવું છું૦ ૩
ભાલ તિલક શોભે ઘણું, જાણે ભ્રૂકુટી કામ કબાણ;...જોઈને જીવું છું૦
કમળનયન કટાક્ષમાં, મારા તાણી લ્યો છો પ્રાણ...જોઈને જીવું છં૦ ૪
મધુર મધુર હસવું જોઈને, મને વાધે પ્રેમ અપાર;...જોઈને જીવું છું;
ત્રિભુવનમાં એવી કોણ છે, જે વશ નવ થાયે નાર...જોઈને જીવું છું૦ ૫
વામકરણમાં શ્યામ છે, તીલ નીરખ્યા જેવો નીત;...જોઈને જીવું છું૦
તીલ જોઈ જમણા ગાલમાં, વાધે પ્રેમાનંદને પ્રીત....જોઈને જીવું છું૦ ૬

### પદ-૨

શી કહું શોભા અંગની, જોઈ લોચનીયાં લોભાય;...ચિત્તડું ચોરે છે- ટેક.
નીરખી નાસા કીરને, મારા ભવના પાતક જાય...ચિત્તડું ચોરે છે૦ ૧
અધર પ્રવાળાની ઉપમા, જાણે કુંદકળી સમદાંત;...ચિત્તડું ચોરે છે૦
ચિબુકતણી શોભા ઘણી, કંબુ કંઠ જોયાની ખાંત...ચિત્તડું ચોરે છે૦ ૨

વક્ષસ્થલ વ્હાલું ઘણું, મને મળવા વાધે પ્રીત;...ચિત્તડું ચોરે છે૦
અજાનબાહુ ઉરધરી, આવો મળીયે મોહન મીત...ચિત્તડું ચોરે છે૦ ૩
ઉદરમાં ત્રિવળી પડે, ઊંડી નાભિ નૌતમ જોઈ;...ચિત્તડું ચોરે છે૦
શ્યામકટી સોહ્યામણી, ઉરુમાંહી રહ્યું મન મોઈ....ચિત્તડું ચોરે છે૦ ૪
જાનુ જુગલ છબી જોઈને, મારો સુફળ થયો અવતાર;...ચિત્તડું ચોરે છે૦
પિંડી પાની નીરખતાં, મારો દૂર થયો સંસાર,...ચિત્તડું ચોરે છે૦ ૫
સોળે ચિહ્ને જુક્ત છે, એ જુગલ ચરણની જોડ;...ચિત્તડું ચોરે છે૦
અખંડ રહો આવી ઉરમાં, પૂરો પ્રેમાનંદના કોડ....ચિત્તડું ચોરે છે૦ ૬

## પદ-૩

નવલ સનેહી નાથજી, રૂપાળા રાજીવનેણ;...વહાલા લાગો છો૦ ટેક.
હસતા હસતા હેતમાં, બોલો છો મીઠાં વેણ...વહાલા લાગો છો૦ ૧
આંખડલી અમૃત ભરી, કાંઈ કરુણા કહી નવ જાય;...વહાલા લાગો છો૦
ચિત્ત ચોરાણું ચાલમાં, મરકલડે મન લોભાય...વહાલા લાગો છો૦ ૨
આતુરતા નથી અંગમાં, દીસે છે શીલ સ્વભાવ;...વહાલા લાગો છો૦
પ્રેમતણો પ્રવાહ વહે, નેણામાં નટવર નાવ....વહાલા લાગો છો૦ ૩
ભુધર ભાવિક ભાવના, નથી અરથા અરથી શ્યામ;...વહાલા લાગો છો૦
પરમારથને કારણે, પધાર્યા પૂરણકામ...વહાલા લાગો છો૦ ૪
દીન ઉપર દયા કરી, તમે દુર્લભ દર્શન દેવ;...વહાલા લાગો છો૦
કલ્પતરુ છો કહાનજી, જાણે મોટા મુનિવર ભેવ....વહાલા લાગો છો૦ ૫
કરુણાનીધિ કરુણા કરી, છોગાળા રંગછેલ;...વહાલા લાગો છો૦
પ્રેમાનંદ કહે અખંડ રહો, આંખડલીમાં અલબેલ...વહાલા લાગો છો૦ ૬

## પદ-૪

ધર્મકુંવર શ્રીકૃષ્ણજી, તમે ભક્તપતિ ભગવાન;...એ વર માગું છું૦ ટેક.
દયાનિધિ તમે દાસને, નિત્ય આપો છો એ દાન....એ વર માગું છું૦ ૧
નિર્વિકલ્પ ઉત્તમ અતિ, એવો નિશ્ચે થાય તમારો;...એ વર માગું છું૦
અલબેલા તમ આગળે, હું અરજ કરું એ સારું....એ વર માગું છું૦ ૨
મહાત્મજ્ઞાને સહિત હરિ, એવી એકાંતિકી ભક્તિ;...એ વર માગું છું૦
પ્રીત રહે તવ ચરણમાં, બીજે રહે સદા વીરક્તિ...એ વર માગું છું૦ ૩
હુંમાં તમારું ભકતપણું, હરિ એમાં કોઈ પ્રકાર...એ વર માગું છું૦

દોષ ન રહે કોઈ જાતનો, એ આપો ધર્મકુમાર...એ વર માગું છું૦ ૪
તમારા કોઈ ભક્તનો, મારે દ્રોહ ક્યારે નવ થાય;...એ વર માગું છું૦
સંગ એકાંતિક ભક્તનો, મને નિત્ય આપો મુનિરાય...એ વર માગું છું૦ ૫
દાસ તમારા દાસનો, મને રાખો નાથ હજૂર;...એ વર માગું છું૦
પ્રેમાનંદની વિનતિ, સાંભળજો શ્યામ જરૂર...એ વર માગું છું૦ ૬

**રાગ : પરજ – પદ-૧**

નેણામાં રાખું રે નેણામાં રાખું રે, નાથજીને જતન કરીને રે મારા નેણા.
શિવ સનકાદિક શુક જેવા યોગી, હાંરે જેની વાટું જુએ છે લાખું રે.
છેલ છબીલાની મૂરતિ ઉપર, હાંરે મારા પ્રાણ વારી વારી નાખું રે.
નેણે નીરખી હરિને ઉરમાં ઉતારું હાંરે એના ગુણલાં નિશદિન ભાખું રે
પ્રેમાનંદ કહે હરિરસ અમૃત, હાંરે હું તો પ્રેમે કરીને નિત્ય ચાખું રે.

**પદ-૨**

અળગા ન મેલું રે અળગા ન મેલું રે, નાથ તમને આંખડલીથી...ટેક.
મનમોહન તારી મુરતિ જોઈને, હારે મારું મનડું થયું છે ઘેલું રે...૧
લોક કુટુંબ પરિવાર તજીને, હાંરે મેં તો તમ સંગ બાંધ્યું છે બેલું રે...૨
પ્રાણજીવન તમ પાસે રહ્યાનું, હાંરે મને વચન દીધું છે વહેલું રે...૩
પ્રેમાનંદ કહે જોઈ જોઈ જીવું, હાંરે તારું મોળીડું રંગનું ભરેલું રે...૪

**પદ-૩**

નહિ દઉં જાવા રે નહિ દઉં જાવા રે, નાથ તમને આંખડલીથી રે...ટે૦
જીવની પેઠે હું તો જાળવીને રાખીશ, હાંરે એક લગારે ન દઉં દુઃખાવા રે...૧
મનગમતાં રે ભોજન રાંધી જમાડીશ, હાંરે લાવું સાકર નાખી દૂધ પાવા રે...૨
શ્વેત અંબર અતિ ઝીણા રે લાવું, હાંરે મારા પ્રાણ તમને પહેરાવા રે...૩
જાવાનું રે તમે નામ લીયો તો, હાંરે પ્રેમાનંદના સમ છે માવા રે...૪

**પદ-૪**

આવાને આવા રે આવાને આવા રે, રહેજો મારી આંખડલીમાં રે...ટેક.
આવાને આવા મારા નાથ બિરાજો, હાં રે મારા તનના તાપ બુઝાવા રે...૧
ડોલરના નિત્ય હાર પહેરાવું, હાંરે રૂડા તોરા લાવું લટકાવા રે...૨
અમૃત વેણે સુકોમળ નેણે, હાંરે અતિ અમૃત ઝડી વરસાવા રે...૩
પ્રેમાનંદ કહે નાથજી આગે, હાંરે રહું હાજર નિશદિન ગાવા રે...૪

### રાગ : ગરબી – પદ-૧

હું તો જાઈશ ગિરધર જોવા રે, મા મુને વારીશ માં;
મારા ઉરમાં છબીલાજીને પ્રોવા રે, મેણલે મારીશ માં...મા મુને૦ ટેક.
જાઈશ જોવા હું તો નંદજીનો લાલો,
હાંરે મુને પરમ સ્નેહી લાગે વ્હાલો રે...મા મુને૦ ૧
છેલ છબીલો વ્હાલો કુંજનો વિહારી,
હાંરે એ તો જીવનદોરી છે મારી રે...મા મુને૦ ૨
વારીશ માંરે તુને કહું છું રે વહેલું,
હાંરે હું તો માથું જાતાં નવ મેલું રે...મા મુને૦ ૩
પ્રેમાનંદના સ્વામીને સારુ,
હાંરે કુરબાન કર્યું છે જીવતર મારું રે...મા મુને૦ ૪

### પદ-૨

હાંરે મેં તો જોયા ચતુર નંદલાલ રે, ઊભા ઓસરીએ;
હાંરે કર્યા તિલક કેસર કેરાં ભાલ રે, સુંદરવર હરિએ...ઊભા૦ ટેક૦
શ્વેત પાઘ શીશ ઉપર શોભે,
હાંરે જોઈ છોગલિયાં ચિત્ત લોભે રે...ઊભા૦ ૧
શ્વેત હાર પહેર્યા ઉરપર કાજું,
હાંરે બાંધ્યા શ્વેત ફૂલોના બાજુ રે...ઊભા૦ ૨
શ્વેતાંબર સર્વે અંગે બિરાજે,
હાંરે જોઈ કોટિક કામછબી લાજે રે...ઊભા૦ ૩
પ્રેમાનંદ કહે પલવટ વાળી,
હાંરે ચડ્યા ઘોડલડે વનમાળી રે...ઊભા૦ ૪

### પદ-૩

વહાલો ઘોડલાં ખેલાવે ઘનશ્યામ રે, બાઈ મારે આંગણીએ;
મારાં ચિત્તડાં ચોરે છે સુખધામ રે, આંખડલીની અણીએ...બા૦ ટે.
ઘોડલાં ફેરે ને વહાલો મુજસામું હેરે,
હાંરે મુને ન્યાલ કીધી છે આણી ફેરે રે...બાઈ૦ ૧

ચપળ તુરંગ અતિ વેગે ફરે છે,
હાંરે એ તો ગરૂડનો ગર્વ હરે છે રે...બાઈ૦ ૨
સુર નર મુનિજન નીરખે છે પ્રીતે,
હાંરે જાણે ચિત્ર આલેખ્યાં છે ભીંતે રે...બાઈ૦ ૩
રૂડો લાગે છે ખભે ફરકે છે પટકો,
હાંરે રીજ્યો પ્રેમાનંદ જોઈ લટકો રે...બાઈ૦ ૪

**પદ-૪**

હાંરે સખી નહાવા પધાર્યા મહારાજ રે, જીવન જમુનામેં;
સાથે લીધો છે સર્વે સમાજ રે, વ્રજને વિસામે...જીવન૦ ટેક૦
હળવાને હળવા વહાલો હાલે બજારે,
હાંરે ઊભા નગરવાસી પ્રાણ વારે રે...જીવન૦ ૧
છત્ર ચમર શિર ઉપર રાજે,
હાંરે આગે અગણિત વાજાં વાગે રે...જીવન૦ ૨
ઊતર્યા ગોવિંદ જમુનામાં ન્હાવા,
હાંરે આવ્યા સુરમુનિ પુષ્પે વધાવારે...જીવન૦ ૩
ગિરધર નહાયે ને ગોપીયો ગાયે,
હાંરે જોઈ પ્રેમાનંદ વારી જાય રે...જીવન૦ ૪

**રાગ : ખમાચ – પદ-૧**

રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે...રૂડા૦ ટેક૦
જરકસીયો જામો હરિ પહેરી, માથે બાંધી પાઘ સોનેરી
ગૂઢો રેંટો ઓઢી મન લલચાવતારે...રૂડા૦ ૧
હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે;
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે...રૂડા૦ ૨
કનક છડી સુંદર કર લઈને, ગજગતિ ચાલો હળવા રહીને;
ચિત્તડું ચોરો છો મીઠું મીઠું ગાવતા રે...રૂડા૦ ૩
પ્રેમાનંદના નાથ વિહારી, જાઉં તારા વદનકમળ પર વારી;
હેતે શું બોલાવી તાપ સમાવતારે...રૂડા૦ ૪

### પદ-૨

વ્હાલી લાગે છે વરણાગી તારી વાંકડી રે...વ્હાલી૦ ટેક૦
લલિત ત્રિભંગી સુદંર શોભે, સુરનર મુનિના મનને લોભે;
ચાલો ચાલ ચટકતી પહેરી ચાખડી રે...વ્હાલી૦ ૧
સુંદર હસિત વદનની વાણી, સુણતાં વ્રજવનિતા લલચાણી;
જોઈને મોહી અણિયાળી ચંચળ આંખડી રે..વ્હાલી૦ ૨
નવલ મનોહર સુંદર છેલા, ઓરા આવોને અલબેલા;
મળીયે મોહન બાંધી બાંહ્યો રાખડી રે...વ્હાલી૦ ૩
શ્રીઘનશ્યામ છબીના ધામ, પ્રેમાનંદ ભજે આઠો જામ;
જોયાની લાગી છે નિશદિન ધાખડી રે...વ્હાલી૦ ૪

### પદ-૩

તારી બાનકની બલિહારી મારા નાથજી રે...તારી૦ ટેક૦
સુંદર રૂપ કહ્યામાં નાવે, શેષ સહસ્ત્રમુખ પાર ન પાવે;
કોટિક કામ લજાઈ જોડે હાથજીરે...તારી૦ ૧
મોહ્યું મન મુખને મરકલડે, ગીરધરજી ગમીયા છો દિલડે;
ક્ષણું ન મેલે સાગરતનયા સાથજીરે...તારી૦ ૨
રૂપ શીલ ગુણ રસના સાગર, તરૂણ કીશોર સદા નટનાગર;
વ્રજવનિતાના પ્રાણજીવન સુખપાથજીરે...તારી૦ ૩
કરુણારસમય જોવું હસવું, કરુણા કરી જનઉરમાં વસવું;
પ્રેમાનંદ નિત્ય ગાયે ગુણગાથજીરે...તારી૦ ૪

### પદ-૪

વારે વારે જાઉ વહાલાજી તારે વારણે રે..... વારે૦ ટેક૦
આદિ પુરૂષ ઈશ્વર અવતારી, કરૂણા રસમય મૂર્તિધારીટ
પતિતપાવન પ્રગટ્યા આજ અમ કારણે રે.... વારે૦ ૧
નરનારી અગણિત અથડાતાં, ભવસાગરમાં ડુબકાં ખાતા,
બળવંત બાંહ્ય ગ્રહીને કાઢ્યાં બારણે રે.... વારે૦ ૨
અધમ ઉધારણ ધામના ધામી, બિરૂદ તમારું સદાયે સ્વામી,
કીધું સત્ય કળીમાં બહુજન તારણે રે.... વારે૦ ૩

મળીયા પુરૂષોત્તમ એમ જાણી, અચળ આશરો ઉરમાં આણી,
પ્રેમાનંદ ઠરીને બેઠો ઠારણે રે.... વારે૦ ૪

### રાગ : પરજ – પદ-૧

સોનેરી મોળીયું સુંદર સોનેરી મોળીયું, (૨) ધર્મકુવરનું;
મોતીડે મોળીયું સુંદર મોતીડે મોળીયું, (૨) રસિક સુંદરનું...૧
ભાલ વિશાળમાં સુદર ભાલ વિશાળ માં, (૨) તિલક કેસરનું;
ભ્રૂકુટી સુંદર જાણીએ ભ્રૂકુટી સુંદર રે, (૨) ઘર મધુકરનું...૨
કરણે કુંડલિયાં કાજુ કરણે કુંડલિયાં, (૨) જડિયલ મોતીએ;
ગોળ કપોળમાં રૂડા ગોળ કપોળમાં, (૨) ઝળળળ જ્યોતિએ...૩
નેણાં રંગીલાં લાલ નેણાં રંગીલા રે, (૨) કમળની પાંખડી;
પ્રેમાનંદ નીરખી છબી પ્રેમાનંદ નીરખી, (૨) ઠરી છે આંખડી...૪

### રાગ : મહાડ

પધારોને સહજાનંદજી હો, ગુના કરીને માફ...ટેક
પ્રણામ છે ધર્મતાતને, ભક્તિમાતને પ્રણામ;
પ્રણામ છે જેષ્ઠ ભ્રાતને, ઈચ્છારામને પ્રણામ હો...ગુના૦ ૧
પતિ મેલ્યા પિયુતમ કારણે, મેલી કુળ મરજાદ;
માતપિતા મૂક્યા છે સ્વામી, એક તમારે કાજ હો...ગુના૦ ૨
ગરુડ તજીને પાળા પધાર્યા, ગજસારુ મહારાજ;
એ રીતે તમે આવો દયાળુ, કરવા અમારા કાજ હો...ગુના૦ ૩
અમ જેવા તમને ઘણા, પણ તમો અમારે એક;
પ્રેમસખી વિનતી કરે છે, રાખો અમારી ટેક હો...ગુના૦ ૪

### રાગ : મહાડ

મારા કેસરભીના કહાન રે, ઊભા ગંગાજીને તીર...ટેક૦
ઉન્મત્ત ગંગા સોહામણીરે, ઉન્મત વહેછે નીર;
ઘણું નાહ્યા ઘનશ્યામજી, જળમાંય બળવીર રે...ઊભા૦ ૧
ખળખળીઓ ખળકે ઘણું રે, ઘેલો ગુણ ગંભીર;
જેની ઉપમા નવ જડેરે, ક્યાંથી મતિ રહે સ્થીર રે..ઊભા૦ ૨

પૂર્વદિશામાં પાણી વહે છે, સુવર્ણકેરી રેલ;
પાપ પુંજ દેખી ડરે રે, દાઝે દુષ્ટ હૃદીયાના હીર રે...ઊભા૦ ૩
સહજાનંદ સ્નાન કરીને, પહેર્યાં વસ્ત્ર અમૂલ્ય;
પ્રેમસખી કહે ન્યાલ કરી, નાવે તેની તુલ્ય રે...ઊભા૦ ૪

**રાગ : મહાડ – પદ-૧**

માણકીએ ચડ્યા રે મોહન વનમાળી, શોભે રૂડી કરમાં લગામ રૂપાળી.
માણીગર સૌને કહે છે થાઓ તૈયાર, મુનિ વરણી પદાતી ને અસવાર.
વ્રતપુરી જાવા કર્યો નિરધાર...માણકીએ૦ ૧
કેસર બેરી બોદલીને ફૂલમાળ, તાજણ તીખી વાંગળીનો ઘણો તાલ;
શોભે ઘણા વ્હાલા લાગે છે મરાળ...માણકીએ૦ ૨
પ્રેમી ભક્ત વિનતી કરે દોડી દોડી, લોહચમક તુલ્ય વૃત્તિ મુરતિમાં જોડી;
નથી જાતી દરબારમાંથી ઘોડી...માણકીએ૦ ૩
આજ્ઞા આપો અમે જાઈએ વ્રતપુરી, જાઓ પ્રભુ રામનવમી નથી દૂરી;
સેવક દાસ પ્રેમાનંદ હજૂરી...માણકીએ૦ ૪

**પદ-૨**

વાલમજી વહેલા વળજો ગઢપુર, વ્રતપુરી નથી દેશાંતર દુર...વાલ૦
માણકીનો વેગ દેખ્યો સુણ્યો કોઈ, આકાશેથી તારો ખર્યો જાણ્યું જોઈ;
ગરુડ લાજ લોપી માણકીએ સોઈ...વાલમજી૦ ૧
મનવેગે ગાંફ જઈ રહ્યા રાત, સીંજીવાડે સ્વામી ગયા પરભાત;
હાં હાં કરતાં વડતાલમાં ગઈ વાત...વાલમજી૦ ૨
વ્રતપુરી હાલ કિલોલ આનંદ, સામઈયે ચાલો આવ્યા જગવંદ;
ભલે ભલે સ્વામી તમે સહજાનંદ...વાલમજી૦ ૩
વાજાં વાગે આવ્યા નારાયણ સ્વામી, સભા મધ્યે શોભે હેલી બહુનામી;
પ્રેમાનંદ કહે અક્ષરધામના ધામી...વાલમજી૦ ૪

**પદ-૩**

ડોલરિયો જમવા ઊઠ્યા રંગરેલ, માણીગર અળવ ભર્યો અલબેલ...ડો૦
જમ્યા વ્હાલો સંતને પીરસવા આવ્યા, મોતીચુર થાળ ભરીને મગાવ્યા,
પાંચવાર ફર્યા સંતોને હરાવ્યા...ડોલરિયો૦ ૧

પોઢ્યા વહાલો બંગલે જઈને સુખકારી, જાગ્યા સાંજે સભા કરી બહુ સારી;
ધન્ય ધન્ય બે આંબા અઘહારી...ડોલરિયો૦ ૨
જુગલ કુંડ રંગના કરાવેલ તાલ, ત્યાં તો શોભે ઉર્વી ઘણી રે વિશાળ;
આવ્યા સંત ઘણા ઘણા સાયંકાળ...ડોલરિયો૦ ૩
દર્શન બહુ આપ્યાં તમે સુખધામ, ઘોડે ચડી સંઘમાં ફર્યા ઘનશ્યામ;
પ્રેમાનંદ કહે બંગલે ગયા ભગવાન...ડોલરિયો૦ ૪

**પદ-૪**

સવારે ગોમતી ગયા ભગવાન, રટે ત્રણ લોક નારાયણ નામ...સવારે૦
આજ રામનવમી જનનો હિલોળ, સત્સંગી સર્વે કરે છે કિલોલ;
ગાન તાન ઉત્સવ ઝાંઝ ઝકોળ...સવારે૦ ૧
આવ્યા હેલી મંદિરમાં મતવાલો, સંતસભા મધ્યે શોભે ધર્મલાલો;
સત્સંગી પૂજા કરવાને ચાલો...સવારે૦ ૨
પૂજા કરી આરતી ભકત ઉતારે, સંતસભા મૂર્તિને અંતરમાં ધારે;
રઢિયાળો લટકાં કરીને રિઝાવે...સવારે૦ ૩
દસ દિવસ જમી જમાડી સિધાવ્યા, વ્રતપુરીવાસી ગઢપુરે આવ્યા;
પ્રેમાનંદ કહે મોંઘે મોતીડે વધાવ્યા...સવારે૦ ૪

**રાગ : જંગલો ખ્યાલ – પદ-૧**

ગોવિંદા થારા ગજરા દેખ ભૂલ ગઈ કજરા...ગોવિંદા૦
ભૂલ ગઈ કજરા ઓરા અંગભૂષણ, નાથ થાને નીરખ્યા ભરી નજરા...ગોવિંદા૦
ગજરામેં ગુલતાન હોઈ છું, દેખી થારા બાજુબંધ ભજરા...ગોવિંદા૦
હાર તો હજારી થારો ગુચ્છ ગુલાબી, તોરા થારી પાઘમાંહી અજરા...ગોવિંદા૦
શામળિયા સરદાર છો મારા, પ્રેમાનંદ કરે થાને મજરા...ગોવિંદા૦

**રાગ : દાદરા – પદ-૧**

પિયા મેરા પ્યારા મોહન મતવાલા...પિયા૦
મોહનલાલકી મોહની મૂરતિ, ચંચળ નેન વિશાલા...પિયા૦
ચાલ ચલત કલહંસકી સુંદર, કર ગ્રહી રેશમી રૂમાલા...પિયા૦
હસત હસત આવત મન ભાવત, ગાવત તાન દેત તાલા...પિયા૦
પ્રેમાનંદકા નાથ મનોહર, ગોપીવર ગોપાલા...પિયા૦

### રાગ : ધોળ – પદ-૧

મહારાજ આજ વડતાલથી આવશે;
સંગે લાવશે સંતસમાજ, મોહનવર પધારશે...૧
જયા કહે લલિતાને વાતડી,
આવ્યો કાગળ દિવસ વીત્યા સાત, વાંચીને ઠરી છાતડી...૨
અક્ષર કાગળમાં ઉત્તમ ભૂપના;
કાગળ અવધિ પૂરી થઈ આજ, દર્શન સુખરૂપનાં...૩
સાત દિવસે મહારાજ સંત આવશે
લખ્યા વડતાલથી સમાચાર જરૂર પધારશે...૪
આવી માણકી દાદાના દરબારમાં
નીરખી સહજાનંદ ભગવાન શોભે અસવારમાં...૫
પ્રેમાનંદ કહે ગઢપુરવાસી આવિયા,
લાવ્યા ભેટ સામગ્રી ને હાર વહાલાને પહેરાવિયા...૬

### રાગ : ગરબી - પદ-૧

શોભા શી કહું રે રૂડી, વરણન કરતાં જાય ચિત્ત બૂડી;
હરિવર જોયા રે રંગમાં, મોહી હું તો રસિયાજીના અંગમાં...૧
ઉદર અનુપમ રે નીરખી, ઉપમા પીપળપાનના સરખી;
ત્રિવળી સુંદર રે શોભા જોઈ જોઈ ચિત્તડાં મારાં લોભે...૨
નાભિ ઊંડી રે રૂપાળી, બ્રહ્મા બેસે ત્યાં આસન વાળી;
કટિલંક જોઈને રે મનમાં, મૃગપતિ લાજી રહ્યો મહાવનમાં...૩
હરિએ ઉપવીત રે ધારી, મુનિના મનને આનંદકારી;
નીરખી આનંદ રે પામી, આવા રૂડા પ્રેમસખીના સ્વામી...૪

### પદ-૨

હરિને નીરખ્યા રે નેણે, વહાલાને વરણવું સુંદર વેણે;
શ્યામ શરીર રે શોભે, અજાન બાહુ ચિત્તડાં લોભે...૧
મૂર્તિ ઊંચી રે વખાણું, સવાચોસઠ તસુ પરમાણુ;
સુંદર શોભે રે શરીરે, પીત પટ પહેર્યાં છે બળવીરે...૨

ઘેરે સાદે રે ગાજે, સાંભળી મેઘનગારાં લાજે;
હસતા આવે રે પાસે, કેસર સરખો સુગંધ શ્વાસે...૩
કૌતૂહલના રે ભરિયા, જોગકળાના પૂરણ દરિયા;
બ્રહ્મવિદ્યાના રે સ્વામી, આવા રૂડા પ્રેમસખી વર પામી...૪

**પદ-૩**

રંગનો ભીનો રે જોઈ, હરિનાં જુગલ ચરણ પર મોહી;
સાથળ રૂડા રે, કેવા નીરખી મનમાં રાખ્યા જેવા...૧
ગોળ છે જાડા રે સ્વરૂપે, ઉપમા કદળી થંભની ઓપે;
શોભિત શોભા રે ધામ, વ્રજવનિતાના પૂરણકામ...૨
સુંદર શોભે રે જાનુ, નીરખી ધન્ય ભાગ્ય કરી માનું;
જંઘા જુગલને રે નીરખી, ચંદન ચરચી મનમાં હરખી...૩
ઘૂંટી અનુપમ રે પાની, નીરખી મનમાં રાખું છાની;
એ પદ ઉરમાં રે ધારી, પૂજી પ્રેમસખી બલિહારી...૪

**પદ-૪**

ચરણ હરિનાં રે શોભે, જોઈ જોઈ મુનિમન-મધુકર લોભે;
છબી અલૌકિક રે ન્યારી, સોળે ચિહ્ન તણી બલિહારી...૧
મચ્છ તે મહાસુખ રે આપે, ત્રિકોણ ગોપદ દુઃખડાં કાપે;
કળશ ધનુષને રે ધારે, વ્યોમ તે તાપ હૈયાના ઠારે...૨
અર્ધ ચંદ્ર ઊગ્યો રે ભારી, સ્વસ્તિક અષ્ટકોણ મંગલકારી;
જવ ને જાંબુ રે વિરાજે, વજ્ર ધ્વજ અંકુશ અતિ છાજે...૩
અંબુજ શોભા રે સારી, લાગે ઊર્ધ્વરેખા અતિ પ્યારી;
શુક જેવા જોગી રે વિચારે, નિત્ય ઊઠી પ્રેમસખી ઉર ધારે...૪

**પદ-૫**

એ ચરણના રે ભોગી, શિવ સનકાદિક શુક જેવા જોગી;
મનમાં વિચારે રે પ્રીતે, તેણે કરી કામાદિક રિપુ જીતે...૧
ધ્યાનમાં નખમણિ રે દેખે, ઝીણી આંગળિયુંની રેખે;
જોઈ ચિહ્ન જમણે રે અંગૂઠે, બીજે નવ રાચે ભામે જૂઠે...૨

ઋષિગણ પૂજે રે આનંદે, ભવ બ્રહ્માદિક નિત્ય ઊઠી વંદે;
શેષ સંભારે રે મનમાં, પૂજે ગોવાળ વૃંદાવનમાં...૩
કુચને કુમકુમ રે સમારી, ઉર પર રાખે વ્રજની નારી;
ઉપનિષદનો રે સાર, પ્રેમસખી કરી રાખે ઉર હાર...૪

પદ-૬

સુંદર શોભે રે રસિયો, વહાલો મારા હૃદયકમળમાં વસિયો;
રૂપ અલૌકિક રે જોઈ, ઉપમા તોલે નાવે કોઈ...૧
નિત ઊઠી નારદ રે ગાવે, શેષ સહસ્રમુખ પાર ન પાવે;
શ્રી નારાયણ રે સ્વામી, તો એ જોઈને આનંદ પામી...૨
નખશિખ શોભા રે વખાણી, સુફળ કરું છું મારી વાણી;
અંગોઅંગને રે ગાઉં, હવે હું પાછી ભવમાં ના'વું...૩
હવે હું તો થઈ છું રે માતી, હરિના ગુણસાગરમાં ના'તી;
વહાલે મને ઝાલી રે હાથે, રસિયે પ્રેમસખીને નાથે...૪

રાગ : ભૈરવી-કવિત પદ-૧

પરીસી પીછોરી તાપર ઓઢે પીરી સાલ જોરી,
પીરી પાઘ વામ ભાગ ઢરક રહી ઢીલીસી...પીરી૦ ટેક૦
પે'રે પીરો સુરવાલ હાથમેં રૂમાલ પીરો,
ચટક ચટક ચલત પે'રે પાદુકા છબીલીસી...પીરી૦ ૧
પીરો ચંદનલેપ અંગ પે'રે હાર પીરે રંગ,
લિયે હાથ છરી પીરે રંગસું રંગીલીસી;
નિરખી છબી વ્રજચંદ વારત પ્રાન પ્રેમાનંદ,
હસત મંદ મંદ શ્યામ મૂરત રસીલીસી...પીરી૦ ૨

પદ-૨

બને આજ લાલ લાલ ઓઢત દુશાલ લાલ,
થરક રહી લાલ પાઘ ઢરક વામ ભાલસું...બને૦ ટેક૦
અંગમેં અંગરખી લાલ પે'રે લાલ સુરવાલ,
બાંધે કટી કસી લાલ રેશમી રૂમાલસું...બને૦ ૧
ચરન લાલ નખ લાલ પે'રી હેં પનૈયા લાલ,

ચલત હે દયાલ રાજ હંસગતિ ચાલસું;
લોચન વિશાળ લાલ અંધર પ્રવાલ દેખી,
પ્રેમાનંદ ભયો નિહાલ મિલ મિલ ગોપાલસું...બને૦ ૨

**પદ-૩**

હરે હરે રંગકે ભૂષન બસન પે'રે,
હરિ શાલ જોરી ઓરી હર્યો મેરે ચિત્તકું...હરે૦ ટેક૦
હર્યો બાગો હરિ પાઘ હર્યો પીતાંબર કંઠી,
હરે નંગ જડિત હાર પે'રી જોરે પ્રીતકું...હરે૦ ૧
હરે રંગ નંગ અંગદ કંકન કર;
હરિ મોજરી ચરન પે'રી આવત ઈતકું;
હર્યો બાજ હર્યો ચઢે તાપર મહારાજ,
પ્રેમાનંદ થકિત ભયો લખી મોહન મીતકું...હરે૦ ૨

**પદ-૪**

બાંધે શ્વેત પાઘ બંકી મોહન સુછિય રહી,
તાપર શ્વેત ફૂલનકો છાય રહ્યો સેહરા...બાંધે૦ ટેક૦
શ્વેત સૂક્ષ્મ બાગો પે'રે શ્વેત દુપટ્ટો ધરે,
શ્વેત હાર ગજરા પે'રે શામરો સનેહરા...બાંધે૦ ૧
શ્વેત હે પલંગ ગાદી બેઠે તાપર શ્યામસિદ્ધ,
શ્વેત તન તેજઉંતે છાય રહ્યો ગેહસ;
શ્વેત સભા મધ્ય બેઠે કરત હે વિનોદ હાસ,
પ્રેમાનંદ કહે બરસત બચનામૃત મેહરા...બાંધે૦ ૨

**રાગ : ખમાચ પદ - ૧**

મન વસિયોરે મારે મન વસિયો, વ્રજરાજ કુંવર મારે મન વસિયો, મન૦ ટેક
છેલ છોગાળો વહાલો અતિ મરમાળો, રંગભીનો રસનો રસિયો રે. વ્રજ૦ ૧
હળવે શું વહાલો હેત કરીને, મુજ સામું જોઈને હસિયો રે. વ્રજ૦ ૨
કસુંબલ પાઘ કેશરનો ભીનો, પીતાંબર કમરે કસીયો રે. વ્રજ૦ ૩
પ્રેમાનંદનો નાથ છબીલો, સોળ કળા પૂરણ શશિયો રે. વ્રજ૦ ૪

### રાગ : ગરબી પદ - ૧

(તારી બાનકી બલહારી રે, લાલજી લટકાળા એ રાગ).

સખિ ચાલો જઈએ વરતાલ રે, રણછોડરાય જોવા;
આજ મુગટ ધર્યો છે નંદલાલ રે, રણછોડરાય જોવા. ટેક. ૧
સખિ આજ પુનમનો દન રે, રણ૦ વાલો જઈએ જોવા જીવન રે. રણ૦ ૨
પહેર્યા જરકસી જામા શ્યામ રે, રણ૦ ધર્યો મુગટ વાલે છબીધામ રે. રણ૦ ૩
જોઈ કેસર તિલક વાધે પ્યારે રે, રણ૦ કાને કુંડળ મકરાકાર રે. રણ૦ ૪
પહેર્યા આભૂષણ અતિસાર રે, રણ૦ જાય પ્રેમાનંદ બલિહાર રે. રણ૦ ૫

### પદ - ૨

આજ પુનમ સપરમો દિન રે, ચાલ સખિ વરતાલે;
મારે મોહન જોયાનું મન રે, ચાલ સખિ વરતાલે. ટેક ૧
જોઈએ રણછોડરાય રંગ છેલ રે, ચાલ૦ વાલો છોગાંવાળો અલબેલ રે. ચા૦ ૨
એ નેણાંતણું ફળ જાણ રે, ચાલ૦ કહે શાસ્ત્ર વેદ પુરાણ રે. ચા૦ ૩
જોઈએ નેણાં ભરી મહારાજ રે, ચાલ૦ થાય અવતાર લેખે આજ રે. ચા૦ ૪
થાય જનમ મરણ દુઃખ દૂર રે, ચાલ૦ પ્રેમાનંદ જોઈ શોભા સુર રે. ચા૦ ૫

### પદ - ૩

ચાલો પુનમે પુનમે જોવા રે, રસિયો વરતાલે;
ચાલો જનમ મરણ દુઃખ ખોવા રે, રસિયો વરતાલે. ટેક. ૧
હરિ મુખ જોઈ મુક્તિ થાય રે, રસિ૦ દુઃખ અનેક જનમનાં જાય રે. ૨.૨
પુરે મનના સરવે કોડ રે, રસિ૦ વરતાલે શ્રીરણછોડ રે ૨.૩
ધરે મુગટ પુનમે શ્યામ રે, રસિ૦ આવે સુરમુનિ જોવા તજી ધામ રે. ૨.૪
થાયે મગન જોઈ સુખકંદ રે, રસિ૦ બલહારી પ્રેમાનંદ રે. ૨.૫

### પદ - ૪

ધન્ય પુનમિયાં નરનાર્ય રે, આવે વરતાલે;
એના પુણ્યતણો નહિ પાર રે, આવે વરતાલે. ટેક. ૧
એક ડગલે જગનફળ થાય રે, આવે૦ એનાં જનમ મરણ દુઃખ જાયરે. આ. ૨
થાયે સુતવિત્ત સુખ જાયે રોગ રે, આવે૦ પામે મનવાંછિત બહુ ભોગરે. આ. ૩

જે નિર્વાસનિક હરિજન રે, આવે૦ એનું પ્રભુપદ ચોટે મન રે. આ. ૪
હરિજન સહુ સમઝિ એમ રે, આવે૦ પ્રેમાનંદ કે' ન ત્યાગવાં નેમ રે. આ. ૫

**પદ - ૧**

વળી વખાણું શાકોત્સવ લીલા કરી;
નયણે નિરખ્યા કરતા સુંદર શાક જો. વળી૦ ટેક.
દ્વાદશ મણ એકાક્ષર તો વઘારમાં;
જોવા આવ્યા શિવ બ્રહ્મા તજી નાક જો. વળી૦ ૧
ચીરીઓ ચાર સુધારીનો વંતાકની;
મેલે મોટા ભાંડમાંહી ભગવાન જો.
લવણ મસાલો હલદી મરચાં માવજી;
નિજ હાથે લઈ નાખે કૃપાનિધાન જો. વળી૦ ૨
હલદીવાળા હાથ લુવે નીજ ધોતીએ;
શોભે સુંદર પીળે પટ પરિબ્રહ્મ જો.
અક્ષરપર પુરુષોત્તમજીએ નરવપુ ધર્યું;
જાણે મોટા મુનિ એકાંતિક મર્મ જો. વળી૦ ૩
શું વર્ણવું એ શાકતણા સવાદને;
રમા રાધિકા તે ડોલાવે શીશ જો.
ભવ બ્રહ્મા સુરને તો સ્વપ્ને નવ મળે;
પ્રેમાનંદને પીરસે નિત્ય જગદીશ જો. વળી૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

આવો તો ગોઠડી કીજે, ગોવિંદ ઘેર આવો તો ગોઠડી કીજે,
મુખડું જોઈને સુખ લીજે, ગોવિંદ ઘેર આવો તો ગોઠડી કીજે. ટેક૦
ઘેર આવો તો કહો તેમ કીજે રે, તન મન તમને દીજે. ગોવિંદ૦ ૧
અંગો તે અંગ આલિંગન લઈને રે, પ્રેમ અધરરસ પીજે. ગોવિંદ૦ ૨
રંગભીના વ્હાલા તારા રંગમાં રે, મન મારૂં અતિ ભીંજે. ગોવિંદ૦ ૩
છેલછબીલા તારાં છોગલાં જોઈને રે, પ્રેમસખી ઘણી રીઝે. ગોવિંદ૦ ૪

### પદ-૨

આવોને મંદિર મારે, સુંદરવર આવોને મંદિર મારે,
મોહી છું લટકે તારે, સુંદરવર આવોને મંદિર મારે૦ ટેક.
લટકામાં લાલચ ઘણી લાગી રે, જોઈ જોઈ વહાલ વધારે. સુંદર૦ ૧
મન માન્યું મુખને મરકલડે રે, નેણે તે કામણગારે. સુંદર૦ ૨
વાતલડી વહાલી ઘણી લાગે રે, સુણતાં દલડું ઠારે. સુંદર૦ ૩
અલબેલા આવો મંદિરીએ રે, પ્રેમસખી પ્રાણ વારે. સુંદર૦ ૪

### પદ-૩

ગુણવંતા ગિરિધારી, આવોને ઓરા ગુણવંતા ગિરિધારી
જાઉં તારા મુખપર વારી, આવોને ઓરા ગુણવંતા ગિરિધારી.
મન મોહનજી મૂરતી તમારી રે, લાગે છે મને અતિ પ્યારી. આવોને૦ ૧
અલબેલા આંખલડીમાં રાખું રે, સુંદરવર સુખકારી. આવોને૦ ૨
પ્રાણજીવન છો પ્રાણથી વહાલા રે, જીવનદોરી છો મારી. આવોને૦ ૩
પ્રેમસખી કહે પ્રાણ વધાવું રે, લાડકડા લાલ વિહારી. આવોને૦ ૪

### પદ-૪

મૂર્તિ મારે મનમાની, મોહન તારી મૂર્તિ મારે મનમાની,
રાખું નેણામાં છાની, મોહન તારી મૂર્તિ મારે મનમાની.
છાની રાખું કોઈને નવ દાખું રે, રસીયા છેલ ગુમાની. મોહન૦ ૧
નટનાગર હરિરૂપ ઉજાગર રે, સુંદરવર સુખખાની. મોહન૦ ૨
મુખમંદહાસ અધર બિંબ રાતા રે, રેખા ઉઠે છે નાની નાની. મોહન૦ ૩
પ્રેમસખી એ શોભા નીરખી રે, રાત દિવસ દિવાની. મોહન૦ ૪

### રાગ : ગરબી પદ-૧

ધર્મકુંવર હરિકૃષ્ણની રે, મૂરતિ મારે મનમાની,
જીવન જોયા લાગ છે રે-ટેક૦
તરુણ મનોહર મૂરતિ રે, રેખા ઉઠે નાની નાની-જીવન૦ ૧
મસ્તક મુગટ જડાવનો રે, કુંડલ મકરાકાર-જીવન૦ ૨
કેસર તિલક લલાટમાં રે, જોઈ જોઈ વાધે પ્યાર-જીવન૦ ૩
ઉરમાં અનુપમ ઊતરી રે, કંચન કેરી અનુપ-જીવન૦ ૪

રતને જડિત બાજુ બાંધિયા રે, સુર નર મુનિને ભૂપ-જીવન૦ ૫
વેઢ વીંટિયું કડાં સાંકળાં રે, શોભે છે કરવર માંય-જીવન૦ ૬
પ્રેમાનંદ છબી ઉપરે રે, તન મન ધન બલજાય-જીવન૦ ૭

**પદ-૨**

મદન મનોહર મૂરતિ રે, રાજહંસ ગતિ ચાલ,
નીરખી નેણાં ઠરે રે-ટેક૦
જરકસી જામા પહેરિયા રે, સોનેરી સુરવાલ-નીરખી૦ ૧
કનક રેંટો કમરે કશ્યો રે, કરમાં રેશમી રૂમાલ-નીરખી૦ ૨
કનક હિંડોળે હીંચતા રે, શોભે છે ધર્મનો લાલ-નીરખી૦ ૩
પુરુષોત્તમ પરિબ્રહ્મને રે, જોવા મળ્યું સર્વ જકત-નીરખી૦ ૪
નારી નરનો પાર નહિ રે, લાખો મુનિ હરિભક્ત-નીરખી૦ ૫
વ્રતપુરીના ચોકમાં રે, જાદવરાય જોવાય-નીરખી૦ ૬
ઘોડલાની ઘૂંમરમાં જોઈ રે, પ્રેમાનંદ વારી જાય-નીરખી૦ ૭

**પદ-૩**

નવીન આંબાનું જોડલું રે, તે વચ્ચે અતિ અભિરામ,
હિંડોળો હેમનો રે-ટેક૦
બાંધ્યો બેઉ આંબા ડાળમાં રે, સુંદર શોભા ધામ-હિંડોળો૦ ૧
રમણિક હિંડોળા તણી રે, શોભા કહી નવ જાય-હિંડોળો૦ ૨
શોભા ત્રિભુવનરાયની રે, ઊગી ઉઠી હરખાય-હિંડોળો૦ ૩
હિંડોળામાં શ્રીહરિ રે, શોભે છે સૂર્ય સમાન-હિંડોળો૦ ૪
કરે લીલા ભાત ભાતની રે, પુરુષોત્તમ ભગવાન-હિંડોળો૦ ૫
જોઈ મૂરતિ મહારાજની રે, લોચન તૃપ્ત ન થાય-હિંડોળો૦ ૬
પ્રેમાનંદ હરિ ઉપરે રે, તન મન પ્રાણ વારી જાય-હિંડોળો૦ ૭

**પદ-૪**

કનક છડી લઈ કરમાં રે, ઊભા હિંડોળે નાથ,
ધર્મસુત લાડીલો રે-ટેક૦
મુનિવર હરિજન ઊભલા રે, ચારે પાસે જોડી હાથ-ધર્મ૦ ૧

કેશર ચંદન કંકુ લઈને રે, સરસ કુસુમના હાર-ધર્મ૦ ૨
અગર ધૂપ દીપ આરતી રે, ઉતારે કરી પ્યાર-ધર્મ૦ ૩
હાર પે'રાવે હેતમાં રે, હરિજન ઊભા અપાર-ધર્મ૦ ૪
કર ચરણે કરી કેટલા રે, લે છે ધર્મકુમાર-ધર્મ૦ ૫
કેટલાક લે છડીએ કરી રે, હાર હરિ ઘનશ્યામ-ધર્મ૦ ૬
પ્રેમાનંદ ગાયે નીરખી રે, નિર્ગુણના ગુણ ગ્રામ-ધર્મ૦ ૭

**રાગ : ઠુમરી પદ-૧**

પ્યારે તોરી મોરી પ્રીત ન છૂટે રે-પ્યારે. ટેક૦
લગી પ્રીત તોસું શ્યામસુંદર જૈસે, હીરો ફોર્યો ન ફૂટે રે-પ્યારે૦ ૧
સમજી વિચારી પ્યારે તોસું જોરી, કાહુંકી તોરાઈ ન તૂટે રે-પ્યારે૦ ૨
જોરી પ્રીત જાની સાચે સનેહી, ઓર સનેહી સબ જૂઠે રે-પ્યારે૦ ૩
પ્રેમાનંદકે પ્યારે અબ ના છોડું, છોને જગત સિર કૂટે રે-પ્યારે૦ ૪

**પદ-૨**

તોરી મોરી લગની લાગી રે, લાલા- તોરી. ટેક૦
લાગી લગન તોસે જીવન જૈસે, સોના મિલત સોહાગી રે-લાલા૦ ૧
લગન લગત મેરો સુફલ જન્મ ભયો, દુર્મતિ સબ દૂર ભાગી રે-લાલા૦ ૨
શ્યામ મિલત સબ કાજ સુધરી ગયો, બાત બની ગઈ આગી રે-લાલા૦ ૩
પ્રેમાનંદકે નાથ અખંડ રહો દ્રગ, યહી દેહો મોજ માગી રે-લાલા૦ ૪

**પદ-૩**

તોસું મોરે મનવા માન્યો રે પ્યારે-તોસું. ટેક૦
મન કર્મ વચ બસ ભઈ હું તિહારે, અંતર રંચ ન આન્યો રે-પ્યારે ૦ ૧
પરમ સત્ય એક શ્યામ સુંદર તુમ, ઓર સ્વપ્ન સમ જાન્યો રે-પ્યારે ૦ ૨
મન માન્યો મોહન તુમ ચરને, સબ જગસુ પછતાન્યો રે-પ્યારે ૦ ૩
પ્રેમાનંદ કે નાથ અબ ના છોડું, ચરને ચિત અટકાન્યો રે-પ્યારે ૦ ૪

**પદ-૪**

તોરા મોરા જીયરા એક રે પ્યારે-તોરા. ટેક૦
તુમ જ્યું રહત મોરે જીયમેં, જૈસે કાચમેં કંચન રેખ રે-પ્યારે ૦ ૧
તુમ તો પ્યારે મોરે જીયકે જીવન, સબ વિધિ સુખદાયક રે-પ્યારે ૦ ૨

તુમ મેરે સ્વામી મેં ચેરી ચરનકી, યહી અચળ મેરી ટેક રે-પ્યારે ૦ ૩
પ્રેમાનંદકે નાથ ચરન તેં, દૂર ન રહુંગી મેં નેક રે-પ્યારે ૦ ૪

### રાગ : ઠૂમરી પદ-૧

તેરે દ્વારે પડ્યો ગુન ગાઉં રે, ધર્મકુંવર ઘનશ્યામ નાથ; તેરે. ટેક.
અધમઓધાર શરણાગતપાલક, નાથ રટું તેરો નાઉં રે ધર્મ. ૧
અખિલલોકપતિ પરમપુરુષ તુમ, તુમકું ગાઈ રિઝાવુ રે;
તુમ બીના તુમ મોયે ઓર ન દૈયો, યેહી મોજ મેં પાઉં રે. ધર્મ. ૨
કરો ક્ષમા અપરાધ નાથ મેરો, શ્યામ તેરી બલજાઉં રે;
યેહી બીનય મેરો કરુનાસાગર, ઓર કછુ નહી ચાઉં રે. ધર્મ. ૩
નિત્ય નિત્ય નીરખું વદન કમળછબી, ઉરમહીં આનંદ વટાઉં રે;
પ્રેમાનંદ યેહી વર માંગત, દાસ રાવરો કહાઉં રે. ધર્મ. ૪

### રાગ : જંગલો પદ-૧

લાગે તેરે નેના મોયે, સાંવરા ગુમાની, લાગે ટેક.
હસત આયકે કહાન, મારે મોયે નેન બાન,
ભલા વે બેદરદી મોરી પીરઉં ન જાની. લાગે. ૧
લાગે તીખે નેના શ્યામ, ભૂલી મેંતો ધન ધામ,
જપું તેરા નામ મેંતો ભઈહું દીવાની. લાગે. ૨
કેપી કરું કીત જાઉં, કલ ન પરત કાઉં,
સહી ના સકું વે મેંતો દરસકી હાનિ. લાગે. ૩
પ્રેમાનંદ કહે પ્યારે, કરી રાખું દ્રગ તારે,
સંગઉ ચલુંગી તેરે તજી કુલ કાની. લાગે. ૪

### રાગ : ગરબી પદ-૧

મોહન મૂરતિ તારી રે, વાલી લાગે છે-ટેક૦
મોહન મૂરતિ તારી, નીમખ ન મેલું ન્યારી રે-વાલી૦
સુંદરવર અતિ શોભો છો સારા, ઉરપર હાર હજારી રે-વાલી૦ ૧
પાંપણ ઉપર શોભી રહી છે, પાઘડલી ઘણી સારી રે-વાલી૦ ૨
છેલછબીલા તારાં છોગલાં જોઈને, મોહી છે પાડોશણ મારી રે-વાલી૦ ૩
પ્રેમસખી કહે નાથજી તમને, રાખું રૂદામાં ધારી રે-વાલી૦ ૪

### પદ-૨

મોહી પાઘડલીને છેડે રે ગિરધરજી-ટેક૦
મોહી પાઘડલીને છેડે, મનડું ફરે તમ કેડે રે-ગિર૦
નણદી મારી સાન કરે છે, મોહન મળવાને તેડે રે-ગિર૦ ૧
સાસુ સસરો ગામ ગયાં છે, આવો અગાશીને મેડે રે-ગિર૦ ૨
ભુજ ભરીને ભેટો દુઃખડાં મેટો, વરસો વાલા રંગરેડે રે-ગિર૦ ૩
પ્રેમસખી કહે પ્રીતે વધાવું, નાથજી નવલ સનેહડે રે-ગિર૦ ૩

### પદ-૩

નંદને છેલ ગુમાની, રે મન મોહ્યું-ટેક૦
નંદને છેલ ગુમાની, મોહની નાખી છાની રે-મન૦
જોઉં ત્યારે મને જંપ થાય છે, દીઠા વિના દીવાની રે-મન૦ ૧
વારે તો વસમું બહુ લાગે, જોતાં રૂપનિધાની રે-મન૦ ૨
સાસુ કહે શામળિયાને જોતાં, ઘેલી થઈ વહુ નાની રે-મન૦ ૩
પ્રેમસખી કહે પ્રાણજીવન પર, તન મન ધન કુરબાની રે-મન૦ ૪

### પદ-૪

મોહી છું મોહન લટકે, રે લટકાળા-ટેક૦
મોહન મોહી છું લટકે, પીતાંબરને પટકે રે-લટ૦
જરકસી પાઘ કેસરિયો જામો, ચોળ કસુંબી ચટકે રે-લટ૦ ૧
કેસર તિલક કપુરની માળા, મોહી છું મુખને ચટકે મટકે રે-લટ૦ ૨
છોગાળા તારાં છોગલાં ઉપર, ભ્રમર થઈને મન ભટકે રે-લટ૦ ૩
પ્રેમસખી કહે શોભા જોઈને, જનમ ખોયો નવ ખટકે રે-લટ૦ ૪

### રાગ : ગરબી પદ-૧

મને મળ્યા સહજાંદ સ્વામી, સચ્ચિદાનંદ અંતરજામી. ૧
હું તો થઈ છું હવે સત્સંગી, મારે પ્રભુ સાથે પ્રીત અભંગી. ૨
મારા સર્વે તે કારજ સીધાં. વર્તમાન સ્વામીજીનાં લીધા. ૩
મારે માથે છે સ્વામીની છાપ, સર્વે પુરૂષ કીધા માઈબાપ. ૪
દુરિજનીયાંને વેણે ન દાઝું, સ્વામિનારાયણ કહેતાં ન લાજુ. ૫
હું તો બેઠી છું હરિવર ધારી, પ્રેમાનંદના સ્વામી પર વારી. ૬

પદ-૨

મારે સ્વામિનારાયણ ભજવા, દુરીજનીઆના સંગ તે તજવા. ૧
મેં તો મેલ્યો સંસારીયો માડી, જોવા સ્વામિનારાયણ દાડી. ૨
મુને સ્વામિનારાયણ ભાવે, લોક સ્વામીની કહીને બોલાવે. ૩
વાટે ઘાટેને જાતાં ને વળતાં, સ્વામિનારાયણ શ્રવણે સાંભળતાં. ૪
મુખે સ્વામિનારાયણ ગાવું, લોકલાજ થકી ન લજાવું. ૫
પ્રેમસખી કહે સ્વામીને સારૂં, કુરબાન કર્યું શીર મારૂં. ૬

રાગ : ગરબી પદ-૧

સખી આજ મોહન દીઠા રે, શેરીએ આવતા રે,
મોરલીમાં ગીત મધુરાં રે, ચાલ્યા આવે ગાવતા રે. ૧
આવે વહાલો હસતા ને રમતા રે, ગોવાળાના સાથમાં રે,
ઉછાળતા આવે મોહન રે, ફુલદડો હાથમાં રે. ૨
રંગડાનો રાતો માતો રે, ચાલ્યો આવે શોખમાં રે,
રસિયો જોવાને કાજે રે, ઊભી છું ગોખમાં રે. ૩
મોહનજીનું મુખડું જોયું રે, ઘુંઘટની ઓટમાં રે,
જોઈને ઘાયલ થઈ છું રે, નેણાં કેરી ચોટમાં રે. ૪
હૈયાપર હાર ઝળકે રે, રહ્યું મન મોહીને રે,
બહેની પ્રેમસખીના નાથને રે, રહું છું જોઈને રે. ૫

પદ-૧

તમારી મૂર્તિ વિના મારા નાથ રે, બીજું મને આપશો માં. ટેક
હુંતો એજ માગું છુ જોડી હાથ રે, બીજું૦ ૧
આપો તમારા જનનો સંગરે, બીજું૦ મારા જીવમાં એજ ઉમંગ રે. બીજુ૦ ૨
મારા ઉરમાં કરો નિવાસ રે, બીજું૦ મને રાખો રસિયા તમ પાસ રે. બીજુ૦ ૩
એજ અરજી દયા નિધિ દેવ રે, બીજુ૦ આપો ચરણ કમલની સેવ રે., બીજુ૦ ૪
કરો ઈતર વાસના દૂર રે, બીજુ૦ રાખો પ્રેમાનંદને હજૂર રે. બીજુ૦ ૫

પદ-૧

લટકાળા લેરી પધારો લાલ લટકાળા લેરી, પધારો૦ ટેક
શેર વળાવીને સજ્જ કરાવી, ફુલડાં મેલ્યાં વેરી. પધારો૦ ૧

પ્રીત કરી જગજીવન જામા, જરકસીયા પેરી. પધારો૦ ૨
પાલખીયે બેસીને પધારો, હરિ મારી શેરી. પધારો૦ ૩
વાજા વાગે આગે ઓછવ થાયે, ઝાલરયું ઝણણેરી. પધારો૦ ૪
ઉભી વધાવા થાળ ભરીને, ગજ મોતી કેરી. પધારો૦ ૫
પ્રેમાનંદ આનંદ અતિશે, સુંદર મુખે હેરી. પધારો૦ ૬

**પદ-૧**

તેરી સાવરી સુરત છટાદાર (૨), મન હરે પ્રાન હરે, તેરી૦ ટેક
ચલત મેરોરે હસી ચીત ચોરે, હાંરે બસ કર લીની સબ બ્રજનાર. મન૦ ૧
શિર જરકસી ચીરા પેહેરે પટ પીરા, હાંરે તેરે ઉર બીચે મોતિયુંદા હાર. મન૦ ૨
નંદકે સલોના જાને કછુ ટોના, હરિ મેરો મન બસ કીનો મોરે યાર. મન૦ ૩
પ્રેમાનંદ હરિકૃષ્ણ છબી તેરી, હરિ નીત રાખત ઉર બીચ ધાર. મન૦ ૪

**પદ-૧**

મનોહર મૂર્તિ તારી,
મૂર્તિ તારી લાગે છે પ્યારી, હૈડા કેરા હાર હો પ્યારા મનો૦ ટેક
આંખલડીથી અળગા ન મેલુ, નેણતણા શણગાર,
તમપર તન મન જીવન મારું, વારું વાર હજાર હો પ્યારા મનો૦ ૧
રાજીવ લોચન રાજી રહો, મુજ ઉપર પ્રાણ આધાર,
બીજું કાંઈ ન માગું મારા, શામળિયા સરદાર હો પ્યારા મનો૦ ૨
દામ વિનાની દાસી તમારી, રાખો રાજ હજૂર,
પ્રેમાનંદની વિનંતિ વાલમ, સાંભળો શ્યામ જરૂર હો પ્યારા મનો૦ ૩

**રાગ-સામેરી પદ-૧**

ઓરા આવોને સુંદર શ્યામ આંખડલિયામાં રાખુ રે,
કેદી કઠણ વચન સુખધામ કહી નવ દાખુ રે, આં૦ ટેક
એ સુખ સંપત તમે શામળા મારે જીવન પ્રાણ આધાર,
જનમ સંગાથી જાદવા મારા નેણ તણા શણગાર. આ૦ ૧
એ બેસો તો પાથરુ પામરી રે હીંડો તો મુંકુ હાથ,
ક્ષણુએ ન મેલુ વેગલા મારા નવલ સનેહી નાથ. આં૦ ૨
એ અણદીઠે થાઉ આંધળી રે દીઠે જોબનપુર,
પ્રેમાનંદના પ્રાણથી હવે રહી નવ શંકુ દૂર. આં૦ ૩

**પદ-૧**

મારે લગની લાગી છે ઘનશ્યામની જીહો, નહી રે ડરુ લોક લાજથી,
હારે મારે રટના લાગી છે એના નામની જીહો, નિર્ભે થઈ
હું તો આજથી. નહી૦ ૧
હારે મારા પ્રાણના જીવન ઘનશ્યામજી, હારે મારે સુખ
સંપત એનું નામ છે જીહો. નહી૦ ૨
હારે મારે એક આશ છે ઘનશ્યામની, હારે હુંતો માળા
જપું છું એના નામની જીહો. નહી૦ ૩
હારે મારે સરવસ શ્રી ઘનશ્યામ છે, હારે મારે એ વિના
બીજું હરામ છે જીહો. નહી૦ ૪
હારે મારે ઈષ્ટ ઘનશ્યામ સુખધામ છે, હારે પ્રેમાનંદ જોઈ
જોઈ પૂરણકામ છે જીહો. નહી૦ ૫

**પદ-૨**

હારે દુલ્લભ શ્રીકૃષ્ણ ભગવાનને જીહો, જીવમાં રાખીશ,
જતન કરી,
હારે સુખસાગર કૃપાના નિધાનને જીહો, નિખમ ન મેલુ
ઉરથી જી હો. જીવ૦ ૧
હારે એતો અખિલભુવનપતિ એક છે, હારે એની
અધમ ઓધારણ એવી ટેક છે જી હો. જીવ૦ ૨
હારે જોગી વનમાં વસે એ કારણે, હરિ મુક્ત કોટીક જાયે,
છે એને વારણે જી હો. જીવ૦ ૩
હારે જેનો કેડ નથી મેલતી રાધા રમા, હાંરે પ્રાણ પાથરે
કરે છે ખમા ખમા જી હો. જીવ૦ ૩
હારે એવા મોંઘા હરિ તે સોંધા થયા, હાંરે પ્રેમાનંદને
ઉપર કીધી દયા જી હો. જીવ૦ ૫

**પદ-૩**

મારા ઉરમાં વસ્યા છે અલબેલડો જીહો, છેલ છબીલો,
કુંવર ધર્મનો,
હાંરે હરિ રસિક ચતુર રંગછેલડો જીહો, પાશ કાપ્યો છે

મારા કર્મનો, છેલ૦ ૧

હાંરે નવરસમય મૂર્તિ મોહની, હાંરે કાંઈ કાંમણગારી છે
એની જોહની જીહો. છેલ૦ ૨

હાંરે વશિકરણ મંત્ર છે એના વેણમાં, હારે કાંઈક જાદુ
ભરયા છે એના નેણમાં જીહો. છેલ૦ ૩

હાંરે એની ચીતવની ચલની અમોલની, હાંરે બહુ પ્યારી
લાગે છે એની બોલની જીહો. છેલ૦ ૪

હાંરે રુપ શીલને ઉદાર સુખસાગર, હાંરે પ્રેમાનંદનો પ્યારો
નટવરનાગર જીહો. છેલ૦ ૫

**પદ-૪**

હાંરે હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે જીહો, જોઈને જીવું છું
સુંદર મૂર્તિ,

હાંરે મારાં નેણાતણો શણગાર છે જીહો, અળગો ન મેલું
હવે ઉરથી જોઈ૦ ૧

હાંરે મારું ચીતડું ચોરાણું એની ચાલમાં, હાંરે હું તો વશ
થઈ છું એના વહાલમાં જીહો. જોઈ૦ ૨

હાંરે મારા ઉરમાં ખુંતો છે છેડો પાઘનો, હાંરે કંઈ પાર નહિ
મારા ભાગ્યનો જીહો. જોઈ૦ ૩

હાંરે હુંતો દાસી છું કૃપાનિધાનની, હાંરે મને ચાવીને આપી
છે બીડી પાનની જીહો. જોઈ૦ ૪

હાંરે દયા હેતનો ભરયો છે અલબેલડો, હાંરે પ્રેમાનંદનો
વહાલો રંગછેલડો જીહો. જોઈ૦ ૫

**રાગ : નાયકી ખ્યાલપદ-૧**

હમરે પિયાજીકી ચાલ દેખોરી સખી, હમ. ટેક
ચટક ચટક હરિ લટકત આવત, માનું ગજબાલ મરાલ. દેખો. ૧
વામ પાની ધરે વામકટિપર, લીયે કર દછન રૂમાલ. દેખો. ૨
ચિતવની ચારુ સુધા દ્રગ બરસત, નિજજન કરત નિહાલ. દેખો. ૩
પ્રેમાનંદ હરિકૃષ્ણ નારાયન, કૃપાસિંધુ કૃપાલ દેખો. ૪

## રાગ બિહાગ પદ-૧

મેં તેરા ગુન ગાવુ રે ઘનશ્યામ રે, મે૦ સુખ સુખધામ રે, મે તેરા૦ ટેક
તુમ કારન જોગન ભઈ જીવન, બસી હું મે ગોકુલ ગામ રે. મે તેરા૦ ૧
તેરે ગુનનકી માલા મોહન, જપતી રુહં આઠો જામ રે. મે તેરા૦ ૨
નંદ ઘર આયકે અલખ જગાઉ, દેહો દરસ અભીરામ રે. મે તેરા૦ ૩
પ્રેમાનંદ કહે ચેરી હું તેરી, હાથ બેકાની બીનું દામ રે. મે તેરા૦ ૪

## પદ-૨

મેં તેરી બલજાઉ રે મહારાજ રે, મેં૦ ગરીબનિવાજ રે. મે તેરા૦ ટેક
એક આશ વિશ્વાસ રહે તેરો, તુકું હે મેરી લાજ રે. મે તેરા૦ ૧
પુરુષોત્તમ તું પ્રગટ હો કલી મેં, પતિત ઓધારન કાજ રે. મે તેરા૦ ૨
મેં હું અવગુનસાગર નાગર, તુમ હો ગુકે જહાજ રે. મે તેરા૦ ૩
બાંહ ગ્રહી ભવપાર ઉતારો, પ્રેમાનંદ શીરતાજ રે. મે તેરા૦ ૪

## પદ-૩

જપું તેરે નામ કી માલા રે મેંતો૦ પ્યારે નંદલાલ રે. મે જપું૦ ટેક
રાત દિવસ મોયે ધ્યાન હે તેરા, ગુનસાગર ગોપાલ રે. મે જપું૦ ૧
ચીતવતહું તેરે ચરન કમલ છબી, મેટન ભવ જંજાલ રે. મે જપું૦ ૨
અખંડ રહો મોરે નેન કે આગે, મોહન રુપ રસાલ રે. મે જપું૦ ૩
પ્રેમાનંદ કહે યહ વર મોયે, દીજે દીનદયાલ રે. મે જપું૦ ૪

## પદ-૪

મોયે પાર ઉતારો રે પ્યારે, મોયે૦ ભલા બંસીવારે, મોયે પાર૦ ટેક
બાંહ ગ્રહીજી ન છાંડો બીચ મે, નાગર નંદદુલારે. મોયે પાર૦ ૧
તુમ બીના ઓર નહી ત્રિભુવન મે મેરો, હીતકારી મોરારે. મોયે પાર૦ ૨
નીજ જન જાની બીસારો અવગુન, નટવર તેનઉકે તારે. મોયે પાર૦ ૩
પ્રેમાનંદ કે નાથ હરો સબ, સંકટ શ્યામ હમારે. મોયે પાર૦ ૪

## રાગ ગરબી પદ-૧

ઓરા આવોને ધર્મકુમાર રે, રાખું મરાં નેણામાં, ટેક૦
તમે છો મારા પ્રાણ આધાર રે. રાખું૦ ૧
જોવું રસિક સુંદરવર રુપ રે, રાખું૦ છે પાવન પરમ અનુપરે. રાખુ૦ ૨

તમે પ્રગટ્યા અમારે કાજ રે, રાખું૦ દીન બંધુ છો ગરીબ નિવાજ રે. રાખુ૦ ૩
હરિકૃષ્ણ હરિ ઘનશ્યામ રે, રાખું૦ નીલકંઠ નારાયણ નામ રે. રાખુ૦ ૪
પુરુષોત્તમ પુરણકામ રે, રાખું૦ પ્રેમાનંદના છો સુખધામ રે. રાખું૦ ૫

**પદ-૨**

તમે રસિયાજી રાજીવ નેણ રે, જોઈ હું તો લોભાણી, ટેક૦
મુખ બોલો મનોહર વેણ રે. જોઈ૦ ૧
શોભે સુંદર ભાલ વિશાલ રે, જોઈ૦ ચાલો છો હંસગતિ ચાલ રે. જોઈ૦ ૨
શોભે પાઘલડી છબીદાર રે, જોઈ૦ જાઉં વારણે વારમવાર રે. જોઈ૦ ૩
જોઈ વદન કમલ છબી પૂર રે, જોઈ૦ વારુંવારણે કોટી શશિ સૂર રે. જોઈ૦ ૪
ભરી ભ્રકૃટીતણો મરોડ રે, જોઈ૦ પ્રેમાનંદના પુરો કોડ રે. જોઈ૦ ૫

**પદ-૩**

મારી લાગી છે તમ સંગ પ્રીત રે, સુંદર શામળિયા, ટેક૦
છો મનમોહન મારા ચીતરે, સુંદર૦ ૧
કરી રાખું હૈયાના હાર રે, સુંદર૦ રંગ છેલડા ધર્મકુમાર. સુંદર૦ ૨
મારું મન માન્યું તમ સાથ રે, સુંદર૦ મને મળો હરિ ભરી બાથ રે. સુંદર૦ ૩
તમો છો મારા જીવન પ્રાણ રે, સુંદર૦ હું તો નાથ તમારો વેચાણ રે. સુંદર૦ ૪
મને રાખો હરિ તમ પાસ રે, સુંદર૦ પુરો પ્રેમાનંદની આશ રે. સુંદર૦ ૫

**પદ-૪**

મને વહાલા લાગો છો મહારાજ રે, જોઈ જોઈ જીવું છું, ટેક૦
તમે સાચાં મારા સરવે કાજ રે. જોઈ૦ ૧
તારી મૂર્તિ મનોહર માવરે, જોઈ૦ ભેટ્યાનો ઘણો ભાવ રે. જોઈ૦ ૨
તારું બોલવું ને હસવું છેલ રે, જોઈ૦ કરો નટવર નૌતમ ખેલ રે. જોઈ૦ ૩
તારા કરના લટકાં કહાન રે, જોઈ૦ ભુધરજી ભીને વાન રે. જોઈ૦ ૪
તમે જીવન જોબન ભરપુર રે, જોઈ૦ રહો પ્રેમાનંદને ઉર રે. જોઈ૦ ૫

**રાગ ગરબી પદ-૧**

મીટડલી મારી માવે, એ ઢાળ.

સહજાનંદ સ્વામી, આવ્યા મારે સહજાનંદ સ્વામી, આવ્યા૦ ટેક.
સદ્ગુરુ રુપે શ્રીપુરુષોત્તમ, પ્રગટ બહુનામી. આવ્યા૦ ૧

શુકનારદ સનકાદિક સંગે, શોભે સુખધામી. આવ્યા૦ ૨
મંગલ થાળ ભરી મેં વધાવ્યા, હરિ અંતરજામી. આવ્યા૦ ૩
મંદિરમાં પધરાવ્યા પ્રીતે, ચરણે શિર નામી. આવ્યા૦ ૪
પ્રેમાનંદના સ્વામીને મળતાં, પુરણ સુખ પામી. આવ્યા૦ ૫

**પદ-૧**

હો રસીયા મેં તો શરન તિહારી, હો૦ ટેક
નહી સાધન બળ વચન ચાતુરી, એક ભરોંસો ચરણે ગિરિધારી, હો૦ ૧
કડઈ તુબરીયા મેં તો નીચ ભોમીકી, ગુનસાગર પીયા તુમહી સંવારી. હો૦ ૨
મેં અતિ દીન બાળક તુમ શરને, નાથ ન દીજો અનાથ વિસારી. હો૦ ૩
નીજ જન જાની સંભારોગે પ્રીતમ, પ્રેમસખી નીત જાયે બલહારી. હો૦ ૪

**રાગ હમીર કલ્યાણ પદ-૧**

એરી એરી આજ રંગ, (૨)
મહલ મધ્ય બેઠે મોહન પિયા, ગજરા ગુલાબી ગુંથકે હું લેઈરી, આજ૦ ટેક
રાજત શ્રી ઘનશ્યામ અમીત આનંદ ધામ, લેકે મેરો નામ
નીટ બોલાયે લઈરી. આજ૦ ૧
કરીકે પ્રનામ ઉર ધારી લે મેં ફુલ દામ, ગજરા પે'રાયે
કર મગન હું ભઈરી. આજ૦ ૨
બાજત મૃદંગ તાલ ગાવત મુનિ મરાલ, મોસું કહે એકતાન
ગા તું નઈરી. આજ૦ ૩
ગઈ મેતો એક તાન દુશાલો ઉતારી કહાન, પ્રેમાનંદ રીઝે
હરિ મોજ જ્યું દઈરી. આજ૦ ૪

**પદ-૧**

મોરે મંદિર આજ બધાઈ, ગાવો મંગલ માઈ રે,
બાંજે બાજા બહુત ભાંત કે, ઢોલ નોબત સરનાઈ રે. મોહે૦ ૧
મોતીન ચોક પુરાવો ગાવો, સબ સોહાગની આઈરે,
કરો મનોરથ મનકો પુરો, નિરખો શ્યામ સુખદાઈ રે. મોરે૦ ૨
શ્રી ઘનશ્યામ મનોહર સુંદર, શોભા કહી ન જાઈરે,
કોટી રતિપતિ વારું રોમપર, ઉપમા બઢતર નાઈ રે. મોરે૦ ૩

અવિલોકી અંતર મેં રાખો, સુંદર વર સુરરાઈરે,
પ્રેમાનંદ ભયો કૃતારથ, પ્રગટ હરિ ગુન ગાઈ રે. મોરે૦ ૪

પદ-૧

મારાં પુન્ય ઉદે થયાં પાછલા, મુને પ્રગટ મલ્યા ભગવાન રે,
સુંદર વર શ્રીહરિ૦ ટેક.
જેના દરશન દુર્લ્લભ દેવને, મોટા મુનિવર ધરે નિત્ય ધ્યાન રે. સુંદ૦ ૧
જેના શિવ રે બ્રહ્મા પૂજે પાવલાં, શેષ શારદ નિગમ ગુણ ગાય રે, સુંદ૦
એવા અખિલભુવના અધિપતિ, પુરુષોત્તમ પરબ્રહ્મરાય રે. સુંદ૦ ૨
માયા કાળ કરમના પ્રેરક પોતે, ક્ષર અક્ષરના આતમારામ રે. સુંદ૦
કૃપા કરીને ભૂતલે તે પધારિયા, કરવા પતિતોને પૂરણકામ રે. સુંદ૦ ૩
આવ્યા પ્રગટ પ્રતાપ દેખાડવા, ઉતારવા ભોમીનો ભાર રે. સુંદ૦
રુડા ધરમ ધરાપર થાપવા, દેવા પ્રેમાનંદને સુખ અપાર રે. સુંદ૦ ૪

પદ-૧

આવો રે વાલાજી હું તો તારા, મોળીડા પર મોઈ રે,
વાલાજી લાગો છો વા'લા, તમને રહી છું જોઈ રે. આવો૦ ૧
લટકંતી ચાલ રૂડી, મીઠાં મીઠાં વેણાં રે,
રસિયોજી જોઈને ઠરે છે, મારાં નેણાં રે. આવો૦ ૨
આંખડલી રૂપાળી વાલા મુને, કામણીયાં કરે છે રે,
મધુર મધુર હસુવં તે, પ્રાણને હરે છે રે. આવો૦ ૩
મંદિર પધારો મારે, શ્યામ પટ ધારી રે,
તમન મન ધન લઈને, પ્રેમસખી વારી રે. આવો૦ ૪

પદ-૨

વા'લા તમ સાથે મારે, પ્રતીડી બાંધારણી રે,
જનમ સંગાથી મારા, સ્નેહી તમને જાણી રે. વાલા૦ ૧
લોકડીયાંની લાજ મેલિ, કુટુંબથી તોડિ રે,
શામળીયા સ્નેહી વા'લામાં મેં તો, તમ સાથે જોડી રે. વાલા૦ ૨
ઘરડાંનો ધંધો મુને, કાંઈ નવ સુજે રે,
લાગ્યાં રે સ્નેહનાં બાળ, હવે કેમ રૂઝે રે. વાલા૦ ૩

પ્રેમ સખી કે'છે નિરખી, નયણાં ઠરે છે રે,
વા'લા તમ સાથએ મારું , મનડું ફરે છે રે. વાલા૦ ૪

પદ-૩

સખી રે શામળીયે વા'લે મુને, મોહની લગાડી રે,
વા'લોજી જોવાને જાઈશ, હું તો દાડી દાડી રે. સખી૦ ૧
ચિતડાં ચોર્યા છે મારાં, છેલવર છબીલે રે,
હવે હું તો રહી ન શકું, જાઈશ નંદજીને ફળીયે રે. સખી૦ ૨
ઘોડલાં ખેલાવશે વા'લો, સાંભળ સૈયર મારી,
ત્યારે હું તો જાઈને, બેસીશ સામી બારી રે. સખી૦ ૩
મુજ સામું જોશે હેતે, વા'લો ઉભા રહીને રે,
શ્યામળીયો બોલાવશે મુજને, પ્રેમસખી કહીને રે. સખી૦ ૪

પદ-૪

વિસરીમાં જાજો વા'લા મુને, શ્યામળીયા ગિરદારી રે,
વારે વારે કહું છું વા'લા, અરજી એ છે મારી રે. વિસરી૦ ૧
અમ જેવા ઘણા તમને, મને આશા તમારી રે,
તે માટે રાખજો વા'લા મને, પોતાની સંભારી રે. વિસરી૦ ૨
અર અમૃત પાજો, રસિયા બોલાવી રે,
પાતળીયા પાવન કરજો, મંદિર મારે આવી રે. વિસરી૦ ૩
પ્રેમસખી મોહી છે વા'લા, રાજીવણ નેણે રે,
બીજું નવ માગું વા'લા, બોલાવજો મીઠે વેણે રે. વિસરી૦ ૪

પદ-૧

નાથજી રહોને નયણાનીરે આગે,
ભમણાની આગે નયણાનીરે આગે, નાથ૦ ટેક

નયણાની આગે મારા નાથ બિરાજો, જોઈ જોઈ દુઃખ મારાં ભાગે. નય૦ ૧
સામું જોઈ હરિ હેતે બોલાવો, એ મને ઘણું સારું લાગે. નય૦ ૨
ગાતા આવોને હરિ હેત ઉપજાવો, ગોવિંદ ગાવો ઘેરે રાગે. નય૦ ૩

મોહન મન મારું વશ કરી લીધું, છેલા તમારી પાઘે. નય૦ ૪
મોહન બિરાજો માવા આંખડલી આગે, એ વર પ્રેમાનંદ માંગે. નય૦ ૫

### પદ-૨

નાથજી આવો નયણામાં રે રાખુંવ.

નયણામાં રાખુ નયનણાં રે રાખુ,

નયણામાં રાખું મારા નાથજી તમપર, પ્રાણ મારા વારી નાખું. નય૦ ૧
સુંદર મુખના મરકલડાપર, વિશ્વ વારું લઈ આખું. નય૦ ૨
દુર્લભ દરશ છો બહુનામી, રસનાયે શું કહી દાખું. નય૦ ૩
મોઘાં જાણીને મોટા મુનિવર, ફરે છે કેડે કેડે લાખું. નય૦ ૪
પ્રેમાનંદ કહે પ્રીત કરીને, ચરણકમળ રસ ચાખું . નય૦ ૫

### પદ-૧

આજ બંગલેમે ઘુંઘર બાજે

બ્રિંદાવનકી કુંજમેં બંગલા, જહાં રાધેશ્યામ બિરાજે... આજ૦
બાજત મૃદંગ ગત ગાવત ગોપીજન, થેઈ થેઈ હોત સમાજે... આજ૦
નાચત સુંદર શ્યામ રાધિકા, નરીખી રતિપતિ લાજે... આજ૦
પ્રેમાનંદ ઘનશ્યામ સુંદર છબી, અવિલોકીત દુઃખ ભાજે... આજ૦

# સદ્‌. બ્રહ્માનંદ સ્વામીના કીર્તનો

**રાગ : ગરબી – પદ-૧**

મારે આજ પ્રીતમ ઘેર આવશેજી રે, મુને હેત કરીને બોલાવશેજીરે...મારે૦ ૧
એના સાથીડાને સાથે લાવશે, કરી લટકાં તાળી દઈ ગાવશેજીરે...મારે૦ ૨
હરિ હેતે કરીને સામું ભાળશે, રંગડાની તે રેલું વાળશેજીરે...મારે૦ ૩
કરી ખ્યાલ અલૌકિક ખેલશે, માથે ફૂલડાનાં છોગલાં મેલશેજીરે...મારે૦ ૪
બ્રહ્માનંદનો સ્વામી શ્યામળો, સુખ દેશે આવીને ઉતાવળોજીરે....મારે૦ ૫

**પદ-૨**

જોઈ રહી છું પ્રીતમજીની વાટડીજી રે, મેં તો ખાંતે ઢળી છે ખાટડીજીરે...જોઈ૦ ૧
અગર ચંદને લીંપાવું ઓરડા, જળ કુંભ ભરાવું કોરડાજીરે....જોઈ૦ ૨
રૂડાં ભોજન કર્યાં છે રસભર્યાં, તાજાં તરત તૈયાર ઢાંકી ધર્યાંજીરે...જોઈ૦ ૩
મેં તો સજ કરાવી શેરીયાં, ચોકે ચોકે તે ફૂલડાં વેરીયાંજીરે...જોઈ૦ ૪
બ્રહ્માનંદના સ્વામીને કોડલે, મેં તો તોરણ બંધાવ્યાં ટોડલેજીરે....જોઈ૦ ૫

**પદ-૩**

ધન્ય ધન્ય ઘડી છે આજની રે, રૂડી ખબર આવી મહારાજનીજી રે...૧
સખી હળી મળી મંગળ ગાય છે, અતિ આનંદ ઉભરાયો જાય છેજી રે.૨
મોતી થાળ ભરી ટોળે મળી, સખી હરિને વધાવા થઈ આકળીજી રે...૩
સર્વે ઘરનો તે ધંધો વિસરી, હરિને મળવા આતુર થઈ સુંદરીજી રે...૪
ઘરમાંથી આવી ઊભી બારણે બ્રહ્માનંદના સ્વામીને કારણેજી રે...૫

**પદ-૪**

મારે આજ પ્રીતમ ઘેર આવીયાજી રે, ભરી મોતીડે થાળ વધાવીયાજી...૧
પહેલાં નીરે ઉને નવરાવીયા, પછે પ્રીતમ મહી પધરાવીયાજી રે...૨
મેં તો ભોજન જમાડ્યાં ભાતભાતનાં, વહાલે આપ્યાં તે સુખ એકાંતનાં..૩
પહેલું પરઠ્યું હતું તે વેણે પળ્યા, વહાલો હેતે કરીને મુજને મળ્યાજી રે...૪
બ્રહ્માનંદ કહે આજની ધન્ય ઘડી, મારો વ્હાલોજી પધાર્યા સેજડીજી રે...૫

**રાગ : ગરબી પદ-૧**

સખી ગોકુળ ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસીલે ખેલ
રમે રાસ રંગીલો રંગમાં રે...ટેક૦

ચહુ કોરે સખાની મંડળી રે, ઊભા વચમાં છેલો અલબેલ...રમે૦ ૧
સખી ચાલોને જઈએ દેખવા રે, વહાલે પહેર્યા છે વસ્ત્ર શોભીત...રમે૦ ૨
તાળી પાડે રૂપાળી તાનમાં રે, મુખે ગાવે મનોહર ગીત...રમે૦ ૩
શોભા બની સલુણા શ્યામની રે, ઊભી વ્રજની નારી જોવા કાજ...રમે૦ ૪
હસી હેરે છબીલો હેતમાં રે, બ્રહ્માનંદનો વહાલો વ્રજરાજ...રમે૦ ૫

પદ-૨

સખી નંદમહરને આંગણે રે, ગોપી આનંદ મંગળ ગાય;
છબી જોને સ્નેહી શ્યામની રે...ટેક૦
મરમાળે અખાડો માંડીયો રે, કાજુ આસોપાલવની છાંય...છબી૦ ૧
વ્હાલે પ્રીત કરીને પહેરીયો રે, રૂડો સોનેરી સુરવાળ...છબી૦ ૨
સખી ફરતાં લાગે છે ફૂટડી રે, ઝીણી અંગરખીની ચાળ...છબી૦ ૩
બહુમૂલી મોળીડું બાંધીયું રે, કાજુ ઝળકે સોનેરી કોર...છબી૦ ૪
રૂડાં લટકાં કરે છે હાથનાં રે, બ્રહ્માનંદનો વહાલો ચિત્તચોર...છબી૦ ૫

પદ-૩

સખી જોને ગોવાળાના સાથમાં રે, વહાલો ફરે અલૌકિક ફેર;
કહી શોભા ન જાય પ્યારા કહાનની રે...ટેક૦
છેલો ઠમકે માંડે પાવ ઠાવકા રે, વાગે ઘુઘરડીનો ઘેર...કહી૦ ૧
છાયું નવલ મોળીડું ફૂલ છોગલે રે, રાજે નવલ કલગી છબીદાર...કહી૦ ૨
રૂડો જામો પહેર્યો છે જરક્સી રે, શોભે અંગો અંગ શણગાર...કહી૦ ૩
રંગભીના કાના કેરી રાસની રે, છબી જોવા આવ્યા સુરવૃંદ...કહી૦ ૪
સખી નવલ રંગીલી છબી ઉપર રે, વારી જાય છે બ્રહ્માનંદ...કહી૦ ૫

પદ-૪

સખી આજ ગઈ'તી હું તો પાણીએ રે, ઊભો છોગાવાળો રંગછેલ;
મને વહાલો લાગે કુંવર નંદનો રે...ટેક૦
સખી જમુનાને આરે ઝીલતાં રે, જોઈ ભરવી ભૂલી જળ હેલ...મને૦ ૧
સખી મંત્રભણીને નાખી મોહની રે, થઈ થકીત ન ચાલે મારા પાવ...મને૦ ૨
સખી શું રે જાણું જે મને શું કર્યુ રે, મરમાળે રંગીલે માવ...મને૦ ૩
સખી એની અલૌકિક આંખડી રે, મારે ચોટી છે ચિત્તડામાંય...મને૦ ૪
બ્રહ્માનંદના વહાલાની મૂર્તિ રે, ઘડી છેટે મેલી કેમ જાય...મને૦ ૫

### રાગ : ગરબી – પદ-૧

અલબેલાજી પ્રાણ આધાર રે, તમ પર વારી રે;
તારે નેણે તે નંદકુમાર રે, મોહી વ્રજનારી રે...૧
છોગાવાળા મનોહર છેલ રે, નંદજીના લાલા રે;
ગુણવંતા આવીશ તારે ગેલ રે, વ્રજપતિ વહાલા રે...૨
મીઠાબોલા રંગીલા માવ રે, લાગ્યો છે નેડો રે;
નહિ મેલું હું નટવર નાવ રે, કહાન તારો કેડો રે...૩
છબી જોઈને અલોકિક શ્યામ રે, મોહ્યું મન મારું રે;
બ્રહ્મમુનિ કહે તન ધન ધામ, તારા નામ પર વારું રે...૪

### પદ-૨

મારા જન્મ સંગાથી જદુરાય રે, ગિરિવર ધારી રે;
તારી મૂર્તિ વસી છે મનમાંય રે, ન મેલું ઘડી ન્યારી રે...૧
તમ સાથે રંગીલા નાથ રે, બાંધી છે બેલી રે;
મારો હેતે ઝાલ્યો છે તમે હાથ રે, મ દેશો મેલી રે...૨
મારા પ્રીતમ જીવન પ્રાણ રે, જીવું છું જોઈને રે;
તમ સંગે કરી છે ઓળખાણ રે, લોકલજ્યા ખોઈને રે...૩
રસિયાજી મારે ઘેર રાત રે, આવીને રહોને રે;
બ્રહ્મમુનિ કહે દિલડાની વાત રે, એકાંતે આવી કહોને રે...૪

### પદ-૩

આજ ગઈતી કાલિંદીને તીર રે, ભરવાને પાણી રે;
મેં તો જોયા ત્યાં બળભદ્ર વીર રે, મોહન દાણી રે...૧
શોભે ફૂલડાનો તોરો એને શીશ રે, કસુંબલ ફેંટો રે;
ઊભો ડોલરીઓ જગદીશ રે, રંગીલો ઓઢી રેટો રે...૨
કર્યું તિલક કેશરકેરું ભાલ રે, ફૂલડાની માળા રે;
વહાલો ચાલે છે હંસ કેરી ચાલ રે, લાગે છે રૂપાળા રે...૩
ખેલે સર્વે ગોવાળાને સાથ રે, આનંદી અલબેલો રે;
જોયા બ્રહ્મમુનિનો નાથ રે, રંગડાનો રેલો રે...૪

### પદ-૪

તારી નવલ છબી નંદલાલ રે, પ્રીતમ પ્યારા રે;
હું તો નીરખીને થઈ છું નિહાલ રે, જીવન મારા રે...૧
મુખે બોલો મનોહર વેણ રે, અતિ સુખકારી રે;
મારી લગની લાગી છે દિનરેણ રે, કુંજ વિહારી રે...૨
શોભે સોનેરી શિર પર પાઘ રે, કાનમાં મોતી રે;
મારા રસિયા માણીગર માવ રે, હું નિત જોતી રે...૩
મારા હૈડામાં નાથ હમેશ રે, દર્શન દેજો રે;
બ્રહ્મમુનિ કહે નટવર વેશ રે, આંખડલીમાં રહેજો રે...૪

### રાગ : ગરબી — પદ-૧

મન લીધું મોરલડીના તાનમાં રે,
હું તો મોહી છું છેલાજીના વાનમાં રે...મન૦ ટેક.
સખી આજ ગઈ તી હું તો પાણીએ રે.
વહાલે મુજને બોલાવી મીઠી વાણીએ રે..મન૦ ૧
વહાલો ઊભા'તા ગોવાળોના સાથમાં રે,
લીધી બંસી મનોહર હાથમાં રે...મન૦ ૨
રૂડાં છોગાં મેલ્યાં રળિયામણાં રે,
ભાળી લીધા ભુદરજીના ભામણાં રે...મન૦ ૩
મારી લગની લાગી છે નંદલાલમાં રે,
બ્રહ્માનંદને વહાલે જોયું વહાલમાં રે...મન૦ ૪

### પદ-૨

ઓરા આવોને નાગર નંદના રે,
આવી વાળોને ઓઘ આનંદના રે...ઓરા૦ ટેક.
વહાલા હોંસ ઘણી છે મારા મનમાં રે,
તમ આવે ટાઢું થાય તનમાં રે...ઓરા૦ ૧
વહાલા એકલાં તે કેમ કરી રીજીએ રે,
કહાના આવોને ગોઠડી કીજીએ રે...ઓરા૦ ૨
તમ સાથે બંધાણી પ્રીત ઘાટડી રે.
મારે ઊઘડી હૈડા કેરી હાટડી રે...ઓરા૦ ૩

બ્રહ્માનંદના તે શ્યામ સુજાણ છો રે,
પ્યારા પરમ સ્નેહી મારા પ્રાણ છો રે...ઓરા૦ ૪

**પદ-૩**

મન માની મોહન તારી મૂરતિ રે,
એક નિમિષ ન મેલું ઉરથી રે...મન૦ ટેક.
મુને નેહડો જણાણો તારા નેણમાં રે,
રઢ લાગી ન ભૂલું દિન રેણમાં રે...મન૦ ૧
જોયું રૂપ તારું રળિયામણું રે,
બીજું સર્વે થયું અળખામણું રે...મન૦ ૨
હું તો ગરક થઈ તારા ગીતમાં રે,
ચઢ્યો કેફ અલોકિક ચિત્તમાં રે...મન૦ ૩
પીયા પ્રેમેથી સેજડી પધારજોરે,
બ્રહ્માનંદને ઘડી માં વિસારજો રે...મન૦ ૪

**પદ-૪**

વહાલી લાગે વહાલા તારી વાતડી રે,
છેલા મળીયે ઠરે મારી છાતડી રે...વહાલી૦ ટેક૦
રંગભીના રંગાણી તારા રંગમાં રે,
અતિ આનંદ થયો છે મારા અંગમાં રે...વહાલી૦ ૧
હું તો જીવું મોહન તુંને જોઈને રે,
વળી રાખું આંખડલીમાં પ્રોઈને રે...વહાલી૦ ૨
કહાના નેણુંમાં કામણ કીધલાં રે,
રૂડાં લટકાં કરી મન લીધલાં રે...વહાલી૦ ૩
વારી એકાંતે રંગભર આવજો રે.
બ્રહ્માનંદને હસીને બોલાવજો રે...વહાલી૦ ૪

**રાગ : ગરબી — પદ-૧**

લટકાળા તારે લટકે રે, લેરખડા હું લોભાણી;
વાંસલડી કેરે કટકે રે, ચિત્તડાને લીધું તાણી...૧
છોગલીયું તારું છેલા રે, આવી અટક્યું અંતરમાં;
વણદીઠે રંગના રેલા રે, બેઠી અકળાઊં ઘરમાં....૨

રાતી આંખડલીની રેખું રે, મનડામાં ખૂંતી મારે;
ડોલરીયા હું નવ દેખું રે, જંપ નથી થાતો ત્યારે...૩
મરમાળી મૂર્તિ તારી રે, વ્હાલમ મારે ચિત્ત ચડી;
બ્રહ્માનંદના હાર હજારી રે, કેમ કરી મેલું એક ઘડી...૪

પદ-૨

રૂડું ભાલ તિલક રૂપાળું રે, કોડે કીધું કેશરનું;
ભાવે હું સુંદર ભાળું રે, કામડલું મેલી ઘરનું...૧
વાંકી ભૃકુટી જોઈ વનમાળી રે, મારું લોભાણું મનડું;
મોહન નાસા મરમાળી રે, દોયલી વેળાનું ધનડું...૨
તારાં લોચનીયાં નંદલાલા રે, રંગભીનાં રંગનાં ભરીયાં;
વ્રજજીવન નટવર વહાલા રે, ગુણિયલ અંતરમાં ગરીયાં...૩
લટકાળા મોહની લાગી રે, ભાવે મુખડું ભાળીને;
બ્રહ્માનંદના શ્યામ સુહાગી રે, બેઠી જગભય ટાળીને...૪

પદ-૩

માણીગર મોલીડું તારું રે, સુંદર ફૂલડેથી છાયું;
મોહન તેમાં મન મારું રે, ઠીક કરીને ઠેરાયું...૧
રૂપાળુ રંગનું ભરીયું રે, શોભે કોર્યું સોનેરી,
છોગલીયું નૌતમ ધરીયું રે, લાડકડા વ્હાલમ લેરી...૨
કાજુ નવલ કલગી નીરખી રે, ચિત્તડામાં લાગી ચટકી;
થઈ ગઈ દીવાની સરખી રે, લોકલજ્યા સર્વે પટકી...૩
બહુ અંતરમાં રસબસીયું રે, ગરક કસુંબે બોળીડું;
બ્રહ્માનંદના મનમાં વસીયું રે, મોહન તારું મોળીડું...૪

પદ-૪

વ્રજજીવન શ્યામ વિહારી રે, લાવણમાં હું લેવાણી;
મેં તો મેલ્યો જગ વિસારી રે, કહાનડ તારી કે'વાણી...૧
સુંદરવર રંગડો ચડીયો રે, મરમાળા મોહન તારો;
જગ તૃણ સરખો ત્રેવડીયો રે, કુણ માને એનો ડારો...૨
મારે તમથી પ્રીતિ બાંધી રે, કોઈની શંકા કેમ ધરૂં;
ચિંતામણી સુંદર લાધી રે, રાંક થઈને શીદ કરું...૩

તમ સાથે રંગના ભીના રે, દિલડું માન્યું ડોલરીયા;
બ્રહ્માનંદના નાથ, નવીના રે, વહાલમ મેં તમને વરીયા...૪

### રાગ : ગરબી – પદ-૧

આજ મેં તો દીઠા વ્હાલાને વાટ વહેતાં;
નેણાં રોક્યાં નથી રહેતાં રે બેની...આજ૦ ટેક.
પાઘડી બાંધી છે ત્રિલોક થકી ન્યારી;
ધીરજ રહેતી નથી મારી રે બેની...આજ૦ ૧
ચોળ રંગીલો રૂડો મોલીડાનો છેડો;
ભૂલી ભાળીને જળબેડો રે બેની...આજ૦ ૨
ટુણાં ભર્યાં છે એને ફૂલડાંને તોરે;
મનને તાણે છે જોરે જોરે રે બેની...આજ૦ ૩
બ્રહ્માનંદનો વ્હાલો કુંજનો વિલાસી;
હેડે વસી છે એની હાંસી રે બેની...આજ૦ ૪

### પદ-૨

આજ વ્હાલો ઊભા છે જમુનાને આરે;
મૂર્તિ વસી છે મન મારે રે હેલી...આજ૦ ટેક.
કેશરની આડ રૂડી નલવટ કીધી;
આંખ્યું વેચાતી કરી લીધી રે હેલી...આજ૦ ૧
વાંકડી ભૃકુટી મુને લાગે અતિ વ્હાલી;
સર્વે મેલીને જાય ચાલીરે હેલી...આજ૦ ૨
લોચન રંગીલા તીખાં બાણ જેવા લાગ્યાં;
ઊંડા ગરી ગયાં આઘાંરે હેલી...આજ૦ ૩
બ્રહ્માનંદનો વ્હાલો કુંજનો વિહારી;
છબીપર જાઉં બલિહારીરે હેલી...આજ૦ ૪

### પદ-૩

આજ મુને સામો મળ્યો છે અલબેલો;
છોગાવાળો રંગછેલો રે આલી...આજ૦ ટેક.
મોંઘામૂલી રે પહેરી મોતીડાની માળા;

ભાલ કપોલ કેસરાળા રે આલી...આજ૦ ૧
ગજરા પહેર્યા છે ઘેરા રંગના ગુલાબી;
શોભા ત્રિલોક કેરી દાબી રે આલી...આજ૦ ૨
બાજુ કાજુરે લીધા ફુલડાંના બાંધી;
ભમર ભમે છે તાર સાંધીરે આલી...આજ૦ ૩
બ્રહ્માનંદનો વ્હાલો રંગડાનો ભરીઓ;
લઈને હૈયામાંહી ધરીયોરે આલી...આજ૦ ૪

**પદ-૪**

આજ મારે નંદનો નંદન ઘેર આવ્યા;
મોંઘે મોંઘે મોતીડે વધાવ્યારે સૈયો...આજ૦ ટેક.
હસીને બોલાવી મુને હેતમાંહી હેરી;
રેંટો બાંધેલ સોનેરીરે સૈયો...આજ૦ ૧
સોનેરી કોરનું નાખેલ ખંભે શેલું;
રસીયે કીધેલ રંગરેલું રે સૈયો...આજ૦ ૨
ફૂલડાનાં મેલ્યાં માથે છોગલાં રે ફરતાં;
મુને નથી વીસરતાંરે સૈયો...આજ૦ ૩
બ્રહ્માનંદના વ્હાલાથી પ્રીતડી બંધાણી;
મહેણું લીધું મેં માથે તાણીરે સૈયો...આજ૦ ૪

**રાગ : સોલા — પદ-૧**

મારે મોહોલે આવો હસીને બોલાવો રે, રંગભીના છેલા નંદજીના...છોજી૦૧
પાઘડલી પેચાળી બાંધી છે રૂપાળી રે, લટકાળા મોતીડાવાળા...છોજી૦૨
કહાના ગિરધારી મૂર્તિ તારી રે, મનમાની છેલ ગુમાની...છોજી૦૩
બ્રહ્માનંદના પ્યારા શોભો છો સારા રે, કેસરીઆ રંગના ભરીઆ...છોજી૦૪

**પદ-૨**

નંદજીના લાલા લાગો છો વાલા રે, નવરંગી લેહેર તુરંગી...છોજી૦ ૧
નેણુનો નજારો મુને અતિ પ્યારો રે, અલવીલા છેલ છબીલા...છોજી૦ ૨
કુંજના વિહારી મૂર્તિ તારી રે, હરિ મોરી જીવન દોરી...છોજી૦ ૩
બ્રહ્માનંદ કહેછે મન મારું રહે છે રે, વેણામાં તારા નેણાંમાં...છોજી૦ ૪

### પદ-૩

આંખ્યું અણીઆળી માવા મરમાળી રે, કાંઈ કીધું મન મારું લીધું...છોજી૦ ૧
મંદિર પધારો જન્મ સુધારો રે, છોગાં મેલી બળવંત બેલી...છોજી૦ ૨
સુંદર સોહાગી લગની લાગી રે, તમ સંગે ભીના રંગે...છોજી૦ ૩
બ્રહ્માનંદ ગાવે મૂર્તિ સોહાવે રે, રહો તાજા વ્રજના રાજા...છોજી૦ ૪

### પદ-૪

શોભે માથે તોરા આવોને ઓરા રે, ધીરે ગાતા રંગના રાતા...છોજી૦ ૧
કોટે પરવાળા લાગે છે રૂપાળા રે, નેણું ગેરી લાલજી લેહેરી...છોજી૦ ૨
શ્યામ સલુણા નેણુમાં ટુંણા રે, વ્રજ દાણી હું લોભાણી...છોજી૦ ૩
બ્રહ્માનંદ વારું તન મન મારું રે, તમ માથે સદા મારે સાથે...છોજી૦ ૪

### રાગ : ગરબી – પદ-૧

તારી મુખની લાવણ્યતા મીઠી રે, મોહન વનમાળી;
એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂર્તિ મરમાળી...તા૦ ટેક.
ચટક રંગીલા તારા મોળીડાને છેડે, મનડું ડોલે છે કેડે કેડે રે...મોહન૦ ૧
રંગડો જામ્યો છે ફૂલડાંને રે તોરે, ભમર ભમે છે ચહુકોરે રે...મોહન૦ ૨
ભાલ તિલક કેસર કેરું રાજે, મુખ જોઈ શશિયર લાજે રે...મોહન૦ ૩
બ્રહ્માનંદ કહે સરવસ વારું, રૂપ જોઈને વહાલા તારું રે...મોહન૦ ૪

### રાગ : પરજ – પદ-૧

તારી મૂરતિ રે, છે જો નેણુંનો શણગાર;
નેણુંનો શણગાર, મારા હૈડા કેરો હાર...તારી૦ ટેક.
મોહન તારી મૂર્તિ જોઈને, ભૂલી છું તન ભાન;
નીરખતાં નજરામાં થઈ છું, ગજરામાં ગુલતાન...તારી૦ ૧
માથે ઝીણી પાઘ મનોહર, સુંદર શ્યામ શરીર;
નથી રહેતી તારું રૂપ નિહાળી, વ્રજનારીને ધીર...તારી૦ ૨
બાંય જડાવું બાંધેલ બાજુ, કાજુ નંદકિશોર;
બ્રહ્માનંદ કહે મોહી છું વેણે, નેણે જાદુ જોર...તારી૦ ૩

### પદ-૨

નાગર નંદનારે, મારે તમથી લાગી પ્રીત;
તમથી લાગી પ્રીત, મારું ચોરી લીધું ચિત્ત...નાગર૦ ટેક.

ફૂલનો તોરો સુંદર ફાવ્યો, પાઘનો આવ્યો તાલ;
પાતળિયા અતિ લાગે છે પ્યારા, લટકા તારા લાલ...નાગર૦ ૧
મોતીડાંના હારની શોભા, વર્ણવી નવ જાય;
ખાંતીલા તારી આવીને ખુંતી, મૂરતિ અંતરમાંય...નાગર૦ ૨
અધર ઉપર જાણે કંકુડું ઢળીયું, દાડમ કળીયું દાંત;
બ્રહ્માનંદના વાલમા તમથી, ખેલ કર્યાની ખાંત...નાગર૦ ૩

**પદ-૩**

સુંદર શ્યામળા રે, આવો છોગાવાળા છેલ;
છોગાવાળા છેલ, વ્હાલા આવીશ તારી ગેલ...સુદંર૦ ટેક.
છેલ છબીલા રંગના રેલા, કેસરભીના કહાન;
સંભળાવો મુને શ્યામ સલુણા, મોરલડીની તાન...સુંદર૦ ૧
મોહન તારી મૂરતિ મારા, નેણામાં રાખીશ;
ભૂધર તારી ચાલ ત્રિભંગી, લાલ કલગી શીશ...સુંદર૦ ૨
તમ વિના રે મારે ઘડી ન ચાલે, પડી પટોળે ભાત;
બ્રહ્માનંદના વાલમા, આવી રહો મારે ઘેર રાત...સુંદર૦ ૩

**પદ-૪**

મોરલીવાળા રે, મીઠી મોરલી બજાવ;
મોરલી બજાવ ઢાળા, પરજ કેરા લાવ...મોરલી૦ ટેક.
મોરલી સુણવા હું આવી, મેલી ઘરડા કેરું કામ;
વાલમ રાજી થઈ વજાડો, છોગાળા ઘનશ્યામ...મોરલી૦ ૧
સુણ્યા વિના ચિત્તડામાં, નહિ આવે નિરાંત;
તે માટે હું સૌથી છાની, આવી છું એકાંત...મોરલી૦ ૨
મોરલી સુણીને મેલ્યો મેં તો, સૈયરુ કેરો સાથ;
પ્રેમ સુધારસ પાવોને વહાલા, બ્રહ્માનંદના નાથ...મોરલી૦ ૩

**રાગ : ગરબી — પદ-૧**

વહાલા લાગો છો વિશ્વાધાર રે, સગપણ તમ સાથે;
મેં તો સર્વ મેલ્યો સંસાર રે, સગપણ તમ સાથે...૧
મારા મનમાં વસ્યા છો આવી શ્યામ રે સ૦ તમ સારૂ તજ્યું ધન ધામ રે...૨

મારૂં મનડું લોભાણું તમ પાસ રે, સ૦ મુને નથી બીજાની આશરે...૩
મારે માથે ધણી છો તમે એક રે. સ૦ મારી અખંડ નિભાવજો ટેક રે...૪
મેંતો દેહ ધર્યો છે તમકાજ રે. સ૦ તમને જોઈ મોહી છું વ્રજરાજરે...૫
હુંતો હેતે વેચાણી તમહાથ રે. સ૦ છો બ્રહ્માનંદના નાથરે...૬

**રાગ : ખમાચ પદ-૧**

નરનારાયણ ગાઓ રે, અવસર નહીં મળે આવો...નર૦
અમૃત કેરાં મૂળ ઊખેડી ને, ઝેર બીજ શિદ વાવો રે..અવસર૦ ૧
માલ વિલાસ ઓર મંદિર મેડી, મેલી એકલાં જાઓ રે...અવસર૦ ૨
મૂરખ નર નિશદિન તારે માથે, થાય છે કરમ ભરાવો રે...અવસર૦ ૩
બ્રહ્માનંદ કહે હરિ ભજી લે, નહીં તો થાશે પસ્તાવો રે...અવસર૦ ૪

**રાગ : ગરબી – પદ-૧**

હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે,
વિપત્તે વરચી રે, કેદી દીન વચન નવ ભાખે...૧
જગનું સુખદુઃખ રે, માયિક મિથ્યા કરી જાણે,
તન ધન જાતાં રે, અંતરમાં શોક ન આણે...૨
પર ઉપકારી રે, જન પ્રેમ નિયમમાં પૂરા,
દૈહિક દુઃખમાં રે, દાઝે નહિ સાધુ શૂરા...૩
હરિને સમરે રે, નિત્ય અહોનિશ ઉમંગ ભરિયા,
સર્વ તજીને રે, નટનાગર વહાલા કરિયા...૪
બ્રહ્માનંદ કહે રે, એવા હરિજનની બલિહારી,
મસ્તક જાતાં રે, નવ મેલે ટેક વિસારી...૫

**પદ-૨**

ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહી,
ત્રિવિધિ તાપે રે, કેદી અંતર ડોલે નાહીં...૧
નિધડક વરતે રે, દઢ ધીરજ મનમાં ધારી,
કાળ કર્મની રે, શંકા તે દેવે વિસારી...૨
મોડું વહેલું રે નિશ્ચે કરી એક દિન મરવું,
જગ સુખ સારુ રે, કેદી કાયર મન નવ કરવું...૩

અંતર પાડી રે, સમજીને સવળી આંટી,
માથું જાતાં રે, મેલે નહિ તે નર માટી...૪
કોઈની શંકા રે, કેદી મનમાં તે નવ ધારે,
બ્રહ્માનંદના રે, વહાલાને પળ ન વિસારે...૫

પદ-૩

જો હોય હિંમત રે, નરને ઉરમાંહી ભારી,
દ્રઢતા જોઈને રે, તેની મદદ કરે મોરારી...૧
બીક તજીને રે, નિત હિંમત સોતો બોલે,
મસ્તક માયા રે, સર્વે તૃણ જેવું તોલે...૨
કેસરી સિંહને રે, જેમ શંકા મીલે નહિ મનમાં,
એકાએકી રે, નિરભે થઈ વિચરે વનમાં...૩
પન્ડે છોટો રે, મોટા મેંગળને મારે,
હિંમત વિનાનો રે, હાથી તે જોઈને હારે...૪
બ્રહ્માનંદ કહે રે, એમ સમજે તે જન શૂરા,
તન કરી નાખે રે, ગુરુ વચને ચૂરા...૫

પદ-૪

પેટ કટારી રે, પહેરીને સનમુખ ચાલ્યા,
પાછા ન વળે રે, કોઈના તે ન રહે ઝાલ્યા...૧
આમા સામા રે, ઊંડે ભાલાં અણિયાળાં,
તે અવસરમાં રે, રહે રાજી તે મતવાલા...૨
સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે,
જીવિત જૂઠું રે, મરવું તે મંગળ જાણે...૩
તેની પેરે રે, હરિજન પણ જોઈએ તીખા,
અંતરશત્રુને રે, લાગે અતિ વજ્ર સરીખા...૪
માથું જાતાં રે, મુખનું પાણી નવ જાવે,
બ્રહ્માનંદ કહે રે, તે સંત હરિ મન ભાવે...૫

### રાગ : ગરબી – પદ-૧

રે સગપણ હરિવરનું સાચું,
બીજું સર્વે ક્ષણભંગુર કાચું રે...સગપણ૦
રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાગ્યું મન મિથ્યા ભાળી;
છે વરવા જેવા એક વનમાળી રે... સગપણ૦ ૧
રે સ્થિર નહિ આવરદા થોડી, રે તુચ્છ જાણી આશા છોડી,
મેં જગના જીવન સાથે જોડી રે... સગપણ૦ ૨
રે ફોગટ ફેરા નવ ફરીએ, રે પરઘેર પાણી શું ભરીએ,
વરીએ તો નટવરને વરીએ રે... સગપણ૦ ૩
રે ભૂધર ભેટ્યા ભય ભાગ્યો, રે સહુ સાથે તોડ્યો ધાગો, એ
રસિક રંગીલાથી રંગ લાગ્યો રે.. સગપણ૦ ૪
રે એવું જાણીને સગપણ કીધું, રે મેણું તો શિર ઉપર લીધું,
બ્રહ્માનંદનું કારજ સીધું રે... સગપણ૦ ૫

### રાગ : પરજ – પદ-૧

પાતળિયે હર્યા પ્રાણ રે, બેની મારા...પાત૦ ટેક૦
મુજ સામું વ્હાલે જોઈને માર્યા, આંખડલીનાં બાણ રે...બેની૦ ૧
લટકાળે રે મુને ચટકી લગાડી, છેલે ચતુર સુજાણ રે...બેની૦ ૨
શામળિયાને જોવા સારુ, તનડામાં થાય છે તાણ રે...બેની૦ ૩
બ્રહ્માનંદ કહે અંતર વીંધ્યું, ડોલરીયે દીવાન રે...બેની૦ ૪

### છપૈયાથી મહારાજ વહેલા

છપૈયાથી મહારાજ વહેલા આવજો રે લોલ
કરવી મારે મનડા કેરી વાત જો
વસમી વેળાએ વહેલા આવજો રે લોલ.
અંતરની વેદના હું ક્યાં કહું રે લોલ
મારે એક તમારો આધાર જો...વસમી૦
ભક્તોના સાદ તમે સાંભળી રે લોલ
તરત થતા માણકીએ અસવાર જો...વસમી૦
દાદાખાચરે લીધો તવ આશરો રે લોલ.
પહોંચ્યા ગઢપુર દીનાનાથ જો...વસમી૦

દાદાખાચરે દરબાર સોંપિયા રે લોલ
મોટીબાએ દીધાં ઘણાં માન જો...વસમી૦
જશુબાએ જશ બહુ આપિયા રે લોલ
લાડુબાએ પૂજા કરી પ્રેમ જો...વસમી૦
ચરણ ચાંપી પીપળો ચલાવ્યો રે લોલ
પ્રગટ પરચાના પૂરનાર જો...વસમી૦
પાઘ આપી કરાવ્યાં પારખાં રે લોલ
નમાવ્યો અરદેશર કોટવાળ જો...વસમી૦
ધરજો અરજ અમારી અંતરે રે લોલ
દર્શન દેજો રે દીનાનાથ જો...વસમી૦
સગાં સંબંધી સહુ સ્વાર્થનાં રે લોલ
સાચા સગા છો તમે એક જો...વસમી૦
આ બાળ દિનરાત ઝંખતો રે લોલ
એક તમારા દર્શનની આશ જો...વસમી૦
બ્રહ્માનંદના તે સ્વામી શામળા રે લોલ
દેજો દિવ્ય મૂર્તિમાં વાસ જો...વસમી૦

**રાગ : ખમાચ**

આજની ઘડી રે, ધન્ય આજની ઘડી;
મેં નીરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી...ટેક.
કામ ક્રોધ ને લોભ, વિષે રસ ન શકે નડી;
માવજીની મૂર્તિ મારા, હૃદયામાં ખડી રે...ધન્ય૦ ૧
જીવની બુદ્ધિ જાણી ન શકે, એ મોટી અડી;
સદ્‌ગુરુની દૃષ્ટિ થાતા, વસ્તુ એ જડી રે...ધન્ય૦ ૨
ચોર્યાસી ચહુ ખાણમાં હું તો, થાક્યો આથડી;
અંતર હરિસું એકતા તારે, દુગ્ધા દૂધ પડી રે...ધન્ય૦ ૩
જ્ઞાનકુંચી ગુરુ ગમસેં, ગયાં તાળાં ઊઘડી;
લાડુ સહજાનંદ નિહાળતાં, ઠરી આંખડી રે...ધન્ય૦ ૪

## રાગ : ગરબી — પદ-૧

આવોને ઓરા છેલ છબીલા મારી શેરીએ;
આવોને ઓરા હેત કરીને સામું હેરીએ...૧
આવોને ઓરા લાવો મળ્યાનો આપણ લીજીએ;
આવોને ઓરા કહાના એકાંતે વાતું કીજીએ...૨
આવોને ઓરા ખાંત કરીને આપણ ખેલીએ;
આવોને ઓરા માથે કલગી સુંદર મેલીએ...૩
આવોને ઓરા ફૂલે બિછાવી મેં તો સેજડી
આવોને ઓરા હાથ જોડીને આગે છું ખડી...૪
આવોને ઓરા મનડાં મળ્યાં તે નથી છૂટતાં;
આવોને ઓરા દૂરીજન દેખીને છોને કૂટતાં...૫
આવોને ઓરા પ્રગટ થયા અમારે કારણે;
આવોને ઓરા બ્રહ્માનંદ જાય તમારે વારણે...૬

## પદ-૨

પધારો નાથ વાટ જોઈને ઊભી ક્યારની;
પધારો નાથ શંકા તજી મેં સંસારની...૧
પ૦ મંદિર અમારે રંગ માણીએ; પ૦ અવગુણ અમારા ચિત્ત નાણીએ...૨
પ૦ તમને વધાવું મોતીડે કરી; પ૦ પ્યારા રાખીશ હૈયા ઉપરી...૩
પ૦ માથાસાટે વરી છું રાજને; પ૦ મેલી લોકડીઆંની લાજને...૪
પ૦ ચિત્તડું મોહ્યું તમારી ચાલમાં; પ૦ ભુધર લખ્યા છો મારા ભાલમાં...૫
પ૦ છેલ છબીલા કુંવર નંદના; પ૦ વહાલા બ્રહ્માનંદના...૬

## પદ-૩

છબીલા છેલ દૂર ફરો છો શીદ ડોલતા;
છબીલા છેલ અમથી શા માટે નથી બોલતા...૧
છ૦ અમને તમારો એક આશરો; છ૦ મનમાં ન ગોઠે પિયર સાસરો...૨
છ૦ વાલપ લાગી તમારા વેણમાં; છ૦ આવોને રાખશું જો નેણમાં...૩
છ૦ મુજને લાગી તમારી આંખડી; છ૦ પ્યારા પધારો પેરી ચાખડી...૪

છ૦ ભાવ કરીને આવો ભેટવા; છ૦ મનડાની દાઝ સરવે મેટવા...૫
છ૦ આળસ મેલી હવે આવીએ; છ૦ બ્રહ્માનંદને હસી બોલાવીએ...૬

### પદ-૪

રંગીલા કાન અરજી અમારી એક જીલીએ;
રંગીલા કાન મનની આંટી તે હવે મેલીએ...૧
રં૦ રહોને આવીને અહીં રાતજી; રં૦ વાલપની કરીએ જો વાતડી...૨
રં૦ ઝાંઝું તમને શું કહી દાખીએ; રં૦ રાંકુથી રીસ નવ રાખીએ...૩
રં૦ છેટે રહેવું તે વારી નવ ઘટે; રં૦ મળ્યા વિના તે પીડા નવ મટે...૪
રં૦ પ્રીત કરીને અમને પરહર્યાં; રં૦ કુબ્જાના ઘર તે પોતાનાં કર્યાં...૫
રં૦ બ્રહ્માનંદની તે અરજી સાંભળો; રં૦આવીને એકાંતે મુજને મળો...૬

### રાગ : પરજ ખમાચ — પદ-૧

આંગણીયે ઝાઝું શું ભણીએ, આવો કહાના મારે આંગણીયે...ટેક.
ભાવ કરી નટનાગર ભેટો, હૈડાના તાપ પિયા હણીયે...આવો૦ ૧
હાથકડાં મોતીડાં કેરી માળા, સુંદર છેલ બણી ઠણીયે...આવો૦ ૨
નૌતમ સુંદર પાઘડલીના, પેચ ઝુકયા આવી પાંપણીયે...આવો૦ ૩
બ્રહ્માનંદ કહે પ્રેમ કરીને, તૃપ્ત કરું મહીં માખણીયે...આવો૦ ૪

### પદ-૨

ઓસરીએ મનડાં હરીએ, આવો પ્યારા મારી ઓસરીએ...ટેક.
મારું મંદીરીયું તે શ્યામ તમારું, છેટે છેલા શીદને ફરીએ...આવો૦ ૧
પ્રીતમ નૌતમ પાઘડલીમાં, સુંદર છોગલીયાં ધરીએ...આવો૦ ૨
ફૂલડાંના હાર અનુપમ પહેરી, કોડે કોડે લટકા કરીએ...આવો૦ ૩
બ્રહ્માનંદના નાથ છબી તારી, જોઈ જોઈ અંતરમાં ઠરીએ...આવો૦ ૪

### પદ-૩

ડોલરીઆ રંગના ભરીઆ, હસીને બોલો હરિ ડોલરીઆ...ટેક.
નટવર સુંદર નાથજીરે, તમને મેં અંતરમાં ધરીઆ...હસી૦ ૧
મિથ્યા જગની લાલચ મેલી, પ્રાણથકી પ્યારા કરીઆ...હસી૦ ૨
જગજીવન તારું રૂપને જોઈ, સર્વે વિષયરસ વીસરીઆ...હસી૦ ૩
બ્રહ્માનંદના છેલ છબીલા, કહાન ચતુરવર કેશરીઆ...હસી૦ ૪

### પદ-૪

વાતડલી રહોને રાતડલી, વ્હાલા પૂછું એક વાતડલી...ટેક.
પીતાંબર સાટે મારા પ્રીતમ, સાડી લાવ્યા નવી ભાતડલી...વ્હાલા૦ ૧
મોરડલી લઈને મનમોહન, દીધું વેલણ કોણે દાતડલી...વ્હાલા૦ ૨
જેને ઘેર રજની તમે જાગ્યા, કોણ હતી તેની જાતડલી...વ્હાલા૦ ૩
બ્રહ્માનંદ કહે સંશય થયો નહિ, ધન્ય છે તમારી છાતડલી...વ્હાલા૦ ૪

### રાગ : ગરબી – પદ-૧

ઓરા આવો મારા લેરખડા લ્હેરી, કીધો તમ સારુ મેં જગ વેરી...ઓરા૦ ટે.
કાજુ નૌતમ જામા જરકસીયા, શોભે પાઘડલી શિર સાનેરી...ઓરા૦ ૧
નંગ જડીએલ બાજુ બેરખડા, કર પોંચી હેમકડાં પહેરી...ઓરા૦ ૨
તમે રસીયા રંગડાના ભરીયા, મુખ મોરલડી વાતા ઘેરી...ઓરા૦ ૩
બ્રહ્માનંદના છેલા છોગાળા, ચાલો ચાલ મલપતા ગજ કેરી...ઓરા૦ ૪

### પદ-૨

મરમાળા મનમાન્યા માવા, રહોને આંખડલી આગે આવા...મરમાળા૦ ટેક.
તારા મનમોહન મીઠાં વેણાં, આવો શ્યામ તમે મુને સંભળાવા...મર૦ ૧
નિત્ય વ્હાલમ આવો મારે મંદિરિયે, રૂડી ચાલ ચતુરાઈ શીખાવા...મર૦ ૨
તમે નાવો તો હું નંદજીને ફળીયે, બહુ હેત કરીને આવું બોલાવા...મર૦ ૩
બ્રહ્માનંદના બાલ સનેહીડા, રાખું જોર કરીને નહિ દઉં જાવા...મર૦ ૪

### પદ-૩

વ્હાલું લાગે મુને મોહન મુખ તારું, છે જો પૂરણચંદ્ર થકી સારું...વ્હાલું૦ ટે.
તારા મુખડાની મીઠી લાવણ્યતા, જોઈ કોટી કોટી કંદર્પ વારું...વ્હાલું૦ ૧
શુભ ગૌર કપોળે તીલ ત્રાજુ, તેમાં લોભાણું મનડું મારું...વ્હાલું૦ ૨
તારા મુખની શોભા મરમાળા, નિત્ય નીરખી અંતરમાં ધારું...વ્હાલું૦ ૩
બ્રહ્માનંદ કહે વશ કીધી મુજને, છે જો કોડીલું કામણગારું...વ્હાલું૦ ૪

### પદ-૪

તારી મૂરતિ મન માની મારે, હવે શંકા જગની કોણ ધારે...તારી૦ ટે.
લટકાળા તમને લાડકડા, મેં તો દીઠેલ જમુનાને આરે...તારી૦ ૧
મનમોહન સુંદર મોળીડે, તોરા ફૂલતણા ઝુકીયા તારે...તારી૦ ૨

શુભનાસા દીપ સમાન બની, કાજુ નેણકમલ કેરે અનુસારે...તારી૦ ૩
બ્રહ્માનંદના હાર હઝારીડા, હું તો જીવું છું તુંને દેખું જ્યારે...તારી૦ ૪

### રાગ : કાફી – પદ-૧

આજ મેં તો ભેટચા રે, અંકભર પ્રગટ હરિ,
આનંદ ઉગીઓ રે, નીરખી નજર કરી...ટેક૦
ધન્ય સખી દિન આજનો, વળી ધન્ય મૂહુર્ત ધન્ય વાર,
કરુણાનિધિ મુજ કારણે, મારે મંદિર પધાર્યા મોરાર;
દુર્બળ જાણી રે, મુજ પર મહેર કરી...આજ૦ ૧
સ્વેચ્છાએ આવ્યા ચાલીને, આગુની ઓળખાણ,
તન મન ધન મોહન છબી ઉપર, કરી નાખું કુરબાણ;
અઢળક ઢળીઆ રે, સખી મુને અભર ભરી...આજ૦ ૨
હું સૂતી તી ભરનિદ્રામાં, જગવી શ્યામ જરૂર,
ભેટતાં અંતરથી ભાગ્યું, મોહ માયાનું પૂર;
અંખીયાં ઉઘડી રે, થઈ છે ખબર ખરી...આજ૦ ૩
સુંદર શ્યામ મનોહર સૂરત, મૂરતિ બેઉ સમાન,
બ્રહ્માનંદ થઈ છું રસબસ, દેખતાં ગુલતાન;
શંકા મેટી રે, હું તો વર અમર વરી...આજ૦ ૪

### રાગ : મેવાડી – પદ-૧

મુખડાની માયા લાગી રે મોહન તારા...ટેક૦
મુખડાની મીઠી વાણી, તેણે મન લીધું તાણી;
ઝબકીને સુતી જાગી રે...મોહન૦ ૧
મુખડું મેં જોયું તારું, બીજું સર્વે થયું ખારું;
હવે હું તો બડભાગી રે...મોહન૦ ૨
મુખડું જોવાને માટે, સહી કીધું શિર સાટે;
મહેણું મેં તો લીધું માગી રે...મોહન૦ ૩
બ્રહ્માનંદ જાય વારી, આશા એક મુને તારી;
તરછોડી મ થાશો ત્યાગી રે...મોહન૦ ૪

### રાગ : ગરબી – પદ-૧

વ્હાલા મારી શુદ્ધ બુધ તેં હરી લીધી રે, તારે લટકે વેરાગણ કીધી...ટેક૦
તારી નવલ કલગી દીઠી રે, મનડામાં લાગે અતિ મીઠી રે;
જાણે જબર જાદુડાની ચીઠી...વ્હાલા૦ ૧
જોયું મોળીડું આંટે ફરતું રે, પલ એક નથી વીસરતું રે;
મારું હૈડું ધીરજ નથી ધરતું...વ્હાલા૦ ૨
ભાલે આડ કેશર કેરી ભાળી રે, રેખું ત્રણ ઉપડતી રૂપાળી રે;
જાણે મન પકડ્યાની છે જાણી...વ્હાલા૦ ૩
બંકી ભ્રૂકુટી ઘણી મન ભાવી રે, બ્રહ્માનંદને વસી ઉર આવી રે;
જાણે શ્યામ કબાણ ચડાવી...વ્હાલા૦ ૪

### રાગ : ગરબી – પદ-૧

તારે ચટક રંગીલો છેડલો, અલબેલા રે;
કાંઈ નવલ કસુંબી પાઘ, રંગના રેલા રે.
શિર અજબ કલગી શોભતી, અ૦ હૈડામાં રાખ્યા લાગ...રં૦ ૧
મોળીડું છાયું મોતીડે, અ૦ ફૂલડાંની સુંદર ફોર...રં૦ ૨
ઘેરે રંગે ગુચ્છ ગુલાબના, અ૦ જોઈ ભ્રમર ભમે તે ઠોર...રં૦ ૩
તારી પાઘડલીના પેચમાં, અ૦ મારું ચિત્તડું થયું ચકચૂર...રં૦ ૪
બ્રહ્માનંદ કહે તારી મૂરતિ, અ૦ વણદીઠે ઘેલી તૂર...રં ૫

### પદ-૨

કેશરનું તિલક સોહામણું, ગિરિધારી રે;
ઝળકે છે સુંદર ભાલ, જાઉં બલિહારી રે.
રસ રેખડલી વીલસી રહી, ગિ૦ નિરખીને થઈ છું નિહાલ...જા૦ ૧
વારી બેહદ ભ્રૂકુટી વાંકડી, ગિ૦ જાણે કરડ શામ કબાણ...જા૦ ૨
રૂપાળી ટસરું રાતડી, ગિ૦ લોચનીઆં તીખાં બાણ...જા૦ ૩
નાસા અણીઆળી નમણી, ગિ૦ જોઈ લાજે દીપક કીર...જા૦ ૪
બ્રહ્માનંદ કહે જોઈ રહેતી નથી, ગિ૦ ઉર દેવત્રીયાને ધીર...જા૦ ૫

### પદ-૩

કુંડળ બેઉ રાજે કાનમાં, વ્રજ ચંદા રે;
સુંદર માંહી બિંદુ શ્યામ, નંદના નંદા રે.

રંગભીના તારા રૂપને, વ્ર૦ જોઈ લાજે કોટીક કામ...નં૦ ૧
તિલનું એક નૌતમ ત્રાજવું, વ્ર૦ કંકોળેલ ગૌર કપોળ... નં૦ ૨
તારા અધર પ્રવાળા સરખા, વ્ર૦ છબી વદનકમળની ગોળ...નં૦ ૩
તારા દાંત ડોલરીયાની કળી, વ્ર૦ વળી દાડમકેરાં બીજ...નં૦ ૪
બ્રહ્માનંદ કહે હાસ્ય વિલાસમાં. વ્ર૦ રહી વ્રજનારી રંગભીજ...નં૦ ૫

**પદ-૪**

બાંયે બાજુ કાજુ બેરખા, મને પ્યારા રે;
બહુમૂલી લટકે બોર, કામણગારા રે.
હાથોમાં પોંચી હેમની, મ૦ ખાસી તન ચંદનખોર...કા૦ ૧
બની શોભા વીંટી વેઢની, મ૦ હૈયે નવલ ગુલાબી હાર...કા૦ ૨
તારું રૂપ જોઈ ઘેલી ફરે, મ૦ ગોકુળીયા કેરી નાર...કા૦ ૩
જોઈ તેજ અલૌકિક અંગનું, મ૦ થયા ઝાંખા સૂરજ ચંદ...કા૦ ૪
તારી નવલ છબીને ઉપરે, મ૦ બલિહારી બ્રહ્માનંદ...કા૦ ૫

**રાગ : કાફી – પદ-૧**

કાનુડા કેડે ફરવું રે, કોઈથી ન ડરવું...કાનુ૦
દુરિજન લોક દુર્ભાષણ બોલે, તે હૈડે નવ ધરવું રે...કોઈ૦ ૧
સગાં કુટુંબી સરવે સંગાથે, હેતલડું પરહરવું રે...કોઈ૦ ૨
સંસારીથી સગપણ તોડી, કાનકુંવરથી કરવું રે...કોઈ૦ ૩
બ્રહ્માનંદ કે' મન કર્મ વચને, વ્રજજીવનને વરવું રે...કોઈ૦ ૪

**રાગ : પરજ – પદ-૧**

જોઈ મૂરતિ મનોહર તારી, માવા રે મારાં નેણાં લોભાણાં...ટેક૦
મોળીડા ઉપર નવલ કલંગી, શોભે છે અતિ સારી...માવા રે૦ ૧
હેત કરીને હૈડાની ઉપર, માળા મોતીડાની ધારી...માવા રે૦ ૨
અતિ રે શોભે છે છાતી ઊપડતી, ચાલ જગતથી ન્યારી...માવા રે૦ ૩
બ્રહ્માનંદ કે' એ છબી ઉપર, સરવસ નાખું વારી...માવા રે૦ ૪

**રાગ : ગરબી – પદ-૧**

શેરી ભલી પણ સાંકડી રે, નગર ભલાં પણ દૂર રે
કેસરિયા એક વાર ગઢડે પધારજો રે...ટેક૦
શેરીએ આવતાં શોભતા રે, ઘોડલડે અસવાર રે...કેસરિયા૦ ૧

માણેકચોકમાં મલપતા રે, ઊડે છે અબીલ ગુલાલ રે...કેસરિયા૦ ૨
ઓસરીએ ઢોલિયો ઢળાવતા રે, બેસતા બહુ વાર રે...કેસરિયા૦ ૩
ગોપીનાથનાં મંદિરિયાં રે, તમ વિના સૂનાં દેખાય રે...કેસરિયા૦ ૪
સહજાનંદજી સુજાણ છો રે, બ્રહ્માનંદના રાય રે...કેસરિયા૦ ૫

**પદ-૨**

સૂનું મૂક્યું તમે ગઢડું રે, ક્યાં ગયા ધર્મકુમાર રે,
શામળિયા સુણો કહું એક વિનતિ રે...ટેક૦
ઉન્મત્ત ગંગાના નીરમાં રે, લીલા કરતા અપાર રે...શામળિયા૦ ૧
તમ વિના પુરનાં જનને રે, અન્ન વિષ તુલ્ય થાય રે...શામળિયા૦ ૨
અક્ષર ઓરડીમાં બેસતા રે, તમ વિના સૂની દેખાય રે...શામળિયા૦ ૩
રાજ માર્ગમાં ચાલતા રે, સર્વે મુનિ ચારે પાસ રે...શામળિયા૦ ૪
બ્રહ્માનંદના નાથજી રે, આવો વહેલા અવિનાશ રે...શામળિયા૦ ૫

**પદ-૩**

સહજાનંદજી સુખરૂપ છો રે, શોભા તણા શણગાર રે;
મોહનવર દયા કરી દર્શન આપજો રે...ટેક૦
પૂર્વે કહ્યું'તું ઉદ્ધવને રે, લઈશ બીજો અવતાર રે...મોહનવર૦ ૧
પુરુષોત્તમ તમે પ્રગટી રે, કર્યાં સહુનાં કાજ રે...મોહનવર૦ ૨
સુખસાગર ઘનશ્યામજી રે, ભક્તોના સુખ જહાજ રે...મોહનવર૦ ૩
શ્રીજી તમે ભક્તિ ધર્મથી રે, ભૂ પર ધર્યો અવતાર રે...મોહનવર૦ ૪
બ્રહ્માનંદ કહે મારે તમ થકી રે, અંતરે સુખ અપાર રે...મોહનવર૦ ૫

**પદ-૪**

સ્વામિનારાયણ સત્ય છો રે, પ્રગટ થયા પરબ્રહ્મ
પુરુષોત્તમ અક્ષરપતિ અલબેલડા રે...ટેક૦
કૌસલ દેશથી આવિયા રે, આંહી રહ્યા પૂરણકામ રે...પુ૦ ૧
સહજાનંદજી હું તમ વિના રે, ઘેલી ફરું ઘરમાંય રે...પુ૦ ૨
મુજને સંભાળજો શામળા રે, રહેજો મારા અંતરમાંય રે...પુ૦ ૩
તમ વિના મારા નાથજી રે, કોઈનો નહિ મારે ભાર રે...પુ૦ ૪
બ્રહ્માનંદના શામળા રે, મેલો મા ઘડી દૂર રે...પુ૦ ૫

### રાગ : ગરબી – પદ-૧

એકલડાં કેમ રે'વાય તમ વિના વા'લાજી, મંદિરીયું ખાવા ધાય...તમ૦ ૧
હૈયાની કોણ પૂરે હામ તમ૦ મારે હાથ ન લાગે કામ...તમ૦ ૨
કોણ માને દિલની વાત તમ૦ સુખ ના'વે દિન ને રાત...તમ૦ ૩
મારી જુગ તુલ રજની જાય તમ૦ મહા દુઃખ છે હૈયા માંય...તમ૦ ૪
બ્રહ્માનંદના સ્વામી જાણ તમ૦ હું કેમ કરી રાખું પ્રાણ...તમ૦ ૫

### રાગ : ગરબી – પદ-૧

મેં તો સગપણ કીધું રે, કે શામળિયા સાથે;
માવાનું મેણું રે, કે લીધું છે માથે...૧
તન મન ધન સર્વે રે, કે મિથ્યા ધારીને;
વરી મગન થઈને રે, કે કુંજવિહારીને...૨
તુચ્છ જાણી સર્વે રે, કે લજ્જા ત્યાગીને;
મોહનનું મેણું રે, કે લીધું માગીને...૩
દુર્મતિ દુર્જનિયાં રે, કે કહીને શું કરશે;
પોતાને પાપે રે, કે બળી બળીને મરશે...૪
મતવાલા સંગે રે, કે થઈ છું મતવાલી;
માથાથી મોંઘા રે, કે કીધા વનમાળી...૫
ખાંતે હું ખેલું રે, કે સુંદરવર સંગે;
બ્રહ્માનંદ કહે રીઝી રે, કે રસિયાને રંગે...૬

### પદ-૨

મારે મંદિર ના'વો રે, કે મોહન શા માટે ?
શિર જાશે ઘોળ્યું રે, કે વાલમ તમ સાટે...૧
શું કરશે ઘોળ્યાં રે, કે જૂઠા સંસારી;
ધરશો મા શંકા રે, કે મનમાં ગિરધારી...૨
જગજીવન તમને રે, કે સાચા જાણીને;
કોણ માને જગની રે, કે ખોટી વાણીને...૩
મારે મનડે ભાવ્યા રે, કે મોહન મરમાળા;
સો માથાં જાતા રે, કે સોંઘા છોગાળા...૪

તમ સાથે જોડી રે, સૌથી તોડીને;
દુરિજન શું કરશે રે, કે મુખડાં મોડીને ?...૫
શર સાટે સમજી રે, કે બાંધ્યું છે બેલું;
બ્રહ્માનંદના વહાલા રે, કે તમને કેમ મેલું ?...૬

**પદ-૩**

સમજીને સાયો રે, કે હરિ તારો છેડો,
મનમોહન મેલું રે કે કેમ કરીને કેડો ?...૧
તમ સાથ બંધાણી રે, કે આવી પ્રીતડલી;
ભૂધર ભાંગી છે રે, કે ભવની ભીતડલી...૨
પિયર સાસરિયું રે, કે સૌ લાગે ખારું;
મોહન તમ સાથે રે, કે મન માન્યું મારું...૩
નિશ્ચયની નોબત રે, કે વાલમ વાગી છે;
તમ સારુ જગની રે, કે લજ્જા ત્યાગી છે...૪
નટવર તમ સંગે રે, કે લાગ્યો છે નેહડો;
ડોલરિયા ઘોળ્યો રે, કે તમ ઉપર દેહડો...૫
બ્રહ્માનંદના વા'લા રે, કે વહાલ પધારોને;
પોતાની જાણી રે, કે સેજ પધારોને...૬

**પદ-૪**

અવસર આવ્યો છે રે, કે તમને ભજવાનો;
તનની ઉપાધિ રે, કે સર્વ તજવાનો...૧
ધારું નહિ માથે રે, કે ઘણી દેહધારીને;
તમ ઉપર સર્વે રે, કે નાખું વારીને...૨
અવતાર ધર્યો છે રે, કે તમને વરવાને;
કુળની મર્યાદા રે, કે ખોટી કરવાને...૩
અમૃતરસ મેલી રે, કે વિખ હું નહિ ચાખું;
રસિયા તમ વિના રે, કે વહાલું નહિ રાખું...૪
શું કરશે મુજને રે, કે કૂડાં લોકડિયા ?
જગજીવન મારે રે, કે જીવડલે જડિયા...૫

બ્રહ્માનંદના વહાલા રે, કે મા દેશો વિસારી;
તન મન ધન સોંપી રે, કે થઈ રહી છું તારી...૬

**રાગ : ગરબી – પદ-૧**

વા'લો વધાવું, મારો વા'લો વધાવું,
આજની ઘડી રળિયામણી રે મારો વા'લો વધાવું.
પ્રાણજીવન મારે મંદિર પધાર્યા,
હાર પેરાવું હીરામણિ રે...મારો૦ ૧
કાનકુંવર અળવીલાને કારણે,
જતને રાખ્યાં છે દહીં જામણી રે...મારો૦ ૨
ચોખા રાંધીને કાજુ આપીશ સવારમાં,
સાકર ને દૂધની શિરામણી રે...મારો૦ ૩
બ્રહ્માનંદના રંગભીના વા'લાની કરું,
પ્રીતે સહિત પધરામણી રે...મારો૦ ૪

**પદ-૨**

કાન રંગીલો છેલો કાન રંગીલો,
આજ મારે ઘેર આવિયારે, છેલો કાન રંગીલો.
ટોડલે ટોડલે તોરણ બંધાવિયાં,
ફૂલડે ચોક પુરાવિયા રે...છેલો૦ ૧
ગજ મોતીડાંનો થાળ ભરીને,
મેં તો સરવે પેલા જઈ વધાવિયા રે...છેલો૦ ૨
અગર ચંદન કેરી ગાર કરી બેની,
પ્રીત કરી ઓરડા લિપાવિયા રે...છેલો૦ ૩
બ્રહ્માનંદનો વા'લો છેલ ચતુરવર
મંદિરમાં પધરાવિયા રે...છેલો૦ ૪

**પદ-૩**

શ્યામ સલુણો આવ્યા શ્યામ સલૂણો,
ધન્ય ઘડી છે આજનીરે, આવ્યા શ્યામ સલૂણો;
વા'લો પધાર્યા એવી સાંભળી વધામણી;
સૂરત ભૂલી ઘરકાજની રે...આવ્યા૦ ૧

સામૈયું લઈને ચાલી વા'લાને વધાવવા,
શંકા ન રાખી લોકલાજની રે...આવ્યા૦ ૨
વાજાં નગારાં ઢોલ શરણાઈ વગાડી,
કરો ધુન તાલ પખાજની રે...આવ્યા૦ ૩
બ્રહ્માનંદ કહે આવી વસી મારે અંતરે,
સૂરત રસિક વ્રજરાજની રે...આવ્યા૦ ૪

**પદ-૪**

વા'લો પધાર્યા તે વા'લો પધાર્યા;
જેની નિત્ય વાટડી હેરતાં રે; તે વા'લો પધાર્યા;
કાનકુંવરના સમાચાર કારણે;
વટેમારગુને જઈ ઘેરતાં રે;...તે વાલો૦ ૧
દર્શન કારણે દિલગીર થઈ અંતરે,
જેને કાજે આંસુડાં ખેરતાં રે;...તે વાલો૦ ૨
કાગ ઉડાડતાં ને જોશ જોવરાવતા,
માળા જેના નામની ફેરતાં રે;...તે વાલો૦ ૩
બ્રહ્માનંદના વા'લાની વધામણી,
સુણી ફૂલ શેરીએ વેરતાં રે;...તે વાલો૦ ૪

**રાગ : ધોળ — પદ-૧**

હેલી જોને આ નંદકુમાર, સલૂણો શોભતા;
ચાલે મદઝર ગજની ચાલ, રસિક ચિત્ત લોભતા...૧
પ્યારી લાલ સુરંગી પાઘ, અલૌકિક બાંધણી;
છટા પેચ ઝૂક્યા ચહુકોર, અધિક શોભા બની...૨
રૂડી રાજે છે નલવટ રેખ, મનોહર માવને;
જોતાં કેસર તિલક અનુપ, વધારે ભાવને...૩
ઊભા અળવ કરે અલબેલ, સખાના સંગમાં;
ખેલે બ્રહ્માનંદનો નાથ, રાજેશ્વર રંગમાં...૪

**રાગ : પરજ — પદ-૧**

હૈડાનો હાર હરિ રે, મારે રંગભીનો; હૈડાનો હાર હરિ ૦
મંદિરમાં પધરાવી મોહનને, ભેટું હું અંક ભરી રે...મારે૦ ૧

જગના જીવનને હું નહીં દઉં જાવા, રાખીશ જતન કરી રે...મારે૦ ૨
રસિક નવલ વર રાજેશ્વરને, નીરખીને નયણે ઠરી રે...મારે૦ ૩
બ્રહ્માનંદના નાથને સજની, મન કર્મ વચને વરી રે...મારે૦ ૪

**પદ-૨**

વર નંદલાલ વરું રે, સખી અલબેલો; વર નંદલાલ વરું ૦
મૂરખ લોક દાઝી છોને મરતા, કોઈની શંકા ન ધરું રે...સખી૦ ૧
કાનકુંવર સંગ નેહ કરીને, જગથી તે શીદ ડરું રે...સખી૦ ૨
પરણું તો વર પુરુષોત્તમ પરણું, નહીં તો કુંવારી મરું રે...સખી૦ ૩
બ્રહ્માનંદના નાથ ને માથે, તન કુરબાન કરું રે...સખી૦ ૪

**પદ-૩**

ઘોળી હું ગિરધરિયા રે માથે તારે મોહન; ઘોળી હું ગિરધરિયા૦
પ્રાણજીવન મારે મહોલ પધારો, ભુધર રંગ ભરિયા રે...માથે૦ ૧
પહેલી પ્રીત કરીને મારા, પ્રાણ તમે હરિયા રે...માથે૦ ૨
મસ્તકને સાટે મેં તમને, વાલમજી વરિયા રે...માથે૦ ૩
બ્રહ્માનંદ કહે એ ઘડી દૂર, રહોમાં ડોલરિયા રે...માથે૦ ૪

**પદ-૪**

લાગેલ રંગઝડી રે, મારે રસિયાજી શું લાગેલ રંગઝડી
મોહનલાલ રંગીલાની મૂરતિ, જીવડલામાં જડી રે...મારે૦ ૧
પ્રાણજીવન પાતળિયાની આગે, હાથ જોડીને ખડી રે...મારે૦ ૨
મીટ થકી ક્ષણ દૂર ન મેલું, પ્રેમને પાશ પડી રે...મારે૦ ૩
બ્રહ્માનંદના નાથને ભેટી, ધન્ય ધન્ય આજ ઘડી રે...મારે૦ ૪

**રાગ : કરાઈડો — પદ-૧**

તારું છોગું આવીને મારા ચિત્તમાં રહ્યું...તારું૦ ટેક
જગના જીવન રૂડું છોગું જોઈને, અંતરમાં અજવાળું થયું...તારું૦
સુંદર શ્યામ સોહાગી તારું, મુખ નીરખીને દુઃખ દૂર ગયું...તારું૦
આનંદ સહિત થયું સુખ અંતર, એક જીભે નવ જાય કહ્યું...તારું૦
બ્રહ્માનંદ કહે એ છોગા સારું, લોકડીયાનું અમે મેણું સહ્યું...તારું૦

## રાગ : ગરબી — પદ-૧

રહ્યું છે મારા હૃદિયામાં રૂપ તમારું...ટેક૦
રૂપ તમારું એક હૃદિયામાં રાખ્યું, મેં તો બીજું સર્વે કાઢ્યું છે બારું,
જગના જીવન વાલા તમને રે જોઈને; વારી મનડું લોભાણું છે જો મારું...રહ્યું૦ ૧
તમરે વિના શ્યામળિયા રે સ્નેહી, વાલા બીજું નથી લાગતું સારું,
દુરિજન લોક ઘોળ્યાં દાઝી મરે, તેની ધડક હૈયામાં શીદ ધારું...રહ્યું૦ ૨
માથું જાતાં મન માન્યા રે માવા, કેદી હેતમાંથી નવ હારું,
બ્રહ્માનંદના વાલા પ્રાણ સંગાથી, ઘડી તમને તે કેમ વિસારું...રહ્યું૦ ૩

## પદ-૨

હૈડામાં મુને વાલા લાગો છો વનમાળી...ટેક૦
વહાલા લાગો છો લટકાળા રે લાલા, મારા નયણા ઠરે છે ભાળી ભાળી
આઠો પહોર આવી વસી અંતરમાં, મૂરતી તમારી મરમાળી...હૈડામાં૦ ૧
બાંધ્યાં છે બાજુ કાજુ ફૂલડાની માળા, ગળે લાગે છે રૂપાળી;
મનડાં હરો છો તમે મોરલી વગાડતાં, ગાતા નાખો છો રંગ ઢાળી...હૈડામાં૦ ૨
શું કરે સંસારી રે ઘોળ્યા, મેં તો લોકલજ્જા સર્વે ટાળી;
બ્રહ્માનંદના વાલા તમ સંગ રમતા, મારે દાડી દાડી તે દિવાળી...હૈડામાં૦ ૩

## રાગ : ગરબી પદ-૧

તમે મીઠું બોલીને મન લીધું રે, મીઠડા બોલાજી;
કાંઈ કામણ મુજને કીધું રે, મીઠડા બોલાજી.
સુણી મુખની મીઠી વાણી રે. મી૦ કરું તન મન ધન કુરબાણી રે...મી૦ ૧
તારું રૂપ અલોકિક જોયું રે. મી૦ જોઈ મનડું મારું મોહ્યું રે...મી૦ ૨
મેં તો સેજડી બીછાઈ તમ સારુ રે. મી૦ આવો કોઈ નથી કહેનારું રે...મી૦ ૩
શીદ ડરતા ડરતા ચાલો રે. મી૦ મંદિરીયામાં મહાલો રે...મી૦ ૪
સર્વે વશ કીધી વ્રજનારી રે. મી૦ જાય બ્રહ્માનંદ બલિહારી રે...મી૦ ૫

## રાગ : પ્રભાતી પદ-૧

આજ સખી મુને સ્વપ્નું લાધ્યું, અવિનાશી ઘેર આવ્યા રે;
ભૂધરજીને ભાવ કરીને, મંદિરમાં પધરાવ્યા રે...આજ૦ ૧

જરકસી પાઘે જરકસી વાઘે, અત્તરમાં રસબસતા રે;
આવીને ઊભા મારી આગે, હરિવર સુંદર હસતા રે...આજ૦ ૨
રૂમઝુમ કરતા મનડું હરતા, સુંદર મોરલી હાથે રે;
લલિત નવીન કલગી કટકે, મેલ્યાં છોગાં માથે રે...આજ૦ ૩
મૂર્તિ નવલ મનોહર મીઠી, મીઠી મુખની વાણી રે;
સુંદર વરની સુંદર શોભા, જોઈને હું લોભાણી રે...આજ૦ ૪
મોહનજીને મળતા હું તો, અતિશય આનંદ પામી રે;
આવી વહાલો અઢળક ઢળીયા, બ્રહ્માનન્દનો સ્વામી રે...આજ૦ ૫

## રાગ : સોરઠ પદ-૧

આવો હરિ મંદિરિયે મારે, આવો -ટેક૦
કુંવર રંગીલા કાનજી, મોહી છોગલિયે તારે -આવો૦ ૧
આંગણે મારે આવજો, તમે સાંજ સવારે,
સુખ થાય છે શામળા, તમને જોઉં છું જ્યારે -આવો૦ ૨
સાસુ સસરો સહુ મળીને, મુજને નિત્ય વારે,
જીવન તમને જોઈને, એની શંકા તે કોણ ધારે -આવો૦ ૩
તોડી સહુ સંસારથી રે, જોડી તમ હારે,
બ્રહ્માનંદના વાલમા, હવે જાણ્યું જગ સારે -આવો૦ ૪

## પદ-૨

રે'જો મારી આંખડલી આગે રે'જો. -ટેક૦
નીરખી તમને નાથજી, મારી ભૂખડલી ભાંગે -રે'જો૦ ૧
ચમકતાં કરંતી ચાંખડી રે, કેસરીયે વાઘે,
શીશ કલંગી શોભતી, વાલા જરકસિયે પાઘે -રે'જો૦ ૨
રસિક સલૂણા રાજને, હું તો રીઝી છું રાગે,
જોઈ જોઈ તમને જાદવા, નિત પ્રીતલડી જાગે -રે'જો૦ ૩
કમર કટારો વાંકડો રે, અતિ પ્યારો લાગે,
અધક્ષણ રહોમા વેગળા, એમ બ્રહ્માનંદ માગે -રે'જો૦ ૪

## પદ-૩

વાલાજીનાં લટકામાં લોભાણી વા'લા. -ટેક૦
લાગે છે વા'લી લાલની, રૂડી મુખડાની વાણી -વા'લા૦ ૧

સર્વે સૈયરના સાથમાં, ગઈ તટ જમુના પાણી,
સાન કરી મુંને શામળે, મારું ચિત્ત લીધું તાણી -વા'લા૦ ૨
છેલ છબીલો નંદનો રે, મહીડાનો દાણી,
મીઠી વાયે મોરલી, સુણી પ્રીતે પ્રોવાણી -વા'લા૦ ૩
લટકાળાં નંદલાલની, હું તો ઠાવકી ઠેરાણી,
બ્રહ્માનંદના વાલમે, મુંને પોતાની જાણી -વા'લા૦ ૪

## પદ-૪

પધારોને મોહન મરમાળા પધારો. -ટેક૦
મનમાં ચોંટ્યા માવજી, વા'લા નેણુંના ચાળા -પધા૦ ૧
સેજ બિછાવી ફૂલડે રે, અતિ દીપક અજવાળ્યા,
નટવર તારા નામની, ઊભી ફેરું છું માળા -પધા૦ ૨
જામા પહેરો જરસી, બાંધો ફેંટા રૂપાળા,
મીઠી વાજ્યો મોરલી, લાવી પરજ તણા ઢાળા -પધા૦ ૩
તમ વિના ખૂલતાં નથી, મારાં અંતરનાં તાળાં,
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર છોગાળા -પધા૦ ૪

## રાગ : ગરબી પદ-૧

આવો હરિ મહી વલોવા, મિષે મંદિરીયું જોવા. ટેક.
મહી વલોવા મંદિરીયું જોવા, ગાવલડી દોવા કાજ,
ઘરનાં માણસ ઘેર નથી કોઈ, આપણ બેનું રાજ. આવો૦ ૧
ભાવથી ઝાઝાં ભોજન આપીશ, તાજાં તર્ત તૈયાર,
પીશો તેટલું ગોરસ પાશું, કરી કરી મનુવાર. આવો૦ ૨
પલંગ ઉપર પોઢજો પ્યારા, પ્રેમે ચાંપીશ પાય,
એક પગભર ઉભી ઉભી, વીંજણે ઢોળીશ વાય. આવો૦ ૩
કેશો તે વિચાર કરી કરશું, રહેશો તો રાખશું રાત,
બ્રહ્માનંદ કહે આપણ કરશું, બાળપણાની વાત. આવો૦ ૪

## રાગ : સોલા પદ-૧

ગઈતી ગઈતી ભરવાને નીર, કેશરીયે વાઘે રે નટવર દીઠડાજી. મારારાજ. ૧
ઉભા ઉભા જમુનાને તીર, લાજડલી મેલીને લીધાં મેંતો મીઠડાંજી. મારારાજ. ૨

લાગી લાગી આંખડલીની ચોટ, ડોલરીયો દેખીને ઘાયલ હું થઈજી. મારારાજ. ૩
દોડી દોડી કાઢી મેંતો દોટ, દીલડાંમાં દીવાની સરખી હોઈ રહીજી. મારારાજ. ૪
અલબેલાનાં નેણું કેરા બાણ, અચાનક લાગ્યાં રે હેલી હું શું કરૂંજી. મારારાજ. ૫
હરીયાં હરીયાં મનડું ને પ્રાણ, કહાનુડા કેડે રે સૈયર હું ફરૂંજી. મારારાજ. ૬
રૂડું રૂડું સુંદરવરનું રૂપ, આંખડલી અણીયાળી બળભદ્રવીરનીજી. મારારાજ. ૭
આંગી પેરી અજબ અનુપ, નીરખી શોભા રે નવલ આહીરનીજી. મારારાજ. ૮
લીધી લીધી બંસી વ્હાલે હાથ, ઉભાને આલાપે રસીયો રાગમાંજી. મારારાજ. ૯
શોભે શોભે બ્રહ્માનંદનો નાથ, છોગલીયાં બીરાજે સુંદર પાઘમાંજી. મારારાજ. ૧૦

## રાગ : પરજ પદ-૧

પ્રાણ થકી છે મુને પ્યારો, રંગીલો છેલો પ્રાણ થકી છે મુને પ્યારો,
શ્યામ ચતુરવર નંદના નંદનને, ન કરું પલ એક ન્યારો. રં૦ ૧
હૈડાનો હાર છે તાવીથ તનડાનો, વહાલો મનડાનો મેરમ મારો. રં૦ ૨
રસિક સલુણો મારા હૃદિયામાં રાખું, કહાનુડો કામણગારો રં૦ ૩
બ્રહ્માનંદ કહે ઘડી દૂર ન મેલુ, નટવર નંદદુલારો રં૦ ૪

## પદ-૨

આંખલડીમાં રાખું, છબીલો વહાલો આંખલડીમાં રાખું.
રંગના ભીના રસિલા કાનકુંવર કેરો, અધર અમૃત રસ ચાખું. છ૦ ૧
પ્રાણજીવન સાથે પ્રીત કરીને, દીન વચન શીદ ભાખું. છ૦ ૨
રસીયો ગુમાની વહાલો રાજી રહેજો, મરલોક દુભાતાં છોને લાખું. છ૦ ૩
બ્રહ્માનંદનો પ્યારો મનડાની જાણે, મુખ થકી તે શું કહી દાખું. છ૦ ૪

## પદ-૩

જીવન દૂર ન જાવું, મેરમજી મારા જીવન દૂર ન જાવું.
કહાનકુંવર તારે કાજે રસિલા, કાજુ બહુ વિધિ પાક બનાવું. મે૦ ૧
હાથજોડીને વારી હાજર ખડી છું હું તો, જેરે જોઈએ તે લઈ આવું. મે૦ ૨
એક પગ ભર અલબેલા તારે આગળે, ઘેરે મધુરે સ્વરે ગાવું. મે૦ ૩
બ્રહ્માનંદના વહાલા તમને જે હોય વહાલું, તેને અહીં બોલાવું. મે૦ ૪

### પદ-૪

હરિવર હીરલો લાધ્યો, મંદિરમાં મુને હરિવર હીરલો લાધ્યો.
હાથ આવ્યો છે હીરો અજબ અલૌકિક, મોંઘા મૂલો છબીલો માધો૦ ૧
ખાતાં પીતાં રે સુતાં બેઠાં સ્વપ્નામાં, અળગો ન મેલું ક્ષણું આઘો૦ ૨
કોડે કોડે ઝાઝાં જતન કરીને, મારા જીવ સંગાથે મેં તો બાંધ્યો૦ ૩
બ્રહ્માનંદ કહે શું મુખથી વખાણું, બહેની જેમ ગુંગે ગુડ ખાધો૦ ૪

### રાગ : પરજ પદ-૧

લગાડી તે પ્રીતી લાલ રે, (૨) પ્રીતડલી તો લગાડી, -ટેક૦
પ્રીતમ માર્યા પ્રેમનાં, તમે તીખાં રે તીખાં બાણ,
જોતાં તમને જાદવા રે, થિયા પરવશ મારા પ્રાણ રે -પ્રી૦ ૧
વાલી ભ્રકુટી વાંકડી, વાલાં લાગે છે સુંદર વેણ,
નટવર તમને નીરખવા, મારાં નાખે છે ઝડપું નેણ રે -પ્રી૦ ૨
હાર હજારો પહેરિયો, નેણું નો નજારો જોર,
બ્રહ્માનંદ કે હૈડે વસ્યા, કોડીલો નંદકીશોર રે -પ્રી૦ ૩

### રાગ : કાફી પદ-૧

વા'લીડા કુંજવિહારી, વદન કમળપર વારી રે-વાલી૦
અજબ અલૌકિક મસ્તક ઉપર, સુંદર પાઘ સમારી રે-વાલી૦ ૧
ફૂલતણાં છોગલિયાં ફરતાં, ધાર્યા ગિરિવરધારી રે-વાલી૦ ૨
અંતરમાંહી વસી છે આવી, મૂરતિ મનોહર તારી રે-વાલી૦ ૩
બ્રહ્માનંદ કહે વ્રજજીવન, મોહન છો નિધિ મારી રે-વાલી૦ ૪

### રાગ : મેવાડી પદ-૧

સહજાનંદ સુખકારી (૨) સહજાનંદ સુખકારી,
સલૂણી છબી સહજાનંદ સુખકારી રે -ટેક૦
વેદાંતી અરૂપી કે છે, ન્યાય અનુમાને લે છે,
તે વહાલો સંતોમાં રે'છે રે -સલુણી૦ ૧
નિગમ કહે અનુમાને, મુનિવરને નાવે ધ્યાને,
વહાલો તે આ ભીને વાને રે -સલુણી૦ ૨

સર્વ કરતા સર્વધારો, સર્વમાંહી સર્વથી ન્યારો,
પ્રગટ રૂપ તે આ પ્યારો રે -સલુણી૦ ૩
જગજીવન અંતરજામી, નામ સર્વનો છે નામી,
તે આ બ્રહ્માનંદનો સ્વામી રે -સલુણી૦ ૪

**રાગ : ગરબી**

સુણો ચતુર સુજાણ, (૨) એમ ન ઘટે રે તમને દીનાનાથજી
મારા પ્રાણના આધાર, જેમ રાખો તેમ રહીએ વચનને સાથજી...ટેક૦
અમે તમ કારણ સહ્યાં મેણાં નાથ નીરખવાને સુણવાં વેણાં;
અમે તૃપ્ત નવ કીધાં નેણાં...સુણો૦ ૧
અમે લોકલાજ કુળની લોપી, અમે કહેવાયા ગિરધરની ગોપી;
અમે તમ કારણ પહેરી ટોપી...સુણો૦ ૨
પહેલી પ્રીત કરી શીદને આગે, દૂધ દેખાડી ને માર્યા ડાંગે;
પછી તેને તે કેવું વસમું લાગે...સુણો૦ ૩
કાંઈ દયા આવે તો દર્શન દેજો, નહિ તો અખંડ અંતરમાં રહેજો;
એમ શ્રીરંગના સ્વામીને કહેજો...સુણો૦ ૪

**રાગ સામેરી પદ-૧**

નંદના નંદથી રે, લાગ્યો મારે નેહડો રે,
હવે ઘરનું કામ ન લાગે રે હાથ,
મંદિરિયામાં રે'તાં રે, મુને ગમતું નથી રે,
જાઈશ હું તો શ્યામળિયાને રે સાથ. નંદના૦ ૧
પાતળિયે તો હેરી રે, આજ મુને પ્રીતમાં રે,
તેણે મારા પરવશ થઈ ગયા પ્રાણ,
હવે હું ઓશિયાળી રે, નહી બેની કોઈ તણીરે,
થઈ મારા અલબેલાથી ઓળખાણ. નંદના૦ ૨
પેચાળી રૂપાળી રે, ભાળી એની પાઘડી રે,
ઉપરણીની શોભા કહી નવ જાય,
નવલ કલંગી રે, જડી હીરા મોતીએ રે,

છોગું આવી ખુંતું છે ચિત્તડાની માંય. નંદના૦ ૩
દેખીને દીવાની રે, જેવી બેની ! હું થઈ રે,
છેલાજીની અબજ અલૌકિક ચાલ,
બ્રહ્માનંદને વહાલે રે, મનડું વેંધિયું રે,
લટકાળે ડોલરીએ નંદલાલ. નંદના૦ ૪

**પદ-૨**

શી કહું શોભા રે, સુંદર શ્યામની રે,
રસિક સલૂણું, વહાલાજીનું રે,
બાજુબંધ બાંધ્યારે, નૌતમ બેરખા રે,
પહેર્યા કાને કુંડળ પરમ અનૂપ, શી કહું૦ ૧
કેસરનું કીધું રે, તિલક કોડામણું રે,
બાંધી માથે નવલ કસુંબી ઝીણી પાઘ,
ફરતા તો મેલ્યાં રે, છોગાં રુડાં ફૂલના રે,
રસિયોજી મોરલીમાં આલાપે રાગ. શી કહું૦ ૨
નલવટ રેખા રે, શોભે નોંખી ભાતની રે,
શ્યામ બિંદુ વામ શ્રવણ છબી દેત.
અતિ ને રૂપાળી રે, રાતી હરિની આંખડી રે,
હેરે કહાનો વ્રજજનને કરી હેત, શી કહું૦ ૩
ફુલના દડાને રે, છેલ ઉછાળતા રે,
સામા મળિયા શેરડીએ ઘનશ્યામ,
બ્રહ્માનંદને વહાલે રે, બોલાવી બહુ પ્રેમમાં રે,
થયો છે મારા અંતરમાં હી આરામ. શી કહું૦ ૪

**પદ-૩**

શામળિયાં સંગાથે રે, બાંધી મેં તો પ્રીતડી રે,
એથી હવે છેટે કેમ રહેવાય.
મહા ને મનોહર રે, છેલાજીની મૂરતિ રે,

જોતાં જોતાં નેણ તૃપ્ત નવ થાય. શ્યા૦ ૧
મોળીડુંને બાંધ્યું રે, મોંઘા મૂલનું રે,
લટકે કલંગી ખુબીદાર.
ફુલડાંના છોગાં રે, મેલ્યાં વાલે ફુટડાં રે,
હેડે રાજે ફુલડાના નૌતમ હાર. શ્યા૦ ૨
મરમાળી હાંસી રે, મોહન લાલની રે,
વહાલા વહાલા મુખનાં સુંદર વેણ,
કેટે કેડે ડોલું રે, રંગભીના કહાનનો રે,
કેનું હવે હું નહી માનું કેણ. શ્યા૦ ૩
હૈડામાંહી ખુત્યાં રે, લટકાં એના હાથનાં રે,
કાજુ એના નવલ દુસાલાની રે કોર.
બ્રહ્માનંદનો વહાલો રે, છેલો અલબેલડો રે,
છે જો કહાનો ચિત્તડા કેરો રે ચોર. શ્યા૦ ૪

### પદ-૪

માતાજી જશોદા રે, મેલો ઘર માહરે રે,
કહાનજીને મહીડું વલોવા કાજ.
ઘરના તે માણસ રે, કોઈ મારે ઘેર નથી રે,
એલી હું મંદિરિયામાં છું આજ. મા૦ ૧
મોટી ગોળી મહીની રે, હું કાંઈક નાનડી રે,
ઝાઝું મારે હાથુમાં નહી જોર.
તે માટે વલોવા રે, સામું નેત્રુ તાણવા રે,
કહોને આવે ઘડીએક નંદકિશોર. મા૦ ૨
અમારે તમારે રે, ભેળીસારો આદનોરે,
અમને ના'વે બીજાનો ઈતબાર.
તે સારૂ તમારા રે લાલનો મોકલો રે,
વલોણામાં ઝાઝી નથી કાંઈ વાર. મા૦ ૩

ઝાઝું મહીમાખણ રે, આપીશ હું તો જમવારે,
ભાવે તેવાં ભોજન દૂધ ને ભાત,
બ્રહ્માનંદના વહાલાની રે, ફકર મા રાખજો રે,
રાજી થઈને રહશે તો રાખશું રાત. મા૦ ૪

**પદ-૧**

ગોપી બની ગયા ગિરધારી, વ્હાલે શ્વેત વસ્ત્રોને ઉતાર્યા રે,
વ્હાલે લાલ વસ્ત્રો તન ધાર્યા રે. ગોપી
પહેર્યો ઘાઘરડો ઘોરાળો, શોભે કંચવો કામણગારો. ગોપી
શીર ગુથ્યું છે પટીયો પાડી, નવરંગ ઓઢાડી છે સારી. ગોપી
પહેર્યા સર્વે સખીના ઘરેણા, શુભ કાજળ થી સાર્યા નેણા. ગોપી
કહે બ્રહ્માનંદ અતી અતી શોભે, જોઈ જોઈ સખીયું ના મન લોભે. ગોપી

**રાગ ઠુમરી પદ-૧**

પ્રીતમ પધારો રે, ઘેર મારે ગિરિધારી. પ્રી૦ ટેક.
પ્રાણ થકી પ્યારા કરી રાખું, નિમખ રહું નહિ ન્યારી. પ્રી૦ ૧
તમ કારણ શ્યામળીયા રે વહાલા, ફુલડે સેજ સમારી. પ્રી૦ ૨
મન-કર્મ-વચને હું તમને વરી છું સગું કુટુંબ વિસારી. પ્રી૦ ૩
મળવાની નિત્ય મને મોહન, અન્તર આશા ભરી. પ્રી૦ ૪
બ્રહ્માનંદના વહાલા તમ ઉપર, સરવસ નાખું વારી. પ્રી૦ ૫

**પદ-૨**

મારે ઘેર આવો રે, મોહન મુગટ ઘરીને. મા૦ ટેક
જે જોઈએ તે આણી આણી આલું, રાખીશ જતન કરીને. મા૦ ૧
નંદકુંવર તમને નિત્ય નિરખી, રહે છે નયણા ઠરીને. મા૦ ૨
મંદિરમાં રાખું મનમોહન, જાવા ન દેઉ ફરીને. મા૦ ૩
અવર પુરુષની આશા તજીને, રહી છું તમને વરીને. મા૦ ૪
બ્રહ્માનન્દના વહાલા વધાવુ, મોતીડે થાળ ભરીને. મા૦ ૫

## રાગ કાફી પદ - ૧

વાલીડા વેરો કીધોરે, કુંજવિહારી વા૦
નીરમોહી નાથ તમને તે શું ઘણું કહીએ રે, વિચારી મનમાં રહીએ રે. કું૦
નીરમોહી નાથ પહેલાં તેં લાડ લડાવ્યા, વળતી તો વિસરાવ્યાં રે. કું૦
નીરમોહી નાથ અમૃત પાઈને મોટાં કીધાં; વિજોગે વિષ દીધાં રે. કું૦
નીરમોહી નાથ વહેલા પધારી દર્શન દેજો, કાં તો તેડાવી લેજો રે. કું૦
નીરમોહી નાથ બ્રહ્માનન્દની એ છે અરજી, સાંભળજો હોય મરજી રે. કું૦

## રાગ ગરબી પદ-૧

અલબેલાજી મારે ઓરડે રે, આવોને અલબેલા,
હું તો મોહી છું બાજુ કેરે બોરડે રે, આવોને અલબેલા. ૧
વહાલા ભાવે કરીને સામું ભાળતારે, આ૦ હાથે ફૂલ દડાને ઉછાળતા રે, આ૦ ૨
માથે સુંદર છોગાં મેલતા રે, આ૦ રંગ ભીનાજી રંગડો રેલતા રે. આ૦ ૩
મારા તનડાંના તાપ નિવારવા રે, આ૦ બ્રહ્માનંદનો જન્મ સુધારવા રે. આ૦ ૪

## પદ-૨

તમને ભાવે કરીને અમે તેડીએ રે, આવોને અમ પાસે,
મરમાળા પધારો મારી મેડીએ રે, આવોને અમ પાસે. ૧
મેં તો ફુલડે બિછાઈ સેજડી રે, આ૦ પહેરી ચટક રંગીલી ચાખડી રે આ૦૨
પ્યારા અંબર આભૂષણ પહેરીએ રે, આ- વારી હેત કરી સામું હેરીએ રે. આ૦ ૩
બ્રહ્માનંદ કહે મોજુ માણીએ રે, આ૦ જગજીવન પોતાની જાણીએ રે. આ૦ ૪

## રાગ કાફી : પદ-૧

રાજ મારે મંદિરિયે રહો રહો રે, મોહન રાજ૦ ટેક
દરશ પરશ કેરે દાન કરીને, દુર્મતિ દુબધા દહો દહો રે. મો૦ ૧
કહાન કુંવર અતિ હેત કરી, ગુણિયલ બાંહ્યડી ગ્રહો ગ્રહો રે. મો૦ ૨
જગજીવન પોતાનાં રે જાણીને, કેવું હોય તે કહો કહો રે. મો૦ ૩
બ્રહ્માનંદના નાથ રંગીલા, અવગુણ અમારા સહો સહો રે. મો૦ ૪

**પદ-૨**

વહાલા મારે મંદિરિયે વસો વસો રે આવી. વ૦ ટેક
નવલ પાઘ શિર અજબ કલંગી, ફેંટો કમર કસો કસો રે. આ૦ ૧
બાંહ્ય ગ્રહી મુજને બોલાવીને, હેતે સહિત હસો હસો રે. આ૦ ૨
પ્રાણજીવન રંગરેલ પધારો, અવસર નહીં મળે અસો અસો રે. આ૦ ૩
બ્રહ્માનંદના નાથ હઠીલા, જોરે હું તો રાખીશ ક્યાં જશો જશો રે. આ૦ ૪

**પદ-૩**

માવા તારી મૂર્તિમાં મોહી મોહી રે પ્યારા, મા૦ ટેક.
તમ વિના નાથ ત્રિલોકમાંહી, વાલું બીજું નથી રે કોઈ કોઈ રે પ્યારા૦ ૧
કમર કટારો લાગત પ્યારો, જીવું છું હું છોગલિયું જોઈ જોઈ રે. પ્યારા૦ ૨
મનમોહન તારી નવલ છબીમાં, રહી છું ચિત્તડું પ્રોઈ પ્રોઈ રે. પ્યારા૦ ૩
બ્રહ્માનંદ કહે તમ સારું, કુલ મરજાદા ખોઈ ખોઈ રે. પ્યા૦૪

**પદ-૪**

આજ હું તો મોહનને મળી રે, બેની. આ૦ ટેક.
મનડાંની હામ પુરી મારે વાલે રે, તનડાની દાજ ટળી ટળી રે. બે૦ ૧
ભાવ સહિત ભૂધરજીને ભેટીને, લાગી હું તો ચરણે લળી લળી રે. બે૦ ૨
રસ બસ થઈ રસિયાજીને સંઘે રે, જાણે દૂધ મિસરી ભળી ભળી રે. બે૦ ૩
બ્રહ્માનંદના નાથ સંગાથે, રંગની રેલ વળી વળી રે. બે૦ ૪

**રાગ : ગરબી — પદ-૧**

ચાલો ચાલો સૈયરનો સાથ, વૃન્દાવન જઈએ રે;
સખી છેલ છબીલાને સંગ, હળી મળી ગાઈએ રે...૧
વહાલો જોયે છે આપણી વાટ, ઊભા છે વનમાં રે;
સખી આપણે સાથે એકાંત, મળ્યાનું છે મનમાં રે...૨
વહાલે મોરલી લીધી છે હાથ, વગાડે છે ઘેરી રે;
આવી ઊભા છે જમુનાને તીર, પીતાંબર પહેરી રે...૩
વહાલે પહેર્યા છે ફૂલડાના હાર, બાંધ્યા છે બાજુ રે;
એને લટકે છે કાનોમાંહી, કુંડળીયાં કાજુ રે...૪

વહાલે મૃગલાં પમાડ્યાં મોહ, વંશીને નાદે રે;
હરિ ગાવે છે સુંદર ગીત, મધુરે સાદે રે...૫
હરિને હેત કરીને હાથ, ઝાલ્યાનો છે હેવા રે;
સખી બ્રહ્માનંદનો નાથ, કહે રમવા જેવા રે...૬

**પદ-૨**

જોને જોને સખી એનું રૂપ, મનોહર રાજે રે;
મુખ લાવણતા જોઈ કામ કે, કોટીક લાજે રે...૧
જોને ફૂલડાંનો તોરો શીશ, સુંદર શોભે રે;
જોઈ લાલ સુરંગી પાઘ, મનડું લોભે રે...૨
વહાલો નેણે જણાવે છે નેહ, હેતે હેરે રે;
મને ન્યાલ કરી નંદલાલ, આજુને ફેરે રે...૩
પહેરી શોભીતા શણગાર, રૂડા લાગે રમતા રે;
વહાલો વ્રજનારીને ચિત્ત, ગિરિધર ગમતા રે...૪
મારાં લોચનીયાં લોભાય, નટવર નીરખી રે;
હું તો મગન થઈ મનમાંય, દીવાની સરખી રે...૫
ઊભા ગીત મધુરાં ગાય, ગોપીજન સંગે રે;
વહાલો બ્રહ્માનંદનો નાથ, રમે રસ રંગે રે...૬

**પદ-૩**

આવો આવોને નંદજીના લાલ, આપણ રમીએ રે;
રૂડાં ભોજનીયાં બહુ ભાત, જમાડું તે જમીએ રે...૧
વારી શ્યામળીયા તમ સાથ, લાગી પ્રીતિ રે;
હવે શું કરશે સંસાર, કોઈથી નથી બીતી રે...૨
મારા હેતુ છો હૈડાના હાર, તમ પર વારી રે;
તમ કાજ કોડીલા કહાન, સેજ સમારી રે...૩
મારે તમથી જગમાં કોઈ, બીજું નથી વહાલું રે;
જે જોઈએ તે જાદવરાય, આણી આણી આલું રે...૪
લેઈ સરવસ સુંદર શ્યામ, તુજ પર વારું રે;
તારા છોગલીયામાં શ્યામ, મોહ્યું મન મારું રે...૫

બ્રહ્માનંદના વહાલા ગુણવાન, પધારોને પ્યારા રે;
તમને એક ઘડી અલબેલ, ન મેલું ન્યારા રે...૬

### પદ-૪

તારી આંખડલી અલબેલ, અતિ અણિયાળી રે;
હું તો ગરક થઈ ગુલતાન કે, ભૂધર ભાળી રે...૧
માથે લાલ કસુંબી પાઘ, તોરો લટકે રે;
છબી જોઈને સુંદર શ્યામ, મન મારું અટકે રે...૨
રૂડી કેશર કેરી આડ કે, ભાલ બિરાજે રે;
જોઈ મુખની શોભા માવ, પૂરણ શશી લાજે રે...૩
શોભે ઘુઘરડીનો ઘેર, કેડે કંદોરો રે;
ગળે મોતીડાંની માળ, ચિત્તડું ચોરે રે...૪
શોભે સુંથણલી સોરંગ, રૂપાળો રેંટો રે;
વહાલા પેરીને પ્રાણ આધાર, ભાવેસું ભેટો રે...૫
વહાલા બ્રહ્માનંદના નાથ, આવી સુખ આપો રે;
મુને મહેર કરી મોરાર, પોતાની થાપો રે...૬

### રાગ : કાફી પદ-૧

દિલ લાગ્યા હમારા ફકીરીસે.... દિલ૦
દુનિયાદાર દુઃખી સબ દેખે, રાંક અરુ રાવ દિલગીરી સે..... દિલ૦
નિત્ય તાપ જગવ્યાપ રહ્યો, હે, જરત હે મોહ જંજીરી સે..... દિલ૦
પાયા ધન સો રહત ન પાવે, મર યા કર કર મેરીસે..... દિલ૦
બ્રહ્માનંદ કહે આનંદ આયે, અદલ બ્રહ્મખમીરીસે..... દિલ૦

### રાગ : ગરબી પદ-૧

હતી મારા વાલા હતી મારા વાલા, કેમ કહો છો ગાય નહોતી રે,
નંદના ગોવાળિયા તુજને ભળાઈ, કેમ કહો છો ગાય નહોતી રે-ટેક૦
સોના શીંગડીએ ને રૂપાની ખરીએ, હીરની મોહરીએ હતી રે-૧
આંખે છે આંજળી ને મોઢે છે મુંજણી, હીરા સફેદ ગાય હતી રે-૨
ચારો રે નીરતી ને પાણીડાં પાતી, નિત્ય દર્શન હું કરતી રે-૩
હાથે છે કંકણી ને ઘૂંટણમાં દોહણી, લાડે કોડે ગાય દોતી રે-૪

સોનાની ગોળી ને રૂપા રવાઈયે, નેતરાં લઈને વલોતી રે-૫
ગોકુળ જોયું વૃંદાવન જોયું, જમના તીરે ગાય હતી રે-૬
બ્રહ્માનંદનો સ્વામી શામળિયો, ઘેર લાવ્યા ગાય ગોતી રે-૭

**પદ-૧**

મારા કેસરીયા વર કાન જાઉં તારે વારણીયે,
મોહી છું મોરલડીને તાન આવી ઊભી બારણીયે....૧
આવી વસ્યું છે મારે અંતરે રે વાલા રૂપ અલૌકિક તારૂં,
છેલ છબીલા તારૂં છોગલું રે, મુને પ્રીતમ લાગે છે પ્યારું રે....૨
સુભગ સોના કેરાં સાંકળાં રે માંહી ચુની રતન જડાવું,
નવલ રંગીલા મારા નાથજી રે હું તો પ્રેમે કરીને પે'રાવું રે....૩
ફુલતણી માળા ફુટડી રે વારી પ્રાણ જીવન તમે પે'રી,
બ્રહ્માનંદના વાલમા રે મારા લાડકડા રંગ લે'રી રે....૪

**રાગ : ગરબી પદ-૧**

ચાલ સખી જોવાને જાઈએ, ખાંતીલો વનમાં ખેલે રે,
લટકાં કરીને નંદજીનો રે લાલો, રંગભીનો રંગ રેલે રે. ૧
મોરલીને તાને મનોહર વાને, ચિત્તડાંને લલચાવે રે,
વ્રજનારીનો જીવન વ્હાલો, ગીત મધુરાં ગાવે રે. ૨
જોરે જોરે ગળે બાંહડલી રે નાખે, હેત કરી ઝાલે હાથે રે,
ફુલડાંના હાર પહેર્યા છે રે કોટે, મેલ્યાં છે છોગલાં માથે રે. ૩
ગોવાળાને મનડે ગમતાં, ચરિત્ર કરે વનમાળી રે,
જલદીથી જાઈએ તો સુખીઆં રે થઈએ, ભુધરજીને ભાળી રે. ૪
ઉઠ મારી હેલી જાઈએ વહેલી વહેલી, ધીરજ નથી ખમાતી રે,
બ્રહ્માનંદના સ્વામીને ભેટી, શીતળ કરશું છાતી રે. ૫

**પદ-૨**

આજ સખી અલબેલો રે વ્હાલો, ઉભા છે જમુનાને તીરે રે,
સુંદર મોરલી હાથ લઈને, વહાઈ તે બળભદ્રવીરે રે. ૧
સાંભળતાં ગુલતાન થઈ હું, શું જાણું શું કીધું રે,
ઘરડાંનો ધંધો હાથ ન લાગે, લટકાળે મન લીધું રે. ૨

મોરલીને નાદે મૃગલાં રે મોહ્યાં, ઉભા છે તૃણ જળ મેલી રે,
વહેતાં સ્થંભ્યાં જમુનાજીનાં પાણી, થકીત થયાં વનવેલી રે. ૩
વ્હાલાની બંસી સુણીને વનમાં, મગન થયાં છે પંખી રે,
શબ્દ સુણીને શ્રવણ લોભાણાં, રૂપે લોભાણી આંખી રે. ૪
બ્રહ્માનંદના વ્હાલાની બંસી, જે સુણશે નરનારી રે,
કેડે કેડે કહાનુડાને ફરશે, ઘરનાં તે કારજ વિસારી રે. ૫

### પદ-૩

સુંદરવર મારા પ્રાણના જીવન, અલબેલા ઘરે આવો રે,
હું છું દાસી ચરણકમલની, બાંહ્ય ગ્રહી બોલાવો રે. ૧
લટકાળાં તારાં લટકાંરે જોઈને, મોહી રહ્યું મન મારૂં રે,
તન મન ધન હું તો સર્વે લઈને, વાલમ તમ પર વારૂં રે. ૨
મારૂં તે સર્વે તમારૂં છે મોહન, અંતર રંચ મ આણો રે,
સુંદર નેણે સુકોમલ વેણે, મુજને પોતાની જાણો રે. ૩
તમ કારણ શ્યામળીયા રે વ્હાલા, લોકની લજ્યા ત્યાગી રે,
રાત દિવસ સુતાં સ્વપ્નામાં, રટના તમારી લાગી રે. ૪
સગાં કુટુંબ પીયર સાસરીયાં, સર્વે મેલ્યાં વીસારી રે,
બ્રહ્માનંદ કહે શ્યામ મનોહર, મન વસીયા મોરારી રે. ૫

### પદ-૪

મનમોહન મારે મંદિરીએ, ખાંતે આવીને ખેલો રે,
બાંધો બાજુ કાજુ ગજરા રે પહેરો, માથે તે છોગલાં મેલો રે. ૧
વિધવિધના હું તો પાક કરાવી, જુક્તિથી તમને જમાડું રે,
હૈડાં ઉપર લઈને હરિવર, રૂડી તે રીતે રમાડું રે. ૨
મૂર્તિ તમારી શ્યામ મનોહર, નીરખી ઠરે મારાં નેણાં રે,
મનમોહન લાગે અતિ મીઠાં. વ્હાલા તમારાં વેણાં રે. ૩
મુજ ઉપર અલબેલા રે વ્હાલા, બેહું તમારૂં બાનું રે,
સર્વે લોકમાં સહુ કોઈ જાણે, કેમ કરી રાખું છાનું રે. ૪
અંતર આશા ગણી છે રે વ્હાલા, આવીને સુખ આપો રે,
બ્રહ્માનંદના શ્યામ સોહાગી, પોતાની કરી સ્થાપો રે. ૫

પદ-૧

જીવું છું રસીલા, તારા મુખડાને જોતી રે,
હૈડાના હાર પ્યારા, નથડાનાં મોતી રે. જીવું૦ ટેક૦
મુખડું જોઈને તારૂં, મોહ્યું મન મારૂં રે,
પીયર સાસરિયું સર્વે, થયું મુને ખારૂં રે. જીવું૦ ૧
અધર-અમૃત પાને, થઈ હું તો ઘેલી રે,
નિઃશંક થઈ છું લજ્જા, લોક કેરી મેલી રે. જીવું૦ ૨
નટવર નિરખી તુંને, અંતર ઠરે છે રે,
દુરિજન લોક ધોળ્યાં, દાઝીને મરે છે રે. જીવું૦ ૩
મન-કર્મ વચને હું, થઈ રહી તારી રે,
મુખડાં ઉપર જાયે, બ્રહ્માનંદ વારી રે. જીવું૦ ૪

પદ-૧

ધન્ય ધન્ય તે વડતાલ ધામને, મારે વ્હાલે કર્યો ત્યાં વિશ્રામ
સ્વામી નીરખીને મહાસુખ પામીએ,
હરિને પાયે પિપાજળ મોજડી, હરિને રેશમી છે સુરવાર.....સ્વામિ૦
હરિને જરકસી જામો શોભતો, હરિને ગુલાબી છે રૂમાલ.....સ્વામિ૦
હરિને માથે મેવાડી મોળિયું, હરિને ખભે ખંભાતી ખેસ.....સ્વામિ૦હરિને
હરિને કેડે કટાર એ શોભતી, હરિને ખભે ઢળકતી ઢાલ.....સ્વામિ૦
હરિને પોંચી કડા કર શોભતા, હરિને દશે આંગળીયે વેઢ.....સ્વામિ૦
બ્રહ્માનંદના વ્હાલાને વિનવું વહાલા ઉતારો ભવસાગર પાર.....સ્વામિ૦

રાગ : ધોળ પદ-૧

જેઠે જીવન ચાલિયા, નિર્મોહી મારા નાથ,
દર્શન વિના દુઃખિયો ઘણો, સરવે વ્રજનો સાથ-૧
અંતર તાપ વિયોગનો, બાહેરથી લૂ વાય,
મળ્યા વિના હવે માવજી, જુગ તુલ્ય રજની જાય-૨
ફળિયામાં ઘોડી ફેરતાં, છોગલાં ધરતાં શીશ,
તે દિન કેદિ દેખાડશો, ડોલરિયા જગદીશ-૩
પ્રાણજીવન પૂરીએ, હૈડા કેરી હામ,
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ-૪

# સદ્. મુક્તાનંદ સ્વામીના કીર્તનો

**રાગ : ગરબી – પદ-૧**

મોહનને ગમવાને ઈચ્છો માનની,
ત્યાગો સર્વે જૂઠી મનની ટેકજો;
પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો,
હરિચરણે રહેજો અબળા થઈ છેક જો... મોહનને૦ ૧
વળી એક વાત કહું છું અધિક વિવેકની,
સાંભળ બેની તારા સુખને કાજ જો;
હરિજન સંગે રાખો પૂરણ પ્રીતડી,
ત્યાગો મદ મત્સર જૂઠી કુળલાજ જો... મોહનને૦ ૨
સુખદાયક તું જાણે સુંદરશ્યામને,
અતિ દુઃખદાયક મન પોતાનું જાણજો;
મુક્તાનંદનો નાથ મગન થઈ સેવજો,
સમજી વિચારી બોલો અમૃતવેણ જો... મોહનને૦ ૩

**પદ-૨**

સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી,
મોહનવરને માન સંગાથે વેર જો;
સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળીયું પયસાકરમાં અહિઝેર જો... સાંભળ૦ ૧
દાસી થઈને રહેજે દીનદયાળની,
નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો;
ભવબ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી,
પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો... સાંભળ૦ ૨
પ્રીત કરે પુરુષોત્તમ સાથે નિત્ય નવી,
દાઝીશ માં દેખી કેનું સન્માન જો;
મુક્તાનંદનો નાથ મગન થઈ સેવજો,
તો રીઝે રસિયો સુંદરવર કહાન જો... સાંભળ૦ ૩

### પદ-૩

કહાન કુંવરની રીત સુણી મનમાં ધરો,
તો તમે રહેશો મગન સદા હરિસંગ જો;
પુરુષોત્તમને નથી કોઈ પર પોતાતણું,
પૂરણકામ ન રાચે કેને રંગ જો... કહાન૦ ૧
કરુણાનિધિમાં કામાદિક વ્યાપે નહિ,
ઈચ્છા માનતણો નહિ અંતર લેશ જો;
કડવાં વેણ કહે પોતાના દાસને,
ઔષધ સમ આપે ઉત્તમ ઉપદેશ જો... કહાન૦ ૨
જે જે વચન કહે સુંદરવર શ્યામળો,
સુખ ઉપજે તેમ કરવો શુદ્ધ વિચાર જો;
મુક્તાનંદનો નાથ સદા સુખદાઈ છે,
એવું જાણી કરજો પૂરણ પ્યાર જો... કહાન૦ ૩

### પદ-૪

સુખસાગર હરિવર સંગે સુખ માણજો,
અતિ ઘણી મહેરી કરી છે શ્રીમહારાજ જો;
પુરુષોત્તમ સાથે પૂરણ સગપણ થયું,
આપણ તુલ્ય નહિ કોઈ બીજું આજ જો... સુખ૦ ૧
રવિમંડળમાં રાતતણું દુઃખ નવ નડે,
પારસ પામે ધનદુર્બળતા જાય જો;
તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે,
તેનો મહિમા ભવબ્રહ્માદિક ગાય જો... સુખ૦ ૨
તન અભિમાન તજે પૂરણ સુખ પામીએ,
શામળિયા સંગ વાધે સાચી પ્રીત જો;
મુક્તાનંદ કહે મર્મ ઘણો છે એ વાતમાં,
જાણી લેજો અતિ ઉત્તમ રસ રીત જો... સુખ૦ ૩

**પદ-૧**

મનડું રંગાયા વિનારે ભક્તિ ન ભાવે રે
ભીતર ભેદાણા વિના રે સમાધિ ન આવે રે
એવું સદગુરુ સાચું સમજાવે નારાયણ સ્વામી રે ...મનડું રંગાયા૦
મીરાબાઈ કેરું રે જ્યારે મનડું રંગાણું રે
ઝેરના કટોરા પચાવે રે નારાયણ સ્વામીરે
ભક્તિ જેને ભાવે રે સમાધિ તો આવે રે ...મનડું રંગાયા૦
ગુરુ રામાનંદજીએ જ્ઞાન એ બતાવ્યું રે
એવા ગુરુના ગુણને જે મુક્તાનંદ ગાવે રે
એવા સહજાનંદ સ્વામી પ્રગટ જે ભજે રે ...મનડું રંગાયા૦

**રાગ : ભૂપાલી કલ્યાણ – પદ-૧**

સંત જન સોઈ સદા મોઈ ભાવે,
દેહ ઈન્દ્રિય અરુ મન આદિકકે, સંગમેં નહીં લપટાવે...સંત૦
કામ ક્રોદ અરુ લોભ મોહ વશ, હોય ન મન લલચાવે;
મેરો હિ ધ્યાન રટન મુખ મેરો, સો તજી અન્ય ન જાવે...સંત૦
ક્ષર અક્ષર અરુ અક્ષર પરકી, સબહી સમજ ઉર લાવે;
સબ ગુન પૂરન પરમ વિવેકી, ગુનકો માન ન આવે...સંત૦
પિંડ બ્રહ્માંડસે પર નિજ આતમ, જાનીકે મમ ગુન ગાવે;
મુક્તાનંદ કહત યું મોહન, સોઈ જન સંત કહાવે...સંત૦

**પદ-૨**

નારદ એસે સંત સુખદાયી મોઈ પ્યારા,
જડ ચૈતનકું જાની જથારથ, રહત જગતસેં ન્યારા...નારદ૦
જ્ઞાન વૈરાગ્ય ભક્તિકે ભાજન, જાનત સાર અસારા;
બ્રહ્મ ભુવન લગી કાલ ચવીના, માનત જૂઠ પસારા...નારદ૦
મેરે વચન અચલ ઉર રાખત, મમ ગુન મગન ઉદારા;
સબ પર મોય જાની ઉર ધારત, મમ પદ પ્રેમ અપારા...નારદ૦
મમ ગુન શ્રવન મનન ઉર મેરો, મમ જશ કરત ઉચારા,
મુક્તાનંદ કહત યું મોહન, તેહી ઉર વાસ હમારા...નારદ૦

પદ-૩

નારદ મેરે સંતસે અધિક ન કોઈ,
મમ ઉર સંતન અરુ મેં સંતન ઉર, વાસ કરું સ્થિર હોઈ...નારદ૦
કમલા મેરો કરત ઉપાસન, માન ચપળતા ધોઈ;
યદ્યપિ વાસ દિયો મેં ઉર પર, સંતન સમ નહિ સોઈ...નારદ૦
ભૂકો ભાર હરું સંતન હિત, કરું છાયા કર દોઈ;
જો મેરે સંતકુ રતિ એક દૂવે, તેહી જડ ડારું ખોઈ...નારદ૦
જીન નરતન ધરી સંત ન સેવે, તીન નિજ જનની બિગોઈ;
મુક્તાનંદ કહત યું મોહન, પ્રિય મોયે જન નિર્મોહી...નારદ૦

પદ-૪

નારદ ઐસી સાચે સંતકી રીતિ,
જેહી સુની સાધુ પરત પિછાને, જીનકો મમ પદ પ્રીતિ...નારદ૦
ખટ વિકાર જીત અનઘ આનંદી, મેરે વચનમેં વાસા;
બ્રહ્માદિક ક્ષર જાની જગતકી, છોડત સબ વિધિ આશા...નારદ૦
અક્ષરપદ જાનત અવિનાશી, તેહી મધ્યે મુક્ત અપારા;
પંચ વિષય ત્યાગી સબ સમરથ, કરત કાલકા ચારા...નારદ૦
ક્ષર અક્ષર પર મોકું જાનત, સબ અક્ષરકો સ્વામી;
અપનો રૂપ શુદ્ધ બ્રહ્મ માનત, મેરો જન નિષ્કામી...નારદ૦
ઐસે મેરે જન એકાંતિક, તેહી સમ ઓર ન કોઈ;
મુકતાનંદ કહત યું મોહન, મેરો સર્વસ્વ સોઈ...નારદ૦

રાગ : માલિગડો

હરિજનને ઘેર બેઠાં તીરથ, નિત્ય ગોવિંદ ગુણ ગાવે રે,
અડસઠ તીરથ સંત સભામાં, અણતેડ્યાં નિત્ય આવે રે.
સંત સભામાં શ્રી પુરુષોત્તમ; અખંડ રહે અવિનાશી રે;
રિદ્ધિસિદ્ધિ હાજર રહે કર જોડી, મુક્તિ ચાર એની દાસી રે.
હરિના જન મુક્તિ નવ માગે, પ્રભુસંગે પ્રીત બંધાણી રે;
મુકતાનંદના નાથનો મહિમા, લીધો યથારથ જાણી રે.

## રાગ : ગોડી — પદ-૧

હરિ બિન કોઈ ન તેરા, સમજ નર હરિ બિન કોઈ ન તેરા;
ચાર દિનકી ચાંદની બીતે, આગે બોત અન્ધેરા...સમજ૦ ૧
મનુષ્ય દેહ દયા કરી દીની, તાતે ચેત સવેરા;
અબકો અવસર ભૂલ જાયેગો, સહેગો દુઃખ ઘનેરા...સમજ૦ ૨
ભરતખંડ મધ્યે જનમ દિયો હૈ, જહાં પ્રભુ પ્રગટ બસેરા;
નરનારાયણ નામ રટણ કરી, પાર કરો ભવ ફેરા...સમજ૦ ૩
કામ ક્રોધ મદ લોભ માન તજી, હો સંતનકા ચેરા;
મુક્તાનંદ કહે મહાસુખ પાવે, માન્ય બચન દૃઢ મેરા...સમજ૦ ૪

## રાગ : ગરબી — પદ-૧

જન્મ સુધાર્યો રે મારો, મળીયા નટવર નંદદુલારો...ટેક૦
કરુણા અતીશે રે કીધી, ભવજળ બુડતાં બાંહ્ય ગ્રહી લીધી...૧
મુજ પર અઢળક રે ઢળીયા, કરુણા કરી ઘેરબેઠાં મળીયા...૨
મન દૃઢ કરીયું રે મોરારી, હવે હું થઈ રહી જગથી ન્યારી...૩
આનંદ ઉરમાં રે ભારી, શિર પર ગાજે ગિરિવરધારી...૪
નીરભેની નોબત રે વાગી, કહે મુક્તાનંદ ભ્રમણા ભાગી...૫

### પદ-૨

ભ્રમણા ભાગી રે હૈયાની, નથી એ કેને વાત કહ્યાની...ટેક૦
વીતી હોય તે રે જાણે, અણસમજ્યા મન ઈર્ષા આણે...૧
જે રસ મુનિવર રે માણે, વ્હાલે મારે સુગમ કર્યો આ ટાણે...૨
પ્રેમીજનનો રે પ્યારો, મુજને મળીયો નંદદુલારો...૩
મહારસ મુજને રે આપ્યો, સંશય ભરમ સમૂળો કાપ્યો...૪
હવે હું મહાસુખ રે પામી, વરીયા મુક્તાનંદના સ્વામી...૫

### પદ-૩

મહાસુખ મુજને રે આપ્યું, જોને સંકટ જન્મ દુઃખ કાપ્યું...ટેક૦
પુણ્ય પુરવનાં રે ફળીયાં, મળતાં તાપ હૃદેનાં ટળીયાં...૧
દર્શન દુર્લભ રે પામી, હવે મારી સકળ વેદના વામી...૨

આનંદ ઉરમાં રે ભારી, હવે હું ન રહું કોઈની વારી...૩
હરિસંગ હેતે રે બંધાણી, હવે મુને ન ગમે બીજી વાણી...૪
અખંડ એવાતન રે દીધું, કહે મુક્તાનંદ કારજ સીધ્યું...૫

### પદ-૪

બાંય ગ્રહી છે રે વહાલે, કરુણા કરી નટવર નંદલાલે...ટેક૦
હવે નહિ કોઈની રે ઓસિયાળી, શિરપર વિઠ્ઠલવર વનમાળી...૧
ભવબ્રહ્માના રે સ્વામી, મુજને મળીયા અંતરજામી...૨
ઘેર ઘેર લોકડાં રે કહે છે, મેણું મુને નંદના નંદનનું દે છે...૩
લાજ ન મનમાં રે આંણું, અતીશે ભાગ્ય ભલું કરી જાણું...૪
કોઈવિધિ ન રહી રે ખામી, મળીયા મુક્તાનંદનો સ્વામી...૫

### રાગ : કાફી ગરબી — પદ-૧

હરિ હૈયાના હાર છોજી રે, તમે હરિ હૈયાના હાર છો;
સેજ તણા શણગાર છો...જીરે૦
મુખથી શું ઘણું કહીએ મોહન રે, પ્રાણતણા આધાર છો...જીરે૦ ૧
વાલપણામાં અતીશે વ્હાલા રે, નટવર નંદકુમાર છો...જીરે૦ ૨
દુરીજનીયાને દૂર ઘણા છો રે, પ્રેમી તે જનના પ્રાણ છો...જીરે૦ ૩
મુક્તાનંદ કહે નટ નાટક ધરી રે, શરણાગતના સાર છો...જીરે૦ ૪

### પદ-૨

નયણાં ઠરે છે જોઈને રે, મારાં નયણાં ઠરે છે જોઈને;
રહી છું મોહનસંગે મોહીને રે...મારાં૦
જે દિનમાં દર્શન નવ પામું રે, તે દિન વીતે રોઈને રે...મારાં૦ ૧
લોકડીયાની લાજ ન રાખું રે, કે મારાં વેણ વગોઈને રે...મારાં૦ ૨
શ્યામ વિના હું ચૌદ ભુવનમાં રે, રંગે ન રાચું કોઈને રે...મારાં૦ ૩
મુક્તાનંદ મોહનવર પામી રે, કુળ મરજાદા ખોઈને રે...મારાં૦ ૪

### પદ-૩

મોહ્યું નયનની સાનમાં રે, મન મોહ્યું નયનની સાનમાં; વાંસલડીના તાનમાં રે...મન૦
કામ ને કાજ મુને કાંઈ નવ સુજે રે, ગિરધરજીના ગાનમાંરે...મન૦ ૧

આંખડલી અણિયાળી જોઈને રે, કુંડળની છબી કાનમાં રે...મન૦ ૨
મન ગમે તેમ મુખથી બોલું રે, જાણે બેઠી છું રાનમાં રે...મન૦ ૩
મુક્તાનંદ કહે થઈ મતવાલી રે, વાલમજીના વાનમાં રે...મન૦ ૪

**પદ-૪**

કાનુડા સંગ મન લાગ્યું, સૈયર મારું, કાનુડા સંગ મન લાગ્યું;
વિરહનું બાણ ઉર વાગ્યું...સૈયે૦
શ્યામ વિના હું ચૌદ ભુવનમાં રે, અળગી નવ અનુરાગું...સૈયર૦ ૧
મોહનવર સાથે મન માન્યું રે, બીજું તે કાંઈ નવ માગું...સૈયર૦ ૨
ફૂલડે સેજ સમારી સુંદર રે, વાટડી જોઈ જોઈ જાગું...સૈયર૦ ૩
મુક્તાનંદ મોહનવર મળતાં રે, જન્મ મરણ દુઃખ ભાગ્યું...સૈયર૦ ૪

**રાગ : ધોળ — પદ-૧**

ગોપી...નાથ આવો મારે ઓરડે, તમ સાથે રે વાધ્યો પૂરણ પ્યાર...નાથ૦ ૧
મેં તો શેરી વળવીને સજ્જ કરી, શેરડીયે રે વેર્યાં ફૂલ અપાર...નાથ૦ ૨
મેં તો મોતીડે ચોક પુરાવીયા, પ્રેમે બાંધ્યાં રે તરીયાં તોરણ દ્વાર...નાથ૦ ૨
મેંતો જાુગતેથી તમને જમાડવા, ભાવે ભોજનરે કીધાં વિવિધ પ્રકાર...નાથ૦ ૪
મેં તો પલંગ બિછાવ્યો પ્રીતશું, વેગે સજીયા રે સોળે શણગાર...નાથ૦ ૫
હું તો ચાતક સરખી થઈ રહી, તમ કારણે રે પ્યારા પ્રાણ આધાર...નાથ૦ ૬
મારે તમસંગ પૂરણ પ્રીતડી, તેણે વિષસમ રે થયો સર્વે સંસાર...નાથ૦ ૭
મુક્તાનંદના શ્યામ સુજાણ છો, હવે શું કહું રે ઘણું વારંવાર...નાથ૦ ૮

**પદ-૧**

સજની કોડે આનંદ મારે ઘેર, શ્રીજી પધાર્યા,
આવી મારા તનડાના તાપ નિવાર્યા રે, કોડે આનંદ..
હરખે શું ઉઠી હું તો સનમુખ ચાલી.
તેડી બેસાર્યા મેં તો બાંયલડી જાલી.
અક્ષરના વાલીડાને થાવાને વાલી, વાલી, વાલી, સજની કોડે...
સન્મુખ બેસી હું તો નિરખવા લાગી,
લોકડીયાની મેં તો લજ્જા રે ત્યાગી.
મુખડું જોઈને મારી ભૂખલડી ભાંગી, ભાંગી, ભાંગી, સજની કોડે...

હરિને જમાડ્યા મેં તો હાથે સાહેલી,
કુળની મર્યાદા મેં તો કોરે લઈ મેલી.
શ્રીજીને નીરખી હું તો થઈ છું રે ઘેલી, ઘેલી, ઘેલી, સજની કોડે...
પાનની બીડી મેં તો પ્રેમેથી આલી.
હસીને હોશીલે વાલે, મુખડામા જાલી
પ્રિતે આવીને મારા મુખડામાં આલી, આલી, આલી, સજની કોડે...
રંગના રંગીલા મુજને રંગ લાગ્યો તારો,
કેડે ફરે છે જીવન પ્રાણ અમારો,
મુક્તાનંદ કહે છે, મારો જનમ સુધાર્યો, સુધાર્યો, સુધાર્યો, સજની કોડે...

**રાગ : ગરબી – પદ-૧**

વ્હાલા રૂમઝૂમ કરતા કહાન, મારે ઘેર આવો રે;
મારા પૂરા કરવા કોડ, હસીને બોલાવો રે...૧
મારે તમ સંગ લાગી પ્રીત, શ્યામ સોહાગી રે;
મેં તો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે...૨
વ્હાલા અબળા ઉપર મહેર, કરજો મોરારી રે;
હું તો જન્મોજન્મની નાથ, દાસી તમારી રે...૩
મારા પ્રાણતણા આધાર, પ્રીતમ પ્યારા રે;
પળ રહો મા નટવર નાવ, મુજથી ન્યારા રે...૪
આવો છોગાં મેલીને શ્યામ, ધડક મ ધારો રે;
મેં તો ફૂલડે સમારી સેજ, શ્યામ સુધારો રે...૫
વ્હાલા નયણાતણું ફળ નાથ, મુજને આપો રે;
મુકતાનંદ કહે મહારાજ, દુઃખડાં કાપો રે...૬

**પદ-૨**

હું તો છું ઘણી નગણી નાર, તોય તમારી રે;
તમે ગુણસાગર ગોપાળ, દેવ મોરારી રે...૧
મુને કરી પોતાની કહાન, દોષ ન જોયા રે;
તમે ગુણગ્રાહક ગોપાળ, મુજ પર મોહ્યા રે...૨
તમે શ્યામ સુંદર સુખરૂપ, કુંજવિહારી રે;
મારે મંદિર આવો માવ, તમ પર વારી રે...૩

મુને કરી કૃતારથ કહાન, શ્યામ સોહાગી રે;
મારે ભવની ભાવટ આજ, સર્વે ભાગી રે...૪
મારે અમૃત વર્ષ્યા મેહ, થઈ અનુરાગી રે;
મારી તમ સંગ ત્રિભુવનરાય, લગની લાગી રે...૫
મારા પુણ્યતણો નહિ પાર, તમ સંગ મળતાં રે;
મુક્તાનંદ કહે મહારાજ, અંતર ટળતાં રે...૬

પદ-૩

મારું મનગમતું કરી માવ, સુખડું દીધું રે;
મારું મંદિરીયું મહારાજ, વૈકુંઠ કીધું રે...૧
હવે રહો રસિયા દિનરાત, કરી મન હેઠું રે;
મુને મળી ચિંતામણી શ્યામ, દુઃખ નહિ વેઠું રે...૨
મુને સર્વે સૈયરમાં શ્યામ, કીધી સમોતી રે;
મારા હૈડા કેરી હામ, સર્વે પોતી રે...૩
વ્હાલા મુજ નગણી પર નાથ, અઢળક ઢળીયા રે;
તમે એકાંતે અલબેલ, આવીને મળીયા રે...૪
મુને મુખથી દીધો તંબોલ, હસીને બોલાવી રે;
મારા મનની ઈચ્છા આજ, સઘળી ફાવી રે...૫
તમે રસિયાજી રસરીત, શું સુખ આપ્યું રે;
મુક્તાનંદ કહે મહારાજ, દુઃખડું કાપ્યું રે...૬

પદ-૪

મારા મંદિરીયામાં માવ, મોજું માણો રે;
મને શું કરશે સંસાર, ધડક મ આણો રે...૧
હું તો તરણાતુલ્ય સંસાર, સઘળો જાણું રે;
વ્હાલા એક તમારી બીક, ઉરમાં આણું રે...૨
તમે ભૂપતણા છો ભૂપ, મહા સુખકારી રે;
વ્હાલા તન મન ધન પરિવાર, તમ પર વારી રે...૩

તોય અધર અમૃતથી નાથ, હું ન ધરાઉં રે;
વ્હાલા નિત્ય નૌતમ શણગાર, સજી સુખ આપ્યું રે...૪
તમે રસિયા રંગની રેલ, વ્હાલમ વાળી રે;
હું તો મગન થઈ મસ્તાન, મુખડું ભાળી રે...૫
મુને આપ્યો અખંડ સુહાગ, કુંજવિહારી રે;
મુક્તાનંદ કહે મહારાજ, જાઉં બલિહારી રે...૬

**રાગ : ગરબી પદ-૧**

મારે ઘેર આવ્યા રે, સુંદરવર શામળિયો;
હરખ ભરી હું હરિને નીરખું, પિયુ પ્રીતમ પાતળિયો...મારે૦ ૧
સુખડું દેવાને મન હરી લેવા, અમપર અઢળક ઢળીયો...મારે૦ ૨
જાળવીયું જોબન જે સારું, તે અવસર આજ મળીયો...મારે૦ ૩
લક્ષ્મીનો વર લાડકવાયો, અકળ ન જાયે કળીયો...મારે૦ ૪
આશ્ચર્ય વાત સેજડીયે આવ્યા, બોલ પોતાને પળીયો...મારે૦ ૫
મુક્તાનંદ મોહનની મહેરે, ખોયા દિનો ખંગ વળીયો...મારે૦ ૬

**પદ-૨**

મારે મન માન્યો રે, મોહન મોરલીવાળો;
કસુંબલ પાઘ કેસરીયો જામો, નીરખી નયણનો ચાળો...મારે૦ ૧
કોઈ કહેશે તમે શું લઈ બેઠા, કુળનો ધરમ ન પાળો...મારે૦ ૨
ત્રિભુવનમાં એવી નારી ન દેખું, ન ચળે જોઈ કાન કાળો...મારે૦ ૩
જેને વર્યે જમ ત્રાસ ન નાશે, તે વરને લઈ બાળો...મારે૦ ૪
એવું વિચારી લાડકડી લક્ષ્મી, વરી મોહન મરમાળો...મારે૦ ૫
મુક્તાનંદ મોહન વર મળતાં, ઢળ્યો અલૌકિક ઢાળો...મારે૦ ૬

**પદ-૩**

સુખની સીમા રે, વ્રજના વાસી માણે;
લોકડિયાંની લાજે બંધાણાં, અવળાને સવળું જાણે...સુખ૦ ૧
ખટ દર્શનમાં ખોળ્યા ન લાધે, નરહરિ નેતરાં તાણે...સુખ૦ ૨
જે સુખને બ્રહ્મા ભવ ઈચ્છે, સુગમ થયું આ ટાણે...સુખ૦ ૩

વેદિયા વાદ કરી કરી થાક્યા, અગમ અગાધ વખાણે...સુખ૦ ૪
ચતુરાયે સ્વપ્નમાં ન આવે, ન મળે નટવર નાણે...સુખ૦ ૫
મુક્તાનંદ એ મર્મ અલૌકિક, પ્રેમી ઉરમાં આણે...સુખ૦ ૬

**પદ-૪**

મારે મન વસીયો રે, ગુણવંતો ગિરધારી;
શ્યામ વિના મુને કામ ન સૂઝે, વિરહની વેદના ભારી...મારે૦ ૧
કાનકુંવર સારુ મેં સજની, લોકની લાજ વિસારી...મારે૦ ૨
કાળજડું કોરીને પેઠી, કાન નયન કટારી...મારે૦ ૩
દીવાની સરખી થઈ ડોલું, હાંસી કરે નરનારી...મારે૦ ૪
ઘાયલની ગતિ ઘાયલ જાણે, શું જાણે સંસારી...મારે૦ ૫
મુક્તાનંદ મોહનને મળતાં, થઈ રહી જગથી ન્યારી...મારે૦ ૬

**પદ-૫**

મારું મન હરિયું રે, શામળીયે સુખ દઈને;
હાવ ભાવ કરી હેત ઘણેરું, કામણગારું કહીને ...મારું૦ ૧
છોકરડે છેતરીયાં સજની, વીઠ્ઠલે વ્રજમાં રહીને...મારું૦ ૨
વિરહનો તાપ દીધો વાલીડે, મોહન મથુરાં જઈને...મારું૦ ૩
ઘરનો એ નોતા ધુતારા, આવડ્યું ઉપદેશ લઈને...મારું૦ ૪
ધૂર્તપણું અધુતામાં પેઠું, ધુતીને સંગે થઈને...મારું૦ ૫
મુક્તાનંદ મોહન વિના વ્રજમાં, કેમ રહેશું દુઃખ સઈને...મારું૦ ૬

**પદ-૬**

ઘરનો એ છે રે, ધૂર્તપણામાં પૂરો;
કુબજાને કોઈ દોષ મ દેજો, નહીં વ્રજચંદ અધૂરો...ઘર૦ ૧
વૃંદાનું વ્રત ભંગ કરાવ્યું, તે દિનો છળમાં શૂરો...ઘર૦ ૨
એને જે અનુસરીયાં સજની, જ્યાં જીવો ત્યાં ઝૂરો...ઘર૦ ૩
સુર્પણખાનું નાક છેદાવ્યું, એવો સદાય અલૂરો...ઘર૦ ૪
અમશું પ્રીત કરી એણે પેલી, રહેતો હમેશ હજૂરો...ઘર૦ ૫
મુક્તાનંદ મતલબનો ગર્જી, ગર્જ સર્યે થયો દૂર ધરો. ...ઘર૦ ૬

## પદ-૭

બાળ સનેહી રે, મોહન મુજને ગમતાં;

મથુરા જઈ મોંઘા થઈ બેઠા, પહેલાં તો ભેળા ભમતાં...બાળ૦ ૧

આજતો અમને દર્શન દુર્લભ, જોડે બેસીને જમતાં...બાળ૦ ૨

અણતેડ્યા વાંસે આવીને, રસિયો રંગભર રમતાં...બાળ૦ ૩

જે કહેતા તે કામ જ કરતાં, નટવર રહેતા નમતાં...બાળ૦ ૪

બાળ જોગી જેવો વેશ જણાવી, દેહ પ્રાણને દમતાં...બાળ૦ ૫

મુક્તાનંદ મોહનની લીલા રાખતાં શીલ ને સમતા...બાળ૦ ૬

## પદ-૮

પ્રીત પૂરવની રે, નાથ ન મૂકી દેજ્યો;

બહુ નામી તમ સાથે બંધાણી, શ્યામ સંભાળી લેજ્યો...પ્રીત૦ ૧

બોલ કોલ દીધા જે બળવંતા, ગુણવંત દ્રઢ કરી ગ્રેજ્યો...પ્રીત૦ ૨

નગણી નાર્ય વરે સમરથને, અવગુણ એની પેરે સેજ્યો...પ્રીત૦ ૩

પોતાની જાણીને પ્રીતમ, કહેવું ઘટે તે કેહેજ્યો...પ્રીત૦ ૪

પાસે રાખો તો પાડ ઘણો માનું, નજર કરતા રહેજ્યો...પ્રીત૦ ૫

મુક્તાનંદ કહે મહેર તમારી, નિરભે ફરકે નેજો...પ્રીત૦ ૬

## પદ-૯

તમસંગ લાગી રે, ત્રિકમ મુજને તાળી,

અસત જગતની આશ તજીને, વરિયા વર વનમાળી. તમ૦ ૧

સગાં સંબંધી સહુ મળી મુજને, કહે છે કા'નુડાવાળી. તમ૦ ૨

તમને ભજતાં આડ્ય કરે તે, સુખ સંપત દેઉં બાળી. તમ૦ ૩

શિર જાયે તોય શ્યામ ન મુકું, લોકની લાજ પણ ટાળી. તમ૦ ૪

ત્રિભુવનનાથ વરી હું તમને, નહિ કોઈની ઓશિયાળી. તમ૦ ૫

મુક્તાનંદ કહે મહેર કરીને, શબળ લીધી સંભાળી. તમ૦ ૬

## પદ-૧૦

મારે ઘેર રહેજ્યો રે, રસિયા રંગભર રમતા,

શોકડલીનો વે'ણે વાલડા, ભૂધરજી રખે ભમતા. મારે૦ ૧

જોઈએ તે આણિ આણિ આપું, મેવા મીઠાઈ જમતા. મારે૦ ૨

વણ વાંકે વઢજ્યો વાલમજી, દરદ લગાડી દમતા. મારે૦ ૩
વાંકું વેણ ન બોલું વ્હાલાને, ચિત્તમાં લાવિશ સમતા. મારે૦ ૪
એક પગભર અમે ઉભલાં રહેશું, મુકીને મનની મમતા. મારે૦ ૫
મુક્તાનંદ કહે મોજ કરોને, છો ગિરધર મનગમતા. મારે૦ ૬

### રાગ : ગરબી પદ - ૧

મારૂં તમ સાથે મન મોહ્યું રે, સુંદર શ્યામળીયા;
મુજ સામું જે દિનથી જોયું રે. સું૦ ૧
મને નેણુંની સાને વશ કીધીરે, સું૦ મને પોતાની કરી લીધી રે. સું૦ ૨
મને હસિને હેતશું બોલાવીરે, સું૦ મને લાલચ ખુબ લગાવી રે. સું૦ ૩
વા'લા આવો અમારે ઘેર રે, સું૦ કરો મુક્તાનંદ પર મે'ર રે. સું૦ ૪

### પદ - ૨

મારે મંદિર આવો માવરે, નટવર નંદનંદા;
મને ભેટ્યાનો ઘણો ભાવ રે. નટ૦ ૧
વા'લો અંગો અંગ ફુલડાં ધારીરે, નટ૦ મને ભાવેશું ભેટો મુરારીરે. નટ૦ ૨
મેં તો તમ અરથે તન કીધુંરે, નટ૦ મેં તો સરવસ તમને દીધું રે. નટ૦ ૩
મારી આશ પુરી કરો આધારરે, નટ૦ કરો મુકતાનંદ પર પ્યારરે. નટ૦ ૪

### પદ - ૩

મારે તમસંગ સગપણ બાંધ્યુંરે, કાનવર કોડિલા;
જેમ રાંકનો રતન લાધ્યું રે. કા૦ ૧
મનો લાગ્યો તમારો રંગરે, કા૦ મનો ગમે તમારો સંગરે. કા૦ ૨
હવે આલિંગન કરી સુખ આપોરે, કા૦ મારી વ્રે'ની તે વેદના કાપોરે. કા૦ ૩
કરી છે મર્મની વાત મન ધારજ્યોરે, કા૦ મુક્તાનંદનું કારજ સારજ્યોરે. કા૦ ૪

### પદ - ૪

મારી અરજી અંતર ધારોરે, મોહન મનગમતા;
વેગે કામિનીનું કારજ સારોરે. મો૦ ૧
મારૂં તનડું તપે છે તમ કાજરે, મો૦ ઘણું કહેતાં લાગે છે લાજરે. મો૦ ૨
મને પળ જુગ જેવી થાયરે, મો૦ તમ વિના ક્ષણ ન રહેવાયરે. મો૦ ૩
આવો પ્રેમે અધરરસ પીજેરે, મો૦ મુક્તાનંદ પર કરૂણા કીજેરે. મો૦ ૪

### રાગ : મેવાડો પદ-૧

અંતકાળે આવી રે સાંભળી લેજો શામળા રે, જોશોમાં અમારા અવગુણ શ્યામ,
પણ છે પોતાનું રે પ્રભુજી તમે પાળજો રે, અધમઓધારણ કરુણાના ધામ-અંત૦ ૧
ગજને છોડાવ્યો રે ગ્રાહના મુખ થકી રે, કરતા કાંઈ અરધ નામ ઉચ્ચાર,
એવી રીતે આવો રે સુંદર શામળા રે, વાટડી જોઉં છું વારંવાર-અંત૦ ૨
નારાયણ નામે રે ઓધાર્યો અજામેળને રે, કરતા તે પુત્ર તણો રે પોકાર,
એવું તે વિચારી રે અલબેલા આવજો રે, અમારે છે તમારો રે આધાર-અંત૦ ૩
દોયલી વેળામાં રે દીનાનાથજી રે, કહોને અમે કેની કરીએ આશ,
મુક્તાનંદના સ્વામી રે સુંદર શામળા રે, અબળાને તેડી રાખો પાસ-અંત૦ ૪

### રાગ : ઈમન-કલ્યાણ પદ-૧

મેરે તો તુમ જીવન બાલ મુકુંદા મેરે-ટેક૦
બિન દેખે મોયે કલ ન પરત હે, જ્યું ચકોરી બિનું ચંદા-મેરે૦ ૧
એહી કારન રહો નેનું કે આગે, નટવર નંદજી કે નંદા-મેરે૦ ૨
કરુણા દ્રગન કરી મોયે વિલોકો, મેટન ભવદુઃખ ફંદા-મેરે૦ ૩
મુક્તાનંદ કહે નેહ નિભાવન, પિયા પ્રીતમ સુખકંદા-મેરે૦ ૪

### રાગ : સોરઠ પદ-૧

હરિગુણ ગાતાં, દુરિજનિયાનો ધડક ન મનમાં ધારીએ,
શિરને સાટે, શ્વાસ-ઉચ્છવાસે સુંદરવર સંભારીએ,
જે સાચું સમરણ આદરે, તેનો મૂરખ માણસ દ્રોહ કરે,
તે ઊલટો નિજ શિર ભાર ભરે .... હરિ૦ ૧
જે સૂરજ સામી રજ નાખે, તે ઊલટી આવી પડે આંખે,
રવિ રોષ રાગ મન નવ રાખે .... હરિ૦ ૨
એમ સમજી મન દઢ રાખીએ, મુખ કાયરતા નવ ભાખીએ,
આ તન પ્રભુ પર વારી નાખીએ .... હરિ૦ ૩
જે તન મન ધન હરિ ચરણે ધરે. તેની સુંદર શ્યામ સહાય કરે,
કહે મુક્તાનંદ તે તારે ને તરે .... હરિ૦ ૪

પદ-૨

સરવે માન તજી, શામળિયાં સંગાથે મન દૃઢ બાંધીએ,
તજી લોકલજ્જા, સાધુજન સંગાથે પ્રીતિ સાંધીએ,
જે સાધુજનનો સંગ કરે, તેના કામાદિક સંતાપ હરે,
તેનું મન લઈ મોહન ચરણે ધરે ... સરવે૦ ૧
એમ હરિ ભજતાં મોટપ પામે, તેનાં જન્મમરણનાં દુઃખ વામે,
ફરી મન ન ચડે બીજે ભામે ... સરવે૦ ૨
ધ્રુવ આદિ અચળ થયા હરિ સેવી, તેની શિખામણ મન ધારી લેવી,
ભક્તિ પણ કરવી તેના જેવી ... સરવે૦ ૩
દુરિજનના સંગથી દૂર રહીએ, હરિજનનો અવગુણ નવ લઈએ,
મુક્તાનંદ દાસના દાસ થઈએ ... સરવે૦ ૪

પદ-૩

તન ધન જાતાં, હરિજન હોય તે હરિભક્તિથી નવ ચળે,
જેમ નારી, સતી, સરવે મમતા છોડી પતિ સંગે બળે,
જુઓ પ્રહલાદે પણ નવ છોડ્યું, નિજ તાતતણું સગપણ ત્રોડ્યું,
દૃઢ કરી મોહન સંગ મન જોડ્યું ... તન૦ ૧
જુઓ હરિશ્ચંદ્રે હરિ નવ તજિયા, પર ઘેર વેચાઈ પ્રભુને ભજિયા,
ત્યારે મોહનના મનમાં રિજિયા ... તન૦ ૨
જુઓ બળીનું મન નવ હારિયું, ગુરુવચન રુદે નવ ધારિયું,
તન મન ધન પ્રભુ પર વારિયું ... તન૦ ૩
એવી દૃઢતા ધારે તે સુખિયા, તે કોઈ કાળે નવ હોય દુઃખિયા,
કહે મુક્તાનંદ તે મહા સુખિયા ... તન૦ ૪

પદ-૪

હરિજન થઈને, હાણ વરધ સુખ દુઃખ મનમાં નવ ધારીએ,
ટાળ્યા નવ ટળે, ઘટ સાથે ઘડિયાં હિંમત નવ હારિએ,
જુઓ કદરજ મહા દુઃખિયા કાવ્યા, તે સુખ દુઃખ મનમાં નવ લાવ્યા,
ત્યારે મોહનના મનમાં ભાવ્યા .... હરિ૦ ૧

જુઓ વસુદેવ દેવકી બંધ રહ્યાં, બહુ કાળે બંધન દૂર થયાં,
જેને હરિ પુત્ર તોય દુઃખ સહ્યાં .... હરિ૦ ૨
જુઓ પાંડવ હરિને અતિ પ્યારા, જેથી પળ એક નાથ ન રહે ન્યારા,
તે વન ભટક્યા લઈ સંગ દારા .... હરિ૦ ૩
એમ સમજી હરખ શોક તજીએ, થઈ એક મનના પ્રભુને ભજીએ,
કહે મુક્તાનંદ હરિને રિઝીએ .... હરિ૦ ૪

**પદ-૧**

તમે મેર કરી મહારાજ સામુ જોયું રે,
તે દીનથી સુંદર શ્યામ મન મારું મોહયું રે
મારી પશુ પક્ષીની પેર તે તમે ટાળી રે,
મને કરુણાની દ્દષ્ટિએ કાન રહો છો ભાળી રે.
મારા અવગુણીયા અપાર મન નથી ધરતાં રે,
રહો છો અધિક અધિક અલબેલ કરૂણા કરતાં રે.
તારા ગુણ જોઈ ગીરધર લાલ મનમાં હું હરખી રે,
હું તો જીવું છું જગદાધાર તમને નીરખી રે.
મારે તમ થકી જગમાં કોઈ નથી બીજું પ્યારૂં રે,
વ્હાલા તન ધન પ્રાણ સમેત તમ પર વારૂં રે.
મારે મંદિર આવો માવ મહાસુખ દેતાં રે,
મુક્તાનંદ કહે મહારાજ મન હરિ લેતાં રે.

**રાગ : સામેરી પદ-૧**

હરિ ભજતાં સહુ મોટપ પામે, જન્મમરણ દુઃખ જાયે રે,
પારસ પરસી લોહ કંચન થઈ, મોંઘે મૂલે વેચાયે રે. હરિ૦ ૧
મુનિ નારદની જાતને જોતાં, દાસી પુત્ર જગ જાણે રે,
હરિને ભજી હરિનું મન કેવાણા, વેદ પુરાણ વખાણે રે. હરિ૦ ૨
રાધાજી અતિ પ્રેમ મગન થઈ, ઉર ધાર્યા ગિરધારી રે,
હરિવર વરી હરિ તુલ્ય થયાં, જેનું ભજન કરે નરનારી રે. હરિ૦ ૩

શામળિયાને શરણે જે આવે, તેનાં તે ભવ દુઃખ વામે રે,
મુક્તાનંદના નાથને મળતાં, અખંડ એવાતણ પામે રે. હરિ૦ ૪

**પદ-૨**

પ્રેમી જનને વશ પાતળિયો, શ્યામ સુંદર સુખકારી રે,
જાતિ વરણને રૂપે ન રીઝે, પ્રભુજીને ભક્તિ પ્યારી રે. પ્રેમી૦ ૧
પ્રેમ ન નીપજે દેશ વિદેશે, પ્રેમ ન હાટે વેચાય રે,
પ્રેમના પાસંગમાં જે શિર સોંપે, તે જન પ્રેમી થાય રે. પ્રેમી૦ ૨
પ્રેમની વાત સુણી પરીક્ષિત, સવળી સમજણ નવ લીધી રે,
સમજીને શુકજીએ રસને છપાડ્યો, મોક્ષ રીત કહી દીધી રે. પ્રેમી૦ ૩
વ્રજ વનિતાના પ્રેમની આગે, ઉડ્યા કોટિ કબીરા રે,
મુક્તાનંદ એ પ્રેમનો મારગ, સમજે તે સંત સુધીરા રે. પ્રેમી૦ ૪

**રાગ : ગરબી — પદ-૧**

સહજાનંદ સ્વામી રે, ન પ્રગટત આ સમે રે,
પ્રાણી કોઈ પામત નહિ ભવપાર રે;
મતિયા ને પાખંડી રે, શબ્દની ઝાળમાં રે,
બાંધી બાંધી બોળત જીવ અપાર રે...સહજાનંદ૦ ૧
કામી ક્રોધી લોભી રે, ગુરુ થઈ બેસતા રે,
જતી સતી જડત નહિ જગમાંય રે;
જ્ઞાનને વૈરાગ્ય રે, ભક્તિ ઝુરીને રે,
મરી ઝરી જાત ન લાધત ક્યાંય રે...સહજાનંદ૦ ૨
કાળીંગાની ફોજો રે, કરત અતિ જોરને રે,
કરી ગુરુ પંડિતમાં પ્રવેશ રે.
માંસને મદીરા રે, પરત્રિયા સંગથી રે,
ધર્મનો રે રહત નહિ લવલેશ રે...સહજાનંદ૦ ૩
વધત વટાળ રે, ઘણો આ સંસારમાં રે,
વર્ણ અઢારે થઈ એકતાર રે;
સંતને અસંતમાં રે, કોઈ સમજત નહિ રે,

ભવજળ બુડત સૌ સંસાર રે...સહજાનંદ૦ ૪

નરકના પંથથી રે, કોઈ ન મુકાવતા રે,

કોઈ ન કરત ભવસેતુ ઉદ્ધાર રે;

મુક્તાનંદ કહે છે રે, તે તો દુઃખ ટાળીયાં રે,

જાઉં એને વારણે વારંવાર રે...સહજાનંદ૦ ૫

પદ-૨

સહજાનંદ સ્વામી રે પોતે પરિબ્રહ્મ છે રે,

સ્વામિનારાયણ જેનું નામ રે;

સત્ય ધર્મ સ્થાપી રે, અધર્મ ટાળીઓ રે,

કીધા વ્હાલે નિજજન અતિ નિષ્કામ રે...સહજાનંદ૦ ૧

પોતાના આશ્રમની રે, રીતિ પ્રગટ કરી રે,

કળિમધ્યે કામની લીધી લાજ રે;

સમજી શાણા રે, તે જાણી એ પ્રતાપને રે.

નિશ્ચે કરી જાણ્યા શ્રીમહારાજ રે...સહજાનંદ૦ ૨

જમ ને પાખંડી રે, કૂટે છે પેટને રે,

જાણે ગયો આપણો સર્વે ગરાસ રે;

સત્સંગ ફેલાયો રે, સર્વે સંસારમાં રે,

કેને ગળે નાખશું જઈ હવે પાશ રે...સહજાનંદ૦ ૩

એકાંતિક ધર્મ રે, પ્રગટ કરી આપીયો રે,

કીધા વહાલે બ્રહ્મરૂપ નિજ દાસ રે;

મુક્તાનંદ કહે છે રે જાઉં એને વારણે રે,

જેણે મુને આપ્યો બેહદ વાસરે...સહજાનંદ૦ ૪

પદ-૩

સદ્‌ગુરુ સાચા રે, સેવો શુદ્ધ ભાવશું રે,

જેથી ટળે મનના વિવિધ વિકાર રે;

જેને સંગ વાધે રે, પ્રભુજી સંગે પ્રીતડી રે,

ટળી જાત જાતવર્ણ અહંકાર રે...સદ્‌ગુરુ૦ ૧

વર્તમાન પાંચ રે, પળાવે દ્રઢ કરી રે,
સંભળાવે હરિના ચરિત્ર પરમ ઉદાર રે;
એવા ગુરુ દેવ રે, ગોવિંદસમ જાણીએ રે,
જેને સંગે પામીએ ભવજળ પાર રે...સદ્‌ગુરુ૦ ૨
ગુરુ વિના જ્ઞાન રે, ન પામે મનમુખી રે,
કહે છે એ મહાશ્રુતિ વેદપુરાણ રે;
એવું તે વિચારી રે, સદ્‌ગુરુ સેવજોરે,
જેથી હરિ પામીએ પ્રગટ પ્રમાણ રે...સદ્‌ગુરુ૦ ૩
ગુરુજીના વચન રે, વિચારી ઉર ધારજો રે,
ટાળો તમે મોહ મમતા અભિમાન રે;
મુક્તાનંદ કહે છે રે, એવી રીતે વર્તતાં રે,
તેને ઉર વાસ કરે ભગવાન રે...સદ્‌ગુરુ૦ ૪

**પદ-૪**

સંત સમાગમ રે, શુદ્ધ થઈ કીજીએ રે,
સંત થકી લીજીએ વિવિધ વિચાર રે;
કપટ કુબુદ્ધિ રે, ઉરથકી ટાળીએ રે,
ટાળીએ જૂઠો તન અહંકાર રે...સંત૦ ૧
સંતજન સંગે રે, હરિગુણ ગ્રહીએ રે,
અવગુણ ઉરથકી કરીએ ત્યાગ રે;
ઈર્ષા અભાવ રે, ન લેવો સંતનો રે,
તન સુખ તજવાં ગ્રહી વૈરાગ્ય રે...સંત૦ ૨
ક્રોધ ન કરવો રે, હરિજન ઉપરે રે,
વચન સુણી ન બાંધવું વેર રે;
સમજી વિચારી રે, વચન મુખે બોલીએ રે,
વણસમજે ન વાળીએ ઝેર રે...સંત૦ ૩
શ્રીનારાયણ રે, સ્વામિના દાસ જે રે,
તેને સંગે રહેવું થઈને ગુલામ રે;

મુક્તાનંદ કહે છે રે, એવી રીતે વર્તતાં રે,
સંતસંગે પામશો અક્ષરધામ રે...સંત૦ ૪

### રાગ : પરજ પદ-૧

નેણને જોઈ નેણને જોઈ, વાલા તારાં નેણને જોઈ,
રહ્યું મારું મનડું મોહી-વાલા૦ -ટેક૦
નેણાં તમારાં વાલા, અતિ સુખકારી જોને,
નીરખતાં નાખે છે સંતાપને ખોઈ-વાલા૦ ૧
વ્રજવનિતાને તમે, વશ કરી લીધી વાલા,
નેણું કેરે બાણે નાખ્યાં અંતર પ્રોઈ-વાલા૦ ૨
નેણાં ભરીને તમે, જેને નીરખો છો વાલા,
તેને નથી કરવું રે'તું બીજું સાધન કોઈ-વાલા૦ ૩
મુક્તાનંદ કહે, એ નેણાં તણો રસ,
ગોપીજન જેવા જાણે પ્રેમી સોઈ-વાલા૦ ૪

### રાગ : ધોળ — પદ-૧

સુખદાયક રે સ્વામી સહજાનંદ,
પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ...ટેક૦
જેનું સ્વામિનારાયણ નામ છે,
જેને ભજતાં રે પામે ભવજળપાર... પ્રગટ૦ ૧
જેનાં દર્શન ઈચ્છે મહામુનિ,
કરુણાનિધિ રે પ્રભુ પરમ ઉદાર... પ્રગટ૦ ૨
વ્હાલે કળીમધ્યે અતિ કરુણા કરી,
ધાર્યો દ્વિજકુળ રે ગુણનિધિ અવતાર... પ્રગટ૦ ૩
વહાલે સતયુગસમ ધર્મ સ્થાપીઓ,
ટાળ્યા નિજજનના મનથી મદભાર... પ્રગટ૦ ૪
એનો જે જેને કીધો આશરો,
તે તો તરી ગયાં રે કુળ સહિત સંસાર... પ્રગટ૦ ૫
મુક્તાનંદ કહે મહિમા અપાર છે,
કરે નિશદિન રે નેતિ નિગમ પોકાર... પ્રગટ૦ ૬

પદ-૨

પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ,
અધર્મ અંધારું ટાળીયું...ટેક૦
માયા રાત મુમુક્ષુની ટળી,
થયું હરિ મળતાં પૂરણ પ્રભાત... અધર્મ૦ ૧
સંશય શોક હર્યા સર્વે જીવના,
જેણે માની રે પ્રેમે વ્હાલાની વાત... અધર્મ૦ ૨
જૂઠા જ્ઞાની ઉલુક જગમાં હતા,
તે સંતાણા રે પાપી પર્વતમાંય... અધમ૦ ૩
કામ ક્રોધ લોભ જે ચોર તે,
ડરી ભાગ્યા રે રહેવા ઠામ ન ક્યાંય... અધર્મ૦ ૪
દેખી સંત કમળવન ફુલીયાં,
દુઃખ પામ્યા રે પાપી કુમુદ અપાર... અધર્મ૦ ૫
મુક્તાનંદ કહે મહાસુખ આપીયું,
એને વારણે રે જાઉં વારંવાર... અધર્મ૦ ૬

પદ-૩

કરી કરૂણા રે સ્વામિ સહજાનંદ,
પધાર્યા અખંડ સુખ આપવા...
જેન દર્શનથી દુષ્કૃત ટળે,
જેને સ્પર્શે રે પામે પાતક નાશ... પધાર્યા૦ ૧
જેનું ચરણ ગૃહે સુખ પામીયે,
વેગે નાશે રે મોહ માયાના પાસ... પધાર્યા૦ ૨
જેનો મહિમા અનંત અપાર છે,
શુક શારદ રે મુનિ નારદ ગાય... પધાર્યા૦ ૩
મતિમંદ ન જાણે એ મર્મને,
જેમ ઉલુકે રે રવિ નવ દેખાય... પધાર્યા૦ ૪

વ્હાલો નારદ નીગમના વેણને,
સત્ય કરવા રે પોતે શ્રીબદ્રીનાથ... પધાર્યા૦ ૫
મુક્તાનંદ કહે અધર્મ ઉથાપીયો,
ભક્તિ જ્ઞાન વૈરાગ્ય સ્થાપ્યા ગ્રહી હાથ... પધાર્યા૦ ૬

**પદ-૪**

પોતે પરિબ્રહ્મ રે સ્વામી સહજાનંદ,
બદ્રીપતિ પ્રબળ પ્રતાપ છે... ટેક૦
વ્હાલો ભરતખંડના નરનારને,
પોતે તપ કરી રે આપે ફળ સોય... બદ્રીપતિ૦ ૧
હરિના તપકેરાં પુણ્ય પ્રતાપથી.
થયા શુદ્ધ મન રે હરિજન સર્વ કોય... બદ્રીપતિ૦ ૨
સ્વામિનારાયણ મુખે ઓચરે,
તેને જન્મમરણ જમનો ભય જાય... બદ્રીપતિ૦ ૩
સર્વ નરકના કુંડ ખાલી કર્યા;
ભૂખ્યા જમગણરે કર ઘસી પસ્તાય... બદ્રીપતિ૦ ૪
પામ્યા અનંત જીવ હરિના ધામને,
તેની ગણના રે કહેતાં શેષ લજાય... બદ્રીપતિ૦ ૫
મુક્તાનંદ કહે મહિમા અતિ ઘણો,
તેને એક મુખેરે કવિ કેટલોક ગાય... બદ્રીપતિ૦ ૬

# સદ્. નિષ્કુળાનંદ સ્વામીના કીર્તનો

**રાગ : જંગલો – પદ-૧**

જનુની જીવોરે ગોપીચંદની, પુત્રને પેર્યો વૈરાગ્યજી;
ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગજી...જનુની૦ ૧
ધન્ય ધન્ય માતા ધ્રુવતણી, કહ્યાં કઠણ વચનજી;
રાજસાજ સુખ પરહરી, વેગે ચાલ્યા વનજી... જનુની૦ ૨
ભલો ત્યાગ ભરથરી તણો, તજી જેણે સોળસેં નારજી;
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં બારજી... જનુની૦ ૩
ઊઠી ન શકે ઊંટિયો, બહુ બોલાવ્યો બાજંદજી;
તેને દેખીને ત્રાસ ઊપજ્યો, લીધી ફકીરી છોડ્યો ફંદજી...જનુની૦ ૪
એવા વૈરાગ્યવંતને જાઉં વારણે, બીજા ગયા અનેકજી;
ભલા ભૂંડા અવની ઉપરે, ગણતાં ન આવે છેકજી... જનુની૦ ૫
ક્યાં ગયું કુળ રાવણતણું, સગરસુત સાઠ હજારજી;
ન રહ્યું નાણું રાજા નંદનું, સર્વે સ્વપ્ન વ્યવહારજી... જનુની૦ ૬
એવા છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકી રાજનજી;
દેવ દાનવ ઋષિ મુનિ, સર્વે જાણ્યો સુપનજી... જનુની૦ ૭
સમજી મૂકો તો સારું ઘણું, જરૂર મુકાવશે જમજી;
નિષ્કુળાનંદ એ નહિ મટે, સાચું કહું ખાઈ સમજી... જનુની૦ ૮

**પદ-૧**

મારા હરિ ગુરૂદેવ દયા કરી, કાંઈક આપી છે આજ્ઞા એહ રે
એવા ગુણલા ગાવા રે ગુરુદેવના, બહુ કરીયા છે રે વખાણ મારા...હરિગુરુ૦
શેષ રટે સહસ્ર મુખથી, જુગલ જીભાયે આઠું જામરે
એક રે જીભાના જે કોઈ માનવી, તેને કેમ રે પામવો વિરામ રે ...હરિગુરુ૦
જ્યાં લગી જીવતર આ જનનું, રહે દેહ પીડામાં જોને પ્રાણ રે
વારંવાર કરીને વખાણ રે, એવા ગુણલા ગાવારે ગુરુદેવના ...હરિગુરુ૦

સગુણ મૂરતિ મહારાજની, નરતન ધારીને વિચરે મારા નાથ રે
દેહના ચરિત્રે ચિત્તે ચિંતવી, સદાય ગાવા એ અમને આશિષ રે ...હરિગુરુ૦
એહ જપ તપ ને તીરથ છે, એ છે કાંઈ સ્મરણ ને વળી ધ્યાનરે
નયણે નીરખીને રૂપ નાથનું, જનને કરવું રે એવું ગુણગાનરે ...હરિગુણ૦
વિસ વિસાજો એક વાત છે, સાંભળો સગુણ ઉપાસી જન રે
નિષ્કુળાનંદ કહે મારા નાથના, ગુણ ગાવા એહ અમને આશિષ રે ...હરિગુરુ૦

### રાગ : ગરબી — પદ-૧

લટકાળો લટકંતો આવે, મોહન મોરલી વાતો રે...લટકાળો૦ ટેક.
સખાને સંગે અતિ ઉછરંગે, ગીત મધુરાં ગાતો રે...લટકાળો૦ ૧
કેસરીએ વાઘે કસુંબલ પાધે, કેસર રંગમાં રાતો રે...લટકાળો૦ ૨
ફુલડાનાં તોરા ગજરા ને ટોપી, ફુલાંને હારે ફુલાતો રે...લટકાળો૦ ૩
નિષ્કુળાનંદનો સ્વામી શામળીયો, આવે અમીરસ પાતો રે...લટકાળો૦ ૪

### પદ-૨

શામળીયો સ્નેહનો બાંધ્યો, આવે છે અલબેલો રે...શામળીયો૦ ટેક.
રંગમાં રાતો ને વાંસળી વાતો, છોગાળો છેલ છબીલો રે...શામળીયો૦ ૧
અતિ પ્રસન્ન વદન વ્હાલાનું, અલવે ભર્યો અલબેલો રે...શામળીયો૦ ૨
દર્શન દેવા ને કાંઈક કહેવા, રસબસ કરવા રસીલો રે...શામળીયો૦ ૩
નિષ્કુળાનંદનો સ્વામી શામળીઓ, આવે વ્હાલપશું વ્હેલો રે...શામળીયો૦ ૪

### પદ-૩

છબીલાની છબી જોઈને, મોહી રહ્યું મન મારૂં રે...છબીલાની૦ ટેક.
નેણા વિશાળને વાણી રસાળ, તે પર તનમન વારૂં રે...છબીલાની૦ ૧
વ્હાલાનું વદન સુખનું સદન, શોભે છે સુંદર સારૂં રે...છબીલાની૦ ૨
જીવન જોઈ હું મનમાં મોહી, મીટે મટકું ન મારૂં રે...છબીલાની૦ ૩
નિષ્કુળાનંદના નાથને નીરખી, અંતરમાં ઉતારૂંરે...છબીલાની૦ ૪

### પદ-૪

છોગાળા તારા છોગલા ઉપર, વાલમજી જાઉં વારી રે...છોગાળા૦ ટેક.
નટવર નાગર સુખના સાગર, મન માનયા મોરારી રે...છોગાળા૦ ૧

કાન ગોવાળા ને વાંસળી વાળા, તમે મીરાંત્ય છો મારી રે...છોગાળા૦ ૨
નંદના લાલા લાગો અતિ વ્હાલા, ગુણવંતા ગીરધારી રે...છોગાળા૦ ૩
નિષ્કુળાનંદના સ્વામી શામળીયા, હું છું દાસી તમારી રે...છોગાળા૦ ૪

**રાગ : ગરબી — પદ-૧**

રસિલાલાલ રસે ભરી છે તારી આંખડી;
રસિલાલાલ કમળદળના જેવી પાંખડી...રસિલા૦
હસીને હેરો છો તમે હેતમાં (૨) તનમન પ્રાણ લો સમેતમાં (૨)
નાસિકા દીસે છે તારી નમણી (૨) કપોળ જોઈને રહ્યાં કામણી (૨)
વાલપ ઘણી છે તારી વાતમાં (૨) એકવાર મળીએ એકાંતમાં (૨)
વારી વારી જાઉં હું વદનને (૨) કરને લટકે તે લીધું મનને (૨)
ચટકંતી ચાલ લાલ જોઈને (૨) મન તો રહ્યું છે મારું મોઈને (૨)
ચિત્તડું ચોર્યું છે તમે ચાલમાં (૨) ચંચળ ચપળ મારા વાલમાં (૨)
નિષ્કુળાનંદના હો નાથજી (૨) સદાયે રે'જો હો મારે સાથજી (૨)

**પદ-૨**

સલૂણા શ્યામ એકવાર આવો મારે ઓરડે  સલૂણા૦
અમે તો બંધાશું કાચે દોરડે...સલૂણા૦
હાર્યાં ને દોર્યાં તમારાં હાલશું સલૂણા, વાલમ આવોને તમે વાલ શું...સ૦
વાટડી જોઉં છું કઈ વારની સલૂણા, શોભા જો વધે છે શણગારની...સ૦
આવડી જો વેલ શી અમશું સલૂણા, રજની વીતે જો કૈયે રમશું...સ૦
કોલ બોલ પાળીને પૂરા કરો સલૂણા, દયાળુ દયા જો દલમાં ધરો...સ૦
આશભર્યાં અંતરે ઉદાસ છું સલૂણા, દામ જો વિનાની અમે દાસ છું...સ૦
તમને દેખીને મન ઓગળે સલૂણા, ચિત્તડું મળવાને જોને ચળવળે...સ૦
વિનતી કરું છું જોડી હાથજી સલૂણા, નિષ્કુળાનંદના હો નાથજી...સ૦

**રાગ - મેવાડો પદ - ૧**

(અંતકાળે આવી રે સંભાળી લેજ્યો શ્યામળા રે એ રાગ)
અલબેલા આવો રે આજ અમ પાસળે રે,
પુરો પુરો પિયું અમારી રે આશ;

વદન તમારૂં રે વા'લા વિલોકયા વિના રે,
અંતર અમારૂં રહે છે ઉદાસ. અલ૦ ૧
આંણી આંણી આંખ્યે રે નાથ મુખ નિરખશું રે,
ત્યારે જાશે દલડાનું રે દુઃખ;
શ્રવણે સાંભળશું રે વાલીડાની વાતડી રે,
ત્યારે સર્વ અંગે થાશે રે સુખ. અલ૦ ૨
સનમુખ બેશી રે મહા સુખ મુખ નિરખશું રે,
ત્યારે મારૂં મન થાશે રે મુદિત;
લટકાંને જોશું રે લટકાળા લાલનાં રે,
ત્યારે સુખ થાશે અંતરે ઉદિત. અલ૦ ૩
મારાં નયણાં પિપાસિરે પિયાસુખ પેખવા રે,
નિરંતર અંતર રહે છે ઉદાસ;
નિષ્કુળાનંદના રે સ્વામીજી પધારજો રે,
દયા આણી જાણી પોતાના રે દાસ. અલ૦ ૪

### રાગ : કાફી પદ-૧

આવજો આવજો આવજો રે, વાલા આજ અમ ઘેર આવજો,
મારે તમને ભેટ્યાનો છે ભાવ જો રે. વાલા૦ ટેક.
સુંદર સારી શોભા તમારી રે, દયા કરીને દેખાડજો રે. વાલા૦ ૧
દયા કરી હરિ દર્શન દેજો રે, મહેર મુજ પર લાવજો રે. વાલા૦ ૨
વાલા વળીવળી વાટડી જોઉં છું રે, આવી આનંદ ઉપજાવજો રે. વાલા૦ ૩
નિષ્કુળાનંદના નાથજી અમને રે, હેતે હસીને બોલાવજો રે. વાલા૦ ૪

### પદ-૨

આપજો આપજો આપજો રે, વાલા આજ આનંદ મને આપજો
તમે મળે ટળે મારા તાપ જો રે. વાલા૦ ટેક.
મુખ જોયા વિના દુઃખ છે દલમાં રે, કૃપા કરીને તે કાપજો રે. વાલા૦ ૧
અંગોઅંગ આલિંગન લઈને રે, હેતે હૈયામાં મને ચાંપજો રે. વાલા૦ ૨
ચંદને ચર્ચી ચરણ તમારાં રે, છબીલાજી છાતી મારી છાપજો રે. વાલા૦ ૩
નિષ્કુળાનંદના નાથ મન મારૂં રે, અસ્થિર સ્થિર કરી સ્થાપજો રે. વાલા૦ ૪

### પદ-૩

મળજો મળજો મળજો રે, મીઠા બોલા વાલા મને મળજો
મારો થાય જનમ સફળ જો. રે. મીઠા૦ ટેક.
દૂર રહ્યાનું જે દુઃખ છે દિલમાં રે, તેતો દર્શન દઈ હરિ દળજો રે. મીઠા૦ ૧
પોતાના જાણી દયા દિલ આંણી રે, પીયુ પ્રીતે કરી પાળજો રે. મીઠા૦ ૨
હુંતો છઉં દાસી ચરણ ઉપાસી રે, મુજપર વાલા વાલ્યે વળજો રે. મીઠા૦ ૩
નિષ્કુલાનંદના સ્વામી શ્યામળીયા રે, આજ અઢળક ઢળજો રે. મીઠા૦ ૪

### પદ-૪

ભેટજો ભેટજો ભેટજો રે, ભાવે કરી ભૂધર મને ભેટજો
મને રાખી હૈયાની હેટજો રે. ભાવે૦ ટેક.
તમ વિના મારૂં તન મન તપે રે, મળી મનના તાપ મેટજો રે. ભાવે૦ ૧
અંગો અંગ જે અનંગની વેદના રે, તે શ્યામ મળીને સમેટજો રે. ભાવે૦ ૨
અંકભરી આલિંગન લેતાં રે, મારા પંડ્યનું પોત પલેટજો રે. ભાવે૦ ૩
નિષ્કુળાનંદના નાથ મળે જ્યારે રે, ત્યારે ઠરે મારૂં પેટજો રે. ભાવે૦ ૪

### પદ-૧

ધન્ય ધન્ય એ સંત સુજાણને,
જેનું ઊલટી પલટ્યું આપ, સંત તે સ્વંય હરિ -ટેક૦
આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ -સંત૦ ૧
જેના શીશમાં શીશ છે શ્યામનું, જેનાં નેણમાં નાથનાં નેણ -સંત૦ ૨
જેના મુખમાં મુખ મહારાજનું, જેનાં વેણમાં વાલાનાં વેણ -સંત૦ ૩
જેના કાનમાં કાન છે કૃષ્ણનાં, જેના નાકમાં નાસિકા નાથ -સંત૦ ૪
જેની જીભમાં જીભા જીવનની, જેના હાથમાં હરિના હાથ -સંત૦ ૫
જેના હૃદયમાં હૃદય હરિતણું, જેના પાવમાં પ્રભુના પાવ -સંત૦ ૬
જેમ હીરો હીરા વડે વેંધીએ, તેમ થયો તે સહજ સમાવ -સંત૦ ૭
એમ સંતમાં રહ્યા છે શ્રીહરિ, માટે સંત છે સુખનું ધામ -સંત૦ ૮
ધર્મ ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન જે, તેને રહેવાનું સંત છે ઠામ -સંત૦ ૯
એવા સંત શિરોમણી ક્યાં મળે, જેણે દેહબુધ્ધિ કરી દૂર -સંત૦ ૧૦
કહે નિષ્કુળાનંદ એને સંગે, ઊગે અંતરે આનંદ સૂર -સંત૦ ૧૧

### રાગ : સામેરી પદ-૧

સહજાનંદ સિંધુ રે આજ મારે ઉલટ્યા રે,
ભાંગી મારી ભવો ભવની ભૂખ રે,
કંગાલપણું રે બાઈ મારું કાઢીયું રે,
દૂર કીધું દારીદર ને દુઃખ-સહજાનંદ૦ ૧
આનંદની લેરું રે એમાં અતિ ઘણી રે,
મરજીવા કરે છે માંયે મોજ,
મૂઠડીને ભરી રે જેણે મુક્તાફળની રે,
ભાંગી બેઠા જન્મ મરણ ભોજ-સહજાનંદ૦ ૨
નવ નિધિની રે નથી મારે વંછના રે,
સિદ્ધિ તે સામું શીદ હવે જોય,
સરવેનું કારણ રે મળિયા ચિંતામણિ રે,
હવે જે જે ચિંતવિયે તે હોય-સહજાનંદ૦ ૩
અનાથ અભાગી રે બાઈ જો અમે નહિ રે,
અમે છૈયે સભાગિયા શાહુકાર,
રંક ટાળીને રે કિધાં અમને રાજવી રે,
દીન ટાળી કીધાં છે જો દાતાર-સહજાનંદ૦ ૪
માલ અતોલ રે બાઈ અમ પાસળે રે,
તેણે હું તો મગન રહિ મનમાંય,
નિષ્કુળાનંદ રે આનંદ અતિ ઘણો રે,
સઈ કયે સુખતણી જો સીમાય-સહજાનંદ૦ ૫

### પદ-૨

સહજાનંદ સિંધુ રે દયાળુ દયા તણા રે,
ઉલટિયા આજ ન રાખી ઓછ,
નિહાલ જો કિધાં રે કંઈક કંગાળને રે,
આપી આપી અધમ જનને જો મોછ-સ૦ ૧

જેહી નર પાસે રે નોતિ એક નાસરી રે,
જેમ તેમ કરીને ભરતા જો પેટ,
ભૂખ તેની ભાગી રે લાગી હૂંડી હાલવા રે,
થયા થયા સુખી સભાગિયા શેઠ-સ૦ ૨
કણકણ કાજે રે જે જણ જણ જાચતા રે,
રેતા રેતા આઠે પોર જે આધેન,
તેને લઈ સોંપી રે સદાવ્રત સુખડી રે,
ભાંગી ભાંગી ભૂખ થયું સુખ ચેન-સ૦ ૩
પરિશ્રમ વિના રે પારસમણિ મળી રે,
રળી રળી વળી ન મળે જે મૂલ્ય,
ઢળિ ઢળિ વળી રે લેર્ય સુખ વારની રે,
ટળી ટળી ભીખ બુદ્ધિની જે ભૂલ્ય-સ૦ ૪
ઉદધિ ઉલટે રે નિધિ નવ માંય છે રે,
થાય છે સેવતાં ઘણું જો સુખ,
નિષ્કુળાનંદ રે આનંદ અતિ ઘણો રે,
મહિમા તે મોટો ન કહેવાય મુખ-સ૦ ૫

**પદ-૩**

સહજાનંદ સિંધુ રે સખી સદા સેવિયા રે,
જો સુખ ઈછીયે મનમાંય,
ડગમગ કરી રે દલ ન ડોલાવિયે રે,
જેણે કરી જીત્યો અવસર જાય-સ૦ ૧
અવસર આવો રે અવર આવે નહિ રે,
જેમાં કાંયે મળિયા સુંદર શામ,
એવાને મૂકીને રે અન્ય ન આરાધિએ રે,
જેણે કરી જીવિત થાયે હરામ-સ૦ ૨
સુપના સરીખાં રે સુખ આ સંસારનાં રે,

પશુ વિના બીજો ન કરે પરતિત,
વણસીને જાતાં રે વાર જો લાગે નહિ રે,
દેહ ગેહ દારાદિક સુત વિત્ત-સ૦ ૩
તે ઈછયું નવ્ય આવે રે હાથ્ય છે હરિ તણે રે,
આપ્યા વિના લેવાય નહિ તે લેશ,
પરિશ્રમ કરી રે જાયે કોયે પામવા રે,
કરે ઉપજાવી ઉલટો કલેશ-સ૦ ૪
અન્ય જો ભરોંસો રે અંતરથી ઉવેખીયે રે,
દેખીએ કાંઈ દલમાં કરી વિચાર,
નિષ્કુળાનંદ રે સખી તે સભાગણી રે,
જેને ઉપર પ્રસન્ન પ્રાણ આધાર-સ૦ ૫

**પદ-૪**

સહજાનંદ સિંધુ રે સખી જો સભર ભર્યા રે,
એકરસ અખંડ ને અવિનાશ,
અંતરની આંખે રે જોશે તે જાણશે રે,
આવે ન જાયે જેમ આકાશ-સ૦ ૧
લેર્ય તરંગ રે બુદા બુદા બહુ થયાં રે,
દેવ દુનિ મુનિ નર ને જો નાર્ય,
સ્થાવર જંગમ રે દિસે જોતાં જુજવાં રે,
આદ્યે અંત્યે મધ્યે વિલસે વાર્ય-સ૦ ૨
હીમ કરા ને રે લૂણ બહુ લેખતાં રે,
જોતાં દિશે જુજવી તેહની જાત્ય,
ઉત્તમ મધ્ય રે એથી અળગું નહિ રે,
પોતે એક પાડી ભિન્ન ભિન્ન ભાત-સ૦ ૩
ભાડું ભરીયે રે જેમ કોયે જળનું રે,
રાખીયે તે રતનાગર ને માંય,
ભીંતર બાહર રે ભર્યું જળ ભાળીયે રે,

ભાજન ભાંગતે તોય રહ્યું ત્યાંય-સ૦ ૪
આવે ન જાયે રે અખંડ એ આત્મા રે,
જેહ સ્થિર અસ્થિર તે નવ્ય થાય,
નિષ્કુળાનંદ રે લેર્ય આનંદની રે,
ઉપની તે સાગર માંયે સમાય-સ૦ ૫

**રાગ : પરજ પદ-૧**

સ્વામિનારાયણ દેવ રે, ભજ મન નરનારાયણ દેવ રે. ટેક
શિવ સનકાદિક નારદ સરખા, નિત્ય કરે છે જેની સેવ રે. ભજ૦ ૧
વિશાલાવાસી સબ સુખરાશી, યોગ અભ્યાસી અભેવ રે. ભજ૦ ૨
જેને ભજતાં ભવ દુઃખ નાશે, ત્રાસે તાપ તતખેવ રે. ભજ૦ ૩
નિષ્કુળાનંદ કહે નાથ ભજ્યાની, પાડી અંતરમાં ટેવ રે. ભજ૦ ૪

**પદ-૨**

સ્વામિનારાયણ નામ રે, વ્હાલુ લાગે સ્વામિનારાયણ નામ રે. ટેક.
રાત દિવસ મારા હૃદિયા ભીતર, જપીશ આઠું જામ રે. વ્હાલું૦ ૧
ભવજળ તરવા પાર ઉતરવા, ઠરવાનું છે ઠામ રે. વ્હાલું૦ ૨
સર્વોપરી શ્યામ છે નરવીર નામ, સુંદર સુખડાનું ધામ રે. વ્હાલું૦ ૩
નિષ્કુળાનંદના નાથને ભજતાં, વારે તેનું નહિ કામ રે. વ્હાલું૦ ૪

**પદ-૩**

સ્વામિનારાયણ નાથ રે, મારે શિર સ્વામિનારાયણ નાથ રે. ટેક.
અવર દેવને હું સ્વપ્ને ન ઈચ્છું, મન માન્યુ મારૂં એ સાથ રે. મારે૦ ૧
ભરત ખંડના ભૂપને ભાળી, હવે શીદને રહું અનાથ રે. મારે૦ ૨
સર્વેના સ્વામી અંતરજામી, એવા જાણી સોંપ્યો એને હાથ રે. મારે૦ ૩
નિષ્કુળાનંદ કહે નિઃશંક થઈ, ગાઈશ એના ગુણગાન રે. મારે૦ ૪

**પદ-૪**

સ્વામિનારાયણ વીર રે, વસ્યા હૃદે સ્વામિનારાયણ વીર રે. ટેક.
અસ્થિર મન સ્થિર થયું છે, ગયું અંતરનું અધીર રે. વસ્યા૦ ૧
સમ્યો સંશય ને શોક સર્વે, થઈ શાંતિ સુખ શરીર રે. વસ્યા૦ ૨

નિરભે થયાં ગયાં દુઃખ દિલનાં, થઈ ચિત્તની વૃત્તિ સ્થિર રે. વસ્યા૦ ૩
નિષ્કુળાનંદ કહે આનંદ આવ્યો, હવે દિલે નહિ દિલગીર રે. વસ્યા૦ ૪

**પદ-૧**

આજ આવીયો આનંદ અંગ ઉમંગ ઉરે અતી
અતી મળ્યો મોટો સતસંગ રંગે રંગાણી મતી
મતી માઈ મેં કર્યો વિચાર પાર સંસાર લેવા,
લેવા સુખ સમાગમ સાર નથી કોઈ સંત જેવા
જેવા લખ્યા આગ મેં એંધાણ એવા સાચા સંત મળ્યા,
મળ્યા એથી પ્રગટ પ્રમાણ પ્રભુજી અઢળક ઢળ્યા
ઢળ્યા જીતના પાસા પુનિત ચિત્ત તીંયા ચોપ્યું સહી,
સહી નિષ્કુળાનંદ કેરીત પ્રિત મારી તે શું થઈ છે

**પદ-૧**

સહજાનંદ સ્વામિ અંતરયામી, મુરતી મનોહર મારા શ્યામની રે
હાંરે મુને તાલી લાગે રે ઘનશ્યામની
સુંદર શામળા રૂદીયે બિરાજો છોગલાવાળા છેલ
છેલ છબીલા રંગના રેલા, કેસર ભીના મારા કાનજી રે... મુને તાળી
સોળે ચિન્હ સહિત શોભે ચરણ કમળની જોડ
તેમાં અમારૂં ચિત્તડુ રે લાગ્યું મેં તો ફીકર છોડી આખા ગામની રે. મુને
ધર્મકુંવર ઘનશ્યામજી મારા પ્રાણ તણા રે આધાર
નિષ્કુળાનંદના નાથજી દેજો મુને, કુંચી અક્ષરધામની રે. મુને.

**પદ-૧**

મોહન નું મુખ જોવા ને માટે, લાલચ અને લાગી (રે) (૨)
લટકાળો લટકંતો રે આવે
પ્રેમનો પ્યારો નાથ અમારો, સુંદર શ્યામ સોહાગી (રે) (૨)
સુંદર વદન કમલ દલ લોચન, નિરખતાં ભાવટ ભાંગી (રે) (૨)
આપ્યું રે સુખ દુઃખ દૂર કાપ્યું, તે કેમ મુકાય ત્યાગી (રે) (૨)
નિષ્કુળાનંદનો નાથ નિરખતાં, આનંદ વધાઈ વાગી (રે) (૨)

### પદ-૧

આજ મેંતો દીઠા રે અલબેલો અવતા રે, ગિરધર ગોવાળિયાને સંગ
સુંદર મોળીડું રે શોભે શિર ઉપરે રે, જરકસી જામા પેર્યા અંગ. આ.
ફૂલડાના તોરા રે ખોસ્યા બાઈ ખૂપમાં રે, ગજરા બાંધ્યા છે બેઉ હાથ,
ફૂલડાના હાર રે હીંચે ઘણું હૈડે રે, નખશિખ શોભે છે ઘણું નાથ. આ
સાથીડા સંગાથે રે હાથે હરિને વાંસળી રે, વાતાગાતા આવે ગિરધર ગીત,
લટકંતા આવે રે લેવા મન માહરું રે, જોઈ મોઈ રહ્યું મારું ચિત. આ.
શું કરું સાહેલી રે ઘેલી થઈ હું ઘણું રે, હૈયું તો રહ્યું નહી મારું હાથ,
રસબસ થઈ રે બાઈ એના રૂપમાં રે, નિરખી નિષ્કુળાનંદનો નાથ. આ.

### પદ-૨

ચિતડામાં ચોંટી રે છબી બાઈ છેલની રે લોલ,
મનમાં મારી ગયો મુને બાણ રે
ઘાયલ થઈ છું રે બાઈ હું તો ઘટમાં રે લોલ,
પરવસ્ય પડીયા છે મારા પ્રાણ રે ચી.
સુખ નાવે સૂતાં રે ઉઠું હું તો ઓઝપી રે લોલ,
જાગતાં જંખે મારો જીવ રે ચી.
અંતર આલોચે રે અલબેલા કારણે રે લોલ,
જાણું જે ક્યારે પામુ મારો પીવ રે ચી.
કહ્યું ન જાયે રે બાઈ બીજા, કોઈને રે લોલ,
દરદી દલડા કેરી વાત રે ચી.
સાંભળું ત્યાં સાલેરે માહેરા શરીરમાં રે,
તેણે તન દાઝે દિન ને રાત્ય રે ચી.
શાંતિ નથી થાતી રે મળ્યા વિના માવને રે,
અકળાઈ ઉઠું છું એહ કાજ રે ચી.
હવે ક્યારે મળે રે મન માન્યો મુજને રે,
રેસિયો નિષ્કુળાનંદનો રાજ રે. ચી.

# અન્ય સંત-કવિના કીર્તનો

### રાગ : ધોળ-પદ-૧

ધીરજ ધર તું અરે અધીરા, ઈશ્વર પૂરે અન્ન જોને;
ખલક તણો ખટકો પ્રભુને, સાચું માને મન જોને...૧
જન્મ્યું તેને જિવાડવાને, ઉપાય શોધ્યો શુદ્ધ જોને
હાડ માંસના હૈયા મધ્યે, દેવે સરજ્યાં દૂધ જોને...૨
કીડીને કણ હાથીને મણ, ચાર પગાને ચાર જોને;
કોશીટામાં કીટ વસે છે, ઈશ્વર પૂરે આહાર જોને...૩
મસીદ કેરા કોટ મીનારા, ઉપર ઊગ્યાં ઝાડ જોને;
પથ્થર ઉપર પાણી વરસે, તે ઈશ્વરનો પાડ જોને...૪
અરણ્ય મધ્યે અજગર રહે છે, ડગલું ન ભરે દોડ જોને;
વિશ્વંભરનું બિરુદ વિચારો, ખાવાની શી ખોટ જોને...૫
અનળ પક્ષી રહે આકાશે, મદઝર ભરખે મોટા જોને;
પરમેશ્વરની કૃપા વડે તો, બનિયા જળના ગોટા જોને...૬
મરાળને મોતીનો ચારો, વખતે આપે વા'લો જોને;
દેવાનંદ કહે દેવ ભરોસે, મગન થઈને મા'લો જોને...૭

### પદ-૨

ધન્ય છે ધીરજ ધારે તેને, બની શકે બેભાન જોને;
પાંડવ જ્યારે વન પરવરિયા, દુઃખને દીધાં માન જોને...૧
હરિશ્ચંદ્રરાયને હરિવર સાથે, લગની કેવી લાગી જોને;
અંત્ય વરણને ઘેર વેચાણા, તો ભવની ભાવઠ ભાંગી જોને..૨
પ્રહ્લાદજીને પીડા બહુવિધ, દૈત્ય પતિએ દીધી જોને;
સુખડાં જેવી સહન કરી તો, કેશવ રક્ષા કીધી જોને...૩
શહેર મળ્યું નહિ સુદામાને, તો પણ આનંદ તેવો જોને;
મોળી ભાજી વિદુરજીની, સૂતર જેવી સેવો જોને...૪
મયુરધ્વજ રાયે મસ્તક ઉપર, કરવત લીધું કોડે જોને;

સગાળશાએ સુત વધેર્યો, ત્યાગી દીધા હોડ જોને...૫
રંતીદેવના હૃદિયા મધ્યે, જરમા કેરો જોગ જોને;
માધવદાસે માગી લીધો, રાજી થઈને રોગ જોને...૬
દુઃખને દેખી હરિજન ન ડરે, કરે ફિકરના ફાંકા જોને;
દેવાનંદ કહે દેવ ભરોસે, કાળ તણા એ કાકા જોને...૭

**પદ-૩**

બાળક રૂએ લવા માંહે, માતા સમજે મર્મ જોને;
રાણીની એમ મરજી પરખે, ધરણીધરનો ધર્મ જોને...૧
ચાંચ બનાવી તેને ચિંતા, કાયર મન શીદ કરીએ જોને;
પેટ પડ્યું તે પોષણ કરશે; ફિકર તજીને ફરીએ જોને...૨
હીરા મોતી મોંઘાં કીધાં, ધનથી સોંઘાં ધાન્ય જોને;
અમૃત જેવાં અમથાં પાણી; દીનબંધુનાં દાન જોને...૩
સૂરજ સર્વને પ્રકાશ આપે; દમડી ન પડે દેવી જોને;
વગર બદામે વાય વાયરો; તે કેશવ કરુણા કેવી જોને...૪
સુરપંખીને સો મણ ટંકે; ખાવા જોઈએ ખીર જોને;
દૂધડલાના દરિયાકાંઠે, સરજ્યાં તેનાં શરીર જોને...૫
જન્મ્યું તેને જિવાડવાને, માવતરને મમતા જોને;
સૌના પિતા વિશ્વંભર છે, શાથી ન ભરો સમતા જોને...૬
અજબ દયાળું છે અલબેલો, હૈયું રાખો હાથ જોને;
દેવાનંદ કહે પ્રતીત રાખો, બેલી બદ્રિનાથ જોને...૭

**પદ-૪**

શું કરવા તું સુખને માટે, દે છે દોટા દોટ જોને;
તારા સુખ તો તુજને શોધે, સુઈ રે' તાણી સોડ જોને...૧
માગ્યા વિના મળે મેહુલા, માગ્યા મળે તો માગ જોને;
મોત સરીખું યે માગ્યું ન મળે, જીવલડાં તું જાગ જોને...૨
અવસર વિના ફળ ન આવે, સો મણ પાણી સીંચી જોને;
પુત્ર વિના પારણિયું ખાલી, સો મણ સાકર વહેંચી જોને...૩

ભાગ્ય વિનાનું સુખ ન મળે, સંકટ આવે શાથી જોને;
પારણિયામાં સર્વે ઝુલાવત, હેમ ભરેલા હાથી જોને...૪
જગમાં સર્વે હેમ ઝુલાવત, વાંઝણી ન રહેત વનિતા જોને;
લાલચ રાખે લાભ મળે તો, કોઈ ન દાખત દીનતા જોને...૫
ભાગ્ય વિના ભોગવવાનું સુખ, શીદને થાયે અળગું જોને;
કોટિ ઉપાયે કેડ ન મેલે, વજ્ર થઈને વળગ્યું જોને...૬
હિંમત રાખીને હરિને ભજીલ્યો, બીજી આશા ખાલી જોને;
દેવાનંદ કહે સુખ દુઃખ રચના; ભાવે કરીને ભાળી જોને...૭

**પદ-૧**

શ્રી ઘનશ્યામજી રે ઘનશ્યામજી રે, મારે તમથી લાગી પ્રીત,
તમથી લાગી પ્રીત મારું ચોરીને લીધું ચિત્ત, શ્રી... ટેક૦
લેરખડા તારી લગની લાગી, ઝેર થયો સંસાર,
મોહન તારી મૂર્તિ દેખું વાલ્યમ વારમવાર.... શ્રી૦ ૧
અંતરમાં અલબેલડા મારે, ખેલ કર્યાની ખાંત્ય,
કુંજવિહારી છબી તમારી, નિરખતાં નિરાંત્ય.... શ્રી૦ ૨
ભાલની રેખા ભાળવા સારું, મન મારું અકાળાય,
રંગના રેલા રાખશું ભેળા માયલા મંદિરમાંય.... શ્રી૦ ૩
ગૌર કપોલે કામણગારું, તીલનું ત્રાજું સાર,
દેવાનંદ કે દેખતા ભૂલી ઘાયલ થઈ ઘરબાર.... શ્રી૦ ૪

**રાગ : ખંભાત પદ-૧**

સજની સુખના સાગર સહજાનંદજી શ્રીહરિ રે... સ...
સોળે ચિહ્ન ચરન મેં શોભે, દેખત મુનિનાં મન તહાં લોભે,
ઉર્ધ્વરેખા અણીયાળી રાજે રંગે ભરી રે... સ૦ ૧
કમલ કરતજન મન કોમલતા, કુલીશ કઠોર કામના હરતા.
અંકુશ રાખે મન મંગલનો વશ કરી રે.... સ૦ ૨
અષ્ટકોન કેતુ જવ કાવે, જાંબુ રથ બરન્યો નહીં જાવે,

સાથીયો શોભાવે સુરત શામરી રે. ... સ૦ ૩
નવ લછન પદ રાજે, દેવાનંદ કહે દીન નિવાજે,
ભવ દુઃખ ભાજે દરસન ને દાન કરી રે.... સ૦ ૪

**પદ-૨**

સજની વામ ચરન ઘનશામ ઠણું સંભારી રે...સ...
ધેનુ પદ અંતરમે ધારી, દીજે જનમ મરન દુઃખ ટારી,
ધનુષ સંભારી મોહન માન મદ મારી રે.... સ૦ ૧
મછ મનોહર મંગલકારી, જાતા લીજે જનમ સુધારી,
ભારી ભવના તાપ ત્રિકોણે ટારીયે રે.... સ૦ ૨
કંચન કલશ પ્રેમ ભરી પીજે, અમૃતપાન અહોનિશ કીજે,
લીજે વ્યોમ વિચ્ચારી, અંહમદ ગારી રે.... સ૦ ૩
અરધો ચંદ અલૌકિક કાવે, દેવાનંદ તન તાપ બૂઝાવે,
શોક સમાવે યહ છબી અંતર ધારીયે રે.... સ૦ ૪

**પદ-૩**

હરિનાં પદ પંકજની પ્રેમી જન પૂજા કરે રે... હ....
પાની ઘૂંટી પોચો કાવે, કોમલતા જોઈ કુસમ લજાવે,
મુનિ મન ભાવે એ મૂર્તિ ઉરમાં રે ધરે રે.... હ૦ ૧
આંગલીયું પરવાલાં જેવી, નખમણી લાલ મનોહર તેવી,
એકાંતિક જન એવી જોઈ અંતર ઠરે રે..... હ૦ ૨
જાનું જંધા ઉદર કહાવે, ઊંડી નાભિ ત્રિવલી સોહાવે,
મન લલચાવે એક ઘડીનાં વિસરે રે..... હ૦ ૩
ભૃગુલંછન ઉપર ભ્રાજે, કાલા ઘોલા કેશ વિરાજે,
દેવાનંદ કહે આજે દ્રગ આગે ફરે રે..... હ૦ ૪

**પદ-૪**

હેતે હાર ગુલાબી પ્રેમ કરી પેરાવીયો રે.... હે....
કરગજ સુંઠ સરીખા શોભે, પોંચી બાજુ જોઈ મન લોભે,

દિલ ત્યાગ થોભે દિનબંધુ ઉપર ભાળીયા રે.... હે૦ ૧
કંબુ કંઠ કપોત લજાવે, તીલ ત્રાજુ જનમન લલચાવે,
રાતા અધર રહાવે બિંબ કહાવીયા રે..... હે૦ ૨
બોલત જાની અમૃતબાની, લાવનમેં લલચાવે પ્રાની,
દંત પંક્તિ દરસાની તાપ બુઝાવીયા રે..... હે૦ ૩
ભાલ વિશાલ ભ્રકૃટી બીચ રેખા, તે તરછાં નયન ભરી દેખાં,
દેવાનંદ કહે આજ લેખા મેં આવીયા રે..... હે૦ ૪

**રાગ : વિભાસ પદ-૧**

સહજાનંદ સુજાન ભેટી ભ્રમના ભાંગી રે...સ...
છબી અલૌકિક છેલની જોઈ જગથી ન્યારી રે,
વશ થઈ ગઈ વાતમાં, ચડી પ્રેમ ખુમારી રે. સગ૦ ૧
આંખડલી અલબેલાની, બીના કાજલ કાળી રે,
ચોટ લગાડી ચિત્તમાં, મુજ સામું ભાળી રે. સગ૦ ૨
મંગલકારી મુખડું હેત હાસ ભરેલું રે,
કોટી શશી કરું વારણે, ઉરમાં ઘરેલું રે. સગ૦ ૩
અધરબિંબ પ્રવાલાની, ઉપમા લજાવે રે,
દેવાનંદના નાથની, મૂર્તિ મનમાં ભાવે રે. સગ૦ ૪

**પદ-૨**

સુખકારી ઘનશામ દેખી દિલ લોભાણું રે.... સુ....
રૂપ અતિ રળિયામણું, ચંચલતા ભારી રે,
જમવા ટાણે જોઈને, છબી ઉરમાં ધારી રે. સગ૦ ૧
હાસ કરી કરી હેતમાં, મુજને બોલાવી રે,
અંતરમાં અલબેલની, વસી મૂર્તિ આવી રે. સગ૦ ૨
લીલા અલૌકિક લાલની, નૌતમ નિહાલી રે,
પીરસે લાડુ પંગત્યમાં, ભાવેથી ભાળી રે. સગ૦ ૩
વારે વારે વ્રજરાજનો જોવાનો જાયે રે,
દેવાનંદનાનાથનો સેવી સુખીયા રે રે. સગ૦ ૪

### પદ-૩

આજ સખી ઘનશામ, જોયા જમુના તીરે રે.... આ...

સંત સખાની મંડલી, કરે જલમા ક્રિડા રે,
જોતા ટાલે જવની, પરલોકની પીડા રે. આ૦ ૧

કાંઠડે ઊભી કામની, ભૂલી ભરવું પામી રે,
રૂપ જોઈ રંગ છેલનું, કે ટગ લખાણી રે. આ૦ ૨

સખી એ સુખની વારતા, જન જોઈ તે જાણે રે,
વણ દીઠે વ્રજરાજને, ક્યાંથી ધ્યાનમાં આણે રે. આ૦ ૩

મલ્યા પ્રગટ માવજી, રસ પૂરણ પીધો રે,
દેવાનંદ કે દેખતાં જનમ સુફલ કીધો રે. આ૦ ૪

### પદ-૪

શોભાનિધિ ઘનશામ, રાખું આંખડી આગે રે... શો...

સંત સભામાં શામલો, બેઠા છે આવી રે,
તારા પૂન્યમ ચંદની ઉપમા લજાવી રે. શો૦ ૧

સાવ સોનેરી મોળીયું, તેમાં ફૂલના તોરા રે,
પેચ ઝૂકેલા પાંપણ્યે, હસે થોરા થોરા રે. શો૦ ૨

શામ કપોલે શોભતું, એક તીલનું ત્રાજું રે,
હૈયે હાર ગુલાબના, બાંધ્યા ફુલના બાજુ રે. શો૦ ૩

પીળું પીતાંબર પેરીયું, રેંટે કમર કસી રે,
દેવાનંદ દિલમાં છબી છેલની વસી રે. શો૦ ૪

### પદ-૧

વ્હાલો સૃષ્ટીનો સરજન હાર એને તમે ઓળખી લ્યો
વ્હાલો ભક્તો તણો રખવાળ એને તમે ઓળખી લ્યો.

જુઓ જન્મ પહેલાં સાવધાન કોણે કર્યા, હાડરૂધીર વચ્ચે દુધ કોણે પૂર્યા
(રે) માના ઉદરમાં બેસી, ઘડનાર એને તમે ઓળખી લ્યો.

જુઓ આકાશે વાદળ કેવા ચઢ્યા, એમાં અમૃત સમા નીર કોણે ભર્યા

એતો વર્ષાનો વરસાવનાર એને તમે ઓળખી લ્યો.
જુઓ નાળીયેરના ઝાડ ઘણા ઉંચા દેખાય એના ફળોમાં ત્રણ ત્રણ પડદા જણાય
એમાં પાણીનો પુરનાર એને તમે ઓળખી લ્યો.
જુઓ મોરના પીંછામાં રંગ કોણે પૂર્યા, એવા કીડીના આંતરડા કોણે ઘડ્યા.
એવી ઝીણી કળાનો જાણનાર એને તમે ઓળખી લ્યો.
એની રૂડી કળાનું તમે વર્ણન કરો, રૂડું વર્ણન કરીને એના દરશન કરો
હરિના દર્શનથી ભવ દુઃખ જાય એને તમે ઓળખી લ્યો.

### રાગ : ગરબી — પદ-૧

આવો આવોને અલબેલડાજી રે, મોહન કરોને મહેર રે...આવો૦ ટેક.
મેલી ગયા મહાવનમાંજી રે, પ્રેમદાની શી પેર રે...આવો૦ ૧
અમૃત પાઈને ઉછેરીયાંજી રે, જીવન પાઓ માં ઝેર રે...આવો૦ ૨
સુખ અમને શીદ આપ્યુંજી રે, વ્હાલા કરવું વેર રે...આવો૦ ૩
ભૂમાનંદ કહે કૃપા કરોજી રે, થાય લીલા લહેર રે...આવો૦ ૪

### પદ-૨

નાથ નમેરા કેમ થયાજી રે, ગુણસાગર ઘનશ્યામ રે...નાથ૦ ટેક.
અમને મેલી ગયા વનમાંજી રે, દોરો કાઢીને જેમ દામ રે...નાથ૦ ૧
તમ વિના અમે તો રહ્યાજી રે, જીવ વિના જેમ હાડ ચામ રે...નાથ૦ ૨
સુના અમે શોભીએજી રે, ધન વિનાનું જેમ ધામ રે...નાથ૦ ૩
અબળા અમે કયાં આવીએજી રે, ભૂમાનંદના શ્યામ રે...નાથ૦ ૪

### પદ-૩

લાધો હરિવર હીરલોજી રે, વીંટી વળી વ્રજનાર રે...લાધો૦ ટેક.
મૂર્તિ મનોહર જોઈનેજી રે, પામ્યા સુખ અપાર રે...લાધો૦ ૧
મોર મુગટ માથે ધર્યોજી રે, ગળે ગુલાબના હાર રે...લાધો૦ ૨
કાંતિમાં ઝાંખા કર્યાજી રે, કાનવર કોટિક માર રે...લાધો૦ ૩
ભૂમાનંદના નાથ છો જી રે, નેણાતણા શણગાર રે...લાધો૦ ૪

### પદ-૪

નાથ ન મેલું વેગળાજી રે, હરિવર આવ્યા છો હાથ રે...નાથ૦ ટેક.
કલ્પીનું ધન કરી રાખશુંજી રે, સાચી માનો એ ગાથ રે...નાથ૦ ૧
ઈચ્છો તમો ત્યાં આવીએજી રે, શ્યામસુંદર તમ સાથ રે...નાથ૦ ૨
તાપ ટાળો અંતરનાજી રે, ભેટો મને ભરી બાથ રે...નાથ૦ ૩
વહાલા ભૂમાનંદનાજી રે, રાખો અમને સંઘાથ રે...નાથ૦ ૪

### રાગ : ધોળ – પદ-૧

સર્વેસખી જીવન જોવાને ચાલો રે, શેરડીયુંમાં આવે લટકતો લાલો રે...૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે, જેને નીગમ નેતિ નેતિ કરી ગાય રે...૨
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે, છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે...૩
મળ્યા આવે મહામુનિનાં વૃન્દ રે, તેમાં શોભે તારે વીંટયો જેમ ચંદ્ર...૪
શુક સનકાદિક ઉત્તમ યશ ગાવે રે, નૃત્ય કરે નારદ વિણા વજાવે રે...૫
નીજ સખા ચમર કરે લઈ હાથ રે, આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે...૬

### પદ-૨

જુઓ છબી શ્યામસુંદરવર કેરી રે, હીરની નાડી સુંથલણી સોનેરી રે...૧
જરકશી જામો બુટાદાર રે, કસીઓ કમર સોનેરી કટાર રે...૨
શિર પર પાઘ પેચાળી નવરંગી રે, કાને ગુચ્છ ગુલાબી માથે કલંગી રે...૩
ગજરાતોરા ગળે ગુલાબના હાર રે, આવી ઉપર ભ્રમર કરે ગુંજાર રે...૪
પોંચી કડાં બાંયે બાજુબંધ રે, નંગ જડ્યાં કુંડળ મોતીનાં વૃન્દ રે...૫
વેગે જુવો વરણાગીયો વનમાળી રે, શીતળ થાયે ભૂમાનંદ કહે ભાળી રે...૬

### પદ-૩

મૂર્તિ ચંચળ જુવો ચટકતી ચાલ રે, નેતર છડી કરમાં ફુમકિયાળી લાલ રે...૧
મંદહાસ ચપળ નેણે ચિત્ત ચોરે રે, કરનાં લટકાં કરી કાળજડાંને કોરે રે...૨
મીઠા બોલો ઘેરે રાગે ગાય રે, અધર ધરી મોરલી મનોહર વાય રે...૩
ઝળકે ભાલ વિશાળ શોભાનું ધામ રે, નાસાઅણિયાળી ભમર્યું અતિશયામ રે...૪
અધર લાલમાંહી મધુરી હાસ રે, દંતપંક્તિ કરે અતિ પ્રકાશ રે...૫
જમણે ગાલે ટીબકડી રૂપાળી રે, તાપ ટળ્યા ભૂમાનંદ કહે ભાળી રે...૬

### પદ-૪

ઘેરે ચાલી આવ્યા ગૌલોકવાસી રે, જેને કહે છે અક્ષરાતીત અવિનાશી...૧
જુઓ જીવન મોહનિદ્રામાંથી જાગી રે, વરી એને થાઓ અખંડ સોહાગી...૨
જોતાં વાટ આવી મારે જાન રે, પોતે વર પુરુષોત્તમ ભગવાન રે...૩
શુકસનકાદિક ધરે જેનું ધ્યાન રે, મારા લોચન કરે તે મુખનું પાન રે...૪
એની સર્વે દેખી અલૌકિક રીત રે, ચોંટયું મારું સુંદરવરમાં ચિત્ત રે...૫
હથેવાળો હરિ સંઘાથે કીધો રે, ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે...૬

### રાગ : કાફી – પદ-૧

અમરના સરદાર, હરિ મારા નેણતણા શણગાર;
નેણતણા શણગાર, ગુણવંત માણકીના અસવાર...અમર૦ ટેક.
માથે ધોળી પાઘ મનોહર, છોગું મુગટ અનુસાર;
ધોળાં અંબર તન પર શોભે, રૂમાલ ધોળો સાર...અમર૦ ૧
ભાલ વિશાળ તિલક કેસરનું, કુમકુમ ચંદ્ર ઉદાર;
કામતણા મદને હરનારી, ભ્રકુટી ધનુષ્ય આકાર...અમર૦ ૨
દીપ શિખા શુક ચંચુલ ભારી, નાસા નમણી સાર;
દંત છબી જોઈ લાજે છે, અધોમુખ ઝુરે અનાર...અમર૦ ૩
બિંબ નવાંકુર પરવાળાથી, સારા અધર અપાર;
કૃષ્ણાનંદ કહે મુખ પર વારું, ચંદ સરોજ હજાર...અમર૦ ૪

### રાગ : ગરબી પદ-૧

આવો મારે મંદિર સહજાનંદ, મનોહર શ્રીહરિ રે લોલ,
વ્હાલા તારી મૂર્તિ પરમ અનુપ, જોઉં નેણાં ભરી રે લોલ. ૧
વ્હાલા તારા અરૂણ ચરણ દુઃખ હરણ, ચિહ્ન શોભા ઘણી રે લોલ,
કોમળ અંગુલી લલીત રસાળ, હાર્ય નખમણી તણી રે લોલ. ૨
પાવન પાની ઘુંટી ગોળ, કર બહુ શોભતા રે લોલ,
જંઘા જાનું સાથળ સાર,જન મન લોભતા રે લોલ. ૩
મૃગપતિ માનહરણ કટીલંક, નીરખવા લાગ્ય છે રે લોલ,
કૃષ્ણાનંદ જે ચિંતવે એહ, તેનાં બહુ ભાગ્ય છે રે લોલ. ૪

### રાગ : જંગલો ઠુંમરી પદ-૧

શોભે શોભે રસિકવર છેલ રે, હરિ ધર્મકુંવર સુખકારી -શોભે૦
રાજત શિરપર જરકશી પગિયાં, બંકી કલંગી લટકેલ રે -હરિ૦ ૧
ગજરા શેખર હાર બાજુબંધ, ગુચ્છ ગુલાબી ધરેલ રે -હરિ૦ ૨
કેસર તિલક મનોહર કીનો, કુંડળ નંગ જડેલ રે -હરિ૦ ૩
કૃષ્ણાનંદ કહે નાથ નિરંતર, ઉરમાં વસો અલબેલ રે -હરિ૦ ૪

### રાગ : ખમાચ - ઠુમરી પદ-૧

હરિ બાનક બસ ગઈ અંતરમેં, રતિવર ગરવ હરે રે,
ઐસી છબી કોઈ આ દુનિયામેં, ઓર નજર નહિ આવે રે,
અંગો અંગ સુંદર છબી છાઈ, હેરત નજર ઠરે રે -હરિ૦
જાકી ઉપમા કવિ નહિ પાવે, કહત શેષ સકુચાવે રે,
જેહી દેખી નહિ ઓર સોહાવે, દેખત પાપ જરે રે -હરિ૦
લાવણ્યસાર દયા દિલ જાને, દેખી વદન વિધુ લાજે રે,
કૃષ્ણાનંદ હરિ સુરત હેરી, ભુવન ભોગ વીસરે રે -હરિ૦

### રાગ : લાવણી

મારે મંદિર પધાર્યા શ્યામ થઈ બડભાગી,
મારે હરિવર સાથે હેતશું લગની લાગી...મારે૦ ૧
મારા મનની પૂરી હામ કૃતાર્થ કીધી,
ભવ બુડતાં મારી બાંહ્ય ગ્રહીને લીધી...મારે૦ ૨
મારા મનમાં વસીયા માવ તાપ સર્વે ટાળ્યા,
મુને મગન કરી મહારાજ દુર્ગપુર ચાલ્યા...મારે૦ ૩
મુને કરવું ન સુઝે કામ કહો કેમ કરીયે,
જબ મીલે ન સહજાનંદ ઠામ ક્યાં ઠરીયે...મારે૦ ૪
એ સુખની શી કહું વાત કહી નથી જાતી,
એ સુખ સંભારતાં આજ ફાટે મારી છાતી...મારે૦ ૫
કહે યોગાનંદ મુનિરાય ભજી લ્યો પ્રીતે,
નહિ આવે જમના દૂત શાસ્ત્રની રીતે...મારે૦ ૬

## રાગ : ગરબી – પદ-૧

પ્રભુ તમ વિના મારું કોણ છે, તમે જાણો છો હરિ હરિ...ટેક૦
પરિવારમાં તમે સાર છો, સંસારના આધાર છો;
મારા પ્રાણતણા તમે પ્રાણ છો... તમે૦ ૧
આ લોકમાં તમે આપ છો, પરલોકમાં માબાપ છો;
સર્વે જગતના પ્રતિપાળ છો... તમે૦ ૨
મારી આશતણા તમે સૂર છો, અતિ કૂડથી તમો દૂર છો;
મંજુકેશાનંદના નાથ છો... તમે૦ ૩

## રાગ : ગરબી – પદ-૧

તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે...શ્રી ઘનશ્યામ૦
રૂડી ચાલ જગતથી ન્યારી રે...શ્રી૦ ૧
ઊંડી નાભિ છે ગોળ ગંભીર રે...શ્રી૦
રૂડા લાગો છો શ્યામશરીર રે...શ્રી૦ ૨
તારી છાતી ઊપડતી શ્યામ રે...શ્રી૦
છે જો લક્ષ્મી કેરું ધામ રે...શ્રી૦ ૩
તારા મુખની શોભા જોઈ રે...શ્રી૦
રાખું અંતરમાં પ્રોઈ રે...શ્રી૦ ૪
તારાં નેણાં કમળપર વારી રે...શ્રી૦
મંજુકેશાનંદ બલિહારી રે...શ્રી૦ ૫

## પદ-૨

કિનખાબની ડગરી પે'રી રે સહજાનંદ સ્વામી,
સુરવાળમાં નાડી હીર કેરી રે...સહ૦ ૧
માથે મોળિડું નૌતમ ભાળી રે...સહ૦
મોટી ભવની વેદના ટાળી રે...સહ૦ ૨
કેડે રેટો કસુંબી શોભે રે...સહ૦
જોઈ મનડું મારું લોભે રે...સહ૦ ૩

ખભે ધોતી અતિ રૂપાળી રે...સહ૦

હાથે સોટી છે ફુમકાવાળી રે...સહ૦ ૪

ભવ બુડતાં ઝાલ્યો મારો હાથ રે...સહ૦

મંજીુકેશાનંદના નાથ રે...સહ૦ ૫

**પદ-૩**

પે'રી નેપૂર ચાલતાં ઠમકે રે શોભે શામળિયો

કેડે કંદોરો ઘૂઘરી ઘમકે રે...શોભે૦ ૧

વેઢ વીંટી છે નંગ જડાવ રે...શોભે૦

હેમ બાજુ છે ખૂબ બનાવ રે...શોભે૦ ૨

પહેર્યા કનક-કડાં બેઉ હાથે રે...શોભે૦

સોના સાંકળાં પેર્યા છે મારે નાથ રે...શોભે૦ ૩

બેઉ કાનમાં કુંડળ લળકે રે...શોભે૦

ઉર મોતીડાની માળા ઝળકે રે...શોભે૦ ૪

પહેરી સાંકળી ને સોનાદામ રે...શોભે૦

મંજીુકેશાનંદના શ્યામ રે...શોભે૦ ૫

**પદ-૪**

ખોસ્યા ગુચ્છ ગુલાબી કાન રે, મોહન મનગમતા

રૂડા લાગો છો ગુણનિધાન રે...મોહન૦ ૧

માથે ફૂલડાંના તોરા લટકે રે...મોહન૦

ઈ ભાલ તિલક મન અટકે રે...મોહન૦ ૨

ઓઢી ફૂલની પછેડી અંગ રે...મોહન૦

નીરખી લાજે છે કોટિ અનંગ રે...મોહન૦ ૩

ફૂલ બાજુ ને ગજરા પે'રી રે...મોહન૦

શોભે પંક્તિ તે ફુલહાર કેરી રે...મોહન૦ ૪

વા'લો ફૂલડે થયા ગરકાવ રે...મોહન૦

મંજીુકેશાનંદના નાથ રે...મોહન૦ ૫

## રાગ : ગરબી - પદ-૧

સખી એક સમે અમદાવાદમાં રે
રાજે સહજાનંદ સુખકંદ, ચંદ જોઈ પૂનમનો નિર્મળો રે.
ચઉ કોરે સભા જોઈ શોભતી રે, જોયા મહામુનિનાં વૃંદ...ચંદ૦ ૧
હરિ હેતે કરી ફરી હેરીયું રે, જોયા નરનારાયણ દેવ...ચંદ૦
દર્શન કારણ દેવતા આવ્યા રે, તજી પોતાનો અહંભાવ...ચંદ૦ ૨
શુક નારદ સનકાદિક સૌ મળી રે, આવ્યા દર્શન કરવા કાજ...ચંદ૦
મોટામોટા મહિમાને ગાવતા રે, આવ્યા ભવબ્રહ્મ સુર રાજ...ચંદ૦ ૩
બહુ તીરથ મૂરતિમાન ત્યાં રે, ઊભા વંદે જોડીને હાથ...ચંદ૦
એવું જોઈને શ્રી ઘનશ્યામજી રે, બોલ્યા પૂર્ણાનંદનો નાથ...ચંદ૦ ૪

## પદ-૨

પોતે નરનારાયણ બોલિયા રે, મને વાલા પુનમિયા દાસ,
એમ જાણીને પુનમે આવજો રે,
મારે એથી અધિક તે કોય નહિ રે,
એ તો રે'શે સદા મારી પાસ... એમ ૧
પ્રીતે પૂનમને દિવસે આવીને રે,
મારુ દરશન કરી ગંગા નાય... એમ૦
આજ તીરથ બીજુ પૃથ્વી વિષે રે,
એથી અધિક તે કોઈ ન કેવાય... એમ૦ ૨
દેવ મુનિ જોગી સતી સીધા ત્યાં રે,
નાવા આવે નારાયણ ઘાટ... એમ૦
નાવા સંત અનંત આવે ત્યાં કને રે,
બ્રહ્મચારી બ્રાહ્મણ પરિવાર... એમ૦ ૩
સર્વ તીરથ આવી ત્યાં રહ્યા રે,
એનો મહિમા કહ્યો નવ જાય... એમ૦
એવી રીત અલૌકિક જોઈને રે,
પૂર્ણાનંદ મગન ગુણ ગાય... એમ૦ ૪

## પદ-૩

રૂડી પૂનમ પવિત્ર રળિયામણી રે, આજ રાખો દરશનનાં નેમ,
એમ નરનારાયણ બોલિયા રે
સુખ સંપત્તિ ઘણી તેણે પામશે રે,
ઘણું રે'શે કુશળને ક્ષેમ... એમ૦ ૧
ખાન પાન ધન-ધામ ઘણું પામશે રે,
થાશે રિદ્ધિ સિદ્ધિનો જોગ... એમ૦
વળી પ્રીત થાશે પરિબ્રહ્મમાં રે,
જાશે જન્મ મરણ મહા રોગ... એમ૦ ૨
વળી મારા પુનમિયા પામશે રે,
રૂડા જ્ઞાન ભક્તિ ને વૈરાગ્ય... એમ૦
વળી સેવીને સાચા સંતને ,
થાશે ભક્ત મોટા બડભાગ... એમ૦ ૩
ધામ અક્ષર તુલ્ય અમદાવાદ છે રે
આજ આથી અધિક નહિ ધામ. એમ
પોતે પૂર્ણાનંદનો નાથજી રે,
સ્વામી સહજાનંદ જેનું નામ... એમ૦ ૪

## પદ-૪

તિથિ પુનમ તે પુન્ય રૂપ છે રે, જેમાં રાસ રમ્યા વ્રજરાજ.
આજ દરશનનું ફળ બહુ ઘણું રે,
જેમાં દેવ આવે બહુ દરશને રે,
સંગે લૈને પોતાનો સમાજ. આજ... ૧
તેમાં નીમ સહિત દર્શન કરે રે,
હૈયે લાવી અધિક હુલ્લાસ. આજ...
તે તો વાંછિત ફળને પામશે રે,
સર્વે પૂરી થાશે મન આશ. આજ... ૨

તે તો નાગો ભૂખ્યો કેદિ નવ રહે રે,
　　સુખી રેશે સદા બારે માસ. આજ...
વળી સંકટ સર્વે ટળી જશે રે,
　　મટી જાશે ભારી ભવ પાસ. આજ... ૩
અતિ ભક્તિ સહિત પૂનમ જે કરે રે,
　　એ તો ઉત્તમ હરિના દાસ. આજ...
પૂર્ણાનંદ પુનમિયા પામશે રે,
　　વળી અક્ષરમાંય નિવાસ. આજ... ૪

### રાગ ખમાચ : પદ-૧

સહજાનંદ હરિ રે ભજ મન, સહજાનંદ હરિ રે. ભજ૦
શુક નારદ સનકાદિક શંભુ, સેવત ધ્યાન ધરી રે. ભજ૦ ૧
પુરુષોત્તમ પરિબ્રહ્મ પુરાતન, તેહી સંગ પ્રીત કરી રે. ભજ૦ ૨
પૂરવદેશ અવધપુર પાસે, છપૈયામેં દેહ ધરી રે. ભજ૦ ૩
અવધપ્રસાદ એહી હરિ સંગે, જાય સબ પાપ જરી રે. ભજ૦ ૪

### પદ-૨

ભજ મન સહજાનંદ ઉર ધારી, ભજ મન સહજાનંદ. ભજ૦
સહજાનંદ પરમ સુખ મૂર્તિ, નેનનસેં જ્યું નિહાળી. ભજ૦ ૧
શ્વેત બસન ધારે તન સુંદર, જનમ લેત મોરારિ. ભજ૦ ૨
શ્વેત પાઘ શિર શ્યામ વિરાજત, કેસર તિલક હે ભારી. ભજ૦ ૩
અવધપ્રસાદ સહજાનંદ શરણે, લાગી લગન એક તારી. ભજ૦ ૪

### પદ-૩

ભજ મન સહજાનંદ સુખકારી, ભજ મન સહજાનંદ. ભજ૦
વામ શ્રવન બિચ શ્યામ બિંદુ તિલ, ધ્યાન ધરત નરનારી. ભજ૦ ૧
કાનુંમેં કુંડળ મકાકૃત ધરી, ઉર પર હાર હજારી. ભજ૦ ૨
નાસિકા નિકટ તિલ એક સુંદર, ચંચલ ચિત્તાવની સારી. ભજ૦ ૩
અવધપ્રસાદ નિરંતર અંતર, ઊર્ધ્વ રેખ ચિત્ત ધારી. ભજ૦ ૩

### પદ-૪

સહજાનંદ સુખદાઈ, ભજન મન સહજાનંદ. ભજ૦
શ્રી ઘનશ્યામ મનોહર મૂર્તિ, ધ્યાન ધરો ઉર લાઈ. ભજ૦ ૧
સુંદર બોલની સુંદર હસની, મુસકની બરની ન જાઈ. ભજ૦ ૨
શોભા ધામ શ્યામ સુખ સૂરત, સંત મુક્ત સંગ આઈ. ભજ૦ ૩
અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ. ભજ૦ ૪

### રાગ - ઠુમરી : પદ-૧

હરિ મિલે બોરસડી કી છૈયાં. હરિ૦
મેં જયું ગઈતી જલ ભરનેકું, હસી બોલાઈ મોરે સૈયાં. હ૦ ૧
શ્વતે પાઘ શિર સોહત સુંદર, ફૂલતોરા લટકૈયા. હ૦ ૨
કેસર તિલક ભાલ બિચ નીરખી, લપકી લપકી પરી પૈયાં. હ૦ ૩
અવધપ્રસાદ કે' મન હર લીનો, સહજાનંદ સુખદૈયાં. હ૦ ૪

### રાગ : ધનાશ્રી

જોયા શ્રી ધર્મકુમાર ચતુરવર, જોયા શ્રી ધર્મકુમાર,
પ્રીતમ પ્રાણ આધાર ચતુરવર, જોયા શ્રી ધર્મકુમાર -ટેક૦
લક્ષ્મીબાગમાં વ્હાલો બિરાજે, સાથે મુક્ત અપાર -ચતુર૦ ૧
પાઘ ઝૂકી વામ ભાગ પેચાળી, છોગું મુગટ અનુસાર -ચતુર૦ ૨
આંબાના વૃક્ષ નીચે શ્રીહરિ બેઠા, મુક્તસભા મોજાર -ચતુર૦ ૩
જરકસી જામો સુંદર શોભે, શેલામાં સોનેરી તાર -ચતુર૦ ૪
પહેર્યો સુંદર સુરવાળ સોનેરી, રૂપેરી બુટ્ટાદાર -ચતુર૦ ૫
રેશમી કરમાં રૂમાલ બિરાજે, કંઠે હજારી હાર -ચતુર૦ ૬
અંગોઅંગ આભૂષણ ઓપે, ભારે ભભકાદાર -ચતુર૦ ૭
વિશ્વવિહારીની છબી નીરખી, પૂરણ ઉપજે પ્યાર -ચતુર૦ ૮

### રાગ : ગરબી

મેં નિરખ્યા શ્રી ગઢપુરમાં સુખકારી રે,
મહા ગુણિયલ ગોપીનાથ ભવભયહારી રે,
છે શ્યામ શરીરે શોભતા સુખકારી રે,

રાસેશ્વરી રાધા સાથ ભવભયહારી રે - મૈં નિરખ્યા૦ ટેક૦
શીશ મુગટ મણિએ જડ્યો, કુંડળ મકરાકાર,
નંગ જડિત ઝકળકી રહ્યાં, હૈડા ઉપર હાર.
હૈડા ઉપર હાર હરિવર હસિયા રે,
મુજ હૃદયકમળની માંહ્ય મોહન વસિયા રે - મૈં નિરખ્યા૦ ૧
જામો ઝરિયાની ધર્યો, સોનેરી સુરવાળ,
શેલું બુરાનપુરનું, શોભે ખંભે રસાળ.
શોભે ખંભે રસાલ પોંચી હાથે રે,
દશ આંગળીઓમાં વેઢ ધરિયા નાથે રે - મેં નિરખ્યા૦ ૨
ફૂલદડો ઉછાળતા, લટકાં કરીને લાલ,
ડાબા કરમાં રેશમી રાજે એક રૂમાલ.
રાજે એક રૂમાલ બંસી વગાડે રે,
પ્રેમી જનને આનંદ પૂર્ણ પમાડે રે - મેં નિરખ્યા૦ ૩
કેડે છે કટિમેળખા, રેશમ નાડી અનુપ,
ચારુ ઝાંઝર ચરણમાં, શોભી રહ્યાં રસરૂપ,
શોભી રહ્યાં રસરૂપ પગ આંગળિયું રે,
જાણે ચળકે છે નખ તેજ ચંદ્રમંડળિયું રે - મેં નિરખ્યા૦ ૪
મરમાળી છે મૂર્તિ, નટવર નંદકિશોર,
વિશ્વવિહારીલાલજી, કોટિક જન ચિત્તચોર,
કોટિક જન ચિત્તચોર મંગલકારી રે,
હરો આપત્તિ અલબેલ એહ અમારી રે - મેં નિરખ્યા૦ ૫

**રાગ : લાલ વહારે ચડો તો વેલા આવજો રે પદ - ૧**

આજ શ્રીજી મહારાજ ભલે આવિયા રે.
સાથે મુક્તોની મંડળી લાવિયા રે. આજ શ્રીજી મહારાજ.
ભલા ભક્તોના મનમાં ભાવીયા રે,
મેં તો મોંઘે મોંઘે મોતિડે વધાવિયા રે. આજ શ્રીજી૦ ૧
મેં તો રસ્તાને સ્વચ્છ કરાવિયા રે,

મેં તો ચોકમાં ચંપા રોપાવિયા રે. આજ૦
મેં તો ચંદનથી ઓરડા લીંપાવિયા રે,
તેને લીલા પીળા રંગથી રંગાવિયા રે. આજ૦ ૨
મેં તો ગાદીને તકીયા બિછાવિયા રે,
મારા પ્રભુજીને પ્રીતે પધરાવિયા રે. આજ૦
હીરા મોતીના હાર ગુંથાવિયા રે,
મારા વાલાજીને કંઠે પેરાવિયા રે. આજ૦ ૩
વાલે અમૃતના મેઘ વરસાવિયા રે,
પેલાં દૂરીજનને દીલમાં દઝાવિયા રે. આજ૦
હરિભક્ત નારણદાસ ગાય છે રે,
મારા વાલાજીને વારણે જાય છે રે. આજ૦ ૪

**રાગ : આજ મારે ઓરડે રે આવ્યા અવનાશી પદ - ૧**

સજની આ સમેરે આવ્યા અવતારી આધાર,
અવની ઉપરે રે ભક્તિ ધર્મ તણા કુમાર. ૧
અક્ષર ધામના રે મોટા મુગટમણિ મહારાજ,
તે હરિ આવીયા રે શુકજી સરખાના શિરતાજ. ૨
અગણિત જીવનું રે વાલો કરવાને કલ્યાણ,
દયાળુ દયા કરી રે જગમાં આવ્યા જીવન પ્રાણ. ૩
ધર્મ સ્થાપવારે ધાર્યો ધરણી પર અવતાર,
કળીમળ કાપવા રે આવ્યા અક્ષરના આધાર. ૪
લક્ષ્મી બાગમાં રે વાલો રંગ રમ્યા બહુ વાર,
નારણદાસનો રે સ્વામી શોભાના શણગાર. ૫

**પદ - ૨**

કાઠીયાવાડમાં રે કીધો શામળિયે સત્સંગ,
કાઠી કઠણ ઘણા રે તેને અંગે ચઢીયો રંગ. ૧
એ પણ જાણવો રે મોટો પ્રગટનો પ્રતાપ,
સહજાનંદજી રે અક્ષરવાસી આપો આપ. ૨

ગઢપુર શહેરમાં રે દાદા ખાચરને દરબાર,
રસિયો રમ્યા જમ્યા રે તેનો ગણતાં નાવે પાર. ૩
ધન્ય એ ધામને રે ધન્ય એ પુરવાસી નરનાર,
નિર્ખે ઘડી ઘડી રે અવિચળ અક્ષરના આધાર. ૪
લક્ષ્મીબાગમાં રે વાલો રંગ રમ્યા બહુવાર,
નારણદાસનો રે સ્વામી શોભાના શણગાર. ૫

પદ - ૩

અમદાવાદમાં રે વાલે આપ્યો છે આનંદ,
ઝાઝા જીવના રે કાપ્યા ભવસાગરનાં ફંદ. ૧
જયતલપુરમાં રે વાલે કીધો છે જગન,
બ્રહ્મ તલાવમાં રે નાહ્યા નટવર જગજીવન. ૨
દયાળુ દયા કરી રે ડંકો દીધો છે ડભાણ,
કોટિક જીવનાં રે કીધાં અલબેલે કલ્યાણ. ૩
ત્યાંથી વિચર્યા રે વાલો આવ્યા છે વડતાલ,
શ્રીજી સભા કરી રે બેઠા ગોમતિજીની પાળ. ૪
ધર્મ જ્ઞાનની રે વાલો કરતા રૂડી વાત,
નારણદાનો સ્વામી પુરૂષોત્તમ સાક્ષાત. ૫

પદ - ૪

ગીરધર આવજો રે ગઢપુરવાસી મારે ઘેર,
લેરી લાવજો રે મારી ઉપર મોટી મહેર. ૧
અંગો અંગમાં રે રૂડા પહેરીને શણગાર,
વેલા આવજો રે મારા હેડા કેરા હાર. ૨
ઢોલીયો ઢાળીયો રે મે તો ત્રીકમજી તમકાજ,
મોટા માનથી રે તમને બેસાડું મહારાજ. ૩
જમવા કારણે રે કીધાં ભોજનીયાં બહુ ભાત,
જીવન જમી કરી રે કરજો વાલમ રૂડી વાત. ૪

પ્રિતમ પુરજો રે મારા હૈડા કેરી હામ,
નારણદાસના રે સ્વામી છોગાવાળા શામ. ૫

**રાગ : રંગ ભમરા પેલો વધાવો મારે આવીઓ પદ - ૧**

સજની ટાણું આવ્યું રે ભવજળ તરવાનું,
મોંધો મનુષ્યનો વારો, ભવ સાગરનો આરો,
ડાહ્યા દીલમાં વિચારો. સત્સંગ કીજીએ. ૧
સજની આરે ચોઘડિયું અમૃત લાભનું,
ફરી નહિ આવે એવું, વિજના ઝબકારા જેવું,
મોતી પરોવીને લેવું. સત્સંગ કીજીએ. ૨
સજની દાન દયાની ઘડી છેલ્લી છે,
દાન સુપાત્રે કરવું, ધ્યાન પ્રભુનું ધરવું,
ભક્તિથી ભવતરવું. સત્સંગ કીજીએ. ૩
સજની સંત કહે તે સાચું માનીએ,
ગાંઠવાળી ના છૂટે નિયમ નિશ્ચેના તુટે,
સંસાર છોને રે કુટે. સત્સંગ કીજીએ. ૪
સજની ભક્તિ કરીએ રે સાચા ભાવથી,
પાછાં પગલાં ના ભરીયે, સંસાર પાર ઊતરીયે,
નારાયણદાસ કે ઠરીયે. સત્સંગ કીજીએ. ૫

**પદ-૧**

તું રંગાઈ જાને રંગમાં, સ્વામિનારાયણના સત્સંગમાં,
સ્વામિનારાયણના સતસંગમાં ..... તું રંગાઈ જાને.....
માંડ કરીને તને મળ્યો છે,
ભાઈ મોંધો મનુષ્ય અવતાર
જોત જોતામાં જાતો રહેશે, લાગસે નહી વાર,
ભાઈ લાગસે નહીં વાર.
હેતે હરિગુણ ગાઈલેને ભાઈ,

નાચી લેને તુ ઉમંગમાં .... તું રંગાઈ જાને.... ૧

આ દુનિયાને છોડીને ભાઈ, જાવું પડશે તારે,

ભાઈ જાવું પડશે તારે,

માલ ખજાના તારા પડ્યા રહેવાના, કાંઈ ન આવે હારે,

ભાઈ કાંઈ ન આવે હારે,

સગા વહાલાં તારા રોતાં રહેવાનાં, સગા વહાલાં તારા રોતાં રહેવાનાં

કોઈના ચાલે સંગમાં .... તું રંગાઈ જાને....૨

ભક્તિ છે ખેલ ખાંડાનો, શૂરવીર થઈને લજડે

ભાઈ શૂરવીર થઈને લડજે

કામ ક્રોધને મદ શત્રુથી પાછો તું ના પડજે

ભાઈ પાછો તું ના પડશે

હૈયે હિંમત રાખી જીવડા, હૈયે હિંમત રાખી જીવડા

ઝુકાવી દેને તું જંગમાં .... તું રંગાઈ જાને.... ૩

આળસ તજીને ઉધમ કરજે, શ્રીજીનું શરણું લેજે,

ભાઈ શ્રીજીનું શરણું લેજે

પરમારથના મારગે જીવડા, દેવાય તો કાંઈ દેજે

ભાઈ દેવાય તો કાંઈ દેજે

હરદમ હરિનું નામ જ લેતાં, હરદમ હરિનું નામ જ લેતા,

આવે ઉમંગ તારા અંગમાં .... તું રંગાઈ જાને.... ૪

સતસંગ રંગમાં જે રંગાશે તેને આનંદ થાશે,

ભાઈ તેને આનંદ થશે,

ગોવિંદ મેર કહે ગુરુકૃપાથી સુખના વાણા વાશે,

ભાઈ સુખના વાણા વાસે....૫

હજી સમય છે તુ સમજી જાને (૨) નાહીલે નિર્મળ ગંગામાં..... તુ

**રાગ : કોઈ વૃદ્ધો વધાવો પદ - ૧**

સોના અંબાડીએ હાથી શણગાર્યો, ગજે બેઠા ગીરધારી રે, કોઈ જોવાને આવો ટેક૦

હણહણતા ઘોડાને પાળા રૂપાળા, આગે ચલી અસવારી રે, કોઈ જોવાને આવો. ૧
જામો જરીનો ને પાઘ પેચાળી, છોગલીએ હદ વાળી રે, કોઈ જોવાને આવો૦
કાનોમાં કુંડળને મોતિડાંની માળા, હાર પેર્યો છે હજારી રે, કોઈ જોવાને આવો૦ ૨
વાજાં તે વાગે ને છાતર છાજે, ચમર કરે બ્રહ્મચારી રે, કોઈ જોવાને આવો૦
સંત ને હરિજન કિર્તન ગાવે, મૂર્તિ માવાની ઉર ધારી રે, કોઈ જોવાને આવો૦ ૩
નરનારી આવે ને મોતિડે વધાવે, શેરીમાં ભીડ થઈ ભારી રે, કોઈ જોવાને આવો૦
નારાયણદાસનો નાથ પધાર્યા, અવતારના અવતારી રે, કોઈ જોવાને આવો૦ ૪

### રાગ : ઘોળ

મને તમારો નેડો લાગ્યો, સ્વામી સહજાનંદ રે;
સ્વામિ સહજાનંદ રે, છોગાળા ઘનશ્યામ રે...મને.
અધમ ઉદ્ધારણ નામ તમારું, મહાત્મ્ય સૌથી મોટું રે;
હરતાં ફરતાં તમને સમરું, બીજું સર્વે ખોટું રે...મને.
કાશી જોયું, દ્વારિકા જોયું, જોયાં તીરથ ઝાઝાં રે;
એમ કરતાં સત્સંગમાં આવ્યો, મનડે મેલી માયા રે,...મને.
શરણાગતને શરણે લેજો, બિરૂદ તમારું પાળી રે;
વિપત વખતે વહેલા આવો, શ્રીજી લ્યો સાંભળી રે...મને.
ગઢપુર ગામની કુંજગલીમાં, નિતનિત દરશન આપે રે;
મોર મુગટને કાને કુંડળ, મોરલી લીધી હાથે રે...મને.
ભવસાગરમાં ભૂલો પડ્યો, ત્યારે સગાસંબંધી લૂંટે રે;
દાસ ગોપાળ કહે દયા કરો, તો ભવના બંધન છૂટે રે...મને.

### રાગ : ગરબી — પદ-૧

આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી...૧
મહારે મુનિના ધ્યાનમાં નાવે, તેરે શામળીયોજી મુજને બોલાવે...૨
જે સુખને બ્રહ્માભવ ઈચ્છે, તેરે શામળીયોજી મુજનેરે પ્રીછે...૩
ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘરે બેઠા મળ્યા અક્ષરવાસી...૪
તપરે તીર્થમાં હું કાંઈ નવ જાણું, સ્હેજે સ્હેજે હું તો સુખડારે માણું...૫
જેરામ કહે સ્વામિ સ્હેજે મળીયા, વાતની વાતોમાં વ્હાલો અઢળક ઢળીયા...૬

### પદ-૨

મહેર કરી મારે મંદિર આવ્યા, થાળ ભરી મેં મોતીડે વધાવ્યા...૧
આનંદ અંગ ન માય મારી બેની, હરિવર ભેટતાં લજ્જા રે શેની...૨
દુરીજન મન રે માને તેમ કહેજો, સ્વામીજી મારી હૃદિયામાં રહેજો...૩
જેરે જોઈએ તે માગજો માવા, ત્રિકમ તમને હું નહિ દઉં જાવા...૪
મુખથી તે ઝાઝું શું કહી દાખું, હરિવર મારા હૃદિયામાં રાખું...૫
કોણ રે પુણ્યે વિઠ્ઠલવર પામી, ભલે મળ્યા જેરામના સ્વામી...૬

### પદ-૩

પૂર્વેનું પુણ્ય ઉદય થયું જયારે, સ્વામિનારાયણ મળ્યા ત્યારે...૧
નેણે મોહનવર નીરખ્યા જયારે, પૂરણ કામ થયું મારૂં ત્યારે...૨
પ્રેમે કરી મંદિર પધરાવ્યા, શ્યામસુંદરવર મનડેરે ભાવ્યા...૩
નીરખી નારાયણ મૂર્ત્તિ જ્યારે, ત્રિવિધિ તાપ ટળ્યા મારા ત્યારે...૪
કેશર ચંદન ચરચ્યુ છે ભાલે, હસતાં સુંદર ખાડા પડે છે ગાલે...૫
કાનમાં કુંડળ મકરાકૃત શોભે, જેરામ કહે મન જોઈ જોઈ લોભે...૬

### પદ-૪

શિર પર કેશ શોભે અતિસારા, મોહનવર મારી આંખ્યોના તારા...૧
ભ્રકુટી કુટીલ શોભી રહી સારી, જોઈ જોઈ મોહી સર્વે વ્રજનારી...૨
હૈયા પર હાર પહેર્યા વનમાળી, ભ્રમર આવે તિંયા સુગંધને ભાળી...૩
બેસ્તન શ્યામ શોભે અતિ સારા, જાણે ઊગ્યા આકાશમાં તારા...૪
નાભિ નૌતમ ઊંડી છે ભારી, બ્રહ્મા બેસે ત્યાં આસન વાળી...૫
જાનુ જુગલ શોભે અતિ સારા, જેરામ કહે દેખે દાસ તમારા...૬

### રાગ : ગરબી

વસ્યો છે છોગલાવાળો, મારે મન વસ્યો છે છોગલાવાળો...ટેક.
છેલ છબીલો ને અજબ રંગીલો, એનો ચપળ છે નેણનો ચાળો...મારે૦ ૧
જરકશી જામા ને પાઘ કસુંબી, કમર કસ્યો છે કટારો;
કાને કુંડળ કંઠે મોતીડાની માળા, એના સુરવાળનો ઝબકારો...મારે૦ ૨

કપુરની માળા કંઠે વિરાજે, હેમ કડાં બે હારો;
જમણી આંગળીએ વેઢવીંટી વિરાજે, એનો તોરો કસુંબી ન્યારો...મારે૦ ૩
હૈડા ઉપર હેમચંદ્ર બિરાજે, પાય પાવલી ઘુઘરીનો ઘમકારો;
અટકમટક એની ચાલ ચટક, બ્રહ્મચારી જેરામનો પ્યારો...મારે૦ ૪

**રાગ : આશાવરી પદ-૧**

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તોય, મન અભિમાન ન આણે રે -વૈષ્ણવ૦ ૧
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન્ય જનની તેની રે -વૈષ્ણવ૦ ૨
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે,
જીહ્‌વા થકી અસત્ય ન બોલે, પરધન ન ધરે હાથ રે -વૈષ્ણવ૦ ૩
મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેનાં મનમાં રે,
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેનાં મનમાં રે -વૈષ્ણવ૦ ૪
વણલોભી ને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યા રે -વૈષ્ણવ૦ ૫

**રાગ : ગરબી**

મોગરાનાં ફૂલ સખી મોગરાનાં ફૂલ,
શ્રીજીને પ્યારાં બહુ મોગરાનાં ફૂલ...ટેક૦
લક્ષ્મી વાડી શ્રીજીની રૂડી રઢિયાળી,
પુષ્પો લેવાને હું તો પ્રેમેથી ચાલી;
ખીલ્યાં ખીલ્યાં રે ત્યાં તો મનગમતાં ફૂલ..શ્રીજી૦ ૧
ડોલર, ગુલાબ, ગુલ, ચંપો, ચમેલી,
કેતકી, કરેણ, જાઈ, જુઈ અલબેલી;
મોગરાની પાંખડીમાં સૌરભ અમૂલ...શ્રીજી૦ ૨
ફૂલડે ફૂલડે મેં નામ શ્રીજીનું લીધું;
વીણી વીણીને મારું મનડું પ્રોઈ લીધું;
એકસોને આઠ ચૂટ્યાં મોગરાનાં ફૂલ...શ્રીજી૦ ૩

મોગરાની માળા ગૂંથી માવ કવિ રાયે,
કાવ્યની કુસુમમાળ કદી ના કરમાયે;
વીણગુણ એ માળા તણાં મૂલ છે અમૂલ...શ્રીજી૦ ૪

**ડંકો દીધો તેં વીરા વાછરા (એ રાગ)**

આજ સો સો વર્ષોનાં વાણાં વાઈ ગયાં;
તોયે જાણે હજુ કાલ સવારની વાત રે; સહજાનંદ સ્વામી
ગઢપુર જોતાં શ્રીજી સાંભરે, (મને ગઢપુર જોતાંજ)...ટેક૦
એનો એ દરબાર એના એ ઓરડા,
એના એ તોરણ ચાકળા હિંડોળાખાટ રે...સહજાનંદ સ્વામી૦ ૧
એનો એ લીંબડો ને અક્ષર ઓરડી,
એના એ ગાદી તકિયા રંગતપાટ રે...સહજાનંદ સ્વામી૦ ૨
સાધુ બ્રહ્મચારી પાળાની સાથમાં,
ખાંતીલો આંહી ખેલતા રંગ ખેલ રે...સહજાનંદ સ્વામી૦ ૩
આજ સૂનો દરબાર સૂના એ ઓરડા,
સૂના દીસે આજ ઘેલા નદીના ઘાટ રે...સહજાનંદ સ્વામી૦ ૪
લક્ષ્મીવાડી લાડીલા લાલની,
પોઢ્યાં જીયાં પાતળીયો મુજ પ્રાણ રે...સહજાનંદ સ્વામી૦ ૫
ગંગાજળીએ હરિને ગોતીયા,
જળ શય્યામાં જોયા જીવન પ્રાણ રે...સહજાનંદ સ્વામી૦ ૬
ગુણિયલ મૂર્તિ રે ગોપીનાથની,
દર્શન કર્યે શાન્ત દિલ થાય રે...સહજાનંદ સ્વામી૦ ૭
માગે કર જોડી માવદાનજી,
શ્રીજી સદાયે રહેજો મારી સહાય રે...સહજાનંદ સ્વામી૦ ૮

**મારે સાસરીએ જઈને - એ રાગ**

આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છેઃ
પ્રેમી ભક્તોની હામું પૂરે પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...ટેક૦

જામનગર જાત્રાનું ધામ છે, સ્વામી મંદિરમાં શ્રી ઘનશ્યામ છે;
દીધો પરચો પોષ સુદી એકાદશી પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૧
વિપ્ર કન્યા ઝવેરબાઈ નામ છે, કચ્છ પિયરને સાસરું આ ગામ છે
ભાવે ભજતી એકલડી નિત્ય પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૨
પૂર્વ કર્મ મટે કેમ ભાવિ, થયો ઝામર ને આંખે ખોટ આવી;
થાય પીડા અંગો અંગ સહાય કરજો પ્રભુજી;
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૩
વૈદ્ય ડોકટરોને આંખડી બતાવી, સહુએ ઓપરેશન કરવા સમજાવી;
છેડાવ્રત આજ છૂટે લાજ રાખો પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૪
દર્શન એકાદશીને દિન દીધું, વહાલે વનિતાનું રૂપ ધરી લીધું;
ફર્યા પ્રદક્ષિણા પ્રેમી ભક્ત સાથે પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૫
હરિએ નાખ્યું ટીપું નિજ હાથે, મહા અમૃતમય હાથ મૂકી માથે;
દુઃખ કાપ્યું સુખ આપ્યું દીનાનાથે પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૬
પ્રેમદાની પીડા સર્વે ટાળી, થયા વનિતા રૂપે વનમાળી;
થયા ભેચક વૈદ્યો આંખ ભાળી પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૭
મૂર્ખ લોકો આ વાત નહિ માને, જાુઓ આંખે જઈ સાંભળો શું કાને;
ખરી ખાત્રી કરી છે ''માવદાને'' પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૮

## રાગ : ધોળ

મારી અવિચળ ચૂંકને રાખજો, મારી ચૂડીનો ભંગ ન થાય,
માગું વર નાથજી...ટેક૦

રહે કેસર પીર લલાટમાં, રહે સેંથો ચાંદલો સદાય...માગું૦ ૧
મારે ઘરે રહે સંત સામટા, નિત્ય ગુણ તમારા ગાય...માગું૦ ૨
સત્સંગી મળી દેશદેશનાં, આવે ઉત્સવ કરવાને આંય...માગું૦ ૩
મારે ઘેર રહો ઘનશ્યામજી, મારી સંપત્તિ તમ અર્થે થાય...માગું૦ ૪
રાજપાટ ને ગામ ગરાસ છે, ભવન સહિત તમારાં કહેવાય...માગું૦ ૫
જયા લલિતા રમા ને પંચાળી, તેને સમજુ છું મુક્ત સમાન...માગું૦ ૬
અમો સૌ મળી તમને સેવીએ, ધરીએ અખંડ તમારું ધ્યાન...માગું૦ ૭
કરો મંદિર મોટું મારે આંગણે, રહો પ્રેમથી પ્રાણ આધાર...માગું૦ ૮
તેમાં મૂર્તિ પધારાવો વાસુદેવની, તમો પડોશી થાઓ કરી પ્યાર...માગું૦ ૯
વળી આ લોકની સુખ સંપત્તિ, શ્રીજી આપી પૂરા કરો કોડ...માગું૦ ૧૦
દુરિજનનું મેણું ઉતારવા, પ્રભુ આપજો પુત્રની જોડ...માગું૦ ૧૧
અભય સુતને સુખી રાખજો, રહે અખંડ અભય પરિવાર...માગું૦ ૧૨
અભય વંશ સદા તવ ઉપાસી, એ માગું છું હું ધર્મકુમાર...માગું૦ ૧૩
વળી અભય સુત પહેલાં મુજને, શ્રીજી આપજો અક્ષરધામ...માગું૦ ૧૪
એવી વાણી સુણી જસુબાઈની, વર આપો કહે યુગલદાસ...માગું૦ ૧૫

**પદ-૧**

સ્વામિનારાયણ મહામંત્ર ગમે, અહોરાત દિવસ મારા દિલમાં રમે
વ્હાલે છપૈયા ધામમાં જનમ ધરી, વર્ણી વેષે હિમાચળે તપ કરી,
હરિએ લાખો મુનિઓની મુક્તિ કરી...સ્વામિનારાયણ૦
વ્હાલે ગુરુરામાનંદથી દીક્ષા લીધી, કચ્છ ગુજરાત સૌરાષ્ટ્ર લીલા કીધી,
પ્રભુએ ભક્તોની ભ્રાંતિ મિટાવી દીધી...સ્વામિનારાયણ૦
વ્હાલે વચનામૃતમાં રહસ્ય ભર્યું, ધર્મ જ્ઞાન વૈરાગ્યનું પાત્ર ઠર્યું,
પરા ભક્તિ બતાવી કલ્યાણ કર્યું...સ્વામિનારાયણ૦
વ્હાલે કૃપા કરી શિક્ષાપત્રી દીધી, એમાં ચારે પુરુષાર્થની સિદ્ધિ ચીંધી,
એ છે સર્વે સત્સંગીની નૌતમ નિધિ...સ્વામિનારાયણ૦
વ્હાલા પ્રત્યક્ષ સત્સંગમાં વિચરો, માધવતીર્થની પ્રાર્થના ઉરમાં ધરો
શ્રીજી દર્શન દઈને પાવન કરો...સ્વામિનારાયણ૦

### રાગ : ઘુઘવડો – પદ-૧

તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું,
　　કંઈક આત્માનું કરજો કલ્યાણ... જીવન થોડું રહ્યું　　ટેક૦
એણે દીધેલ કોલ તે ભૂલી ગયા, જૂઠી માયાના મોહમાં ઘેલા થયા;
　　ચેતો ચેતો શું ભૂલ્યા છો ભાન ...　　જીવન૦
બાળપણ જુવાનીમાં અરધું ગયું, નહિ ભક્તિ મારગમાં પગલું ભર્યું;
　　હવે બાકી છે તેમાં દ્યો ધ્યાન ...　　જીવન૦
પછી ગઢપણમાં ગોવિંદ ભજાશે નહિ, લોભ વૈભવ ધન તજાશે નહીં;
　　બનો આજથી પ્રભુમાં મસ્તાન ...　　જીવન૦
જરા ચેતીને ભક્તિનુ ભાતું ભરો, કંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો;
　　છીએ થોડા દિવસના મેમાન ...　　જીવન૦
બધા આળસમાં દિવસો વીતી જશે, પછી ઓચિંતુ યમનું તેડું થશે;
　　નહીં ચાલે તમારું તોફાન ...　　જીવન૦
એજ કહેવું આ દાસનું દિલમાં ધરો, ચિત રાખી ઘનશ્યામને સ્નેહે સ્મરો.
　　ઝાલો ઝાલો ભક્તિનું સુકાન ...　　જીવન૦

### રાગ : ગરબી

તમે મારા થયા, હું તમારો થયો; બહુનામી...
　　આવો આવો સહજાનંદ સ્વામી...ટેક૦
હું તો જપું તમારી માળા, કરું નિશદિન કાલાવાલા;
વાલા વેગે આવો, મારા મનડે ભાવો, બહુનામી...આવો આવો૦ ૧
હું તો વાટલડી તારી જોતો, વ્હાલા તારા વિયોગે હું રોતો;
આંખો આંસુ ભીની, રોઈ થઈ છે ઝીણી, બહુનામી...આવો આવો૦ ૨
પ્રભુ હું છું તમારો બાળ, તમે મારા જીવન પ્રતિપ્રાળ;
દિવસે રેન નહિ, હૈયે ચેન નહિ, બહુનામી...આવો આવો૦ ૩
તવ ભક્ત કહે પ્રભુ આવો, આવી હાથ ગ્રહી લ્યો મારો;
મુખે માગું એવું, તારા ચરણે રહેવું, બહુનામી...આવો આવો૦ ૪

### યમન કલ્યાણ

દર્શન દ્યો ઘનશ્યામ નાથ, મોરી અખિયાં પ્યાસી રે...ટેક૦
મન મંદિરકી જ્યોત જગા દો, ઘટ ઘટ વાસી રે...દર્શન૦ ૧
મંદિર મંદિર મૂરત તેરી, ફિર બીને દેખે સૂરત તેરી;
યુગ બીતે ન આઈ મિલન કી, પુરન માસી રે...દર્શન૦ ૨
દ્વાર દયાકા જબ તું ખોલે, પંચમ સૂરમેં મૂંગા બોલે;
અંધા દેખે લંગડા ચલકર, પહુંચે કાશી રે...દર્શન૦ ૩
પાની પીકર પ્યાસ બુજાઉં, નૈનનકો કેસે સમજાઉં;
આંખમીચોલી છોડો અબ તો, મન કે પાથી રે...દર્શન૦ ૪

### રાગ : ગરબી – પદ-૧

માવાના મુગટડાનાં મોતી ઝીણાં, ઝગમગ ઝળકે છે;
ઝગમગ ઝળકે છે, મનોહર મણીયું ચળકે છે...માવાના૦ ટેક.
લીલાં પીળાં રાતાં મોતી, કાળાં ધોળાં કોડે;
મોરકળાયેલ મણીયું જડીયું, જોતાં ચિત્તડું ચોરે...માવાના૦ ૧
કાળો કાળો કહાન કોડીલો, તેથી કાળા કેશ;
કાળું કાજળ તેણે સાર્યુ, કામળી કાળી મેશ...માવાના૦ ૨
પીળાં પીળાં પીતાંબરને, પીળો હેમ કંદોરો;
પીળો ખેશ લલાટે પીળો, પીળો કુસુમનો તોરો...માવાના૦ ૩
રાતો કુંકુમ ચંદ્ર ભાલે, રાતાં મુખ તંબોળ;
રાતી હાથ હથેળી શોભે, અધર રાતાં ચોળ...માવાના૦ ૪
લીલી લીલી સુંથણલી ને, લીલો ખંભે પટકો;
લીલા રંગની છડી લઈને, કહાન કરે બહુ લટકો...માવાના૦ ૫
ધોળાં ધોળાં મોતીડાં ને, ધોળો ફૂલનો હાર;
ધોળા મુખમાં દાંત દેખીને, દાસ હરિ બલિહાર...માવાના૦ ૬

### રાગ : ઘુઘવડો

સુંદર શ્રી ઘનશ્યામ મારા મન મંદિરમાં આવો રે;
અંતર દાઝી રહ્યું છે વહાલા, દર્શનનો દ્યો લાવો રે...સુંદર૦ ૧

અપરાધી છું જનમ જનમનો, દયા હવે કંઈ લાવો;
જૂઠા જગતમાં ભૂલો પડ્યો છું, રસ્તો કંઈક બતાવો રે...સુંદર૦ ૨
પીળા પીતાંબર જરકસી જામો, મુગટ ધારી આવો;
એક વાર પ્રભુ દર્શન આપી, ભક્તિનાદ ગજાવો રે...સુંદર૦ ૩
રોજ ઊઠી શું કહેવું પ્રભુજી, એક દિવસ તો આવો;
દીનદયાળુ દર્શન આપો, શું અમને તલસાવો રે...સુંદર૦ ૪
સ્વામિનારાયણ હૃદયમાં આવો, ત્રિવિધિ તાપ શમાવો;
હૈયાહીણો આવ્યો આંગણિયે, મારા મનને ભાવો રે...સુંદર૦ ૫

### રાગ : ગરબી પદ-૧

આજ સહજાનંદ મળિયા રે ગઢપુરમાં (૨) ગોપીનાથ ઉરમાં-આ૦ ૧
મસ્તક ઉપર પાઘ પેચાળી, આંખડલી અણિયાળી રે. ગઢ-આ૦ ૨
કેશર તિલક શોભે છે ભાલે, મનડાં હર્યા છે વહાલે રે. ગઢ-આ૦ ૩
કાનુમાં કુંડળ કંચન કળીએ, હાથે વેઢ દશ આંગળીએ રે. ગઢ-આ૦ ૪
હૈડા ઉપર હાર હજારી, ગુણવંતા ગીરધારી રે. ગઢ-આ૦ ૫
હીરા માણેક મોતીની માળા, હેમકડાં રૂપાળાં રે. ગઢ-આ૦ ૬
શોભે છે રાતી હાથ હથેળી, મનરંજન રૂપાળી રે. ગઢ-આ૦ ૭
કરમાં શોભે છે સોટી સારી, રંગીલી મૂર્તિ તારી રે. ગઢ-આ૦ ૮
સોનેરી વાઘા શોભે છે સારા, ધર્મ તણા દુલારા રે. ગઢ-આ૦ ૯
ઘૂંટી ગોળ પીંડી પાતળીઓ, ચરણે પહેરી ચાખડીઓ રે. ગઢ-આ૦ ૧૦
શ્રીહરિ કેરી મૂરતિ સારી, જાય નરસિંહ બલિહારી રે. ગઢ-આ૦ ૧૧

### રાગ : ગરબી પદ-૧

પ્રભુ મને થાજે એવો અનુકૂળ (૨) જેથી મને સુજે મારી ભૂલ,
દોષ બીજાને દેતાં પેલાં, હું સમજું મારી ભૂલ,
પાપ બધાં એ પ્રગટ કરીને, થઈ જાઉં હળવો ફૂલ-પ્રભુ૦ ૧
પક્ષાતીત થઈ ફરું જગતમાં, સહજે રહું સમતુલ,
પરમારથમાં પ્રીત વાધે, ને પરધન સમજું ધૂલ-પ્રભુ૦ ૨

જૂઠ ભર્યું ના જીવન જીવું, ભલે સંપત્તિ મળતી વિપુલ,
સંતજનના સત્સંગમાં, મારું મનડું રાખજે ડૂલ-પ્રભુ૦ ૩
કામ ક્રોધ મદ મત્સરનાં, વાગે ન જરીએ ત્રિશૂલ,
અંતરજામી અળગા થાતાં, બનું બહુ વ્યાકુળ-પ્રભુ૦ ૪
દેવ દયાળુ દયા કરો, હું માગું એક જ મૂલ,
હરિવર મારા હૈયા માંહી, રેજો સદાયે ડૂલ-પ્રભુ૦ ૫

**રાગ : ગરબી પદ-૧**

વ્હાલા લાગે મને પ્યારા લાગે, ભક્તિમાતાના બાળ રે,
જય સહજાનંદ સુખકારી -ટેક૦
પ્રગટ પ્રભુ સુખ ધામ તમારું, અખિલ બ્રહ્માંડે ન્યારું,
પૂર્ણ પુરુષોત્તમ પ્રભુજી પ્યારા, ધર્મદેવના દુલારા,
અમારા ધર્મદેવના દુલારા... વ્હાલા-૧
ભાવે કભાવે જે કોઈ ભજશે, સંસાર સાગર તરશે,
દેવ દયાળુ છો બહુનામી, રટજો અંતરજામી,
સદાયે રટજો અંતરજામી... વ્હાલા-૨
અવસર ફરી ફરી નહિ આવે, ભજી લ્યો શ્રીહરિ ભાવે,
અજર અમર જય પતિતપાવન, ભક્તવત્સલ ભગવાન,
અમારા ભક્તવત્સલ ભગવાન... વ્હાલા-૩
ભક્તજનોનાં દુઃખડાં હરો છો, કારજ સઘળાં કરો છો,
દાસ મગન પર મહેર કરો, તો ભવનાં બંધન છૂટે,
અમારા ભવના બંધન છૂટે... વ્હાલા-૪

**તારી એક એક પળ જાય લાખની**

તારી એક એક પળ જાય લાખની,
તું તો માળા રે જપી લે ઘનશ્યામની... ટેક
ખાલી આવ્યા ખાલી જાશો, સાથે શું લાવ્યા લઈ જાશો,
જીવન ધન્ય રે બનાવો ભક્તિભાવથી... તું તો ૧

જુઠા જગના જૂઠા ખેલ, મનવા મારું તારું મેલ,
તું તો છોડી દેને ચિંતા આખા ગામની... તું તો ૨
મારા મનડાના મોર, મારા ચિત્તડાના ચોર,
મેં તો મૂર્તિ જોઈ છે મહારાજની... તું તો ૩
હૈયે લાગી તાલાવેલી, આંખે આંસુડાની હેલી
ભક્તો ચેતીને ચાલોને જમના મારથી... તું તો ૪
ભક્તિ ખાંડા કેરી ધાર, તેથી ઊતર તું ભવપાર,
જેની લાગી છે લગન ઘનશ્યામમાં,
તે તો સુખેથી જાય છે અક્ષરધામમાં... તું તો ૫

## મનનો મોરલીયો રટે તારું નામ

મનનો મોરલીયો રટે તારું નામ, મારી ઝુંપડી આવો ઘનશ્યામ,
એકવાર આવી પૂરો હૈયા કેરી હામ, મારી ઝુંપડી આવો ઘનશ્યામ.
સૂરજ ઊગે ને મારી ઊગતી રે આશા, સંધ્યા ઢળેને હું તો બનું રે નિરાશા,
રાત દિવસ મને સુઝે નહિ કામ, મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ.
આંખલડીએ મને ઓછું દેખાય છે, દર્શન વિના મારું દિલડું દુભાય છે,
નહિ રે આવો તો વ્હાલા જશે મારા પ્રાણ, મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ.
એકવાર વ્હાલા તારી ઝાંખી જો થાયે, આંસુના બિંદુથી ધોવું તારા પાય,
માંગુ સદાય તમારા ચરણોમાં સ્થાન, મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ.
સુખકારી સહજાનંદ સ્વામીને સારું, કરી નાખ્યું કુરબાન જીવન મારું,
રાત દિવસ હું તો જોઉં તારી વાટ, મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ.

## પદ-૧

યમુના જળમાં કેસર ઘોળી, સ્નાન કરાવું ઘનશ્યામજી,
હળવે હાથે અંગો ચોળી, લાડ લડાવું વાલમાં,
અંગો લુંછી આપું વસ્ત્રો, પીળું પિતાંબર.... પ્યારમાં,
તેલ સુગંધી નાખી આપુ વાંકડીયા તુંજ વાળમાં.... યમુના જળમાં૦ ૧
કુમકુમ કેરું તિલક સજાવું, ત્રિકમ તારા ભાલમાં,
અલબેલી આંખોમાં આંજુ અંજનમારા વાલમાં.... યમુના જળમાં૦ ૨

હસતી જાઉં વાટે ઘાંટે, નાચી ઉઠું તાલમાં,
નજર ન લાગે શ્યામ સુંદરને, ટપકાં કરી દઉ ગાલમાં.... યમુના જળમાં૦ ૩
પગમાં ઝાંઝર રૂમઝુમ વાગે, કરમાં કંકણ વાલમાં,
કંઠેમાળા કાને કુંડળ, ચોરે ચિત્તડું ચાલમાં.... યમુના જળમાં૦ ૪
મોર મુગટ માથે પહેરાવું, મુરલી આપું હાથમાં,
કૃષ્ણ કૃપાળુ નિરખી શોભા, વારી જાઉં તારા વાલમાં.... યમુના જળમાં૦ ૫
દુધ કટોરી ભરીને આપું, પીયોને મારા વાલમાં,
યમુના જળમાં કેસર ઘોળી, સ્નાન કરાવું ઘનશ્યામજી ૦૬

**પદ-૧**

માણીગર માવો રે, શ્રીજી શોભે સખાના સંગમાં
શ્યામ સલુણો રે, શ્વેત વસ્ત્ર ધર્યા અંગમા,
છેલ છબિલો રે, રસિયો રમે છે રસ રંગમાં - ટેક૦
જોને સખી ઘોડલાની ઘુમ્મરે વીંટાય છે, માણકીએ બેસનાર રે શ્રીજી૦
જોને સખી શ્વેત પાઘ બાંધેલ છે, છોગલાનો મેલનાર રે શ્રીજી૦
જોને સખી રંગભર્યા કુંડ છલકાય છે, રંગડાનો રેલનાર રે શ્રીજી૦
જોને સખી સંત સભા સજેલ છે, વચનામૃત બોલનાર રે શ્રીજી૦
જોને સખી ઘેલાના નીરમાં એ ન્હાય છે, ભીને રંગ ભરિયો રે શ્રીજી૦
જોને સખી સંતોની પંક્તિઓ થાય છે, પંક્તિમાં પીરસનાર રે શ્રીજી૦
જોને સખી હીરનો હિંડોળો બંધાય છે, હિંડોળામાં હીચનાર રે શ્રીજી૦
જોને સખી સંતોને મળવા સામે જાય છે, ભૂજભરી ભેટનાર રે શ્રીજી૦
સ્નેહ સખી લક્ષ્મીનારાયણ ગુણ ગાય છે, ભાવ ભાળી ભીંજનાર રે શ્રીજી૦

**પદ-૧**

રૂડું સ્વામિનારાયણ નામ સરવે સંભારીએ
વળી કરતાં ઘરનું કામ કદી ન વિસારીએ રે...
ધર્મસુતનું ધ્યાન જ ધરતાં વાર નહીં ભવ સાગર તરતાં
હરતાં ફરતાં હરિને હૈયે ધારીએ રે... રૂડું

દુઃખ પડે દિલગીર ન થાવું, સુખ પડે હરખાઈ ન જાવું
સદાય હિંમત હૈયેથી નવ હારીએ રે.... રૂડું
સંસાર છે સુખ દુઃખનો દરિયો, તેમાં તરી શકે કોઈ તરૈયો
સંત સમાગમ કરીને મનને મારીએ રે.... રૂડું
સમરણ કરતાં સુખ જ થાશે, ફોગટનો ફેરો ટળી જાશે
મુળજી કહે મહારાજ મુજને તારીએ રે.... રૂડું

**પદ-૧**

પ્રતાપ પૂરણ શ્રી પુરુષોત્તમ, દેખતા સહુ દબાય રે,
બ્રહ્મા ભવ જેવા ભય રાખે, બીજા કુંણ માત્ર કેવાયરે...પ્રતાપ૦ ૧
અનંત કોટિ બ્રહ્માંડના કર્તા, પાલન કરે હુલ્લાસરે,
પ્રલય કરતા પ્રયાસ ન લેશ, ભ્રકુટિ કેરે વિલાસરે....પ્રતાપ૦ ૨
જેના પગને અંગુઠે પ્રથવી, અનંત બ્રહ્માડની ડોલેરે,
એવા સમર્થ અલૌકિક દિશે, કુંણ આવે એમને તોલે રે...પ્રતાપ૦ ૩
સૂર્યચંદ્ર આદિ સહુદેવ, હુકમમાં રહે હમેશ રે,
કાળ સ્વભાવ માયા જેનાં વશમાં, નામ રટે નિત્યે શેષરે...પ્રતાપ૦ ૪
એવા અશ્વર્ય છુપાવી છેલો, વિચરે નરતનું ધારિરે,
દયાનંદનો નાથ આ સમે, સંતોને દેવા સુખ ભારિરે...પ્રતાપ૦ ૫

**રાગ : ધોળ પદ-૧**

શ્રી નગર મધ્યે શોભતા રે, સહજાનંદ સુખધામ હેલી હૈડે વસ્યા રે,
વાતો કરી વિવેકની રે, પ્રિતેથી પૂરણકામ. હેલી૦ ૧
લટકાં કરે રૂડાં લાલજી રે, લટકાળો અલબેલ. હેલી૦ ૨
બાંયે બાજુ કાજુ બાંધીયા રે, લટકે મોતીડાંના હાર. હેલી૦ ૩
કનકનાં કુંડળ કાનમાં રે, મોંઘા મણીના જડાવ. હેલી૦ ૪
ફુલ તોરા ફરતા ઝૂકયા રે, હૈડે ગુલાબના હાર. હેલી૦ ૫
દયાનંદ કહે દેખતાં રે, મોહ પામે નર નાર. હેલી૦ ૬

## પદ-૨

સંત મંડળ મધ્યે શ્યામળો રે, ગાવે અલૌકિક ગીત સખી જુવો શ્યામને રે. ટેક.
રાગ ઘેરે રંગ રેલડો રે, ચોરે છે જન મન ચિત્ત. સખી૦ ૧
હરિજન ઉપર હેતથી રે, છાંટે છોળો કરી પ્રીત. સખી૦ ૨
ગરક થઈ ગુલાલમાં રે, નાયા નારાયણ ઘાટ. સખી૦ ૩
દેવ આવ્યા બહુ દેખવા રે, થયો વિમાનનો ઠાઠ. સખી૦ ૪
સાબર તીર્થ સહુ થકી રે, મોટું કર્યું મહારાજ. સખી૦ ૫
રાજ વાડીયે વિરાજીઆ રે, દયાનંદ શિરતાજ. સખી૦ ૬

## પદ-૩

આવી મંદિરમાં માવજી રે, બેઠા વેદી પર આપ, આવી અલબેલડો રે. ટેક.
અમૃત નજરે નિહાળીને રે, ટાળે તે જનના તાપ. આવી૦ ૧
બોલે મનોહર બોલણી રે, મર્મ ભરી માનહર. આવી૦ ૨
જગત જંજાળ જુઠી જાણી રે, આપે જ્ઞાન અપાર. આવી૦ ૩
સહેજે કરાવે સમાધીઓ રે, દેખાડે નિજધામ. આવી૦ ૪
અનુભવે છોડે આંટીયો રે, એમ જાણી વિવેક. આવી૦ ૫
મતવાદી સૌએ દેવ માનીઆ રે, દયાનંદનો દેવ. આવી૦ ૬

## પદ-૪

ઘેરે સાદે સુખ આપતા રે, એમ બોલ્યા ઘનશ્યામ સભા સહુ સાંભળો રે. ટેક.
બદ્રિકાશ્રમથી આવીયો રે, એમ જાણો વિવેક. સભા૦ ૧
મેં તો કાંકરીએ યજ્ઞ કીધો રે, વિપ્ર જમાડ્યા અનેક. સભા૦ ૨
નરનારાયણ હું છઉં રે, પુરણ પ્રગટ જેહ. સભા૦ ૩
છાપું લેજો મારા નામની રે, પાપ થાશે તેથી નાશ. સભા૦ ૪
મૂર્તિ મારી આ પૂજજો રે, પૂરા કરશે તમારા કોડ. સભા૦ ૫
દયાનંદનો નાથ કહે રે, રહેજો મારા વચનને વાસ. સભા૦ ૬

## પદ-૧

નારાયણ સરમાં ન્હાવે છપૈયામાં, નારાયણ સરમાં ન્હાવે
ખાંતેથી ખેલ મચાવે છપૈયામાં, નારાયણ સરમાં ન્હાવે
ન્હાવે વ્હાલોને બહુ તાળી બજાવે જોવાને સુરમુનિ આવે..... છપૈયામાં

જોઈ લીલા જગના જીવનની આનંદ ઉર ન સમાવે.... છપૈયામાં
જય જય કાર કરે દેવ જોઈને ધાઈને પુષ્પો વધારે..... છપૈયામાં
અવધપ્રસાદના નાથની લીલા જોઈને ભવ દુઃખ જાવે..... છપૈયામાં

**પદ-૧**

મને પ્યારી લાગે મૂર્તિ તમારી,
ઘનશ્યામજી પ્યારી લાગે મૂર્તિ તમારી - ટેક૦
કુંકુમનો ચાંદલો ને ભાલે તિલક વચ્ચે,
હાંરે તમે ભાળોને ભ્રમણા ભૂલાયે - ઘનશ્યામજી૦
કાને કુંડળ હરિને માથે મુગટ શોભે,
હાંરેકંઠે ધારી માણેક જડી માળા - ઘનશ્યામજી૦
જામો જરિયાની પહેર્યો સોનેરી સુરવાળ છે,
હાંરે તમારી કેડે કસ્યો છે કંદોરો - ઘનશ્યામજી૦
મૂર્તિમાં મગ્ન થઈ ચરણોમાં ચિત્ત દઈ,
હાંરે જાય દાસ નારાયણ વારી - ઘનશ્યામજી૦

**રાગ : આશા ભર્યાને અમે આવીયાં ને મારા વાલે રમાડ્યા રાસ રે**

આવ્યા રસિકવર છેલડા, ને હું તો ઝબકીને જાગ્યો સેજ રે;
હરિ મારી સામે ઊભા...ટેક૦
ભૂલ્યો પાથરણું તે આપવું, ને વળી ભૂલ્યો શરીર સંભાળ રે;
હરિ મારી સામે ઊભા...આવ્યા૦ ૧
કોટિ કિરણ તેજ છાઈ રહ્યાં, ને વળી અજવાળાં ઊઘડ્યાં આભ રે;
હરિ મારી સામે ઊભા...આવ્યા૦ ૨
દિવ્ય અલૌકિક દીપતા ને શ્રીજી, કૂમળી કિશોર એની કાય રે;
હરિ મારી સામે ઊભા...આવ્યા૦ ૩
વિચરુ સદા સત્સંગમાં ને, હું નથી ગયો દૂર દેશ રે;
બોલી હરિ સામે ઊભા...આવ્યા૦ ૪
મારા માનેલ ઓ માનવી, તમે માનશો મા કોઈ દુઃખ રે;
બોલી હરિ સામે ઊભા...આવ્યા૦ ૫
માગ્યા રામાનંદ પાસથી, અમે એવા અભય વરદાન રે;

બોલી હરિ સામે ઊભા...આવ્યા૦ ૬
બોલી અલોપ એમ થઈ ગયા, ને લીધી અક્ષર કેરી વાટ રે;
નથી નાથ સામે ઊભા...આવ્યા૦ ૭
શોધ્યા તે ચૌટે ચોતરે, ને વળી શોધ્યા તે વગડાની વાટ રે;
નથી નાથ સામે ઊભા...આવ્યા૦ ૮
કુમકુમ પગલીપડી પ્રભુની, મારા મંદિરિયાની માંહ્ય રે;
નથી નાથ સામે ઊભા...આવ્યા૦ ૯
ત્યાં તો 'વસંત' વેણ સાંભળ્યું, હરિ વસે સાચા સંતમાંય રે;
નથી નાથ સામે ઊભા...આવ્યા૦ ૧૦

### પદ-૧

ઈતના તો શ્રીજી કરના જબ પ્રાણ તનસે નીકલે
ઉન્મત ગંગાકા તટ હો, સબ સંત જન નીકટ હો,
નારાયણ ધુન રટ હો જબ પ્રાણ તનસે.....
હોત પાઠ વચનામૃત કો, અરૂ દિપ સુરભી ધૃતકો,
શુભ દિન હોય વૃત કો, જબ પ્રાણ....
હરિ સ્રોત્ર કો ઉ કહે તે, ચરનો દક કો ઉદે તો,
જપ કરતે હો યે જે તે, જબ પ્રાણ....
સબ વાસના કો લય હો, કારન શરીર કો ક્ષય હો,
સત્ય મોક્ષ કો ઉદય હો. જબ પ્રાણ....
તવ મુરતી મેરે ઉર હો, નખ શીખ આપ નુર હો,
જગદીશ યે જરૂર હો, જબ પ્રાણ....
શુભ શ્વેત પાઘ શીર હો, ગુંઢો રેંટો કમર હો,
અભેદાન દે તે કર હો, જબ પ્રાણ....
રથવેલ જુથ સાજા, નંદ સંત કો સમાજા,
માણકીએ મહારાજા,જબ પ્રાણ....
અંતકાલ જલ્દી આના, નીજ ધામ મેં લે જાના,
માગત યુ માવદાના, જબ પ્રાણ....

### રાગ : રાગ ગરબી – પદ-૧

હૈયાના ફૂટ્યા હરિ સંગે હેત ન કીધું; ટેક૦
લખચોરાશી કેરું લગડું, તાણી માથે લીધુજી... હૈયાના૦ ૧
પેટને અર્થે પાપ કરતાં, પાછું ફરી નવ જોયુજી;
ચાર દિવસના જીવતર સારુ, મન માયામાં મોહ્યુંજી... હૈયાના૦ ૨
જન્મમરણ દુઃખ ગર્ભવાસનું, તે નવ શકિયો ટાળીજી;
માતપિતા યુવતી સુત સંગે, વિસાર્યા વનમાળીજી... હૈયાના૦ ૩
આળશ ને અજ્ઞાન અતિશે, કામ બગાડ્યું તારુંજી;
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારુંજી... હૈયાના૦ ૪

### પદ-૨

દુનિયામાં ડાહ્યો ડહાપણમાં દુઃખ પામે... ટેક૦
ભવતારણ ભગવાન વિસારી, ચડિયો ઠાલે ભામેજી... દુનિયા૦ ૧
મનુષ્યદેહ મળ્યો અતિ મોટો, ખોટો જાણી ખોયોજી;
ચોરે ચૌટે જૂઠું બોલ્યો, નાહક નીર વલોયોજી... દુનિયા૦ ૨
હરિ હરિજન સંગે હેત ન કીધું, પીધું વિખનું પાણીજી;
સુખ સંસારી પામ્યા સારુ, મુવા લગી ઘર તાણીજી... દુનિયા૦ ૩
હર્ષ શોકની નદીઓ મોટી, તેમાં જાય તણાણોજી;
દેવાનંદ કહે હરિ ભજ્યા નહિ, ઘણે દુઃખે ઘેરાણોજી... દુનિયા૦ ૪

### પદ-૩

અજ્ઞાની તારા અંતરમાં દેખ વિચારી. ટેક૦
અંતસમે કોઈ કામ ન આવે, સગાં કુટુંબ સુત નારીજી...અજ્ઞાની૦ ૧
જોબન ધનનું જોર જણાવે, ફાટી આંખે ફરતોજી;
કાળ કરાળ કઠણ શિર વેરી, દિલમાં કેમ નથી ડરતોજી... અજ્ઞાની૦ ૨
માલ ખજીના મંદિર મેલી, મુવા ભૂપ મદમાતાજી;
શ્વાન શૂકરના દેહ ધરીને, ઘર ઘર ગોથાં ખાતાજી... અજ્ઞાની૦ ૩
આજ અમૂલખ અવસર આવ્યો, હરિ ભજવાનું ટાણુંજી;
દેવાનંદ કહે દેહ મનુષ્યનો, ન મળે ખરચે નાણુંજી... અજ્ઞાની૦ ૪

**પદ-૪**

પામર તેં પ્રાણી વિસાર્યા વનમાળી. ટેક૦
મિથ્યા સુખમાયામાં મોહ્યો, મૃગતૃષ્ણા જળ ભાળીજી... પામર૦ ૧
આઠ પહોર અંતરમાં બળીઓ, ઘણા ઘણાને ધાયોજી;
રળી ખપી ધન ભેળું કીધું, ના ખરચ્યો ના ખાયોજી... પામર૦ ૨
નારી આગળ નિર્લજ થઈને, બીતો બીતો બોલેજી;
હડકલાવે હસી બોલાવે, કરે તૃણને તોલેજી... પામર૦ ૩
સાસુ સસરો સગાં સંબંધી, તેની સેવા કીધીજી;
દેવાનંદ કહે સાધુજનની, તેં સેવા તજી દીધીજી... પામર૦ ૪

**પદ-૧**

મોહન મુખારવિંદ મુજ મન ભ્રમર ભમે છે.
નીરખી નયન તારા દિલ દુઃખડા સમે છે..... મોહન
શીર પાઘ પેચ તોરા, ગુલાબી ગાલ ગોરા
શણગાર સાજે ભોરા, ચિત્તમાં સદા રમે છે..... નીરખી
કુંડળ ધર્યા છે કાને, વિશાળ ભાલ મજાને
મુખ ચાંદ કે સમાને, દિલ શત્રુને દમે છે..... નીરખી
નમણી નાશે રૂપાળા, રાતા અધર પ્રવાળા,
કંઠે કનક માળા, પોંચી કડા ગામે છે..... નીરખી
જરીયાની સ્વાંગ ધારી, મુરતી અખંડ પ્યારી,
દરશન (છે) સુખકારી, નરસિંહ ચરણ નમે છે..... નીરખી

**ઢાળ - ગરબી પદ-૧**

હું તો મોહી રે શ્રીઘનશ્યામ - લટકે તારે રે,
વશ થઈ હું સુખના ધામ - લટકે તારે રે..... ૧
મુને ઝેર થયો રે સંસાર - લટકે- તમ ઉપર થયો બહુ પ્યાર-લટકે૦ ૨
તારે ચરણે રે ચોટ્યું ચિત્ત-લટકે૦ હવે સહુથી થઈ છું નચિંત-લટકે૦ ૩
સિદ્ધાનંદકે' તન મનપ્રાણ-લટકે૦ લઈ વારું હું શ્યામ સુજાણ-લટકે૦ ૪

### પદ-૨

મુને વાલા છો શ્રીમહારાજ-સહજાનંદ સ્વામી,
મેં તો લોકની મેલી લાજ-સહજાનંદ સ્વામી.... ૧
હું તો મોહી રે તમારે રૂપ-સહ૦ તમે ચરિત્ર કરો છો અનૂપ-સહ૦ ૨
તમો છો બ્રહ્માદિકના નાથ-સહ૦ તમે સાયો છે મારો હાથ-સહ૦ ૩
સિદ્ધાનંદના જીવન પ્રાણ-સહ૦ છો સુંદર જાણ સુજાણ-સહ૦ ૪

### પદ-૩

સહજાનંદ જીવન પ્રાણ-તમ પર વારી રે,
તમે વા'લા છો શ્યામ સુજાણ - તમ પર વારી રે..... ૧
નિત્ય દેજો દરશન દાન-તમ૦ છો સમર્થ શ્રીભગવાન-તમ૦ ૨
કરી રાખું ઉર પર હાર-તમ૦ હું તો જાળવી વારમવાર-તમ૦ ૩
સિદ્ધાનંદ કે' શ્રીઘનશ્યામ-તમ૦ સુખદાયક છો ગુણધામ-તમ૦ ૪

### પદ-૪

પુરુષોત્તમ પૂરણબ્રહ્મ-શ્રીઘનશ્યામ હરિ,
એ તો નિજજન જાણે મર્મ-શ્રીઘનશ્યામ હરિ.... ૧
દુરિજનને છો ઘણાં દૂર-શ્રીઘન૦ તમે નિજ્જનને હજૂર-શ્રીઘન૦ ૨
કરો નૌતમ લીલા નિત-શ્રીઘન૦ નિજ્જનને કરવા પુનીત-શ્રીઘન૦ ૩
સિદ્ધાનંદ કે' સુખના-શ્રીઘન૦ તમે નિજ્જનપૂરણકામ-શ્રીઘન૦ ૪

### ઢાળ - ગરબી પદ-૧

મારે મંદિર પધારો ઘનશ્યામ રે..... મોહી હું તો નયણાંમાં,
છો સુંદરવર સુખધામ રે..... લોભાણી વેણામાં..... ૧
એક પલક ન મેલું દૂર રે..... મોહી૦
હેતે ધરું હરિ મારે ઉર રે..... લો૦ ૨
જોઈ જીવું હું જીવન પ્રાણ રે..... મોહી૦
તમે છો મારા દિલડાના જાણ રે..... લો૦ ૩
પ્રેમ ભરી પૂંજું હું તો પાવ રે..... મોહી૦
મોતીડે વધાવું ભરી ભાવ રે..... લો૦ ૪

આપો અધર સુધારસ પાન રે..... મોહી૦
તમે ભક્તવત્સલ ભગવાન રે..... લો૦ ૫
કરું તન મન ધન કુરબાન રે..... મોહી૦
સિદ્ધાનંદ કે' દ્યો દરશનદાન રે..... લો૦ ૬

**ઢાળ - ગરબી પદ-૧**

દેજો તમારા જનનો સંગ રે..... સુંદર શામળિયા,
મુને ચડે ન બીજો રંગ રે..... પ્રીતમ પાતળિયા..... ૧
નિત માગું જોડી એ હાથ રે..... સુંદર૦
તમે આપો કૃપા કરી નાથ રે..... પ્રીતમ૦ ૨
મારી અરજ છે હરિ એહ રે..... સુંદર૦
મારે રે'જો તમશું નેહ રે..... પ્રીતમ૦ ૩
કરુણાસિંધુ છો સુખધામ રે..... સુંદર૦
છો પૂરણ મનોરથ કામ રે..... પ્રીતમ૦ ૪
અંતરમાં વસ્યા અલબેલ રે..... સુંદર૦
તમે રૂપાળા રંગરેલ રે..... પ્રીતમ૦ ૫
તમ જેવું નથી બીજું કોઈ રે..... સુંદર૦
સિદ્ધાનંદ કે' જીવું હું જોઈ રે..... પ્રીતમ૦ ૬

**પદ-૧**

તમે વૃંદાવનવાસી છેલ રે.... સુંદર શોભો છો,
રૂડા છોગા ધરી અલબેલ રે.... સુંદર શોભો છો.... ૧
ધરી મુગટ સુંદર શિર રે.... સુંદર૦
કાને કુંડળ પે'રી બલવીર રે.... સુંદર૦ ૨
મુખ મોરલી વાતા સાર રે.... સુંદર૦
તમે નટવર ધર્મકુમાર રે.... સુંદર૦ ૩
સિદ્ધાનંદ કે' કરતા ગાન રે.... સુંદર૦
નૌતમ તોડીને તાન રે.... સુંદર૦ ૪

### ઢાળ - ગરબી પદ-૧

સુંદરવર તમે શામળા, મારા પ્રાણ તણા છો પ્રાણ.. વાલા લાગો છો,
ક્ષણ એક મેલું ન વેગળા, વળી જાણ તણા છો જાણ.... વાલા૦ ૧
મસ્તક મુગટ જડાવનો, કાને કુંડળ મકરાકાર.... વાલા૦
જામો ઝળકે જરકશી, હૈડે મુક તાફલ હાર.... વાલા૦ ૨
બાજુ કાજુ બાંધિયા, કર કડાં છે નંગ જડિત.... વાલા૦
પીત પીતાંબર પે'રિયાં, જેમ શોભે નભ તડિત.... વાલા૦ ૩
સિદ્ધાનંદ મન ભાવતા, તમે પે'ર્યા છે શણગાર.... વાલા૦
થાળ ભરી ભરી મોતીડે, વધાવું વારમવાર.... વાલા૦ ૪

### રાગ : ગરબી — પદ-૧

એક સમે અમદાવાદમાં આવ્યા શામ સુજાણ,
મૂર્તિ શોભે મહારાજની ઊગ્યા સૂરજભાણ...૧
નવઘરું શિરે શોભતું, જાણે રવિનો ભાસ,
જોઈને મોહી સુરવનિતા, વિમાન છાયાં આકાશ...૨
મેઘાડંબર હરિ ઉપરે, ઈન્દ્રે ધર્યો તે વાર,
ચંદન પુષ્પની વૃષ્ટિ કરે બ્રહ્માદિ દેવ અપાર...૩
કેસર તિલક સોહામણું, શોભે ભાલ વિશાલ,
નાસા ભ્રૂકુટિ વાંકડી, ગાલે ટીબડીનો તાલ...૪
શોભે અધર અતિ રાતડા, માંહી મધુરીહાસ;
દાસ ગોપાલ કહે, દંતપંક્તિ કરે પ્રકાશ...૫

### પદ-૨

કુંડલ પહેર્યાં કાનમાં, નેત્ર અણિયાળાં લાલ;
કંઠે કૌસ્તુભમણિ શોભતો, પહેરી મોતીડાની માળ....૧
બાંયે બાજુબંધ બેરખા, હેમકડાં બે હાથ,
પહેરી સોના કેરાં સાંકળાં, શોભે ત્રિભુવન નાથ...૨
જામો જરીનો જાદવો, પહેર્યો અમુલી સાર,
ખંભે રેંટો ગુઢા રંગનો, ગળે ગુલાબી હાર...૩
કમર કટારો વાંકડો કર્યો વિહારીલાલ,

નાડી લટકે રૂડી હીરની, સોનેરી સુરવાલ...૪
તોડા પહેર્યા સોના તણા; પહેરી મોજડીયું પાય,
દાસ ગોપાલ કહે, જોઈને અંતર આનંદ થાય...૫

**પદ-૩**

આગે અસ્વારીને આંબલો, વાંસે મુનિનાં વૃંદ;
પડખે પાળાનાં જોડલાં, મધ્યે શોભે જગવંદ...૧
છત્રની શોભા શિર પર, ચમરના ઝોકાર;
નિશાન નેજા અબ્દાગરી, નેકી કરે પોકાર...૨
ભેળ ભુંગળ ને વાંસળી, મૃદંગ પડઘમ સાર;
ઢોલ નગારાં ગડગડે, વાજિંત્રનો નહિ પાર...૩
સામૈયાં લૈને શામને, આવ્યા હરિજન સાથ;
થાળ ભરીને મોતીયે વધાવ્યા દીનોનાથ...૪
આસુરી લાગ્યા બળવા, છાતી કૂટે બહુ પેર;
દાસ ગોપાલ કહે ઊલટાં, ખૂણે ખાતર પડ્યાં ઘેર...૫

**પદ-૪**

એવી શોભાને ધારતા, આવે મનોહરલાલ;
અમૃતની દૃષ્ટિ કરે, સૌને વધારે વા'લ....૧
ચૌટામાં ચાલ્યા શામળો, ભીડ મચી ભરપૂર;
ગુણીજન ભેટ્યું લૈને, આવ્યા હરિને હજૂર...૨
મેડી ઝરૂખે જાળીયે, ચડી હેરે પુર નાર;
પુષ્પ વેરે પારિજાતનાં, છાંટે ચંદનની ગાર...૩
નગરશેઠ હેમાભાઈ તેની માતાયે ઘેર;
સોનાના ફૂલડે વધાવીયા, શામસુદંર બહુ પેર...૪
પુર વાસી પાવન કરી, આવ્યા મંદિરમાં આપ;
દાસ ગોપાલ કહે બાળીયાં, કોટીજનમનાં પાપ...૫

**પદ-૫**

બેઠા સિંહાસન ઉપરે, સહજાનંદ સુખ ધામ;
ચારે કોરે સખા શોભતા, વચ્ચે છબીલો શ્યામ...૧

દુર્લભ સાહેબ આવીયા, કાને સુણી ભગવાન;
બલી રાજાની રીત્યે, અરપ્યું ભૂમીનું દાન...૨
પ્રભુ પાત્ર પોતે મળ્યા, સહજાનંદ સુજાણ;
સૂર્ય ચંદ્રની સાખ્યે, અર્પી ભૂમિ પરમાણ...૩
આશીર્વાદ આપી કરી, દીધો અભેવર આમ;
મુલકનો પાદશાહ જંદ્રેલ, પમાડ્યો અક્ષરધામ...૪
કરુણાસાગર કૃપા કરી, દીધો અભેવર સાર;
દાસ ગોપાલ કહે ટાળ્યા, જમપુરીના માર...૫

**પદ- ૬**

શ્રીપુર મધ્યે શોભતું, પ્રથમ કરીને ધામ,
પોતે મળી પધરાવીયા, નર નારાયણ નામ...૧
વિપ્ર ચોરાશી નાતના, તેડાવીને તતકાળ;
સામાન લઈ ગંજ મારીયો, જઈને કાંકરિયાની પાળ...૨
સીધાં સાકરનાં શામળે, આપ્યાં કરીને પ્યાર;
જતન કરીને જમાડીયા, વિપ્રનાં જૂથ અપાર...૩
કાંકરિયે દેરા તાણીયા, સો સો ગાઉની સીમ;
દળ દીસે રળિયામણું, માંહી છે અર્જુન ને ભીમ...૪
પુરનો રાજા આવીયો, અશ્વારી લઈ તે વાર;
દાસ ગોપાલ કહે પ્રકમા, કરે છે વારમવાર...૫

**પદ-૭**

નાહીને કાંકરીયાના નીરમાં, સખા સહિત તતકાળ;
આવીને મેમદાવાદમાં, બેટા જમવાને થાળ...૧
અગણિત અસુરો આવીયા, કરી નગારે ઠોર;
મારો મારો શબ્દ કરી, કરે કલોહલ જોર...૨
વૃષ્ટિ કરે તીખાં બાણની, નાખે બંધુક જંજાળ;
જમી ઊઠી ઘોડે ચડી, સ્વામી ગયા વહેલાળ...૩

આજ્ઞા આપી યુદ્ધ કરો, મારો જેમ તેમ થાય;
અગણિત ફોજો વાંસે જોઈ, અસુર ભાગ્યા જાય...૪
દાંતોમાં ખડ લઈ ભાગીયા, નાખી દીધાં હથિયાર;
દાસ ગોપાલ કહે મુખીયા, મારી નાંખ્યા બેચાર..૫

પદ-૮

સંવત અઢાર બ્યાસીયે, રંગ કરીને સાર;
નાંખ્યો સંતોના ઉપરે, થાળીયો ભરીને અપાર...૧
રસબસ કીધાં રંગમાં, સાધુ પાળા હરિજન;
નાંખે ગુલાબની ઝોળીયું, તે પર ત્રિભુવન...૨
તાકી મારે પિચકારીયો, મુખ ઉપર અલબેલ;
કીચડ થયો ભૂમિ ઉપરે, ચાલી છે રંગની રેલ...૩
કેસરિયા થઈ ઘનશ્યામજી, અશ્વે ચડી બલવીર;
ચાલ્યા સખાના સંગમાં, ન્હાવા ગંગાનાં નીર...૪
હાથી ઘોડા રથ પાલખી, સાધુ પાળાની ભીડ;
દાસ ગોપાલ કહે ઊતર્યા, જઈને સાબરને તીર...૫

પદ-૯

રંગ ભરેલા લાલજી, જળમાં ઝીલે બળવીર;
રાતાં થઈને વહેવા લાગીયાં, સાબરમતીનાં તીર...૧
પોતે ગંગાજી આવીયાં, મૂરતિમાન સાક્ષાત;
હાથ જોડીને હરિ આગળે, કહે પૂરવની વાત...૨
તમારા ચરણેથી શામળા, નોખી પડી બહુ કાળ;
સંત સહિત કૃપા કરી, આજ મળ્યા ગોપાળ...૩
ગંગાને ચરણે નિવાસ દઈ, અશ્વે થયા અસવાર;
મંદિરમાં સંતને જમાડીયા, ઘેબર મોતૈયા અપાર...૪
ભૂમિકા ભરત ખંડની, તેમાં ઉત્તમ આ શહેર;
દાસ ગોપાલ કહે સ્વામી, ફર્યા છે ઘેર ઘેર...૫

### રાગ : ધોળ

છોટી ઉંમરમાં માવજી રે, મેલી ચાલ્યા ઘરબાર રે;

શામળિયા છેલ છપૈયા પધારજો...ટેક૦

પ્રભાતે પ્રભુજી પધારિયા રે, અધમનો કરવા ઉદ્ધાર રે...શામ૦
વનની વાટે વહાલો ચાલિયા રે, આણી અંતરમાં ઉમંગ રે...શામ૦
પગમાં પહેરી નહિ મોજડી રે, અંગરખી નહિ અંગ રે...શામ૦
એકાએકી ચાલી નીસર્યા રે, જોવા રહ્યા નહિ જોડ રે...શામ૦
સૂતાં સંબંધીને મેલિયાં રે, પૂરા કર્યા નહિ કોડ રે...શામ૦
સખા શોધે ઘનશ્યામને રે, દિલમાં થઈ દિલગીર રે...શામ૦
ક્યાંય મળ્યા નહિ માવજી રે, નેણે વહે સહુને નીર રે...શામ૦
રામપ્રતાપ રૂએ ઘણું રે, ભાભી રૂએ ઘરમાંહી રે...શામ૦
છોટા બંધુ ઈચ્છારામજી રે, રૂએ કહી કહી ભાઈ રે...શામ૦
શ્યામને શહેરમાં શોધિયા રે, શોધિયા હાટ બજાર રે...શામ૦
અન્ન કોઈ જમે નહિ રે, નેણે વહે જળધાર રે...શામ૦
વનમાં વસે ઘણા દીપડા રે, સિંહ સૂવર શિયાળ સાપ રે...શામ૦
તેથી બીશો મારા વાલમા રે, પાછા વળી આવો બાપ રે...શામ૦
તમ વિના સહુ દુઃખિયા રે, સગાં કુટુંબ પરિવાર રે...શામ૦
પે'લાં પ્રીતમ સુખ આપિયાં રે, આ સમે દુઃખનો નહીં પાર રે...શામ૦
માતા વિના દુઃખી બાળકો રે, નીર વિના જેમ મીન રે...શામ૦
આંખો વિના દુઃખી આંધળો રે, તમ વિના છીએ તેમ રે...શામ૦
રાત દિવસ ના'વે નિંદરા રે, દિલમાં બહુ દુઃખ થાય રે...શામ૦
બદ્રિનાથ કહે તમ વિના રે, પળ તે કલ્પ સમ જાય રે...શામ૦

### રાગ : ધોળ – પદ-૧

જન્મ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથેજી;
આવ્યા ત્યારે શું લાવ્યા ને, શું લઈ જાવું સાથેજી. ૧
સવાર થાય ને સાંજ પડે છે, દિન ઉપર દિન જાયેજી;
આજ કાલ કરતાં આવરદા, જોને ઓછી થાયેજી. ૨

એક જન્મે ને એક મરે છે, સ્થિર નથી કોઈ ઠરવાજી;
મરી ગયા તે જન્મ ધરે ને, જન્મ ધરે તે મરવાજી. ૩
સંસાર સઘળો કાળ ચવાણો, કર્મવશ નર નારીજી;
દાસ નારાયણ કહે છે ભાઈઓ, કર્મ કરો વિચારીજી. ૪

**પદ-૨**

પ્રભાતે ફૂલડિયાં ફૂલે, સાંજે તે કરમાશેજી;
નિત્ય બાગમાં નવીન કળીયો, ખીલીને ખરી જાશેજી. ૧
એ પ્રમાણે જગત જાય છે, જળની પેઠે વહેતુંજી;
નાનાંમોટાં નિત્ય મરે છે, અમર નથી કોઈ રહેતુંજી. ૨
કુંભકરણને રાવણ સરખા, કાયા મૂકી ચાલ્યાજી;
કળિયા છળિયા બળિયા ચાલ્યા, હાથ ઘસીને ઠાલાજી. ૩
સુરાસુરને ઈંદ્ર ચંદ્ર, અવની તે પણ જાશેજી;
દાનવ ને માનવ મરવાના, કહ્યું છે નારણદાસેજી. ૪

**પદ-૩**

ભવસાગરમાં ભક્તિ હરિની, ઉતરવાનો આરોજી;
એ વિના ઉપાધિ બીજી, વેઠ તરીકે ધારોજી. ૧
સ્વપ્નાની સમૃદ્ધિ સર્વે, સ્વપ્ના સાથે જાશેજી;
જાગ્યા પછી કાંઈ મળે નહિ, એકેય વસ્તુ પાસેજી. ૨
જન્મ્યા પહેલાં જગત નહોતું, મુવા પાછળ નથીજી;
વચમાં વળગ્યું જૂઠા જેવું, કવિ કહે છે કથીજી. ૩
માયાનો પ્રપંચ રચ્યો છે, ખેલ ખલકનો ખોટોજી;
દાસ નારાયણ હરિ ભજીને, લાભ કરી લ્યો મોટોજી. ૪

**પદ-૪**

કાયા કાચો કુંભ ધૂળનો, ધૂળ પલકમાં થાશેજી;
પાપ કર્યાં તે માથે લઈને, જીવ એકલો જાશેજી. ૧
લખ ચોરાશી ચાર ખાણમાં, જન્મ ઘણેરા લીધાજી;

માત પિતા ને ભાઈ દીકરા, સગા સંબંધી કીધાજી. ૨
તે તો તારે અંત વખતમાં, કોઈ કામ ન આવ્યુંજી;
કોડી બદલે ગાફલ પ્રાણી, રામ રતન ગુમાવ્યુંજી. ૩
ક્ષણભંગુર આ દેહ ધર્યો તે, દેહ પલકમાં થાશેજી;
ભાવ ધરીને હરિ ભજી લ્યો, કહ્યું છે નારણદાસેજી, ૪

**પદ-૫**

શરીરનાં સંબંધી, સર્વે શરીર સાથે જાશેજી;
ઋણસંબંધે ભેગાં થઈને, અંતે અળગાં થાશેજી. ૧
શ્રાવણ મહિનાની વાદળિયો, વાયુથી વેરાયેજી;
એ પ્રમાણે સગાં સહોદર, થાયે ને વહી જાયેજી. ૨
ઝાકળના પાણી સરીખી, કાયા માયા જૂઠીજી;
વહાલાંને વિસારી જાવું, એક પલકમાં ઊઠીજી. ૩
હરતાં ફરતાં ખાતાં પીતાં, કાળ વસે છે પાસેજી;
જ્યારે ત્યારે પકડી લેશે, કહ્યું છે નારણદાસેજી. ૪

**પદ-૬**

કાદવ કેરા કુંભ કોડીયાં, કડૈયાં ને કોઠીજી;
છાલાંને પીયાલાં રૂડાં, લોટા અને લોટીજી. ૧
મહોલ માળીયાં ભાતભાતનાં, મેડીઓ બનાવીજી;
ઘટપટાદિ અનેક રચના, માટીની રચાવીજી. ૨
વસ્તુતાયે ધૂળતણું, તે ધૂળ ભેગું થાશેજી;
કાચી કાયા જૂઠી માયા, જોતાં જોતાં જાશેજી. ૩
સત્વર થઈને હરિ ભજીલ્યો, જન્મારો વહી જાશેજી;
બળતામાંથી બુકી લેવું, કહ્યું છે નારણદાસેજી. ૪

**પદ-૭**

નાશવંત આ દેહ વડેથી, અવિનાશી ફળ લેવુંજી;
પત્રાળાને જમી કરીને, બહાર ફેંકી દેવુંજી. ૧

મનગમતું મૂકીને મનવા, હરિ ગમતામાં રહેવુંજી;
દેહ ધર્યો તે દુઃખસુખ આવે, તેને વેઠી લેવુંજી. ૨
હરિજન ઉપર હેત કરીને, ભુધરજીને ભજવાજી;
ભક્તિમાં જે વિઘ્ન કરે તે, વેરી જાણી તજવાજી. ૩
બીજાં સર્વે કામ બગાડી, મોક્ષપંથ સુધારોજી;
દાસ નારાયણ હરિ ભજીને, સફળ કરો જન્મારોજી. ૪

### પદ-૮

જન્મ ધરીને શું શું કીધું, શું શું લીધું ભાતુંજી;
વ્હાલમને વિસારી દીધા, કીધી બીજી વાતુંજી. ૧
યમ ધર્મ તે લેખાં લેશે, કહાડી તારું ખાતુંજી;
જોરાવર છે જનતા દૂતો, તેની ખાશે લાતુંજી. ૨
કડકડતી કઢામાં નાખે, તેલ કરીને તાતુંજી;
અભાગિયા તેં જાણી જોઈને, દુઃખ લીધું વેચાતુંજી. ૩
હરિચરણનું શરણું છોડી, મન મેલ્યું અથડાતુંજી;
દાસ નારાયણ કે' છે હવે, જમપુરીમાં જા તુંજી. ૪

### પદ-૯

પ્રગટ પુરુષોત્તમનો મહિમા, ધારો ને વિચારોજી;
અહો ધન્ય આ હરિ ભજ્યાનો, અવસર આવ્યો સારોજી. ૧
મંગળ મૂર્ત્તિ મોહનવરની, અંતરમાં ઉતારોજી;
જાણરૂપ દરવાજે રહીને, કામ ક્રોધને મારોજી. ૨
સમજીને સત્સંગી થઈએ, લાભ અલૌકિક લેવાજી;
હરિકથાને કીર્ત્તન કરીયે, સદાય સુખના મેવાજી. ૩
તન મન અંતર સ્વચ્છ કરીને; સાચા સેવક થઈએજી;
દાસ નારાયણ હરિ ભજીને હરિસમીપે જઈએજી. ૪

### રાગ : ગરબી — પદ-૧

જાવું છે રે જાવું છે રે જાવું છે નેદાન, ભજ ભગવાન રે જીવ જાવું છે - ટેક૦
જાવું છે રે જાવું છે રે રહેવાનું છે કાચું, માને સાચું રે... જીવ૦ ૧
જાવું છે રે જાવું છે રે માલ ધન મેલી, ઠાલું ઠેલી રે... જીવ૦ ૨

જાવું છે રે જાવું છે રે આવું તન ત્યાગી, જોને જાગી રે... જીવ૦ ૩
જાવું છે રે જાવું છે રે આપો જમણે હાથે, આવે સાથે રે... જીવ૦ ૪
જાવું છે રે જાવું છે રે કહે નિષ્કુળાનંદ, ભજ ગોવિંદ રે... જીવ૦ ૫

### પદ-૨

ભૂલેમાં રે ભૂલેમાં રે આવું અંગ ભાળી, દેશે બાળી રે...ભાઈ ભૂલે માં-ટેક૦
ભૂલેમાં રે ભૂલેમાં રે તન નથી તારું, માને મારું રે... ભાઈ૦ ૧
ભૂલેમાં રે ભૂલેમાં રે દેખી દેહ રૂડી, છે જો કૂડી રે... ભાઈ૦ ૨
ભૂલેમાં રે ભૂલેમાં રે દેહ દેશે દાટી, થાશે માટી રે... ભાઈ૦ ૩
ભૂલેમાં રે ભૂલેમાં રે દેખી દેહ સારી, જોને વિચારી રે... ભાઈ૦ ૪
ભૂલેમાં રે ભૂલેમાં રે કહે નિષ્કુળાનંદ, સ્વામી સુખકંદ રે... ભાઈ૦ ૫

### પદ-૩

માનીલે રે માનીલે રે, માનીલે મન મારું, તો ઘણું સારું રે મન માનીલે ... ટેક૦
માનીલે રે માનીલે રે ખોટામાં શું ખૂંત્યો, તજને તું તો રે... મન૦ ૧
માનીલે રે માનીલે રે ધાઈશમાં ધન નારી, થાશે ખુવારી રે... મન૦ ૨
માનીલે રે માનીલે રે સાચાનો થા સંગી, મન બહુરંગી રે... મન૦ ૩
માનીલે રે માનીલે રે તાણ તારી તજી, હરિ લેને ભજી રે... મન૦ ૪
માનીલે રે માનીલે રે કહે નિષ્કુળાનંદ, ફીટે ભવફંદ રે... મન૦ ૫

### પદ-૪

વિચારે રે વિચારે રે વિચારે વીર વારું, તો ઘણું સારું રે વીર વિચારે ટેક૦
વિચારે રે વિચારે રે વિચારીને ચાલે, જાવું કાલે રે... વીર૦ ૧
વિચારે રે વિચારે રે વિચારીને બોલે, હરિ મ ભૂલે રે... વીર૦ ૨
વિચારે રે વિચારે રે સતસંગ કુસંગ, તો રહે રંગ રે... વીર૦ ૩
વિચારે રે વિચારે રે દુર્લભ આ દેહી, ગઈ આવે નહીં રે... વીર૦ ૪
વિચારે રે વિચારે રે કહે નિષ્કુળાનંદ, છેલ્લી છંદ રે... વીર૦ ૫

### રાગ : ગરબી — પદ-૧

જુઓ વિચારી આ સોબત સારી, એકાએકી ચાલ્યા ઊઠીજી...ટેક૦
કોઈક આજ કોઈક કાલ, અહીં રહ્યાની વાત જૂઠીજી... જુઓ૦ ૧

નાના ને મોટા નજરે નીરખતા, ગયા આપણા ગોઠીજી... જુઓ૦ ૨
દિનદિન પ્રત્યે અંગરંગ પલટે, ખેતવાળ કાળ કોઠીજી... જુઓ૦ ૩
કર્મ વિકર્મ કર્યાં જેણે જેવાં, તેવી પલાણી ચાલ્યા પોઠીજી... જુઓ૦ ૪
નિષ્કુળાનંદ કહે ભજીલે ગોવિદ, તું જીત્યો હારી જામાજી... જુઓ૦ ૫

પદ-૨

કાળ વિકાળ વેરી શિર ગાજે, ચેતો ચેતો નર નારીજી... ટેક૦
જે કોઈ જન્મ્યું તે જાશે જરૂર, જુઓને મનમાં વિચારીજી... કાળ૦ ૧
દેવદાનવ માનવ મુનિવર, રહે નહિ તન ધારીજી... કાળ૦ ૨
કોઈક જીતી જશે જગતમાં, કોઈ જાશે મૂડી હારીજી... કાળ૦ ૩
કેડા મોર કહ્યું નહિ કોઈ, સહુ સંત કહે છે પોકારીજી... કાળ૦ ૪
નિષ્કુળાનંદ કહે ભજીલે ગોવિંદ, માની શિખામણ મારીજી... કાળ૦ ૫

પદ-૩

જૂઠી માયા કાયા પણ જૂઠી, તેમાં લોભાણો શું લ્હેરીજી... ટેક૦
તેં તો જાણ્યું જે જીવીશ જુગ ચારે, માથે ન દીઠો કાળ વેરીજી...જૂઠી૦ ૧
માત તાત કેના સુત સંબંધી, કેના માલ ધન મેડીજી... જૂઠી૦ ૨
અંતકાળે કોઈ કામ ન આવે, જ્યારે લીયે જમ ઘેરીજી... જૂઠી૦ ૩
ભુલવણીમાં ભૂલ્યો ભગવંત, ખાધાં ફળ ઝાઝાં ઝેરીજી... જૂઠી૦ ૪
નિષ્કુળાનંદ કહે ભજીલે ગોવિંદ, માની વાત સંત કેરીજી... જૂઠી૦ ૫

પદ-૪

પરદેશી છે આ પ્રાણી પરોણો, તે રહી રહીને કેટલુંક રહેશેજી... પર ટેક૦
ચાલુ ચાલુ નિત્ય ચિત્ત ચિંતવે છે, ચાલી અચાનક દેશેજી... પરદેશી૦ ૧
મારું મારું કરી મમતે મરે છે, ચાલતાં શું લઈ લેશેજી... પરદેશી૦ ૨
માયા મોહમાં અતિ ભરમાણો, ઉપદેશ અંતર ન પેસેજી... પરદેશી૦ ૩
જતી વેળા કહેશે કાંઈ ન માણ્યો, કેડે કાણિયા એમ કહેશેજી...પરદેશી૦ ૪
નિષ્કુળાનંદ કહે ભજીલે ગોવિંદ, આ વાત હૈયામાં જો બેસેજી...પરદેશી૦ ૫

પદ-૧

જીવ ! તું બ્રહ્મરસ ભોગવનાર, શીદને માયાનો ખા માર.
માયા નગણી ઠગણી ભારે કહેતાં નાવે પાર,

ચૌદ લોકને ચાવી રે નાખે, એક પલક મોજાર...જીવ તું૦ ૧
અષ્ટસિદ્ધિ નવનિધિ એ આદિ અનંતશક્તિ અપાર;
કામ ક્રોધ મદ લોભ એ સર્વે માયાનાં હથિયાર...જીવ તું૦ ૨
નિજ બળથી લડવું એ સામે કઠણ કામ આ વાર;
નારદ શિવ બ્રહ્માદિક હાર્યા તો તું કોણ વિચાર...જીવ તું૦ ૩
ગુરુશરણું કર ઢાલ ધરી વળી જ્ઞાન રૂપી તલવાર;
ભજનફોજ લઈ ચાલો રે જીવડા લડશું ત્યાં બહુવાર...જીવ તું૦ ૪
હિંમત ધારી રણમાં પડશો ડરશો નહીં લગાર;
પાછાં પગલાં કદી નવ ભરશો તો થાશો ભવપાર...જીવ તું૦ ૫
થશે કસોટી ખરી તમારી તો રીઝે કિરતાર;
દાસ હરિનો સ્વામી રે દેશે બ્રહ્મરસનો ભંડાર...જીવ તું૦ ૬

**વૃત : ઉપજાતિ પદ-૧**

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધા પાતક બાળી દેશે,
છે નામ મારા શ્રુતિમાં અનેક, સર્વોપરિ આજ ગણાય એક. ૧
જો સ્વામિનારાયણ એક વાર, રટે બીજા નામ રટ્યાં હજાર,
જપ્યા થકી જે ફળ થાય એનું કરી શકે વર્ણન કોણ તેનું. ૨
ષડક્ષરી મંત્ર મહા સમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ,
સુખી કરે સંકટ સર્વ કાપે, અંત વળી અક્ષરધામ આપે. ૩
ગાયત્રીથી લક્ષ ગણો વિશેષ, જાણે જ જેનો મહિમા મહેશ,
જ્યાં જ્યાં મહામુક્તજનોવાસય, આ કાળમાં તો જપ એજ થાય. ૪
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાસી જાય,
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મોક્ષ લેશે. ૫
ષડ્ક્ષરો છે ષટ્શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર,
છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વ ક્રિયામાં સમરો સદાયે. ૬
જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી તણો તે પણ મોક્ષ થાય,
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્બુદ્ધિ જાગે. ૭

પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્ય સ્મરવું સનેહે,
જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય. ૮
જેણે મહાપાપ કર્યા અનંત, જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનું સંત,
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતા. ૯
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર,
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહેજ તેનું. ૧૦

**પદ-૧**

**(મહીડાનાં દાણ અમે નહિ દઈએ રે લોલ એ રાગ)**

નીરખી નયણાને તૃપ્તિ ના વળે રે લોલ,
મૂર્તિ માધુરી એની રમ્ય રે
શ્રીજીના સ્નેહ મને સાંભરે રે લોલ...ટેક૦
દયાનાં ભરેલ એનાં દિલડાં રે લોલ,
આંખડી ભરેલ અમીરેલ રે...શ્રીજીના૦ ૧
ઘોડલે ચડીને ઘેલે પરવરે રે લોલ;
ખાંતે ખેલે તે નીરમાંય રે...શ્રીજીના૦ ૨
ગઢપુર ગામ કેરે ગોંદરે રે લોલ;
ઝંખતી જુએ જન-ભીડ રે...શ્રીજીના૦ ૩
દાદાને દરબાર દીપતા રે લોલ;
ઢોલિયા ઢળાવી બેસે બહાર રે...શ્રીજીના૦ ૪
ફરતી ફળીમાં એક લીંબડી રે લોલ;
છાયામાં જામે ભકતભીડ રે...શ્રીજીના૦ ૫
તુલસીની માળા માગી ફેરવે રે લોલ;
ખેંચે તોડીને કોઈ દિન રે...શ્રીજીના૦ ૬
ગાયે વાજિંત્ર સાથ મંડળી રે લોલ;
ચપટી વગાડી વાલો ગાય રે...શ્રીજીના૦ ૭
આંટો લઈને અલબેલડો રે લોલ;
ફેટો બાંધીને બન્ને છેલ રે...શ્રીજીના૦ ૮

સુણતા કથા તે હરે બોલતા રે લોલ;
ડોલે મગન સુણી મર્મ રે...શ્રીજીના૦ ૯
આપી આશિષ રાજી થઈ જતા રે લોલ;
સંતને ભેટે તે ભરી બાથ રે...શ્રીજીના૦ ૧૦
દયા ધરીને થતા આકળા રે લોલ;
દેવાને અન્ન ધન વસ્ત્ર રે...શ્રીજીના૦ ૧૧
ઝડીએ તે બ્રહ્મરસ વર્ષતો રે લોલ;
ઝીલીને ઝીલાવે 'વસંત' રે...શ્રીજીના૦ ૧૨

**રાગ : પીલું**

લોજની વાવ ઉપર અવતારી, બેઠા આવી બટુક બ્રહ્મચારી...લોજ૦
નારી નગરની આવી જળ ભરવા, તેણે નીરખ્યા ત્યાં નવલવિહારી...૧
દુર્બળ દેહ દેખી દયા ઉપજી, નાથજી પ્રત્યે બોલી સહુ નારી...૨
બટુક તમે કીયે દેશ વસો છો, કોણ પિતા કોણ માત તમારી...૩
કેમ તજ્યું ઘરબાર કહોજી, રીસથી કે વૈરાગ્ય વિચારી...૪
કોમળ કમળ સમાન તનુ છે, દેખી દયા ઊપજે ઉર ભારી...૫
વિચર્યા હશો કેમ કરી મહાવનમાં, જેમાં વાધ વરૂ ભયકારી...૬
ભૂખડીમાં કોણ સુખડી દેતું, વિમળ કોણ પાતું હશે વારી...૭
ઝડીયો પડે વરસાદની જયારે, કોણ કરતું હશે છત્ર સંભારી...૮
આ તનને ઘટે શાલ દુશાલા, તે તમે વલ્કલ લીધાં છે ધારી...૯
કંચન ઝારી ઘટે જલ પીવા, તે તમે કરમાં ધરી છે કઠારી...૧૦
જે શિર ઉપર મુગટ શોભે, તે શિર પર જટા આપે વધારી...૧૧
વાહન હાથી ઘોડા ઘટે છે, મોજડી પણ તમે મેલી વિસારી...૧૨
વર્ણીજી વ્હાલા વિશેષ લાગો છો, મૂર્ત્તિ ઠરે વૃત્તિ અમારી...૧૩
બોલો બોલો બાળા બ્રહ્મચારી, આપતણી છબી વિશ્વથી ન્યારી...૧૪
સૂરજ છો કે સદાશિવ છોજી, કે અક્ષરપતિ આવ્યા મોરારી...૧૫
જે પિતુમાત થકી તમે પ્રગટ્યા, ધન્ય ધન્ય તે જગમાં જયકારી...૧૬
ચાલો બટુક તમે ભુવન અમારે, જુગતે રસોઈ જમાડીશું સારી...૧૭
શોભા જોઈ તમારા શરીરની, કોટીક કામ તણી છબી હારી...૧૮

શાલીગ્રામનો બટવો ગળામાં, કર જપમાળ ધરી અઘહારી...૧૯
વિશ્વવિહારીલાલ અમારું, રક્ષણ કરજો સદા સુખકારી...૨૦

**પદ-૧**

પારણીયું બંધાય મા જસોદાજી ગાય
લાલો મારો પારણીયામાં ક્યારે પોઢી જાય.....
મારા લાલને હીંચકે હીંચાવુ હું તો ગીત મધુરાં રે ગાવું,
મારો લાલો લાલમલાલ એના ગુલાબી છે ગાલ,
કેવો સુંદર સોહાય પારણીયું બંધાય.....૧
હું તો ચાહું કે જલદી ન જાગે એને કોઈ રમવા ન માગે,
એને બાંધ્યો છે કાળે ધાગે એ કોઈની નજર નવ લાગે,
મારો લાલો શરમાય એતો જોયું ન જોવાય,
મારૂં મનડું દુભાય પારણીયું બંધાય.....૨
જ્યારે કનૈયો મોટો થાશે ત્યારે ગાયે ચરાવાને જાશે,
હું તો મોટો કરુ એવી આશે મારૂ નામ અમર ગવાશે,
દાસ પુનીત ગાય શ્યામજી વારી જાય,
વળી વારે વારે ગાય પારણીયું બંધાય.....૩

## શ્રીજી બાવની

જય જય સ્વામી સહજાનંદ, આશ્રિતજનને મન આનંદ .... ૧
જય જય શ્રીજી કરૂણાધીશ, તવ ચરણોમાં નામું શીશ .... ૨
કરો કૃપાદષ્ટિ ભગવાન, આપો મુજને ભક્તિ-જ્ઞાન .... ૩
માગું કરજોડી તવપાસ, મુજ હૃદયમાં કરજો વાસ .... ૪
સરજુ કિનારે સુંદર ગામ, નિર્મળ છે છપૈયા ધામ .... ૫
સામવેદી છે વિપ્ર તમામ, જનમ્યા ત્યાં શ્રીજી ઘનશ્યામ .... ૬
છપૈયામાં જન્મ ધરી, ધર્મભક્તિ કુળ પાવન કરી .... ૬
આઠ વર્ષમાં ઉપવીત ધરી, અગિયાર વર્ષે વન વિચરી .... ૮
લોજ પૂરે વસિયા જઈ આપ, હરવા ભક્તોનાં સંતાપ .... ૯

દીક્ષા દીધી રામાનંદ, શુભનામ દઈ સહજાનંદ .... ૧૦
ગઢપુર આવી વસિયા નાથ, ઉત્તમનૃપનો ઝાલ્યો હાથ .... ૧૧
નિજ જનના છો પ્રાણજીવન, તવ ચરણે ગઢપુર પાવન .... ૧૨
અનેક યજ્ઞો આપે કર્યા, ભક્તજનોનાં સંકટ હર્યા .... ૧૩
શિક્ષાપત્રી સદ્‌ગ્રંથ કર્યો, વચનામૃતથી સંશય હર્યા .... ૧૪
સ્વામિનારાયણ પ્રગટ્યા આપ, કરવા શાંત ત્રિવિધ તાપ .... ૧૫
શ્રી ઘનશ્યામ તમારું નામ, સહજાનંદજી પૂરણ કામ .... ૧૬
જે મુખે સહજાનંદ ગાય, તેનાં દુઃખો દુર પલાય .... ૧૭
નારાયણ મુનિ શુભ નામ, ભક્તજનોની પૂરે હામ .... ૧૮
હરિકૃષ્ણ હૃદિયામાં ધરે, તેના મનોરથ પૂરણ કરે .... ૧૯
'નીલકંઠ' બ્રહ્મચારી નામ, જપવાથી અંતર આરામ .... ૨૦
'શ્રીજી' 'શ્રીજી' નામ ઉચ્ચાર, સરજુદાસ કરશે ભાવપાર .... ૨૧
રામકૃષ્ણ ચોવીસ અવતાર, તેણે હણિયા અસુર અપાર .... ૨૨
ધર્મ એકાંતિક સ્થાપન કાજ, અવનિ ઉપર પ્રગટ્યા આજ .... ૨૩
અનંત પરચા આપ્યા તમે, ભક્તભેરૂ થયા વિકટ સમે .... ૨૪
રૈવતગિરિ દત્તાત્રેય ધામ, દત્ત ચરણ પર શ્રી ઘનશ્યામ .... ૨૫
ઉભા દત્તરૂપે થઈ આપ, પૂજારી કરીઓ નિષ્પાપ .... ૨૬
નરસૈયાને ચોરે જઈ, રાસમંડલને દર્શન દઈ .... ૨૭
હાટકેશ્વર જીરણગઢ ધામ, શિવ સેવકને દીધા દામ .... ૨૮
રાવણ, કંસ, અસુર તમામ, કામ ક્રોધ લોભના ગુલામ .... ૨૯
એ કામ, ક્રોધને જીત્યા તમે, કર્યા પરમહંસ સૌને ગમે .... ૩૦
ચોવીસ અવતારોનાં રૂપ, ચોવીસ તીર્થંકર સુખ રૂપ .... ૩૧
ચોવીસ પેગંબર રૂપ શ્યામ, તમે દીધાં દર્શન સુખધામ .... ૩૨
કાઠી, કોળી, પરધન હરે, ધાડપાડુના ધંધા કરે .... ૩૩
અફીણ દારૂ મુખથી જમે, તેને માળા આપી તમે .... ૩૪
મહા ચરોતરની મોઝાર, ચોર ચોર તણો સરદાર .... ૩૫

જોબન પગીની વાગે હાક, તેને શરણ લઈ કરીઓ પાક .... ૩૬
પાપી જે કરતા પંચ પાપ, તેને તો કીધાં નિષ્પાપ .... ૩૭
દર્શન દઈ જપાવ્યા જાપ, અવતારના અવતારી આપ .... ૩૮
ધર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, ઉપજાવ્યો તેનો અનુરાગ .... ૩૯
જીવ, માયા, ઈશ્વરના રૂપ, બ્રહ્મ અને પરબ્રહ્મ સ્વરૂપ .... ૪૦
તેનું દીધું જ્ઞાન અનુપ, એકાંતિક ધર્મે સુખરૂપ .... ૪૧
આત્મસ્વરૂપ અનુભવ જ્ઞાન, ભલુ કરી દીધું ભગવાન .... ૪૨
વિષ્ણું શિવ બ્રહ્માદિક દેવ, પુરુષોત્તમની કરતા સેવ .... ૪૩
અમે સત્સંગી તમારા બાળ, સદા અમારી લો સંભાળ .... ૪૪
સત્સંગ મંડળ માગે ફરી, તવ ચરણોમાં રાખો હરિ .... ૪૫
અલ્પ મતિથી કરું સ્તવન, સ્વીકારી સુખ દ્યો ભગવાન .... ૪૬
છેલ્લી અરજ તમારી પાસ, અક્ષરધામે દેજો વાસ .... ૪૭
માંગુ છું કર જોડી ખાસ, વચન દીઓ મુજ હૃદયે વાસ .... ૪૮
દાસ જાણીને પૂરો હામ, નખશિખ મૂર્તિ શ્રી ઘનશ્યામ .... ૪૯
માગે તીર્થ માધવા નંદ શરણ તમારું સહજાનંદ .... ૫૦
શ્રીજી બાવની જે કોઈ ગાય, સહજાનંદજી કરશે સહાય .... ૫૧
અંતરમાં થાશે આનંદ, બોલો સહુ જન સહજાનંદ .... ૫૨

# (૧) શ્રીહરિ જન્મોત્સવ

**રાગ : ગરબી**

સ્નેહભર્યા નયને નિહાળતાં હો વંદન આનંદ ઘનશ્યામને.
અમિમય દષ્ટિએ નિહાળતાં હો વંદન આનંદ ઘનશ્યામને.
છપૈયાપુરમાં વાલો આપે પ્રગટ થયા.
ધર્મ ભક્તિને ઘેર આનંદ ઉત્સવ થયા.
સંતોને આનંદ ઉપજાવતા હો...વંદન૦ ૧
બાળચરિત્ર કરી આપે વન વિચર્યા,
તીર્થમાંહી ફરી જીવો પાવન કર્યા,
નીલકંઠ નામ ધરાવતા હો...વંદન૦ ૨
વલ્કલ વસ્ત્ર ધરી પુલહાશ્રમે રહ્યા,
બ્રહ્મરૂપ તેજ કરી મોટા જોગી થયા;
નિજ સ્વરૂપ સમજાવતા હો...વંદન૦ ૩
લોજપુર ધામ રહી સરજાુદાસ કાવીયા,
સર્વોપરી જ્ઞાન કહી સંતોને રિઝાવીયા,
મુક્તાનંદ પ્રેમ થકી પૂજતા હો...વંદન૦ ૪

**રાગ : માલીગાડો-પદ-૧**

પ્રેમવતી સુત જાયો અનોપમ, બાજત આનંદ બધાઈ હો;
પ્રગટ ભયે પૂરણપુરુષોત્તમ, સુરસજ્જન સુખદાઈ હો... પ્રેમ૦ ૧
જય જય શબ્દ ભયો ત્રિભુવનમેં, સુરનર મુનિજન હરખે હો;
સહસા ત્રાસ ભયો અસુરન ઉર, વામ નયન ભુજ ફરકે હો... પ્રેમ૦ ૨
નિર્મળ ભયો આકાશ દશોદિશ, ઉડગન અમલ પ્રકાશે હો;
પ્રફુલિત ભયે સંતમનપંકજ, ખલ નલિનિજીમી ત્રાસે હો... પ્રેમ૦ ૩
બજત દુંદુભિ વિબુધ ગગનમેં, બરખે સુમન હરખાઈ હો;
પ્રેમમગન નાચત સુરનારી, મુક્તાનંદ બલજાઈ હો... પ્રેમ૦ ૪

### રાગ : ધોળ

પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે, ભક્તિ માતા ધર્મ તાતનું નામ રે;
કૌશળ દેશમાં ધર્યો અવતાર રે, નોમ અજવાળી રૂડો ચૈત્ર માસ રે;
તેડાવો જોશી ને પુછાવો નામ રે, નામ ધર્યુ રૂડું શ્રીઘનશ્યામ રે;
મુખડું શોભે અતિ બાલુડે વેષ રે, સુંદર ભુરા માથે નાના કેશ રે;
હરખે ઝુલાવે માતા દૂધસાકર પાય રે, માતાને મન વહેલા મોટા થાય રે;
રડતા રમાડતા પારણિયે પોઢાડે રે, રેશમી દોરી લઈ હીંચકાવે રે;
પોઢો પોઢો પ્રભુ જગના આધાર રે, પ્રેમાનંદ નિત નવી લીલા ગાવે રે;

### રાગ : ગરબી – પદ-૧

સોનાના બોર ઝુલે નંદકિશોર, પ્યારાને પારણે સોનાનાં બોર.
હીરા માણેક બહુ જડિયાં પારણિયે, કાજુ શોભે છે રૂડી મોતીડાની કોર... પ્યારા૦ ૧
કોઈક કાનાને નેણે સારે કાજળિયું, કોઈક બનાવે રૂડી કસ્તુરીની ખોર... પ્યારા૦ ૨
હીલો ગાવે ને માતા હરિને ઝુલાવે, હાથે ગ્રહી છે રૂડી હીરલાની દોર...પ્યારા૦ ૩
બ્રહ્માનંદ કહે મુખ રસિયા વા'લમનું, ગોપી જુવે છે જેમ ચંદ્ર ચકોર...પ્યારા૦ ૪

### પદ-૨

ધર્મકુમાર મારા હેડાનો હાર, ઝુલે પારણિયે ધર્મકુમાર;
કંકુડા વરણું કહાન કુંવરનું મુખડું, જોઈને મોહી છે વ્રજડાની નાર...ઝુલે૦ ૧
કોડે કોડે રે ઝાઝું હેત કરીને, લૂણ ઉતારે માતા વારમવાર... ઝુલે૦ ૨
હીલો ગાવે ને ગોપી હરિને ઝુલાવે, ભીડ મચી છે નંદજીને દ્વાર... ઝુલે૦ ૩
બ્રહ્માનંદનો વા'લો લટકાળો લાલો, અજબ રંગીલો છેલો પ્રાણ આધાર... ઝુલે૦ ૪

### પદ-૩

સંતોના શ્યામ દોયલી વેળાના દામ, પોઢ્યા પારણિયે સંતોના શ્યામ ટેક૦
મુખડું જોવા માવાનું આવે મુનીશ્વર, અરજ કરે છે ઊભા નંદજીને રે ધામ... પોઢ્યા૦ ૧
વારા ફેરી ઝુલાવે રસિયા વાલમને, ગોપી મેલીને ઘરડાનાં રે કામ... પોઢ્યા૦ ૨
કાલું બોલે છે વા'લો મનડાને મો'તા, રોતા રહે છે છાના રાધાને નામ... પોઢ્યા૦ ૩
બ્રહ્માનંદનો વાલો જન્મ સંગાથી, વ્રજના વાસીને ઠરવાનુ રે ઠામ... પોઢ્યા૦ ૪

## પદ-૪

બાલુડે વેશ માથે શોભે છે કેશ, વહાલો રમે છે મારો બાલુડે વેશ ટેક૦
અખિલ બ્રહ્માંડનો કરતા અખંડિત, નાથ કરે છે લીલા નંદજીને નેસ... વહાલો૦ ૧
રસિયા પ્રીતમને ગોપી તેડી રમાડે, જેના મહિમાનો પાર પામે ન શેષ... વહાલો૦ ૨
દેખી પંખીને મારો શ્યામ ડરે છે, ધ્યાન ધરે છે જેનું શિવજી હંમેશ... વહાલો૦ ૩
બ્રહ્માનંદનો પ્યારો જીવન મારો, લાલ આંખડલીમાં રાખીને લેશ... વહાલો૦ ૪

## રાગ : કાફી-પદ-૧

સ્વામી પ્રગટ થયા તે સહુ સાંભળો રે, સાધુજનને અલૌકિક સ્વાદ,
ગુણ ગાઈએ પવિત્ર ધર્મવંશના રે-ટેક.
જેની માતા ભક્તિ નામે મહાસતી રે, પિતા પાંડે હરિપ્રસાદ-ગુણ.
ગુણવંત છપૈયા એક ગામ છે રે, પાસે અવધનગર મોટું ધામ-ગુણ.
ચૈત્ર શુક્લનવમીએ પ્રભુ જન્મિયા રે, હરિકૃષ્ણ ધર્યું છે શુભનામ-ગુણ.
બાળલીલા કરે છે બહુ ભાતની રે, માતપિતાને હર્ષ ન માય-ગુણ.
વ્હાલો ચંદ્રકળાની પેરે વધતા રે, નરનારી જોઈને ખુશી થાય-ગુણ.
આઠ વર્ષે પામ્યા તે ઉપવિતને રે, તજ્યું ભુવન આણીને વૈરાગ્ય-ગુણ.
ગુણ ચરિત્ર મનોહર ગાવવા રે, મળ્યો બ્રહ્માનંદને માગ-ગુણ.

## રાગ : રામકલી પદ-૧

માતા પ્રેમવતી ઝુલાવે કુંવર પારણે,
ઝુલે રૂપાળો રંગભીનો રાજીવનેણ, માતા૦ ૧
મુખડું નીરખી નીરખી જાયે હરિને વારણે,
બોલે ખમ્મા ખમ્મા કહી માતા મધુરાં વેણ... માતા૦ ૨
ઘડિયું વિશ્વકર્માએ પારણિયું બહુ શોભતું,
જડીયા પારણિએ મણિ હીરા રત્ન અપાર; માતા૦ ૩
ઓપે ઓસરીએ નરનારીનાં મન લોભતું,
ઝળકે સૂરજના રથ સરખું બિંબાકાર... માતા૦ ૪
પોઢ્યા પારણીયે હરિકૃષ્ણ ધર્મસુત શ્રી હરિ,
પ્રગટ્યા પુરુષોત્તમજી અધમ ઓધારણ હાર; માતા૦ ૫

માતા હિલો ગાવે ઝુલરાવે પ્રીતે અતિ,
વહેલા મોટા થાઓ હૈડા કેરા હાર... માતા૦ ૬
માતા માખણ સાકર જમાડે જગદીશને,
જમો જીવન મારા પ્રાણ તમે ઘનશ્યામ. માતા૦ ૭
નિરખી હરખે માતા અખિલભુવનપતિ ઈશને,
પ્રેમાનંદના સ્વામી પ્યારા પુરણકામ. માતા૦ ૮

પદ-૨

માતા પારણિયે ઝુલાવે શ્રી ઘનશ્યામને,
સુદંર રેશમ કેરી દોરી લઈને હાથ... માતા૦ ૧
માતા હિલો ગાવે લઈ લઈ હરિનાં નામને,
ઝુલો ધર્મકુંવર પ્રભુ સુરનર મુનિના નાથ... માતા૦ ૨
વાજે પારણિયે બહુ ધણણણણણણણ ઘંટડી,
ચરણે ઝણણણણણણણ ઝાંઝરનો ઝણકાર; માતા૦ ૩
ખણણણણણણણ ખણકે ઘુઘરડી હેમે જડી,
ગણણણણણણણ ઝણણે ઘુઘરડાની હાર... માતા૦ ૪
બોલે પાંજરિયે બહુ પક્ષી હરિને આગળે,
મેના પોપટ કુર્કુટ કોયલ મોર ચકોર; માતા૦ ૫
ભીતે આલેખ્યાં બહુ ચિત્ર મનોહર કાગળે,
તેને જોઈ જોઈ રાજી થાયે ધર્મકિશોર... માતા૦ ૬
આગે અનંત ભાતનાં રમકડલાં આણી ધર્યાં,
ચકરિ ભમરા ઘુઘરા કોયલ આદિ અપાર; માતા૦ ૭
ચૂસે સોના કેરું ચુસણીયું હરખે ભર્યા,
પ્રેમાનંદના સ્વામી સુંદર ધર્મકુમાર... માતા૦ ૮

પદ-૩

ઝુલે પારણિયે શ્રી પુરુષોત્તમ કમલાપતિ,
જેનો પાર ન પામે શિવ બ્રહ્મા મુનિશેષ... ઝુલે૦ ૧

એ તો અખિલ ભુવનના કર્તા હર્તા છે અતિ,
શોભે નર નાટક ધરી હરિ બાલુડે વેષ... ઝુલે૦ ૨
જેના એક રોમે કોટિ બ્રહ્માંડ ઊડતાં ફરે,
જેની ભ્રકુટિ જોઈને થર થર કંપે કાળ; ઝુલે૦ ૩
તે પ્રભુ પ્રાકૃત બાળકની પેઠે રુદન કરે,
ઊડે ચકલાં તે જોઈ બીયે દીનદયાળ... ઝુલે૦ ૪
જેની શિવબ્રહ્માસનકાદિક પૂજે ચાખડી,
જેના વારણીયા લઈ વન્દે મુક્ત અનેક, ઝુલે૦ ૫
કંપે કાળમાયા જેની ભૃકુટિ જોઈને વાંકડી,
એવો અનંત શક્તિધર અક્ષરપતિ પ્રભુ એક... ઝુલે૦ ૬
તે પ્રભુ પ્રગટ્યા દ્વિજકુલ નિજજનને સુખ આપવા,
કરવા ઘોર કળિમાં અનેક પતિત ઉદ્ધાર; ઝુલે૦ ૭
આવ્યા અવનિ ઉપર ધર્મ એકાંતિક સ્થાપવા,
એવા પ્રગટ હરિ પર પ્રેમાનંદ બલિહાર... ઝુલે૦ ૮

### પદ-૪

માતા પ્રેમવતી ઝુલાવે સુત ઘનશ્યામને,
નીરખી રૂપ મનોહર હૈડે હરખ ન માય... માતા૦ ૧
માતા પયનું પાન કરાવે પૂરણકામને,
લીએ વારણીયા અતિ હરખે હિલો ગાય... માતા૦ ૨
માતા આંજણ લેઈ અણિયાળી આંજે આંખડી,
નીરખે પૂરણ ચંદ્ર સરીખું વદન વિશાળ... માતા૦ ૩
હરિની આંખલડી કમળ કેરિ પાંખડી,
નાસા નમણી સુંદર દીપે અધર પ્રવાળ... માતા૦ ૪
હરિને કંઠે કૌસ્તુભ હાંસલડી રતને જડી,
કેડે કંદોરામાં કનક ઘુઘરડી ચાર... માતા૦ ૫
માતા આંખલડી આગેથી ન મેલે એક ઘડી,
મુખડું ચુંબી દુઃખડાં લીએ વારંવાર... માતા૦ ૬

હરિને શ્યામ શરીરે અંગરખી અતલસતણી,
માથે કિનખાપની ટોપી રતન જડાવ... માતા૦ ૭
શોભે શોભાસાગર પારણીયે શોભામણી,
જોવા પ્રેમાનંદના ઉરમાં પરમ ઉછાવ... માતા૦ ૮

**રાગ : કાફી – પદ-૧**

સહજાનંદ હરિ, પ્રગટ થયા સહજાનંદ હરિ... ટેક૦
વ્યાસમુનિએ જે પૂર્વે કહી'તી, તે વાત સાચી કરી... પ્રગટ૦ ૧
કૌશલ દેશમાં પ્રગટ્યા પોતે, દ્વિજકુળ દેહ ધરી... પ્રગટ૦ ૨
અધર્મ કેરાં મૂળ ઉખાડી, સદ્ધર્મ સ્થાપ્યો ફરી... પ્રગટ૦ ૩
નિષ્કુળાનંદ કહે દુર્ગપુર આવ્યા, નીરખ્યા મેં નેણાં ભરી... પ્રગટ૦ ૪

**રાગ : હાલરડું પદ-૧**

અયોધ્યા સરયુતટે સંભળાય, મધુર જળ તરંગ હાલરડું,
છપૈયા ગામ સીમાડે ગવાય, મીઠે સુર પક્ષીનું હાલરડું - અયોધ્યા૦
સરવરિયા બ્રાહ્મણ કુળ એ, ધર્મ - ભક્તિને ગૃહ મંદિરિયે,
ઈશ્વરનો અવતાર થાય, ચોઘડિયાં ચલવે હાલરડું - અયોધ્યા૦
સંવત અઢારસો સાડત્રીશ, ચૈત્ર સુદિ નવમીની રાત્રિ,
જનમ્યા રામ રૂપે ભગવાન, ફેલાયું આનંદ હાલરડું - અયોધ્યા૦
અપ્સરા ગંધર્વો ત્યાં આવે, નંદનવન-ફુલડે વધાવે,
શ્રીજીને પારણિયે પધરાવે, કિન્નરગણ ગાયે હાલરડું - અયોધ્યા૦
દેવ દેવી જાહ્નવી જળની, ભરી લાવી સુવર્ણ ગાગરડી,
કેસરિયાં સ્નાન કરાવે, ગાયે ગરવે હાલરડું - અયોધ્યા૦
નરનારી બાળ ઉભરાયે, હીરા મોતીની માળા ધરાવે,
ઝરિયાની પોશાક પેરાવે, સુણાવે સૂરીલું હાલરડું - અયોધ્યા૦
માતા પ્રેમવતી હુલસાવે, નવરત્ન હીંચોળે હીંચાવે,
સોહે ગાવે સકલ સંસાર, સહજાનંદનું હાલરડું - અયોધ્યા૦
રાજા રાણી સંત મહંત, દર્શને આવે છે અનંત,
તે તો તરે છે ભવસાગર, સહજાનંદનું હાલરડું - અયોધ્યા૦

# (૨) ધર્મકુળ મહિમા ના પદ

### પદ-૧

બલિહારી ઘનશ્યામ સુંદરની, અક્ષરધામના સ્વામી રે,
ધર્મતણે ઘેર પ્રગટ થયા હરિ, જગપતિ અંતરજામી રે. ૧
કરુણા રસ અતિ પ્રગટ કરીને, પાર કર્યા નરનારી રે,
ભાગ્ય બડાં તેને મન ભાવ્યા, અકળ કળા અવતારી રે. ૨
ધર્મનો મહિમા છે ભારી, જગમાં રહ્યો અતિ છાઈ રે,
હરિના સંબંધી તે હરિને જપે રે, પૂજવા યોગ્ય સદાઈ રે. ૩
દેહધારી સરખાં દીઠામાં, એની વાતુ અતિ આધિ રે,
કોમળ સુંદર જેના રે કુળમાં જન્મ્યા તે શ્યામ સુહાગીરે. ૪
પૂરવ ભવનાં પુણ્ય વિના કાંઈ, એવો તે લાભ ન આવે,
બ્રહ્માનંદના નાથની ભાભિયું, ભૈયાજી કહીને બોલાવે રે. ૫

### પદ-૨

કોણ જાણે તે શાં તપ કીધાં, ધર્મતણે પરિવાર રે,
બહુ વિધિ હેતે કરીને બોલાવે, વહાલોજી વારમવાર રે. ૧
ધર્મદેવના વંશનોમહિમા, મુખથી કહ્યો નવ જાય રે,
મનમોહનજીના કુટુંબનાં માણસ, થોડે પુણ્ય ન થવાય રે. ૨
માયાના જીવ તે મર્મ ન સમજે, સૌ સરખાં એને જાણે રે,
હરિના સંબંધી હોય તેને હરખે, વિધિ વિધિ વેદ વખાણે. ૩
પૂરણ પુણ્ય હોય તે પ્રાણી, સ્નેહ કરે એની સાથે રે,
સર્વેથી અધિક કરીને ટેવ્યા, નિશ દિન દીનાનાથે રે. ૪
જગજીવન પોતાના રે જાણી, પ્રાણ થકી કીધાં પ્યારાં રે,
બ્રહ્માનંદ કહે જીવો હરિને, દાદાજીનાં કહેનારા રે. ૫

### પદ-૩

ધન્ય ભાગ્ય જે ધર્મવંશમાં, અવતરિયા નરનારી રે,
સરજણહારે સગાંજેને માન્યાં, મહિમા તે વાધ્યો ભારી રે. ૧

દર્શન એનાં અતિશય દુર્લભ, પરસે તે પાતક જાવે રે,
પૂરણ પુણ્ય હોય જે પ્રાણી, તે ઘરમાં પધરાવે રે. ૨
મહામંત્ર દઈ મરમ બતાવે, મેહેર કરે જેને માથે રે,
દેહ છતે તે મુક્ત કહેવાયે, સંબંધ થાય હરિ સાથે રે. ૩
એનું શરણ લિયે જે પ્રાણી, ભવ દુઃખથી તે છૂટે રે,
અક્ષરધામનો થાય નિવાસી, અવિનાશી સુખ લૂંટે રે. ૪
રામપ્રતાપ ને ઈચ્છારામ બેઉ, સતસંગમાં સુખદાઈ રે,
બ્રહ્માનંદ કહે શી રહી બાકી, ભૂધરજીના ભાઈ રે. ૫

**પદ-૪**

કરુણાનિધિ થયાં રે કુટુંબી, તે મોટા પુણ્ય વાળા રે,
સર્વે તે પૂજવા જોગ સદાઈ, બૂઢાં તરુણાં બાળા રે. ૧
શામળિયો જેના ઘરની રે ચિંતા, રાખે છે સાંજ સવારી રે,
ધર્મવંશના નર ત્રિય તેને, મુખિયા તે મોરારી રે. ૨
કોઈને રિસાવેને કોઈને મનાવે, કોઈને કહે કાંઈ માંગો રે,
કોઈને કહે તમે છેટે રહીને, પ્રેમેથી પાયે લાગો રે. ૩
કોઈનાં ક્યારે કુવખાણ કરે વળી, કોઈને કહે તમે સારા રે,
એમ કરીને આનંદ ઉપજાવે, ચરિત્ર મનોહર પ્યારા રે. ૪
બહુનામી જેનાં બાળકડાંને, રાજી થઈને રમાડે રે,
બ્રહ્માનંદ કહે ભાભિયું હરિને, દહીવડાં જમાડે રે. ૫

**રાગ : સોરઠ પદ-૧**

ધર્મકુલ તજીકે, દુજે કો જો શરનો લઈ હું જાઈ કે,
તો મેં નીચ ખરો, સાચી નિશ્ચે વાત કહું સમ ખાઈકે. ટેક૦
સંપ્રદાય ઉદ્ધવ કી છોડી કે, જાઉં દુજે મતમેં દોડીકે,
તો પગ ડારો મેરી તોડીકે. ધર્મકુલ૦ ૧
વિના કૃષ્ણ કે જગત કે ઈશકું, ઈષ્ટ જાન નમાવું શિશકું,
તો મેરો શીર કાટો કરી રીસકું. ધર્મકુલ૦ ૨
બ્રજરાજ નવલ વિસારકો, રહું ધ્યાન ઓરનકો ધારકે,

તો છાતી ડારો મેરી ફારકે. ધર્મકુલ૦ ૩

બ્રહ્માનંદ કહે જાનો વાત ખરી, જો મેં ધર્મ નીમતેં જાઉં પરી,

તો જનની મેરી યુહી ભાર મરી. ધર્મકુલ૦ ૪

### પદ-૨

મત ઉદ્ધવ વિના, ઓર ઠોર મોય સત્ય પ્રતીત ન આવહી,

મેરે હરખ અતિ, એહી કારન જો મસ્તક મેરો જાવહી. ટેક.

તજી ધર્મ વંશકી રીતકું, અધર્મમેં બાંધુ જો પ્રીતકું,

તો મોઈ જારો જ્ઞાતિ સહીતકું. મત૦ ૧

હોય ઈષ્ટ જો કૃષ્ણ વિના મનમેં, અરૂ વૈર બુદ્ધિ જો હરિજનમેં,

તો મોય સિધકું દેવો જાય વનમેં. મત૦ ૨

કરી અરૂચી બ્રજકે ભૂપમેં, રૂચિ લાવું જો દૂજે રૂપમેં,

તો મોય ડારો ઉંડે કુપમેં. મત૦ ૩

બ્રહ્માનંદ કહે જોઈ ધન વિનતા, જો મન મેરે આવે દીનતા,

તો મેરી સાત પેઢીકું હીનતા. મત૦ ૪

### પદ-૩

મેરે અંતર મેં ધર્મવંશકી, દઢતા કબહુ ના ટરે,

કોઉ શિર કાટો, ભાવે જેસી આયકે તન વીપતા પરે. ટેક.

જો હટકે મન ઘનશ્યામ તેં, જો રાજી રહું અન્ય નામ તે,

તો મેં હીનો કોટી ગુલામતે. મેરે૦ ૧

જો વર્તમાન માંહી ફેર પડે, જેહી કરી કે નિંદા લોક કરે,

તો માતા મેરી લાજી મરે. મેરે૦ ૨

જો સંપ્રદાય કી રીત કહી, સો મોસેં જો ભની આત નહિ,

તો ડારે મોકું લે સમુદ્રમહી. મેરે૦ ૩

બ્રહ્માનંદ કહે ધર્મ સેં પાવ ડગે, હોય કાયર મન મેરો પીછો ભગે,

તો મેરે કુલકું મોટો કલંક લગે. મેરે૦ ૪

### પદ-૪

ઘનશ્યામ વિના, ઈષ્ટ જાન શિર મેરો કોઉંકો ના નમે,

દેવી દેવ અનેક, ઓર ઠોર મન મેરો કબહુ ના ભમે. ટેક.

જો રીઝું ધન ત્રિય રાગમેં, જો પરે ફેર મેરે ત્યાગમેં,
તો ડારી દીયો મોકું આગમેં. ઘનશ્યામ૦ ૧
જો પક્ષ તજું સતસંગકો, રખું તન કરી ચલન કુઢંગ કો,
તો મેં ગ્રાહક ગળીકે રંગકો. ઘનશ્યામ૦ ૨
જો તજુ શરન ધર્મવંશકો, સેવુ દેવ ભોગી મદ્ય માંસકો,
તો મોય કુટુંબી જાનો કંસકો. ઘનશ્યામ૦ ૩
બ્રહ્માનંદ કહે લોકન ડર જાની, જો મેં ભક્તિ કરૂં જગસે છાની,
તો મોસેં અધમ ન કોઉ પ્રાની. ઘનશ્યામ૦ ૪

## (3) રથ યાત્રા

### પદ-૧

રથ બેઠે બળવીર, દેખોરી માઈ રથ બેઠે બળવીર.
ચંદન માકો અજબ બન્યો હે, દોરી ગૂંથે હીર. દે૦ ૧
અંગ અંગ પ્રતિ ભૂષણ શોભે, સુંદર શ્યામ શરીર,
રૂપ નિરખી મોહે બ્રજબિનતા, અંતર હોત ન ધીર. દે૦ ૨
શ્યામ સુજાન સહલકું નિકસે, કાંલિદ્રીકે તીર,
હસત મંદ મુખ રથકું હાંકત, હેરત જૂથ આહીર. દે૦ ૩
શીતળ મંદ સુગંધ પવનસે, ઉઠત લહરી નીર,
બ્રહ્માનંદ હરિ બદન બિલોક્તિ, મીટતહે ભવકી. પીર. દે૦ ૪

### પદ-૨

રથ બેઠે ઘનશ્યામ, દેખોરી માંઈ રથ બેઠે ઘનશ્યામ,
સુંદર શ્યામ સુજાન સાંવરે, સંતકનો અભિરામ. દે૦ ૧
રતન જડે રથ ચક્ર અલૌકિક, જાળી મુક્તા દામ,
નિરખી છબી બ્રજરાજ કુંવરકી, લાજત કોટિ કામ. દે૦ ૨
કહાન કુંવરકુ દેખન કારન, મિલ આયે સબ વામ,
રથકી શોભા નિરખી બઢ્યો હે, આનંદ ગોકુળ ગામ, દે૦ ૩
જોર મસ્ત સુંદર હય જોરે, બાગે હીરા લગામ,
બ્રહ્માનંદ એહી મૂરતિકો, ધ્યાન રહો સબ જામ. દે૦ ૪

**પદ-૩**

કુંવર રંગીલે કહાન, બેઠે રથ કુંવર રંગીલે કહાન,
ધીરે ધીરે હાંકત રથકુ, ગાવત સુંદર તાન. બે૦ ૧
કંચનકો રથ બન્યો અલૌકિક, હય જોરે મસ્તાન,
નટવર નાથ સહલકુ નીકસે, ગોકુલ કે સુલતાન. બે૦ ૨
મિલમિલ જુથ સબે બ્રજબિનતા, કરત હરખ મુખગાન,
નિરખ હરખ નિજ નિજ નેનસે, હોત રૂપકો પાન. બે૦ ૩
ઈન્દ્રાદિક સુર દેખન આયે, છાયે નભ વિમાન,
બ્રહ્માનંદ નવલ પ્રીતમકો, રહો નિરંતર ધ્યાન. બે૦ ૪

**પદ-૪**

બેઠે નન્દકુમાર દેખોરી માંઈ રથ બેઠે નંદકુમાર,
નવલ પિયા રથ બેઠકે નીકસે નિરખ હરખ વ્રજનાર. દે૦ ૧
પ્રાણનાથ પુરુષોત્તમ પહીરે, શોભિતા શણગાર,
રસિક શ્યામ સુંદરકે રથકી, શોભા બની હે અપાર. દે૦ ૨
છત્રી મોતનકી અતિ સુંદર, ચક્ર જડે નંગ સાર,
પાંખ આંખ ઘૂર કનક પેજની, ઉધે કનક ઉદાર. દે૦ ૩
ચતુર પિયાકે રચકી શોભા, નિરખત વારમવાર,
અજબ નેન ઘનશ્યામ કે ઉપર, બ્રહ્માનંદ બલિહાર. દે૦ ૪

# (૪) હિંડોળા

**રાગ : સોરઠ-પદ-૧**

રંગભીનારે શામળીયા આવો ઝુલીયેરે. રંગ૦
બાંધું ફૂલહિંડોળો પ્યારા, પહેરાવું પટભૂષણ સારા;
નંદકુંવર તમને નીરખીને ફુલીયેરે. રંગ૦ ૧
ચરચું ચંદનખોર છબીલા, નૌતમ રીતેસ્યુ રંગીલા;
ચાંદલીયો કરવા ઊભી કંકુલીયેરે. રંગ૦ ૨
જરકસના પહેરો હરિ જામા, આવો છેલછબીલા સામા;

ચિત્તડું ચોરો બાંધી પાગ અમુલિયેરે. રંગ૦ ૩
અલબેલા ઉરમાં લખી રાખું, તનમન તમપર વારી નાખું
પ્રેમાનંદ કહે આ અવસર નહિ ભુલીયેરે. રંગ૦ ૪

પદ-૨

ઝુલાવુંરે હિંડોળે સુંદર શ્યામનેરે. ઝુલા૦
મણીકંચનના સ્થંભ મનોહર, ડાંડી ચાર અનુપમ સુંદર;
હીરા પટુલી જડાવું શુભ સુખધામને રે. ઝુલા૦ ૧
મખમલની ગાદી બિછાવું, તકિયો તે વાંસે મુકાવું;
પ્રીતેસ્યું પધરાવું પુરાણકામનેરે. ઝુલા૦ ૨
ઘુઘરડી અતિ સુંદર ઘોરે, લટકે મોતીઝુમખા કોરે;
ઉડે અત્તરફોરે આત્મરામનેરે. ઝુલા૦ ૩
હીરતણી દોરી લઈ સારી, ઝુલાવું હળવે ગિરધારી;
પ્રેમાનંદ બલિહારી હરિના નામનેરે ઝુલા૦ ૪

પદ-૩

ઝુલો ઝુલોરે કેશરીયાવર હિંડોળે રે. ઝુલો૦
હું ઉતરું તમે ઝુલો ગિરધર, હળવેસું ઝુલાવું હરિવર;
કેશર ચંદન ચરચું હરિ તન ગોરડે રે. ઝુલો૦ ૧
ફૂલતણા જામા હરિ પહેરો, હેત કરી મુજ સામું હેરો;
ચિત્તડું મારું ચોરો ફૂલાં તોરડે રે. ઝુલો૦ ૨
મંદમંદ હરિ મેહુલો વરસે, ચમકે વીજ ગગનમાં વરસે;
બોલે મોર બપૈયા ઊંચે સોરડેરે. ઝુલો૦ ૩
કરજોડી તમ ચરણે લાગું, તમ પાસે હરિ એ વર માગું;
પ્રેમાનંદના નાથ રહો મારે ઓરડે રે. ઝુલો૦ ૪

પદ-૪

ઝુલાવે રે વ્રજનારી કુંવર કહાનનેરે. ઝુલા૦
રતન હિંડોળે શ્યામ બિરાજે; આગે તાલ પખાવજ વાજે;
ગુણિજન ગાયે સમાજે તોડે તાંનને રે. ઝુલો૦ ૧
ઝુલે છેલ છબીલો છેલો, રસીયો રંગભીનો અલબેલો;

હસતાં સામું હેરે ચાવે પાનનેરે. ઝુલા૦ ૨
વરસે શ્રાવણ માસ ફુવારા, મોર બપૈયા બોલે સારા;
ગોપી સર્વે ગાયે મધુરા ગાનનેરે. ઝુલા૦ ૩
નીરખી નટવરલાલ બિહારી, પ્રેમમગન ફૂલી વ્રજનારી;
પ્રેમાનંદ બલિહારી ભીના વાનનેરે. ઝુલા૦ ૪

**રાગ : ગરબી**

શ્યામ પધારો ઘનશ્યામ, પધારો ફુલવાડીયે રે...ઘન૦ ટેક.
ફૂલડાં ભરીને બાંધ્યો ફુલહિંડોળો, હરિવર હેતે ઝુલાડીયે રે ...ઘન૦ ૧
પ્રીતડી કરીને બહુ પાક બનાવ્યા, જીવન જાુગતે જમાડીયે રે...ઘન૦ ૨
ફૂલના હાર તોરા ગજરા પહેરાવીએ; ફૂલની પછેડી ઓઢાડીયે રે...ઘન૦ ૩
પ્રેમાનંદ કે' ગાઈ ગુણ તમારા, તાલ મૃદંગ બજાડીયે રે...ઘન૦ ૪

**પદ-૧**

વડતાલની ફૂલવાડીયે રે હીંડોળો આંબાની ડાળ
બાંધ્યો આંબલિયા ડાળ વાલો મારો હીંચે હિંડોળો આંબાની ડાળ
સોનાને સાંકળે બાંધ્યો રે હિં. રૂપકડા બેચાર વાલો મારો... ૧
મખમલ ગાદલાં નાખ્યાં રે, હિં. અતલસના ઓછાડ વાલો મારો... ૨
ટેકેરે તકિયા મેલ્યા રે હિં. ગાલ મસુરીયા દાર વાલો મારો... ૩
જરકસી જામા પેર્યા રે હિં. શેલામાં સોનેરી તાર વાલો મારો... ૪
બાયે બાજુબંધ બેરખા રે હિં. હૈયે હજારી હાર વાલો મારો... ૫
પાયે તે નેપુર શોભાતા રે હિં. ઝાંઝરનો ઝણકાર વાલો મારો... ૬
પાયે પિરોજી મોજડીરે હિં. ચાલે ચટકતી ચાલ વાલો મારો... ૭
બાંધ્યો હિંડોળો બાર બારણે હિં. કનક જડ્યા કમાડ વાલો મારો... ૮
બાર સ્વરૂપે બિરાજતા રે હિં. સહજાનંદ ભગવાન વાલો મારો... ૯
આનંદસ્વામી આરતી ઉતારતા રે હિં. પ્રેમાનંદ બલિહાર વાલો મારો... ૧૦

**પદ-૧**

લાગે વૈકુંઠથી રૂડુ વડતાલ હિંડોળે હરિ ઝુલતારે,
ફુલદોલનો ઉત્સવ રસાલ હિંડોળે હરિ ઝુલતારે

થઈને પરોણા પધાર્યા હરિ આંગણે, વારી વારી જાઉં હું તો વ્હાલાને વારણે
ઉડે રૂદીયામાં રંગ ગુલાલ હિંડોળે હરિ ઝુલતારે,
પ્રગટ પ્રભુને આજ હૈયે ઝુલાવું, જન્મોની પ્રીતિ મળે દરશનનો લ્હાવો
કરી હરિભક્તો ને નીહાલ હિંડોળે હરિ ઝુલતારે
ફુલ ગુલાબને મોગરા થી મહેંકતો બાર બાર દ્વારનો હિંડોળો શોભતો
કરી નિષ્કુળાનંદે કમાલ હિંડોળે હરિ ઝુલતા રે.

## રાગ માલગાડો પદ-૧

નવલ હિંડોળે શ્રીનાથજી ઝુલે, ઝૂલાવે રાધીકા ગોરી રે,
કનક થંભનો બન્યો રે હિંડોળો, રેશમ કેરી દોરી રે. ન૦ ૧
સર્વ સાહેલી ભેળી રે થઈને, ચાલો જોવા જાયે રે,
મનમોહન નટવરની રે મૂર્તિ, નિરખીને સુખીયાં થાયે રે. ન૦ ૨
બહુ હેતે હિંડોળો રે બાંધ્યો, આંબલિયાની ડાળે રે,
મોરલીમાં રાગ મલાર આલાપે, ગાવતાં રંગ ઢાળે રે. ન૦ ૩
છોગાળો ઘનશ્યામ છબીલો, હેત કરીને હેરે રે,
બ્રહ્માનંદના વહાલાને જોઈને, મગન થઈ આ ફેરે રે. ન૦ ૪

## પદ-૨

રત્ન જડીત હિંડોળા માંહી, બેઠા છે પ્રીતમ પ્યારો રે,
હેત કરી વ્રજ જનને હેરે, નટવર નંદ દુલારો રે. ર૦ ૧
કોઈક નાચે ને કોઈક ગાવે, કોઈક તાલ બજાવે રે,
જદુવરના હિંડોળાને જોવા, ઈદ્રાદિક સુર આવે રે. ર૦ ૨
હિંડોળાની શોભા જોઈને, મોહી રહ્યાં નરનારી રે,
રાધા સહિત રસિક વરઝૂલે, ગુણવંતો ગિરિધારી રે. ર૦ ૩
કનક તણો હિંડોળો સુંદર, સજની જોવા ચાલો રે,
બ્રહ્માનંદ કહે રંગભર ઝૂલે, લટકાળો નન્દલાલો રે. ર૦ ૪

## પદ-૩

હરિવરના હિંડોળાની શોભા, સજની ચાલો જોઈયે રે,
મનમોહન નટવરની મૂર્તિમાં, લઈ ચિત્તડાને પ્રોઈયે રે. હ૦ ૧

કનકતણાં થંભા બેઉ કાજુ, રેશમ કેરી દોરી રે,
ઘેરે સુર કરી ઝુલા ગાવે, શ્રી ભ્રખુભાન કિશોરી રે. હ૦ ૨
માથે જરકસી પાઘ મનોહર, મોતીડાંની માળા રે,
બહુ નામી હિંડોળામાં બેઠા, લાગે છે રૂપાળા રે. હ૦ ૩
સુંદર વર છોગાળા કેરું, મુખડું લાગે પ્યારું રે,
બ્રહ્માનંદના વહાલાને ઉપર, સરવસ લઈને વારું રે. હ૦ ૪

પદ-૪

સુંદર વર હિંડોળે શોભે, રંગ ભીનો રૂપાળો રે,
લટકાળો ખાંતે કરી ઝૂલે, મોહન મોરલીવાળો રે. સું૦ ૧
સોનાનો હિંડોળો સુંદર, રેશમ દોરી રૂડી રે,
રંગ ભીની રાધા ઝુલાવે, ખળકે છે ભુજ ચૂડી રે. સું૦ ૨
પેચોળી પાઘડલી બાંધી, લટકે નવલ કલંગી રે,
રસિક પ્રીતમ લાગે છે રૂડા, નાથ ઝૂલે નવરંગી રે. સું૦ ૩
રત્નજડિત ડાંડી હિંડોળે, લાગે છે રૂપાળી રે,
બ્રહ્માનંદનો વહાલો શોભે, વ્રજજીવન વનમાળી રે. સું૦ ૪

પદ-૫

ચાલ સખી જોવાને જોઈએ, ઝૂલે છે મતવાલો રે,
મનમોહન રંગડાનો માતો, સુંદર વર છોગાળો રે. ચા૦ ૧
મોરલડીમાં રાગ મનોહર, ગાવે છે ગિરિધારી રે,
મનમોહન નટવરની મૂર્તિની, છબી બની અતિ ભારી રે. ચા૦ ૨
પંચાળી નૌતમ પાઘડલી, નવલ કલંગી લટકે રે,
નવલ ખભે શેલું એક નાંખ્યું, ચોળ કસુંબી ચટકે રે. ચા૦ ૩
હરિવરનો હિંડોળો જોઈને, લાભ નયનનો લઈ રે,
બ્રહ્માનંદના વહાલાની ઉપર, સરવસ વારી દઈએ રે. ચા૦ ૪

પદ-૬

હિંડોળો ઘનશ્યામ હરિનો, અતિ રૂપાળો લાગે રે,
સજની અંતર વાધે સુખડું, ભવનું દુઃખડું ભાંગે રે. હિ૦ ૧

છેલ ચતુરવર છોગાળા કેરી, મૂર્તિ મનોહર પ્યારી રે,
અલબેલા મનમોહન ઉપર, તન ધન નાંખું વારી રે. હિ૦ ૨
હિંડોળાની શોભા હેલી વર્ણવ્યામાં નવ આવે રે,
લટકાળા કેરું છોગલિયું, ચિત્તડાને લલચાવે રે. હિ૦ ૩
કનક થંભ હિંડોળો કાજુ, દોરી રેશમ કેરી રે,
બ્રહ્માનંદનો વહાલો ઝૂલે, લાલ મનોહર લેહેરી. હિ૦ ૪

**પદ-૭**

રસિયાનો હિંડોળો રૂડો, હેતે જોઈએ હેલી રે,
ચોંપ કરી જલદીથી ચાલો, કામકાજ સર્વે મેલી રે. ર૦ ૧
ઝાઝે હેતે કરીને ઝુલાવે, ગિરિધરને ગોવાળા રે,
આસપાસ આવીને ઊભા, લાગે છે રૂપાળા રે. ર૦ ૨
કોડીલા વર કહાનકુંવરની, મૂર્તિ સુંદર શોભે રે,
ભાલ તિલક સુંદર ભૂધરનું, જોઈજોઈ મનડું લોભે રે. ર૦ ૩
ડોલરીયા કેરો હિંડોળો, નિરખ્યો હેત કરીને રે,
બ્રહ્માનંદ તે લાભ કમાણી, સુંદર દેહ ધરીને રે. ર૦ ૪

**પદ-૮**

વ્રજજીવન નટવર વહાલાનો, હિંડોળો રંગ ભરીયો રે,
સુંદર વન નટનાગર શોભે, કહાન કુંવર કેસરીયો રે. વ્ર૦ ૧
રતન જડિત થંભા રુપાળા, ડાંડી પણ રૂપાળી રે,
ચિત્રવિચિત્ર બન્યો હિંડોળો, મોતીડાની જાળી રે. વ્ર૦ ૨
મનમોહનની પાઘલડીમાં, છોગલિયાં લઈ ધરીયે રે,
નટનાગર પ્રીતમને નીરખી, સુફળ જનમારો કરીયેં રે. વ્ર૦ ૩
રાધા સહિત રસિકવર ઝૂલે, જગપતિ અંતર જામી રે,
બ્રહ્માનંદના નાથને જોઈને, નયનતણું ફળ પામી રે. વ્ર૦ ૪

**પદ-૧**

મારો નવલ સનેહી ઝુલે નાથ રે, નૌતમ હિંડોળે, નૌતમ૦
મારું મનડું લોભાણું એની સાથ રે, ફુલતણે તોરે, નૌતમ૦ ૧

ફુલતણી શીર પાગ મનોહર, વાધો તે ફુલાં કેરો રે,
અંગઅંગ પ્રતિ ફુલ આભૂષણ, જોઈને મટે ભવ ફેરો રે.નૌતમ૦ ૨
ફુલી કુંજકુંજ દ્રુમ વેલી, ચંપા જાઈ ચમેલી રે,
મધુકરે ગુંજે મદનભર્યા બહુ, થઈ છે આનંદહેલી રે. નૌતમ૦ ૩
વરસે દેવ કુસુમની વર્ષા, નૃત્ય કરે બહુ ગાયે રે,
પ્રેમાનંદના નાથને નીરખી, આનંદ ઉર ન સમાયે રે. નૌતમ૦ ૪

**પદ-૧**

મારાં નિરખીને નેણ લોભાણાં રે, છેલા છોગાળા, છેલા૦
અમે હરિવર હાથ વેચાણાં રે, વ્હાલો લાગે મરમાળો. છેલા૦ ૧
સોરંગ હિંડોળે શ્યામ વિરાજે, ને ઝુલે હરિ જમનાતીરે રે,
રેશમ દોરી લઈ રંગભીની, રાધા ઝુલાવે ધીરે ધીરે રે. છેલા૦ ૨
કોઈ નાચે કોઈ મૃદંગ બજાવે, ને કોઈ સખી રાગ આલાપે રે,
કોઈ અલબેલી હરિના મુખમાં, પાનબીડી બનાવી ને આપે રે. છેલા૦ ૩
વ્રજવનિતા વિઠલ સંગ વિલસે, ને પ્રેમે પિયુને ઝુલાવે રે,
પ્રેમાનંદના નાથને નિરખી, તનના તાપ સમાવે રે. છેલા૦ ૪

**પદ-૧**

રૂડે રત્ન હિંડોળે નાથ, હળવે ઝુલાવું રે,
જોઈ મદન મનોહર રૂપ, રાજી થાઉ રે. રૂડે૦
એ હરિવર હિંડોળા તણી રે, ઉપમા નવ કહેવાયે,
સુર શશી શરમાઈને, વસ્યા ગગન મંડલમાં જાયે. હળવે૦ ૧
એ હીરામણી હેમે જડ્યા રે, પચરંગી રત્ન પ્રવાલ,
ગજમોતીપર પોખરા, શોભે પના પિરોજા લાલ. હળવે૦ ૨
એ જુવે આવી આકાશમા રે, અમર વિમાન અપાર,
નીરખી નટવર નાથનો, જાય વારણે વારમવાર. હળવે૦ ૩
એ હરિજન ગાયે હરખે ભર્યા રે, વાજે ઝાંઝ મૃદંગ,
પ્રેમાનંદ છબી જોઈને, મોહ પામ્યા કોટી અનંગ. હળવે૦ ૪

### પદ-૨

આવ્યો શ્રાવણ માસ અનુપ, હિંડોળા માચ્યો રે,
થયો રાજી જોઈ મહેશ, તાંડવ નાચ્યો રે. આવ્યો૦
એ શ્રાવણ ઋતુ રળીયામણી રે, બોલે દાદુર મોર,
વીજલડી ચમકા કરે, વરસે ગરજે ગગન ઘન ઘોર. હિંડોળો૦ ૧
એ ઝુલાવે વ્રજસુંદરી રે, આનંદ અંગ ન માયે,
ગુણલા ગીરધરલાલના, ગોપી આગે ઉભી ગાયે. હિંડોળો૦ ૨
એ વૃંદાવન રળીયામણું રે, સુંદર જમુના તીર,
પ્રફુલ્લિત દ્રુમલતા વેલીયો, બોલે કલવર કોકિલા કીર. હિંડોળો૦ ૩
એ હિંડોળે હરખે ભર્યા રે, ઝુલે શ્રીઘનશ્યામ,
પ્રેમાનંદ જોઈ નાથને, થયો પાવન પૂરણકામ. હિંડોળો૦ ૪

### પદ-૩

ઝુલે પુરુષોત્તમ પરબ્રહ્મ, હિંડોળે હેલી રે,
જોઈ નટવર સુંદર છેલ, આનંદ એલી રે. ઝુલે૦
એ રાજે રસિક ચુડામણી રે, હિંડોળે હરિરાય,
શારદા નારદ શેષથિયે, શોભા કહી નવ જાય. હિંડોળે૦ ૧
કિરીટ મુગટ કટિ કાછનિ રે, કરણે કર્ણાકાર,
મુખ મરકલડો જોઈને, મોહ્યો રતિવનિતા ભરતાર. હિંડોળે૦ ૨
એ મણીગર ભૂષણ અંગમાં રે, ઉર વૈજયંતી માલ,
નીલગિરિ પર ઉગીયા જાણે, અગણીત તરણિબાલ. હિંડોળે૦ ૩
એ લાવણ્યતા ઘણી લાલની રે, રસના નવ કહેવાય,
ચરણ નખ છબી ઉપરે, પ્રેમાનંદ વારી જાય. હિંડોળે૦ ૪

### પદ-૪

ઝુલે હિંડોળે બલવીર, જમુનાતીરે રે,
ઝુલાવે વ્રજની નારી, હેતે ધીરે ધીરે રે. ઝુલે૦
એ સુંદર તટ રવિજાતણું રે, ત્રિવિધ વહે સમીર,
પ્રફુલ્લિત માધવી કેતકી, ફૂલ્યાં નવદલપદ્મ રૂચીર. જમુના૦ ૧

એ કલરવ બોલે કોકીલા રે, મધુકર કરે ગુંજાર,
બોલે બરહિ દાદુર ગાયે, ગુણી જન રાગ મલાર. જમુના૦ ૨
એ કુસુમ હિંડોળે કહાનજી રે, ઝુલે આનંદકદ,
ગોપીકાગણ ચાંદની માંઈ, શોભે જેમ પુરણ ચંદ્ર. જમુના૦ ૩
એ નિર્જર વરસે માલતી રે, પારીજાત કરી પ્યાર,
પ્રેમાનંદ ઘનશ્યામ પર, જાયે વારણે વારમવાર. જમુના૦ ૪

**પદ-૧**

સખે રચ્યો હિંડોળો સાર રે. શોભા શી કહું,
વાલો ઝૂલે છે વન મોઝારરે. શોભા. ૧
પેરી વાઘા કસુંબી કાન રે, શો. વાલો ત્રોડે તાલીનું તાન રે. શો. ૨
તિયાં જોઈ રહ્યા છે જનરે, શો. તેને દિયે દયાળુ દર્શન રે. શો. ૩
પછે સહુને વધારવા વાલ્ય રે. શો. હાલે હિંડોળો ઝૂલે લાલ રે. શો. ૪
પછે ઊભા થયા અલબેલ રે. શો. થંભ ગ્રહીને દિયે ઠેલરે. શો. ૫
જોઈ જન પામ્યા આનંદ રે. દોરી તાંણે નિષ્કુળાનંદ રે. શો. ૬

**રાગ : ભૈરવી ગરબી**

ઝુલો ઝુલો હરિવર હિંડોળે, નીરખી રાખું નેણાંની કોરે... ઝુલો૦
ઘણે ઘણે હેતે હું ઝુલાવું, હિંડોળા આગે ઊભી ગાવું;
જોઈ જોઈ તમને રાજી થાઉં... ઝુલો૦ ૧
આવો ઘનશ્યામ રસિક છેલા, હિંડોળે ઝુલો અલબેલા;
ઝુલાવું હેતે રંગરેલા... ઝુલો૦ ૨
રેશમદોરી કરમાં કાજુ લઈને, ઝુલાવું ખમારે ખમા કહીને;
જોવું મુખ વારણીયા લઈને... ઝુલો૦ ૩
સુંદર પાન બીડીયું બનાવી, આપું હરિ હેતે બોલાવી;
આપો પ્રેમાનંદને ચાવી ચાવી... ઝુલો૦ ૪

**રાગ : બિહાગ પદ-૧**

હિંડોરનામે હોરે હોરે ઝુલો રાજ, હિંડોર૦
છેલ ઝુલાવું રતન હિંડોરે, સુફલ કરૂં સબ કાજ. હિંડોર૦ ૧

ઝરમર ઝરમર મેહા વરસે, ગરજે ગગન ધન ગાજ,
દાદુર મોર બપૈયા બોલત, આનંદ છાયો આજ. હિંડોર૦ ૨
તુમ ઝુલો હું ગાવું હિંડોરા, કરી કે સુભગ સમાજ,
થેઈતાતા થેઈતાતા તાન મીલાવું, બાજત તાલ પખાજ. હિંડોર૦ ૩
યહ ઝબી નીરખી નાથ તુંમારી, મદન ભયો હતલાજ,
ગોપીનાથ રહો નેનનમે, પ્રેમાનંદ શીરતાજ. હિંડોર૦ ૪

**પદ-૨**

ઝુલાવું થાને ધીરે ધીરે છેલ, ઝુલાવું૦
કેશવ કમલનેન માધો થાને, ધણી ખમા અલબેલ. ઝુલાવું૦ ૧
મસ્કત મનીકે સ્થંભ મનોહર, ડાંડી રત્ન રચેલ,
મટવા મયાલ રચીત મની વિદ્રુમ, ચોકી હેમજડેલ. ઝુલાવું૦ ૨
ફુલી કુંજકુંજ દ્રુમ વેલી, ચંપા જાઈ ચમેલ,
બીજત તાલ મૃદંગ બાંસુરી, ગાવતી સુભગ સહેલ. ઝુલાવું૦ ૩
ચરચુ કેશર ચંદન કુંકુમ, અત્તર સરસ ફુલેલ,
પ્રેમાનંદ કહે નાથ નીરખી થાને, બઢનો નેહ રંગરેલ. ઝુલાવું૦ ૪

**રાગ : ભૈરવી ગરબી પદ-૧**

ઝુલો હરિ હિંડોળે વ્હાલા, નટવર નંદતણા લાલા, ઝુલો૦
સરસ ઋતુ શ્રાવણની સારી, ઝુલાવોને આવી વ્રજનારી,
ઝુલો પ્યારા પ્રિતમ ગિરિધારી. ઝુલો૦ ૧
હિંડોળો રત્નતણો રચીયો, હીરા મોતી નંગ કરી ખચીયો,
નંદજીને આંગણીયે મચીયો. ઝુલો૦ ૨
મંદમંદ મેહુલો ધોરે, દામિનિયો દમકે ચહુ કોરે,
બોલે મોર મગન ઉંચે સ્વરે. ઝુલો૦ ૩
ઝુલાવું હેત કરી રસીયા, તમે મારા અંતરમાં વસીયા,
પ્રેમાનંદના પ્યારા રસીયો. ઝુલો૦ ૪

**પદ-૨**

ઝુલો ઝુલો હરિવર હિંડોરે, નીરખી રાખું નેણાંની કોરે, ઝુલો૦
ઘણે ઘણે હેતે હું રે ઝાલુવું, હિંડોળા આગે ઉભી હું ગાવું,

જોઈ જોઈ તમને રાજી થાઉં. ઝુલો૦ ૧
આવો ઘનશ્યામ રસિક છેલા, હિંડોળે ઝુલો રે અલબેલા,
ઝુલાવું હેતે રંગ રેલા. ઝુલો૦ ૨
રેશમ દોરી કરમાં કાજુ રે લઈને, ઝુલાવું ખમા ખમા રે કહીને,
જોવું મુખ વારણીયાં લઈને. ઝુલો૦ ૩
સુંદર પાનબીડીયો બનાવી, આપું હરિ હેતે બોલાવી,
આપો પ્રેમાનંદને ચાવી ચાવી. ઝુલો૦ ૪

પદ-૩

ઘનશ્યામ પિયા પ્યારા, હિંડોળે પ્રાણજીવન મારા, ઝુલો૦
હિંડોળાની શોભા અતિ સારી, આવ્યા જોવા સુરમુનિ ત્રિપુરારી.
રતિપતિ કોટીક જાય વારી. ઝુલો૦ ૧
કનકના સ્તંભ સરસ સાર, અનુપમ કનક ડાંડી ચાર,
જડ્યાં નંગ પંચરંગી અપાર. ઝુલો૦ ૨
કનકની ચોકી રંગી રંગે, શોભે બહુ સરસ જડીત નંગે,
જુવે સહુ જન અતિ ઉમંગે. ઝુલો૦ ૩
મનોહર મૂરતિ તમારી, વ્હાલા માંહી શોભે અતિ પ્યારી,
પ્રેમાનંદ રાખે ઉર ધારી. ઝુલો૦ ૪

પદ-૪

ઝુલો રસિયાવર રંગછેલા, ઝુલાવું પ્રીતે અલબેલા, ઝુલો૦
મધુર સ્વર ગગન તે ધનઘોરે, વિજળીયો ચમકે ચ્યારે કોરે,
મચાયો સોર દાદુર મોરે. ઝુલો૦ ૧
મનોહર તાલ મૃદંગ ગાજે, ગાયે ગોપી સુંદર સમાજે,
છબી જોય કોટિ કંદર્પ લાજે. ઝુલો૦ ૨
સુંણો હરિ અબળાની અરજી, આવો ઓરા ભેટીયે ભૂધરજી,
પછી જેવી રાજતણી મરજી. ઝુલો૦ ૩
સુંદર શોભા કહી તે નવ જાયે, નિરખી નેણાં શીતળ થાયે,
પ્રેમાનંદ આગે ઉભો ગાયે. ઝુલો૦ ૪

# (૫) બળેવ - રક્ષાબંધન

### પદ-૧

મોહન વરને બાંધે માતા, રાખડલી રૂપાળી રે,
ઝાઝે હેતે લિયે રે જશોદા, ભામણિયાં મુખ ભાળી રે. મો૦ ૧
ઘણી ખમા મારા લાડકાને, વિઘન દૂર સરવે થાજો રે,
શરણગત તારાં થાજો સુખિયાં, વેરીડાં મરી જાજો રે. મો૦ ૨
રેશમના ફૂમકડાં રૂપાળા, રેશમ કેરી દોરી રે,
મોતીડાં પ્રોઈને મોહી, નિરખે રાધા ગોરી રે. મો૦ ૩
મરમાળા નટવરની મૂર્તિ, ત્રિભુવનથી છે ન્યારી રે,
અલબેલા ઘનશ્યામની ઉપર, બ્રહ્માનંદ બલિહારી રે. મો૦ ૪

# (૬) શ્રીકૃષ્ણ જન્મોત્સવના પદ

### પદ-૧

શ્રાવણ વદિ આઠમ બુધવારી, નક્ષત્ર રોહિણી આયો રે,
અર્ધ રાત જાતાં અવિનાશી, પુત્ર જશોદા જાયો રે, શ્રા૦ ૧
જયજયકાર થયો ત્રિલોકમાં, દેવ ત્રિયા મળી નાચે રે,
આંગણિયે બ્રહ્માદિક આવીને, વેદ તણી ધૂની વાંચે રે. શ્રા૦ ૨
નંદરાય પર ઉત્સવ ભારી, ઊલટ્યો ગોકુળ સારો રે,
ગોપી આય કહે જશોદાને, જીવો લાલ તમારો રે. શ્રા૦ ૩
જન્મ સુણી આવ્યા સિદ્ધ ચારણ, ગંધર્વ ઊભા ગાવે રે,
બ્રહ્માનંદના નાથને હેતે, વ્રજની નાર વધાવે રે. શ્રા૦ ૪

### પદ-૧

આજ સખી ઉત્વનો દહાડો, અવતરિયા અવનાશી રે,
જેનો વેદ વખાણે છે મહિમા, તે આ કુંજવિલાસી રે. આ૦ ૧
ચાલો સખી સૌ મળી જઈએ, નન્દતણે આંગણિયે રે,
અંતરગત એકાંતિક વાતુ, ભૂધરજીને ભણિયે રે. આ૦ ૨
ગ્વાલબાળ સહુ મંગળ ગાવે, વદત વધાઈ વધાઈ રે,

પ્રેમીજન કારણ હરિ પ્રગટ્યા, સુંદર વર સુખદાઈ રે. આ૦ ૩
પારણિયે નટવરજી પોઢ્યા, ચાલો પાસે જઈએ રે,
બ્રહ્માનંદના વહાલા કેરાં, બાળ સંગાથી થઈએ રે. આ૦ ૪

**રાગ ગરબી : પદ-૧**

હેત કરી જોઈ નેણ કરી, હરિને ગાવે હીલો હેત કરી,
હેતે નાંખે ગેરી હીચકોરે, હાથ રેશમ કેરી દોરી ધરી. હરિ૦ ૧
ઘણી રે ખમા મારા લાડકડાં તુંને, શત્રુ તારા સર્વે જાવો મરી. હરિ૦ ૨
દર્શન કાજ મળી વ્રજ વિનતા, વારે વારે આવે ફરી રે ફરી. હરિ૦ ૩
બ્રહ્માનંદ કહે કહાનકુંવરને, નિરખે જશોદા હરખ ભરી. હરિ૦ ૪

**પદ-૨**

મંદિરિયે રંગને ભરીએ, ચાલો જશોદાને મંદિરિયે,
પ્રાણજીવન પોઢ્યા પારણિયે, કોડે કાડે દર્શન કરીયે. ચા૦ ૧
ગલગલિયા કરી ગોદ લઈને, તેડીને ફળિયામાં ફરીયે. ચા૦ ૨
રમકડાં લઈ આપશું રે હરિને, હસાવીને દુઃખ હરીયે. ચા૦ ૩
બ્રહ્માનંદના રે નાથને, બાળપણા માંહીથી વરીએ. ચા૦ ૪

**પદ-૩**

હાલરડું અતિ વાલરડું, હરિને ગાવે ગોપી હાલરડું,
પારણિયે પુરુષોત્તમ પોઢ્યા, ભલકે છે સુંદર ભાલરડું. હરિ૦ ૧
વહાલે હસી વ્રજ વિનતાને, અંતરમાં સુખ આલરડું. હરિ૦ ૨
ધીગળ માંડા કારણે રે, મુખડું ફાડે પ્યારો ઠાલરડું. હરિ૦ ૩
બ્રહ્માનંદ કહે ચાંદલિયો લેવા, કજીયો કરી બોલે કાલરડું. હરિ૦ ૪

**પદ-૪**

પારણિયે જગ તારણિયે, પોઢે વહાલો મારો પારણિયે,
વ્રજ જુવતી સર્વે જોવાને કાજે, ઊભી જશોદાને બારણિયે. પો૦ ૧
બહુ નામી બાળક થઈ ખેલે, કંસ પછાડ્યાને કારણિયે. પો૦ ૨
હેત ઘણે માતા હરિને ઝુલાવે, હૈડું રાખી એક ધારણિયે. પો૦ ૩
બ્રહ્માનન્દના વહાલાને ઉપર, વારે વારે જાય વારણિયે. પો૦ ૪

# (૭) ગણપતિ મહોત્સવના પદ

### પદ રાગ ગરબી : પદ-૧

સખી ગણપતિ પૂજવા કાજ, સૌ મળી જાયે રે,
વધે માનની મોટ્યપ લાજ, સુખીયાં થાયે રે,
ચાલો ભેળી થઈ ભામની રે, સરવે સૈયરનો સાથ
ઉભાં રે શું જઈને આંગણે રે, નવનિધિનો જોવાને નાથ સખી૦ ૧
ઢોલ દદામાં વાજતા રે, ગાવો મંગળ ગીત,
થાળ ભરી સગ મોતીયે રે, રાજી કરવાની રૂડી રીત સખી૦ ૨
ભાદરવા સુદ ચોથ્યનું રે, ઉત્તમ વ્રત અભિરામ,
પુજીયેં ગણપતિ દેવને રે, કરે પૂરણ વાંછિત કામ. સખી૦ ૩
સિંદુર સેવા શોભતી રે, સાથ લીયો શણગાર,
દેવાનંદ નાથને રે, પ્રેમે પૂજીયે વારમવાર સખી૦ ૪

### રાગ આશાવરી : પદ-૧

આજ મહોત્સવ મહામંગળ દિન, ગાઈએ ગણપતિ દેવા હો,
પૂજીએ પારવતીનંદન શુભ, અતિ આનંદ સુખ લેવા હો. આજ૦ ૧
ભાદ્ર માસ ચોથ અજવાળી, ગણપતિ પૂજન કીજે હો,
નાશે દુઃખ દારિદ્રય વિઘ્ન સઉ, મનવાંછિત ફળ લીજે હો. આજ૦ ૨
ગજ મોતીના ચોક પુરાવો, બાંધો તોરણ દ્વારે રે,
ચંદન પુષ્પ ધૂપ દીપક લઈ, પૂજીએ વિવિધ ઉપચારે હો આજ૦ ૩
કંચનથાળ ભરી ધરી આગે, મોદક મંગળકારી હો,
જગવંદન જમાડિએ જુક્તે, વિઘ્નરાજ અઘહારી હો. આજ૦ ૪
વાજાં વાજે વિવિધ ભાતનાં, ઢોલ નોબત શરનાઈ હો,
પ્રેમાનંદ કહે ઝાંઝ મૃદંગ લઈ, ગાવો મંગળ વધાઈ હો. આજ૦ ૫

### પદ-૨

વંદિએ વિઘ્નરાજ વરદાયક, એક દંત અવિનાશી હો,
ગણપતિ ગિરિજાપુત્ર મનોહર, મૂરતિ મંગળ રાશી હો. વંદિએ૦ ૧
લંબોદર ગજવદન વિનાયક, ત્રિલોચન શશિ ભાલે હો,

ઉરગ વિભૂષણ ચતુર્બાહુ શુભ ઉંદર બેસીને ચાલે હો. વંદિએ૦ ૨
જટા મુકુટ ઉપવીત ફરશિધર, ગૌર વરણ તન સોહે હે,
મોદક પ્રિયે શ્રુય મંગળ દાતા, ત્રિભુવન દેખી મોહે હો. વંદિએ૦ ૩
સિદ્ધિ સદન શંભુસુત સુંદર, વિઘ્ન વિનાશન જાણી હો,
પ્રેમાંદ કહે ધર્મવંશી સહુ, પૂજો પ્રીતિ આંણી હો. વંદિએ૦ ૪

**પદ-૩**

ગાઈએ ગણપતિ ગૌરી નંદન, જગવંદન બુહનામી હો,
પૂજ્ય દેવ છે ધર્મવંશના, ગજવદનો ગણસ્વામી હો. ગાઈએ૦ ૧
તેત્ર વિશ ક્રોડ દેવ શિવ બ્રહ્મા, સહુ પહેલો પૂજાયે હો,
ગાંધર્વ સિદ્ધ ચારણ વિદ્યાધર, અતિ વર્ણવી જશ ગાયે હો. ગાઈએ૦ ૨
સુર નર અસુર ઈશ મુનિ માનવ, પૂજે પ્રથમ પધરાઈ હો,
ત્યારે કારજ સુધરે સહુનાં, વિઘ્નરહિત સુખદાઈ હો. ગાઈએ૦ ૩
વિદ્યા વારિધિ બુદ્ધિ વિધાતા, રિદ્ધિ રિદ્ધિ વર કાવે હો,
ધર્મવંશના પૂજ્ય દેવ જાણી, પ્રેમાનંદ ગુણ ગાવે હો. ગાઈએ૦ ૪

**પદ-૧**

શંભુકુંવર શોભાનો સાગર, સદા ને બાલે વેશ હો,
કંદર્પ કોટિક મોહ્યા જોઈને, ગૌરીપુત્ર ગણેશ હો. શંભુ૦ ૧
અભય અજીત ઉમાસુત સુંદર, ઊંદરની અશવારી હો,
સુમરે કષ્ટ હરે તે સહુનાં, લંબોદર જયકારી હો. શંભુ૦ ૨
મંગળ મૂરતિ મહાદેવ સુત, મંગળ કારજ કરતા હો,
ત્રણ લોકમાં સહુ કોઈ પૂજે, વિઘ્ન અમંગળ હરતા હો. શંભુ૦ ૩
સાત્વિક શીલ સ્વભાવ સુભોજી, ચોસઠ વિદ્યા જાણે હો,
પૂજ્ય પ્રતિષ્ઠિત અતિ ત્રિભુવનમાં, પ્રેમાનંદ વખાણે હો. શંભુ૦ ૪

**રાગ : ધોળ**

જોશી તેડાવ્યા મુહૂર્ત જોવરાવ્યાં,
બહુ રૂડાં મુહૂર્ત આવ્યાં રે, ચાલો ગણેશ વધાવા. ૧
કળશ સ્થાપન કરી આવાહન કીધાં,

ગણેશને નોતરાં દીધાં રે ચાલો. ૨
વેદ વચને કરી ગણપતિ આવ્યા,
સહુ જનને મન ભાવ્યા રે. ચાલો. ૩
ગણેશ બેઠા ને વર્ત્યો જયજયકાર,
રાજી થયાં સહુ નરનાર રે. ચાલો. ૪
લાવો સર્વે વસ્તુ મંગળકારી,
પૂજીએ પાટે બેસારી રે. ચાલો. ૫
લંબોદર ગજવદન વિશાલ,
લાડુ જમાડો ભરી થાળ રે, ચાલો. ૬
રાજી થયા કૃપાસિંધુ દયાળ,
નાશે વિધન તતકાળ રે, ચાલો. ૭
પ્રેમાનંદ કહે પૂજી ચરણે લાગો,
મનવાંચ્છિત વર માંગો રે. ચાલો. ૮

## (૮) જળ ઝીલણી એકાદશીના પદ

### રાગ : ગરબી પદ-૧

શ્યામ ઝીલાવા ઘનશ્યામ ઝીલાવા, ચાલોને સૈયરો જાઈયે રે. ઘન૦
કોડે કોડે ઘનશ્યામને આગે, ઝાંઝ મૃદંગ લઈ ગાઈયે રે. ઘન૦ ૧
સુંદર મુખ ઘનશ્યામ કુંવરનું, નિરખીને પાવન થાઈયે રે. ઘન૦ ૨
શ્યામ સુંદરવર ઝીલે જમુનામેં, હરખે ભર્યા ભેળાં નાહિયે રે. ઘન૦ ૩
પ્રેમાનંદનો વાલો લુંટાવે ચીભડાં, લુંટી ઝુંટીને ખાઈયે રે. ઘન૦ ૪

### પદ-૨

શ્યામ પધાર્યા ઘનશ્યામ પધાર્યા, ઝીલવા જમુનાની નીરમાં રે. ઘન૦
વસ્ત્ર આભૂષણ પહેર્યા કોડીલે, સુંદરશ્યામ શરીરમાં રે. ઘન૦ ૧
ચૌદે ભુવનની શોભા આવીને, ઉદય થઈ છે બલવીરમાં રે. ઘન૦ ૨
ત્રિભુવનવાસી જોવાને આવ્યા, ભીડ થઈ જમુના તીરમાં રે. ઘન૦ ૩
પ્રેમાનંદ કહે રૂપ જોઈ રસીકનું, રહેતું નથી મન ધીરમાં રે. ઘન૦ ૪

### પદ-૩

શ્યામ ઝીલાવા ઘનશ્યામ ઝીલાવા, આવ્યા મુનિ ઉમંગમાં રે. ઘન૦
નિરખ્યા નેણાં ભરી ધર્મકુંવરને, પ્રેમ નથી માતો અંગમાં રે. ઘન૦ ૧
મુનિમંડળ ભેળા ઝીલે છે નીરમાં, રસિયો ઉછાળે જળરંગમાં રે. ઘન૦ ૨
અખિલ ભુવનપતિ નટવર નાગર, શોભે મુનિના સંગમાં રે. ઘન૦ ૩
પ્રેમાનંદ કહે કરે પુષ્પની વૃષ્ટિ, સુર વિમાન ચઢિ ખંગમાં રે. ઘન૦ ૪

### પદ-૪

નેણાં લોભાણાં મારાં નેણાં લોભાણાં, જોઈ છેલા ઘનશ્યામને રે. મારાં૦
શીરે વખાણું શોભા અંગોઅંગની, લજ્જા પમાડ્યા કોટીકામને રે. મારાં૦
હેતે હસીને વાલમે મોહનીરે નાખી, કીધું ઘેલું ગોકુળ ગામને રે. મારાં૦
ગોકુળવાસી ઘેલારે થઈને, ફરે કેડે તજી ધામને રે. મારાં૦
પ્રેમાનંદ કહે પ્રેમ મગન થઈ, વારી વારી જાઉં એના નામને રે. મારાં૦

## (૯) શરદ પૂર્ણિમા

### શરદ પુનમનો ગરબો પદ - ૧

ગોપિ આવોને ગોકુળ ગામની રે લોલ,
રમિએ ગરબો સરસ શોભે જામની રે લોલ. ૧
સખિ આજ આનંદનો દિન છે રે લોલ,
આજ ગરબો રમ્યાનું મન છે રે લોલ. ૨
ગરબો ગોવિંદ તણા ગુણ નાહિયે રે લોલ,
હરિના ગુણસાગરમાં નાઈયે રે લોલ. ૩
રમિયે ગોકુળ ગામના ચોકમાં રે લોલ,
હરિ બેઠા હવેલીના ગોખમાં રે લોલ. ૪
આવિ ઠામ ઠામની ટોળે મળી રે લોલ,
રમે હેતે પ્રીતે હળિ મળી રે લોલ. ૫
આવ્યાં રાધિકાજી રંગભર રમવા રે લોલ,
મધુસૂદન તણે મન ગમવા રે લોલ. ૬

પહેર્યાં વસ્ત્ર આભૂષણ શોભતાં રે લોલ,
કાનકુંવર તણા મન લોભતાં રે લોલ. ૭
ગાયે ગરબી મીઠે સ્વરે માનિની રે લોલ,
સુંદર શોભે શરદ કેરી ચાંદની રે લોલ. ૮
ગાયે ઉચ્ચ સ્વરે પાડે તાળીયો રે લોલ,
ચરણે ધમકે છે ઝાંઝરી રૂપાળિયો રે લોલ. ૯
કરે લટકાં ગોપી સુંદર હાથનાં રે લોલ,
મન મોહ્યાં પ્રેમાનંદના નાથના રે લોલ. ૧૦

### રાગ : ગરબી પદ-૧

ગોકુળ ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો છે ખેલ,
શરદ પૂનમની રાતડી, હાં રે પ્યારો પ્રેમ ભરેલ.... ગોકુળ૦ ૧
મુનિના મંડળમાં શોભતા રે, જાણે તારામાં ચંદ,
ફરતાં લાગે છબી ફુટડી, હાં રે ગિરધારી ગોવિંદ.... ગોકુળ૦ ૨
નારદને બ્રહ્મમુનિ રાસમાં રે, જાણે સારસની જોડ,
શોભે તેમાં ઘનશ્યામજી, હાં રે કામ લાજે છે ક્રોડ.... ગોકુળ૦ ૩
તાળી અલૌકિક તાનમાં રે, પાડે જીવનપ્રાણ,
ગાવે મનોહર ગીતને, હાં રે દેવાનંદ કે સુજાણ.... ગોકુળ૦ ૪

### રાગ : ગરબો

જુઓ જુઓને, હાંહાં રે જુઓ જુઓને સાહેલીઓ આજ
રસિયો રાસ રમે. ટેક૦
પંચાળામાં, હાંરે પંચાળામાં શ્રીજી મહારાજ...રસિયો૦
નિર્મળ રજની છે અજવાળી, નિર્મળ વેલી વન રે,
નિર્મળ મનના નિજ સખામાં, નિર્મળ પ્રાણજીવન...રસિયો૦ ૧
દીવાની માંડવડી વચ્ચે, જાણે દીપક ઝાડ રે;
ફરફર જનમાં ફેરા ફરતા, કરતા રસની રાડ...રસિયો૦ ૨

તાળી પાડે શ્રીવનમાળી, મુનિ સાથે મુનિનાથ રે;
ઈંદ્રાદિક જોવાને આવ્યા, શિવ બ્રહ્મા સંગાથ...રસિયો૦ ૩
શ્યામ વર્ણના નિજ શરીર, સોનેરી શણગાર રે;
ગગન વિષે જેમ વીજળી ચમકે, શોભે એમ અપાર...રસિયો૦ ૪
પાઘ વિષે છોગાં છેલાને, કમર કસી કરી જોર રે;
ઊલટસુલટ નટવર નાચે છે, શ્રીહરિ ધર્મકિશોર. ..રસિયો૦ ૫
ઊંચા સ્વરથી તાન ઉપાડે, જનસંગ જીવનપ્રાણ રે;
સારો સ્વર કોઈ સૂણી સખાનો, વહાલો કરે વખાણ...રસિયો૦ ૬
ધીમ ધીમ ધીમ ધીમ દુકડ વાગે, તનનન તનન સતાર રે;
ઝાંઝ વગાડે ઝણણણ ઝણણણ, ભેરીના ભણકાર...રસિયો૦ ૭
ધન્ય ધન્ય પંચાળાની ધરણી, ધન્ય ધન્ય ઝીણાભાઈ રે;
ધન્ય ધન્ય ધન્ય છે ધર્મકુંવરને, રાસ રમ્યા સુખદાયી...રસિયો૦ ૮
પંચાળામાં એવા જનને આપ્યાં સુખ અપાર રે;
વિશ્વવિહારીલાલજી કેરો, ધન્ય ધન્ય આ અવતાર...રસિયો૦ ૯

### રાગ ગરબી : પદ-૧

આજ શરદ પૂનમનો ચંદો રે, અતિશે શોભે આકાશે,
રમે ગોપી સંગે ગોવિંદો રે, રંગડો ઝામ્યો છે રાસે. ૧
બહુ નૂપુર ઝાંઝર વાજે રે, રમઝમ રમઝમ રૂપાળાં,
કરે મનડું લેવા કાજે રે, મોહન લટકાં મરમાળાં. ૨
નાટારંભ માંડ્યો નાથે રે, વ્રજજીવન વૃન્દાવનમાં,
સુંદર વર ગોપી સાથે રે, મગન થયા રમતા મનમાં. ૩
બાંહડલી બલવંત કેરી રે, ઝાલીને વિનતા ઝૂલે,
બ્રહ્માનંદનો વહાલો લેહેરી રે, જોઈને મનમાં ફૂલે. ૪

### પદ-૨

રાત્રિ શરદ પૂનમની રાજે રે, અતિશે સુંદર અજવાળી,
વાજાં ત્યાં નૌતમ વાજે રે, વનમાં ખેલે વનમાળી. ૧

ગિરિધર ગોપીને સાથે રે, રસ બસ ખેલે રૂપાળો,
ધર્યો મુગટમનોહર માથે રે, નવલ અલૌકિક મરમાળો. ૨
ગોવાલણી હરિ સંગે ગાવે રે, કંઠ બાંહડલી નાખીને,
મુખ સાથે મુખ મેળાવે રે, આંખ્યું સાથે આંખીને. ૩
નટવર નૌતમ ગતિ નાચે રે, રાસ મંડલમાં નવરંગી,
રસિયો જોઈ કૌતક રાચે રે, બ્રહ્માનંદ કેરો સંગ. ૪

**પદ-૩**

પગ ઝાંઝર ઝાલ્યું ઝળકે રે, કાન આકોટા ગોપીને,
કાનોમાં કુંડલ લળકે રે, અજબ રહ્યાં છે ઓપીને. ૧
જોઈ દેવત્રિયા મન લોભે રે, આભૂષણ પહેર્યા ભારી,
જાણે શ્યામ ઘટામાંહી શોભે રે, વીજ સરીખી વ્રજનારી. ૨
એક પ્રાયરી ને એક પ્યારો રે, રૂપ અનેક ધર્યા રંગમાં,
લટકાળો નંદ દુલારો રે, અતિ ખેલે આનંદ અંગમાં. ૩
લેહેરખડા નંદ લાલાને રે, વિંટાણી વ્રજની નારી,
બ્રહ્માનંદના વહાલાને રે, જોઈ જોઈને જાયે બલિહારી રે. ૪

**પદ-૪**

ધન્ય શરદ પૂનમની રજની રે, રસિક સલૂણો રાસ રમે,
ધન્ય ધન્ય એ નારી વ્રજની રે, ગિરિધરને મનમાંહી ગમે. ૧
ધન્ય ધન્ય જમુનાનો આરો રે, ધન્ય ધન્ય વન કેરી વેલી,
ધન્ય ખેલે નંદ દુલારો રે, લઈ સંગ રાધા અલબેલી. ૨
ભૂધર સંગ સુખમાં ભીંજી રે, પૂરણ અતિ વર પામીને,
રસબસ થઈ રંગમાં રીઝી રે, ચાલી ઘર શિર નામીને. ૩
એ કહાન કુંવરની ક્રીડા રે, ગરવ તજી પ્રેમે ગાશે,
બ્રહ્માનંદ કહે મટે ભવ પીડા રે, અંતર નિષ્કામી થાશે. ૪

# (૧૦) ધન તરેશ

### રાગ ગરબી : પદ-૧

સખી ઓચ્છવનો દિન આજ, ધન્ય ધનતેરસને,
મળ્યા રંગીલો વ્રજરાજ, ધન્ય ધનતેરસને. ૧
મારે મોહન આવ્યા ઘેર, ધ- આજ થઈ છે લીલાલહેર. ધ૦ ૨
જેની નિત્ય જોતી હું તો વાટ, ધ- તે વહાલો મારો આવી બેઠા ખાટ. ધ૦ ૩
મારાં પુણ્ય તીણો નહીં પાર, ધ૦ આવ્યા મંદિરે મોરાર. ધ૦ ૪
બ્રહ્માનન્દ કહે થઈ નિહાલ, ધ૦ લટકાળો પધાર્યા લાલ. ધ૦ ૫

### પદ-૨

આવ્યા રસિયો જાદવરાય, તેરસ ધન્ય તુંને,
હું તો પ્રેમે લાગી પાય, તેરસ ધન્ય તુંને. ૧
મેં તો મોતીડે વધાવ્યા માવ તે૦ થયો અંતર અધિક ઉછાવ. તે૦ ૨
કીધી મનની પૂરી હામ, તે૦ બોલાવી મુને સુંદર શ્યામ. તે૦ ૩
મેં તો ચંદન કીધી ગાર, તે૦ સજ્યા શોભિતા શણગાર. તે૦ ૪
ભેટ્યા શ્યામ ચતુર વ્રજચંદ, તે૦ બલિહારી બ્રહ્માનંદ. તે૦ ૫

### પદ-૩

નેણે નિરખ્યા નટવર નાથ, દિન ધનતેરસનો,
શોભે વ્રજવાસીને સાથ, દિન ધનતેરસનો. ૧
આજ ગાઈએ મંગળ ગીત, દિ૦ હરિને મળિયે ભાવ સહિત દિ૦ ૨
હસી બોલ્યા શ્યામ સુજાણ, દિ૦ થઈ અલૌકિક ઓળખાણ. દિ૦ ૩
મારે હૈડે તે હરખ ન માય, દિ૦ જોઈ નેણાં શીતળ થાય. દિ૦ ૪
બ્રહ્માનંદ કહે થઈ રંગરેલ, દિ- કરીએ ખાંતલાથી ખેલ. દિ૦ ૫

### પદ-૪

પહેરો અંબર ઝીણાં અંગ, ધનતેરસ આવી.
વારી રસિયા નવરંગ, ધનતેરસ આવી. ૧

તેડો ગોઠીડા ગોવાલ, ધ૦ ગાઈએ મોરલીમાં ગીત રસાળ. ધ૦ ૨
કરીએ ધેનુને શણગાર, ધ- રંગિયે શીંગ અજબ રંગ સાર. ધ૦ ૩
કરો લટકાં ભીને વાન, ધ- થાય વ્રજનારી ગુલતાન. ધ૦ ૪
માથે મુકુટ ધરો મહારાજ, ધ૦ કરો બ્રહ્માનન્દનું કાજ. ધ૦ ૫

# (૧૧) રૂપ ચતુર્દશી

### રાગ ગરબી : પદ-૧

સર્વે જય બોલો હનુમંતની, દુઃખ ભંજન રે મોટા હરિદાસ જય. ૧
શૂરવીર ને સંત શિરોમણી, પ્રીતે ઊભા રે પ્રભુજીને રે પાસ જય. ૨
જેણે સૂરજ પકડ્યો જન્મતાં, મારી રાહુને રે મનવી જેણે હાર. જય. ૩
કવિ કેસરી કુંવર કોડામણો, એના નાવે રે પરાક્રમ કેરો પાર જય. ૪
વનમાં આવી મળ્યા રઘુવીરને, કીધો ઉદ્યમ રે સીતા લાવવા કાજ. જય. ૫
વાલી માર્યો તે વાતની વાતમાં, દેવરાવ્યું રે સુગ્રીવને રાજ. જય. ૬
ધન્ય ધન્ય તે અંજની માતને, સુતજાયો રે સર્વે વિધિ સુજાણ. જય. ૭
બ્રહ્માનંદ કહે એની વાર્તા, નિત્ય ગાવે રે કાંઈ વેદ પુરાણ જય. ૮

### પદ-૨

પ્રીતે હનુમંત દેવને પૂજીએ, સારી પેઠે રે લેઈ તેલ-સિંદૂર હનુ. ૧
દુઃખદાયત દૈત્ય વિદારીયા, સાધુ જનના રે બંધુઅતિ શૂર. હનુ. ૨
તપ કીધું બહુ દિન અંજની, ત્યારે આપ્યું રે શિવજી વરદાન. હનુ. ૩
અનતરિયા તે રુદ્ર અગિયારમા, હાથાળા રે બળીઆ હનુમાન. હનુ. ૪
સુઘ લેવા ગયા જ્યારે સતીની, ત્યારે વેઠ્યાં રે તન કષ્ટ અપાર. હનુ. ૫
સર્વે વલખાં થયા બીજા વાનરા, આપ્યો સહુને રે પોતે આધાર. હનુ. ૭
બ્રહ્માનંદ કહે કપિરાજનો, કાંઈ મહિમા વર્ણવ્યો નવ જાય. હનુ. ૮

### પદ-૩

એની ધન્ય ધન્ય માતા અંજની, ધન્ય ધન્ય રે કાંઈ કેસરી તાત. ધન્ય. ૧
દૈત્ય મારવા કપિના વંશમાં, પોતે પ્રગટ્યા રે શંકર સાક્ષાત્. ધન્ય. ૨

સખા થઈને સુગ્રીવનું, કાંઈ કીધું રે અતિ ઉત્તમ કામ. ધન્ય. ૩
જઈ સીતાની સૂધ લાવિયા, રાજી કીધા રે સુંદર શ્રીરામ. ધન્ય. ૪
એક પલકમાં સમુદ્ર ઉલ્લંઘિયો, મહા જોદ્ધામાં રે જોદ્ધો હનુમંત. ધન્ય. ૫
ચાલ્યા શુદ્ધ લેવા સીતાતણી, જય બોલે રે સિદ્ધ ચારણ સંત. ધન્ય. ૬
સમુદ્ર કૂદી પડ્યો પર લંકમાં, જઈ કીધો રે કુળ દૈત્યનો નાશ. ધન્ય. ૭
બ્રહ્માનંદ કહે મહાવીરનો, તન લાગ્યો રે દશસ્કંધને ત્રાસ. ધન્ય. ૮

**પદ-૪**

ગાઈએ સુંદર ગુણ કપિરાજના, વાયુનંદ રે બળિયો મહાવીર સુંદર. ૧
નિજ ભક્ત અયોધ્યા નાથના, ઊર્ધ્વરેતા રે અંત મહાધીર. સુંદર. ૨
ક્ષણુમાંહી પ્રજાળી લંકને, કુલ દૈત્યતણું રે કીધું હેરાન. સુંદર. ૩
દીધી વધાઈ શ્રીરામની, દીધું સીતાને રે જીવતર કેરું દાન. સુંદર. ૪
સીતા આજ્ઞા થકી ફળ કાધલાં, ઉખાડ્યો રે રાવણ કેરો બાગ. સુંદર. ૫
સુ અક્ષય કુંવર આદિ બહુ અસુરને, મારીને રે રણમાં કીધો યાગ. સુંદર. ૬
મારી રાવણ લાવ્યા સીતાને, થયો જગમાં રે અતિ જયજયકાર. સુંદર. ૭
બ્રહ્માનંદ કહે હનુમંતને, રીઝી રઘુપતિ રે મળ્યા વારંવાર. સુંદર. ૮

## (૧૨) દીપોત્સવી - અન્નકૂટ

**રાગ : સોમેરી પદ-૧**

સખી હૈડે તે હરખ ન માય, આજ દિવાળી રે;
હું તો મગન થઈ મનમાંય, ભૂધર ભાળી રે...આજ૦ ૧
સુંદર શ્યામ સોહામણો રે, સુંદર ગજગતિ ચાલ;
સુંદર શોભા અંગની હું તો, નીરખીને થઈ છું નિહાલ. ..આજ૦ ૨
નેણ મનોહર નાથનાં રે, હૈડે મનોહર હાર;
સુભગ મનોહર શ્યામળો વહાલો, નટવર નંદકુમાર...આજ૦ ૩
બાજુ નૌતમ બેરખા રે, બેહદ નૌતમ બાન;
બ્રહ્માનંદના નાથનું થઈ રૂપ જોઈ ગુલતાન...આજ૦ ૪

**પદ-૨**

મુને મળીયા તે મોહનરાય, સપરમો દહાડો રે;
કરીએ આનંદ ઓચ્છવ આજ, રંગ અખાડો રે...સપ૦ ૧
થાળ ભરો ગજ મોતીએ રે, સર્વ લીયો શુભ સાજ;
વેલેરાં જાઈને વધાવીયે, વહાલો રંગ ભીનો વ્રજરાજ...સપ૦ ૨
મંગળ ગાવો માનની રે, અધિક કરો ઉછાવ;
આપણે કાજે આવીયા ચાલી, નટવર સુંદર નાવ...સપ૦ ૩
તોરણ બાંધો ટોડલે રે, સુભગ સજો શણગાર;
બ્રહ્માનંદના નાથને જાયે, વારણે વારંવાર...સપ૦ ૪

**પદ-૩**

હું તો હરખ ભરી મનમાંય, હરિને વધાવું રે;
સખી અહોનિશ બારે માસ, રે'જો આવું આવું રે...હરિ૦ ૧
આગળ આવી ઊંભલા રે, લટકાળો નન્દલાલ;
કુમકુમ કેરો ચાંદલો કીધો, ભૂધરજીને ભાલ...હરિ૦ ૨
પરવશ થઈ હું તો પ્રેમમાં રે, હૈડે તે હરખ ન માય;
પૂરવ જનમના પુણ્યથી મને, મળ્યા તે મોહનરાય...હરિ૦ ૩
ધન્ય ધન્ય દહાડો આજનો રે, ધન્ય મુરત ધન્ય વાર;
બ્રહ્માનંદને વહાલમે મારો, સફળ કર્યો અવતાર...હરિ૦ ૪

**પદ-૪**

રૂડો દિવાળીનો દિવસ કે, મંગળ ગાયે રે;
ચાલો નંદજીને દરબાર, સૌ મળી જાયે રે...મંગળ૦ ૧
કુંવર રંગીલો કહાનજી રે, વાયેરે સુંદર વેણ;
નીરખી નટવર નાથને, આજ પાવન કરશું નેણ...મંગળ૦ ૨
સૌ મળી કેશું સુંદરી રે, ભેટ્યાનો છે ભાવ;
માત જશોદા પાસલે, બહેની માગી લેસું માવ...મંગળ૦ ૩

લઈ મેરાઈયા લાલજી રે, આવશે આપણે ઘેર;
બ્રહ્માનંદ કહે ઘી ઘણું માંહી, પૂરશું સારી પેર...મંગળ૦ ૪

**રાગ ગરબી : પદ-૧**

દિવાળી આવી રે આજ મારે દિવાળી આવી, આજ. ટેક.
પૂજીએ કૃષ્ન કમલ મુખ સજની, પ્રીતે પધરાવી રે. આજ. ૧
મંદિરિયામાં ચોક પુરાવો, મોતીડાં મગાવી રે. આજ. ૨
કેશર ચંદન ચરચીને, લીજે વારણા વધાવી રે. આજ. ૩
પ્રેમાનંદ નાથની મૂર્તિ, અંતરમાં ભાવી રે. આજ. ૪

**પદ-૨**

દિવાળી નો દન આજ મારે દિવાળીનો દન, આજ. ટેક.
ધન ધન આજ મંદિરિયું મારું, પધારયા જીવન રે. આજ. ૧
નીરખી મુખ શ્રીકૃષ્ન જીવનનું, પ્રફુલ્લિત થયું મારું મન રે. આજ. ૨
કેશર ભીના કહાનકુંવર પર, વારું તન મન ધન રે. આજ. ૩
પ્રેમાનંદના નાથને ભેટી, શીતલ થયું છે તન રે. આજ. ૪

## (૧૩) તુલસી વિવાહ ઉત્સવ

**રાગ : ધોળ (રુક્મણિ વિવાહ) પદ -૧**

કુંદનપુર વિવાહ રચ્યો, સૂણી ભૂપતિ ભીમકરાય;
કન્યા તે દેવા શ્રીકૃષ્ણને, આનંદ ઉર ન સમાય...૧
રુકમૈયે તે જાણિયું, ઉર વ્યાપ્યો અતિશે કાળ;
કન્યા ન આપું શ્રીકૃષ્ણને, એ છે ગાયો તણો રે ગોવાળ...૨
રુકમૈયાનું મન મેલું ને, તેડાવ્યો શિશુપાળ;
રુકમણીએ તે ખબર જાણી, ને અંતર ઊઠી ઝાળ...૩
દૂર ઘણી દ્વારામતી, રહ્યો લગ્ન વચ્ચે દિન એક;
અંતરજામી આવજો, રાખજો મારી રે ટેક...૪
એવું તે કહીને કુંવરી, કરી કાગળ લખવા આશ;
મુક્તાનંદ કહે માનુની, થઈ જગત થકી રે ઉદાસ...૫

### પદ-૨

મારી સાર લેજો અવિનાશી રે, જાણી જનમો જનમની દાસી રે;
વાંચી કાગળ વેલેરા આવો રે, મારા તનના તે તાપ બુઝાવો રે...૧
દિન એક લગ્ન વચ્ચે જાણી રે, વે'લા આવજો સારંગપાણિ રે...૨
મેંતો તમ અરથે તન કરિયું રે, મેં તો તમ ચરણે ચિત્ત ધરિયું રે..૩
જોતાં વાટ નહીં આવો વે'લા રે, તજું પ્રાણ લગન પહેલા રે...૪
કહે મુક્તાનંદ મોરારી રે, વા'લા રાખજો ટેક અમારી રે...૫

### પદ-૩

લઈને કાગળ વિપ્ર સિધાવ્યો રે, હરિની કરુણાથી દ્વારિકા આવ્યો રે;
દેખી દ્વારિકા મહાસુખ ધામ રે, જેના રાજા છે સુંદરશ્યામ રે...૧
વહાલો વિપ્રને આવતા જાણી રે, ઊઠ્યા સંમુખ સારંગપાણિ રે...૨
પૂછી ક્ષેમ ને કાગળ લીધો રે, વાંચી પત્ર હૈયે દઢ કીધો રે...૩
પૂજ્યા વિપ્રને દઈ ઘણું માન રે, જાવા તૈયાર થયા ભગવાન રે...૪
સાથે વિપ્રને રથમાં બેસારી રે, ચાલ્યા કુંદનપુર શ્રી મોરારી રે...૫
એવા ભક્તવત્સલ શ્રીગિરધારી રે, જાય મુક્તાનંદ બલિહારી રે...૬

### પદ-૪

માનિની મનમાં ચિંતવે, કેમ ના'વ્યા સુંદર શ્યામ;
વાર થઈ કેમ વિપ્રને, નવ સર્યું મારું કામ...૧
જો નહિ આવે જદુપતિ તો, તજીશ મારા પ્રાણ;
એવામાં દ્વિજ આવિયો, જેમ આવે રામનું બાણ...૨
વિપ્ર વદન જોઈ વનિતા, મન આનંદ વાધ્યો અપાર;
પ્રાણજીવન પધારિયા, જગજીવન જગદાધાર...૩
કુંદનપુર હરિ આવિયા, સૂણી ભૂપતિ ભીમકરાય;
સામા જઈ સન્માન કીધું, આનંદ ઉર ન સમાય...૪
ત્રિકમ તોરણ આવિયા, વરત્યો તે જયજયકાર;
મુક્તાનંદ કહે માનિનીના પુણ્ય તણો નહિ પાર...૫

### પદ-૫

દેવી પૂજાનું મીષ લઈ પ્યારી રે, ચાલી નીરખવા કુંજવિહારી રે...૧
સાથે લીધો પૂજાનો સામાન રે, નેણે નીરખવા શ્રી ભગવાન રે...૨
હરિનાં ભક્ત અનાદિનાં માની રે, ભાવે પૂજિયાં ભવને ભવાની રે...૩
વળતાં રૂપ પ્રકાશિયું બાળી રે, પ્રેમે પામવા શ્રી વનમાળી રે...૪
સંગે અસુર હતા રખેવાળ રે, દેખી રૂપ પડ્યા તત્કાળ રે...૫
વેગે આવિયા અંતરજામી રે, મળિયા મુક્તાનંદના સ્વામી રે...૬

### પદ-૬

કર સાહીને રથ પર લીધાં રે, મનવાંછિત કારજ સીધાં રે;
કન્યા હરણ કરી હરિ વળિયા રે, સેના સોતા ત્યાં બળભદ્ર મળિયા રે...૧
વાંસે રુકમૈયો ચડ્યો શિશુપાળ રે, લેશે કેમ કરી કન્યા ગોપાલ રે...૨
બાંધી દ્વારિકા માંહીથી લાવું રે, નહિ તો પુરમાંહી પાછો ન આવું રે...૩
જઈને જદુપતિસંગ જુદ્ધ કરિયું રે, વહાલે સર્વે તણો મદ હરિયું રે...૪
રુકમૈયાની વાઢી છે દાઢી રે, કાપી કેશને મૂક્યો છે કાઢી રે...૫
રુકમણીનો શોક નિવારી રે, મુક્તાનંદ કહે પધાર્યા મોરારી રે...૬

### પદ-૭

માધવપુરનો માંડવો, આવે જાદવકુળની જાન;
પરણે તે રાણી રુકમણિ, વર વાંછિત શ્રીભગવાન...૧
જાદવ જાનૈયા થયા, વળી માંડવિયા પણ સોય,
વિધિ સહિત વિવાહ રચ્યો, કસર ન રાખી કોય...૨
માણેકસ્થંભ મંડપ રચ્યો, મધ્યે ચોરી બાંધી સાર;
મોહન આવ્યા માયરે, કોટિ ભુવનના કિરતાર...૩
માથે તે મુગટ જડાવનો, કાને કુંડળ મકરાકાર;
બાંયે બાજુબંધ બેરખા, કોટે કૌસ્તુભ મણિનો હાર...૪
શોભે ઘણા શણગારમાં, પીતાંબર અતિ ઉદાર;
હેમકડાં બેઉ હાથમાં, પાયે ઝાંઝરનો ઝમકાર...૫
વહાલાનું વદન સોહામણું જાણે ઊગ્યો પૂનમનો ચંદ;
મુક્તાનંદ કહે મોહનવરને, જોઈ થયો રે આનંદ...૬

### પદ-૮

વળતી લાડડીને શણગારી રે, પીઠી ચોળીને પાટ બેસારી રે;
લીલી સાડી ધારી તન સારી રે, જેણે રીઝે તે શ્રી ગિરધારી રે...૧
સોળે શણગાર અંગ અંગ ધારી રે, ચાલી ભેટવા દેવ મુરારી રે...૨
સંગે માનિની મંગળ ગાય રે, તેની શોભા વર્ણવી ન જાય રે...૩
એવી રીતે મંડપ મધ્ય આવ્યાં રે, તેડી પિયુજી પાસે પધરાવ્યાં રે...૪
કર સાહ્યો ચરાચર સ્વામી રે, નારી માયરે મહાસુખ પામી રે...૫
શોભે માયરે મહા સુખકારી રે, જાય મુક્તાનંદ બલિહારી રે...૬

### પદ-૯

વરકન્યાની જોડ બિરાજે રે, જોતા કોટિ કામ છબી લાજે રે;
વાજે દેવનાં વાજાં અપાર રે, પરણે અખિલ ભુવનના આધાર રે...૧
બ્રહ્મા ઉચરે વેદ વચન રે, જયજયકાર થયો ત્રિભુવન રે...૨
ચારે ફેરા હરિસંગ ફરિયાં રે, નારી જગના જીવનને વરિયાં રે...૩
શોભે અખંડ અલૌકિક જોડ રે, માથે બતરીશ ભમરીને મોડ રે...૪
લાડો લાડી જમે છે કંસાર રે, જેનો નિગમ ન પામે પાર રે...૫
મુક્તાનંદ કહે મહાસુખકારી રે, એવાં ચરિત્ર કરે ગિરધારી રે...૬

### પદ-૧૦

કંસાર જમતાં કામિની, બોલે વિવિધ વચન રસાળ;
શ્યામ સુંદર તેને સાંભળે હસતા તે દીનદયાળ...૧
બંદીજન જય જય કરે, ગાય ગાંધર્વ મધુરાં ગાન;
અનંત નાચે અપસરા, સુર આવ્યા ચડી વિમાન...૨
બ્રહ્માદિક સુર પુષ્પની, વૃષ્ટિ કરે તે વારંવાર;
ઢોલ નગારાં ગડગડે, વાજિંત્રનો નહિ પાર...૩
ચારે મંગળ વરતિયાં, વર કન્યાની ભલી બની જોડ;
રુકમણી લઈને આવિયા, દ્વારકા શ્રી રણછોડ...૪
દીન જાણીને દયા આણી, પૂરી મનની આશ;
મુક્તાનંદ કહે ચરણ સેવા, દઈને રાખ્યાં પાસ...૫

**પદ-૧૧**

શ્રીકૃષ્ણ પરણ્યા રુકમણીને, આવ્યા તે નગર મોઝાર;
જેણે એ વિવા નીરખ્યો, તેનાં પુણ્ય તણો નહિ પાર...૧
પ્રેમેશું માતાએ પોંખિયા, જગજીવન જગદાધાર;
લઈ ઉમંગે શ્યામનાં વારણાં વારંવાર...૨
પુરવાસી સહુ પ્રેમશું, નીરખતાં નટવર નાથ;
જન્મ સુફળ કરી જાણીયો, મહા સુખી થયો સર્વ સાથ...૩
રુકમણીએ જે ધારિયું, તે સાચું કીધું શ્યામ;
ભક્ત જનના લાડ પાળે એવા છે કરુણાના ધામ...૪
અધમ જન ઓધારવા, થયા મનુષ્ય રૂપે મહારાજ;
પાવન જશ વિસ્તારિયો, સૂણતાં તે સીજે કાજ...૫
નરનારી જે રુકમણીનો, વિવા શીખે ને ગાય,
તેને તે રીઝે શ્રીહરિ, સરવે પાતક પ્રલય થાય...૬
શેષજી પાર ન પામિયા, કેતાં તે હરિજશ સાર;
તોય તેના ગુણ ગાવતાં, જાણીને અધમ ઓધાર...૭
મુક્તાનંદ કહે મહાપ્રભુની, અચળ જુગ જુગ જોડ,
શ્રોતાજન જે સાંભળો, તે બોલો જય શ્રીરણછોડ...૮

# (૧૪) વસંત પંચમી - હોળીના પદ

**રાગ : વસંત — પદ-૧.**

આજ વસંત પ્રથમદિન આવ્યો, સહુજનકે સુખકારી;
છુટી લાજ આજથી સજની, ઉપજ્યો આનંદ ભારી. આજ૦ ૧
વન તરુ લતા વેલી પ્રેમાતુર, નવપલ્લવ થઈ સારી;
કુંજકુંજ પ્રતિ કોકિલા સુંદર, બોલત વસંત ખુમારી. આજ૦ ૨
શ્રીઘનશ્યામ પિયાસંગ રમવા, અતિ આતુર બ્રજનારી;
અંગો અંગ ફુલી સહુ અબલા, નૌતમ નેહ વધારી. આજ૦ ૩
રચ્યો મનોરથ રમવા સારૂ, થઈ તરુણી સહુ ત્યારી;
તન મન ધન ઘનશ્યામ છબીપર, પ્રેમાનંદ બલહારી. આજ૦ ૪

### પદ-૨

ચલો સખી સહુ વસંત વધાવા, ધર્મવંશીને દ્વાર;
જોતાં વદન શ્રીધર્મકુંવરનું, મટે અંગ મદનવિકાર. ચલો૦ ૧
મંગળ થાળ ભરી ભામિનીયો, સજો સોળે શણગાર;
શ્રીફળ આંબામોર અક્ષત લઈ, પૂજીયે ધર્મકુમાર. ચલો૦ ૨
અબીલ ગુલાલ અરગજ્યા કુમકુમ, કેશર મૃગમદ સાર;
પ્રેમપુલકિત ઘનશ્યામ પિયાપર, છાંટીયે વારમવાર. ચલો૦ ૩
ધન્ય ધન્ય ભાગ્ય આપણાં સજની, ધન્ય લેખે અવતાર;
પ્રેમાનંદ ઘનશ્યામ પિયાસંગ, વાધ્યો પ્રેમ અપાર. ચલો૦ ૪

### પદ-૩

વસંત રમે વંદ્રાવનવાસી, ધર્મતનય ઘનશ્યામ;
જોઈ જોઈ શોભા અંગોઅંગની, લાજે કોટિક કામ. વસંત૦ ૧
પહેર્યાં વસન વસંતી વ્હાલે, અલંકાર અભીરામ;
કુસુમના હાર બાજુબંધ બાંધ્યા, છોગલીયું છબીધામ. વસંત૦ ૨
અબીલ ગુલાલ ઉડાવે ફાંટે, લઈ સંતોનાં નામ;
લીલારસ વરસાવી કીધું, ઘેલું ગોકુળ ગામ. વસંત૦ ૩
જ્યાં શ્રીકૃષ્ણ ત્યાંજ વંદ્રાવન, વસંતઋતુ તે ઠામ;
તે શોભા નિત્ય જોઈ પ્રેમાનંદ, આનંદ આઠો જામ. વસંત૦ ૪

### પદ-૪

વસંત રમે મોહન મુનિસંગે, શ્યામસુંદર સુખરાશિ;
ધર્મકુંવર ઘનશ્યામ મનોહર, વૃંદાવનના વાસી. વસંત૦ ૧
આવ્યા અગણિત મુનિવર મોટા, હરિદર્શનના પ્યાસી;
કરી પ્રણામ પહેરાવી માળા, દિવ્ય પુષ્પની ખાસી. વસંત૦ ૨
લેપન કર્યો મુનિના મુખ પર, અતર ઉઠી અવિનાશી,
મુખમાંજે લઈ અબીલ ગુલાલે, હરિવર કરતા હાંસી. વસંત૦ ૩
ભવ બ્રહ્મા નારદ સનકાદિક, સહુ મુનિ સહસ્ર અઠાસી;
પ્રેમાનંદ કહે હરિ સંગ રમતાં, ભૂલી ગયા શિવ કાશી. વસંત૦ ૪

### રાગ : કાફી — પદ-૧

હોરી આઈ શ્યામ બિહારી. હો૦

શ્રીઘનશ્યામ કામ સબ પુરણ, સુનિયે બિનતિ હમારી;
હમ તુમસંગ પ્રભુ ખેલન ચાહે, હોત ઉમંગ ઉર ભારી;
કહત યું મુનિ બ્રહ્મચારી. હો૦ ૧

એક ઓર તુમ પ્રભુ સખા સંગ લેઉ, એક ઓર હમ વ્રતધારી;
જો હારે સો ફગુવા દેહેં, યહિ પ્રતિજ્ઞા ધારી;
કિની અંગીયાં બનવારી. હો૦ ૨

નૈષ્ટિકવરણી મહામુનિ આદિક, ત્યાગીદલ ભયો ત્યારી;
ઈતિ હરિકૃષ્ણ સખા સબ સજકે, આયે ઈશ અવતારી;
હાથ કંચન પિચકારી. હો૦ ૩

રચ્યો હે અખાડો શ્રીસારંગપુરમેં, લીલા અતિ સુખકારી;
પ્રેમાનંદ શ્રીધર્મકુંવર છબિ, જીયતેં પલ ન બિસારી;
લેત સુખ ગાઈ વિચારી. હો૦ ૪

### રાગ : ફુલડોળનાં પદ - ૧

ફુલડોળે ફુલડોળે બેઠા છે નાથ ફુલડોળે, ઉડે રંગની છોળે; બેઠા૦
ગોપીનાથ ગોકુળનો ઠાકર, જોવા મળ્યું છે સહુ ટોળે. બેઠા૦ ૧
અબીલ ગુલાલ ઉડાવે ગોપી, મદ કેસર ઘોળે, બેઠા૦ ૨
રંગની ધૂમ મચી અતિભારી, દોડી પરસ્પર ઢોળે. બેઠા૦ ૩
પ્રેમાનંદના નાથને ગોપી, અત્તર ગુલાબી ચોળે. બેઠા૦ ૪

### રાગ ખમાચ : પદ-૧

લટકાળો નંદલાલ રમે છે હોરી, લટકાળો નંદલાલ, રમે છે હોરી,
અજબ ન્યો છે તાલ, રમે છે હોરી.
રંગ કતોહળ હોય રહ્યો હે, ઊડે છે અબીર ગુલાલ. રમે૦ ૧
છેલ ચતુર બજરાજ રે શોભે, તિલક મનોહર ભાલ. રમે૦ ૨
સબહિ કામ તજીને સજની, રમત જોવા હાલ. રમે૦ ૩
બ્રહ્માનંદરો નાથજી કરસી, ફગુવા માહિ નિહાલ. રમે૦ ૪

# (૧૫) શિવરાત્રી મહોત્સવ

**રાગ ગરબી : પદ-૧**

સિદ્ધેશ્વર શ્યામ સુંદર શોભે રે, જોઈ ભક્તતણાં મન લોભે રે. ટેક૦
માથે મુકુટ જટા કેરો ભારી રે, તમે ગંગાને લઈ ધારી રે,
તેણે લાગો રૂડા ત્રિપુરારી. સિ૦ ૧
કાજુ ચાંદલો ચંદ્ર કપાળે રે, ભાવે સહિત એને જે ભાળે રે,
તેનાં તુરત મહા દુઃખ ટાળે રે. સિ૦ ૨
એને ભાંગ ધતૂરો તે ભાવે રે, નિત્ય મોટા મુનિવર ગાવે રે,
એના મહિમાનો પાર ન આવે રે. સ૦ ૩
છબી અજબ નવલ રંગી છાઈ રે, બ્રહ્માનંદ કહે સદા સુખદાયી રે,
નયણે કેફ તણી કરડાઈ રે. સિદ૦ ૪

**પદ-૨**

સિદ્ધેશ્વર દેવ સુંદર સારા રે, પ્રેમી જનને લાગે અતિ પ્યારા રે. ટેક
ઊભા નંદી ભૃંગી જેવા આગે રે, મોટા દેવ આવી વર માગે રે,
એને ભજતાં તે સંકટ ભાંગે રે. સિ૦ ૧
છે જો ભાંગ ધતૂરાના ભોગી રે, એનો જાણે છે મહિમા જોગી રે,
એને ભજતાં થવાય અરોગી રે. સિ૦ ૨
ફાવે સુંદર હાર ફણાળા રે, જગજીવન દેવ જટાળા રે,
રૂડા લાગે છે રૂપાળા રે. સિ૦ ૩
એને ભજતાં મિટે સર્વ ખામી રે, બ્રહ્માનંદ કહે શિરનામી રે,
નર રૂપ શંભુ બહુનામી રે. સિ૦ ૪

# શ્રીજી ચરિત્ર ધુન

### શ્રીજી ચરિત્ર ધુન

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ ભજમન સ્વામિ.
અક્ષરધામથી પુરશોત્તમ પધાર્યા, ગોપાળાનંદ સંગ લાવ્યા હોરાજ. સ્વામિ.
છપૈયાપુર પ્રભુ જન્મ ધરીને, કૃત્યાનો ભંગ કરી આવ્યા હોરાજ. સ્વામિ.
કાળી તે દૈત્યનો નાશ કરી આવ્યા, બચાવી બાળકોને લાવ્યા હોરાજ. સ્વામિ.
તલાવડીને તીર જઈ આવ્યાં, ખાંપો સાથળ ચિહ્ન લાવ્યા હોરાજ. સ્વામિ.
હીરાની વિટી ક્યાં મુકી આવ્યા, કોને મિઠાઈ ક્યાંથી લાવ્યા હોરાજ. સ્વામિ.
સુવાસિનીને સંતાપી આવ્યા, વેણી માધવ સાથ ફાવ્યા હોરાજ. સ્વામિ.
પિતાની પાસે વેદ ભણી આવ્યા, ગુટકો જ્ઞાન કરી લાવ્યા હોરાજ. સ્વામિ.
વનવિચરણ કરી લોજમાં પધાર્યા, આવીને વાવ પર બેઠા હોરાજ. સ્વામિ.
વાલો વાવડીએ લોજની રે આવ્યા, સુખાનંદને દિલ ભાવ્યા હોરાજ. સ્વામિ.
ભલે ભૂદરજી ભાવે રે આવ્યા, મુક્તાનંદને દિલ ભાવ્યા હોરાજ. સ્વામિ.
તમે પતસ્વી તપ કરી આવ્યા, અષ્ટાંગયોગ શીખી લાવ્યા હોરાજ. સ્વામિ.
સુણી રામાનંદ ભુજથી પધાર્યા, નિરખીને નાથ હરખાવ્યા હોરાજ. સ્વામિ.
અનંત જનને સમાધિ કારવી, દાસ પોતાના કરી સ્થાપ્યા હોરાજ. સ્વામિ.
દીક્ષા લઈ સહજાનંદ કહાવ્યા, બેસાડી ગાદીએ વધાવ્યા હોરાજ. સ્વામિ.
શ્રીપુર વૃતપુર મંદિર બંધાવ્યા, સ્વરૂપ પોતાના પધરાવ્યા હોરાજ. સ્વામિ.
આપ ઈચ્છાએ સ્વધામ પધાર્યા, દાસ નારાયણ મન ભાવ્યા હોરાજ. સ્વામિ.
વસંતસંગે રમવાને આવ્યા, સંતમંડળ સંગ લાવ્યા હોરાજ. સ્વામિ.
શ્રી ગઢપુરમાં ગોપીનાથ સ્થાપ્યા, દાદા ખાચરને મન ભાવ્યા હોરાજ. સ્વામિ.

## દોહા - છંદ

### હરિગીત

જેહી નામ આધા ગયંદ સાધા, જલ અગાધા અંતરે,
જબ જાુડ ખાધા કરી હાધા, શરણ લાધા અનુસરે;
મીટ ગૈ ઉપાધા ચેન બાધા, બંધ દાધા ધાકરી,
જય રમનરાધા મિત્ર માધા, હરન બાધા શ્રીહરિ. જય૦ ૧

વસુદેવ દ્વારે દેહ ધારે, ભાર ટારે ભોમકે,
સુરકાજ સારે સંત તારે, દ્વેષી મારે હોમકે;
સુરપતિ હંકારે મેઘ વારે, વ્રજ ઉગારે ગીરધરી. જય૦ ૨
બક લીન પ્રાના શકટ ભાનાં, જગતજાના જો રહે,
વ્રજ હો તુફાનાં વ્યોમ તાનાં, કંઠ ઠાના દો રહે;
અતિસેં મુંઝાના મૃત્યુ માનાં, કરી બીછાનમા શીલપરી, જય૦ ૩
રાધા સુગોરી વય કિશોરી, સાંજ ભોરી નીસરે,
તબ આત દોરી અંગ ખોરી, દાન ચોરી શિર ધરે;
કરી દગ કઠોરી જોર જોરી, બાંહ મોરી બલ કરી, જય૦ ૪
નટવર તરંગી ચાલ ચંગી, નવલ રંગી નાથ જ્યું,
લટકે કલંગી માનતંગી, જીતજંગી, હાથ જ્યું;
તનતેં ત્રિભંગી ગોપસંગી, ત્રિય ઉમંગી ઈશ્વરી, જય૦ ૫
મુરલી બજૈયા ગોપરૈયા, લારગૈયા બન ફીરે,
બલદેવ ભૈયા સંગ લૈયા, બ્રજ કનૈયા વીચરે;
બલીજાત મૈયા નૃત કરૈયા, કહત થૈયા ફરી ફરી, જય૦ ૬
પુતના જ્યું મારી નથ્યો કારી, ધેનુ ચારી પ્રીતસેં;
ત્રિયગોપ તારી બ્રજબિહારી, રમન ન્યારી રીતસેં,
દ્વિજદેવ નારી સમજ સારી, અચલ યારી અનુસરી, જય૦ ૭
અહિ નથ્યો કાલા જહરવાલા, સહિત તાલા નૃત કરે,
વિષતોય ટાલા જીયત બાલા, હરિકૃપાલા નજ્જરે;
ગલ ફૂલમાલા સંગ ગ્વાલા, બાત લાલા બાંસરી, જય૦ ૮
બ્રજકે બિલાસી પ્રેમ પાસી, વદન હાસી મંદ જ્યું,
જાુધકે અધ્યાસી દુષ્ટનાસી, જન પ્રકાશી ચંદ જ્યું;
રસરૂપરાશિ નિત હુલાસી, અરણ્યવાસી ત્રિય તરી, જય૦ ૯
પ્રેમી ખજીના રંગભીના, તિલક દીના ભાલ જ્યું,
વસુ કોપ કીના જાન દીના, રાખી લીના ગ્વાલ જ્યું;
જયાકેં અધીના લોક તીના, પ્રીવના સરવોપરી, જય૦ ૧૦

વ્રજનાર વાલી મુકત માલી, નયન લાલી રેખહે,
ફની દમ્યો કાલી કરી બેહાલી, ત્રિયા ઉતાલી દેખહે;
દ્રહ કીન ખાલી પીર ટાલી, ચરિત્ર ભાલી શ્રીવરી, જય૦ ૧૧
વનમેં વિલાસા હો હુલાસા, રમત રાસા રંગમેં,
કુલ દૈત્ય નાસા કરી તમાસા, અતિ ઉજાસા અંગમેં;
મુનિ બ્રહ્મ દાસા રખો પાસા, દર્શ આસા ઉર ખરી, જય૦ ૧૨
છપયયઃ બાધા હરણ વ્રજેશ વેશ નર કુંજબિહારી,
લે મોરલી નિજહાથ નાથ તારે નરનારી;
મનહર નંદકુમાર નાર કર પ્યાર નિરંતર.
રસરૂપ ભૂપ રાધારમન, અજબ બની છબી આજકી;
કહે બ્રહ્મમુનિ મમ ઉર સદા, રહો મૂર્તિ વ્રજરાજકી.

**રાસાષ્ટક.**

દોહા : એક સમય શશી ઉદિત અતિ, હોય મન અધિક હુલાસ;
યમુના તટ વ્રજનાર જાુત, રચ્યો મનોહર રાસ. ૧
ભર ભર તન સજ આભરણ, વન વન કરણ વિહાર;
કર કર ગ્રહ નટવર કૃષ્ણ, સરસ અનુસર સાર. ૨

**છંદ રેણકી :**

સરસર પર સધર અમરતર અનુસર કરકર વરધર મેલ કરે,
હરિહર સુર અવર અછર અતિ મનહર ભરભર અતિ ઉરહરખ ભરે;
નિરખત નર પ્રવર પ્રવરગણ નીરજર નિકર મુકટ શિર સવરનમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૧
ઝણણણણણ ઝણણ ખણણ પદ ઝાંઝર ગોમ ધણણ ગણણણ ગયણે,
તણણણ બજતંત ઠણણ ટંકારવ રણણણ સુર ઘણણણ રયણે;
ત્રહ ત્રહ અતિ ત્રણણ ઘ્રણણ બજત્રાંસા ભ્રમણ ભ્રમરવત રમણ ભ્રમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૨
ઝટપટ પટ ઉલટ પલટ નટવટ ઝટ લટવટ કટઘટ નિપટ લલે,
કોકટ અતિ ઉકટ ત્રુટક ગતિ ધીનકટ મન ડર મતલટ લપટ મલે;

જમુના તટ પ્રગટ અમટ અટ રટ જાૂટ સુર થટ ખેખટ તેંણસમે,
ધણરવપટ ફરર ધરર પદ ઘૂઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૩
ધમધમ અતિ ધમક ઠમક પદ ઘૂઘર ધમધમ ક્રમસમ હોત ધરા,
ભ્રમભ્રમ વતવિષમ પરિશ્રમ વતભ્રમ ખમખમ દમઅહિ વિક્રમ ખરા;
ગમગતિ અતિ અગમનિગમ ન લહત ગમ નટવર રમઝમ ગમ મનમેં,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૪
ગતગતપર ઉગત તૂગટ નૃત પ્રિયગત રત ઉનમત ચિત્ત વધત રતિ,
તતપર ઘ્રત નચત ઉચત મુખ થૈતત આવ્રત અત ઉત ભ્રમત અતિ;
ધીધીતત ગત બજત મૃદંગ સુર ઉધધત ક્રમ ભ્રત નરતત અતંત ક્રમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘુઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૫
થનગન તન નચત પવન પ્રચલ નથન સુમન ગગન ધન મગનસુરા,
મન મન વરકૃશ્ન પ્રશન ધન તન મન ધન ધન વન ધન તાસ ધરા;
વિસરે તન ભાન ખાન પાન વિધિ ગાન તાન જેહિ કાન ગમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘુઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૬
ઢલઢલ રંગ પ્રગલ અઢલ જનપર ઢલ ઝલઝલ અણકલ તેજ ઝરે,
ખલખલ ભુજ ચુડ ચપલ અતિ ખલકત કાન કતોહલ પ્રબલ કરે;
વલવલ ગલહસ્ત તુમલ ચલ ચિતવલ જાુગલ જાુગલ પ્રતિરંગ જમે,
ઘણરવપટ ફરર ધરર પદ ઘૂઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૭
સરવસ વસ મોહ દસ સુરથીત શશી અરસપરસ ત્રસ ચરસ અતિ,
કસકસ પટ હુલસ વિલસ ચિત આક્રશ સરબસ ખુસહસ બરસ રતિ;
દ્રસ નવરસ સરસ ભયો બ્રહ્માનંદ અનરસ મનસ તરસ અથમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘુઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૮

છપ્પય :-રમત મનોહર રાસ સદા સુખવાસ સ્વતંતર,
પ્રબલ ગોપજન પાસ કમલ આભાસ શશીકર;
વિહરત કરત વિનોદ મોદ અંતર નહિ માવે,
અરસપરસ એકતાર દરસ નવરસ દરસાવે.
સુખરૂપ સદા અશરણશરણ ફનાંકરણ ભવ ફંદકે;
સંત સાથ સદા ખેલત સહી નાથ સો બ્રહ્માનંદકે. ૧

## ધ્યાનાષ્ટક-ચરચરી છંદ

દેખત બડ ભાગ લાગ, પોત સરસ નવલ પાગ;
અંતર અનુરાગ જાગ, છબી અથાગ ભારી.
અતિ વિશાલ તિલક ભાલ, નીરખત જન હો નિહાલ;
ઉન્નત ત્રય રેખ જાલ, કાલ વ્યાલ હારી.
વિલસિત ભૃંહ શ્યામ વંક, ચિંતત ઉર જાત શંક;
મૃગમદ ભર બીચ પંક, અંક ભ્રમર ગ્યાની.
જય જય ઘનશ્યામ શ્યામ, અંબુજ દ્રગ કૃત ઉદામ;
સુંદર સુખધામ નામ, સાંવરે ગુમાની...જય જય૦ ૧
શ્રોન કોન દગ લકીર, તીક્ષણ મનું કામતીર;
નાસા છબી દીપ કીર, ધીર ધ્યાન લાવે.
કુંડલ શુભ શ્રવણ કીન, નૌતમ કૃતિ અતિ નવીન;
મનહું હેમ જુગલ મીન, ચંદ્ર મીલન આવે.
ગુણનિધિ કપોલ ગોર, ચિતવત ચિત્ત લેત ચોર;
તાકે બિચ દછન કોર, જોર તીલ નિશાની...જય જય૦ ૨
મંદ મંદ મુખ હસંત, દારીમ સમ પંક્તિ દાંત;
સમરત માહંત સંત, ખંત ચંત કરકે.
લોભિત ચિત્ત અધર લાલ, વિલસિત વિદ્રુમ પ્રવાલ;
રાજત અતિશય રસાલ, તાલ વંસી ધરકે.
અંબક ફલ ચિબુક જાન, કંબુ સમ કંઠ માન;
ધારત શિવ આદિ ધ્યાન, આન ઉર ન આની...જય જય૦ ૩
દીરઘ અતિ દોરડંડ, મોતિન ભુજબંધ મંડ;
ખલ દલબલ કર વીખંડ, અરિ પ્રચંડ મારે.
હિયપર બન નવલહાર, શોભિત અતિ જલજ સાર;
દેખત જન વારવાર, અઘ અપાર ટારે.
પ્રૌઢ ઉચ્ચ ઉર પ્રથુલ, ફહરે શુભ ગંધ ફૂલ;
મનિ ભર નંગ બર અમૂલ, દૂલરી વખાની...જય જય૦ ૪

ઉદર તુંગ અતિ અનૂપ, ગુણવત તિલ સામ ગૂપ;
નાભિ માનૂ પ્રેમકૂપ, રૂપ અજબ રાજે.
શોભિત હૃદ કટિપ્રદેશ, કાંચી નંગ જડિત બેસ;
ચિંતત ઉરગેં મુનેશ, અઘ અશેષ ભાંજે.
ઉરુ અતંત રૂપવાન, ગરુડ પીઠ શોભમાન;
નિજ જન જેહિ ધરત ધ્યાન, પ્રાન પ્રેષ્ટ જાની...જય જય૦ ૫
જાનુ દૌ રૂપવંત, લલિત કર શ્રી અતંત;
સમરત જેહિ મુનિ અનંત, અંત જન્મ આવે.
જન મન પ્રિય જાુગલ જંગ, રોમ અલ્પ અજબ રંગ;
ચિતવત ચિત્ત ચઢત રંગ, અતિ ઉમંગ પાવે.
ગુલ્ફન છબી અધિક શોભ, સ્થિતિ ચલ મન દેત થોભ;
નિરખત ઉર મિટત ક્ષોભ, લોભ આદિ ગ્લાની...જય જય૦ ૬
ચરન પ્રષ્ટ ચિત હરાત, તરુ તમાલ છબી લજાત;
સમરત તતકાલ આત, રાત પ્રાત મનમેં.
જાકું નિત શેષ ગાત, અજહુ પુનિ નહિ આઘાત;
તુલસી જેહી સ્થલ રહાત, પાત માનું જનમેં.
નઅ ઉતંગ રંગ લાલ, શોભિત મનુ દીપમાલઃ
રાજત કીધું ચંદ્રબાલ, ખ્યાલ કરત ધ્યાની...જય જય૦ ૭
વિલસિત ચરણારવંદ, કોમલ અતિ પ્રેમ કંદ;
ધ્યાવત ભવ મિટત ફંદ, છંદ સ્તવન બોલે.
પ્રસરત જેહિ પદ પ્રસંગ, પુન્ય ભરિત સરિત ગંગ;
અધ વિનાશ પર્સ અંગ, હો ઉતંગ ડોલે.
રાજત મહીં ઉર્ધ્વરેખ, વજ્રાદિક સહિત પ્રેખ;
બ્રહ્માનંદ દેખ દેખ, લેખત કુરબાની...જય જય૦ ૮